


# આગમ મનીષી
## શ્રી તિલોકચંદ જૈન દ્વારા
## સંપાદિત
# જૈનાગમ પરિચય

# જૈન આગમ પરિચય







# साहित्य सूचि

**[इन्टरनेट पर उपलब्ध-जैन ई लाइब्रेरी तथा आगम मनीषी]**

## हिन्दी साहित्य :-

| | |
|---|---|
| १ से ३२ | आगम सारांश हिंदी ३२ भागों में । |
| ३३ से ४० | जैनागम नवनीत सजिल्द भाग १ से ८ । |
| ४१ से ५० | (१) गुणस्थान स्वरूप (२) ध्यान स्वरूप (३) संवत्सरी विचारणा (४) जैनागम विरूद्ध मूर्तिपूजा (५) चौद नियम (६) १२ व्रत (७) सामायिक सूत्र सामान्य प्रश्नोत्तर युक्त (८) सामायिक प्रतिक्रमण के विशिष्ट प्रश्नोत्तर (९) हिन्दी में श्रमण प्रतिक्रमण (१०) श्रावक सविधि प्रतिक्रमण |
| ५१ से ६० | जैनागम नवनीत प्रश्नोत्तर भाग-१ से १० |
| ६१-६२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध दो भागों में |
| ६३-६४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ६५ | ज्ञानगच्छ में.......प्रकाशगुढ का शासन...... |
| ६६ | स्था. मान्य ३२ जैनागम परिचय एवं साहित्य समीक्षा |
| ६७ से ७१ तक | जैनागम नवनीत निबंधमाला भाग-१ से ५ |
| ७२ | एकलविहार से मुक्ति तथा सावंत्सरिक विचारणा |
| ७३ | जैसी दे वैसी मिले कुए की गुंजार । |

## गुजराती साहित्य :-

| | |
|---|---|
| १ से ९ | जैनागम सुत्तागमे गुजराती लिपि में- ९ भागों में |
| १० | जैन श्रमणों की गोचरी, श्रावक के घर का विवेक |
| ११ | जैनागम ज्योतिष गणित एवं विज्ञान |
| १२ से १९ | जैनागम नवनीत-मीठी मीठी लागे छे महावीरनी देशना(८) |
| २०-२९ | जैनागम नवनीत प्रश्नोत्तर भाग-१ से १० |
| ३०-३१ | (१) १४ नियम, (२) १२ व्रत |
| ३२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध भाग-१ |
| ३३-३४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ३५-३९ | जैनागम नवनीत निबंधमाला भाग- १ से ५ |
| ४० | अनंत संसारनो मार्ग के मोक्षनो मार्ग |
| ४१ | स्था. मान्य ३२ आगम परिचय एवं साहित्य समीक्षा |

**(योग-७३ + ४१ = ११४)**

જય મહાવીર

શ્વેતાંબર સ્થાનકવાસી માન્ય

# જૈન આગમ પરિચય

(જૈન આગમ સાહિત્ય તથા પ્રકીર્ણક વિચારણા)

અનુવાદક

**સાધ્વી સન્મતિ–સુનીતા શિશુ**

**સાધ્વી શ્વેતાંસી**






**પ્રકાશક** : શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ.
[પુષ્પાંક : ૧૧૪]

**સંપાદક** : આગમ મનીષી શ્રી ત્રિલોકચંદજી જૈન

**પ્રકાશન સમય** : જુન–૨૦૧૫

**પ્રથમ આવૃત્તિ** : પ્રત – ૫૦૦

**મૂલ્ય** : ૫૦/–

A/c No. : **18800100011422 Tilokchand Golchha**
**Bank Of Baroda, Rajkot (Raiya Road)**

**પ્રાપ્તિસ્થાન** : શ્રી ત્રિલોકચંદજી જૈન
'ઓમ સિધ્ધિ',
૬, વૈશાલીનગર, રૈયા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. (ગુજરાત)
મો. 098982 39961, 98980 37996 [D.L.RAMANUJ]

EMAIL : agammanishi@org
www.agammanishi.org/ jainelibrary.org

**કોમ્પ્યુટરાઇઝ–** શ્રી હિતેષ ચાંદરાણી
**સહયોગ–** અમીન આઝાદ, ડી.એલ.રામાનુજ
**ફોરકલર ડિઝાઈન–** વાસુદેવ, મો.૯૪૨૬૯૭૨૪૨૦
**પ્રિન્ટિંગ પ્રેસ–** કિતાબઘર પ્રિન્ટરી, મો.૯૮૨૪૨ ૧૪૦૫૫
**બાઇન્ડર–** હબીબભાઇ, રાજકોટ મો.૯૮૨૪૨ ૧૮૭૪૭

## પ્રકાશકીય - સંપાદકીય

આ પુસ્તકનું નામ જૈન આગમ પરિચય રાખવામાં આવ્યું છે. તેમાં સર્વપ્રથમ જિનશાસનના ઈતિહાસની ઝાંખી, પછી જૈન આગમોનો ઉદ્‌ભવ અને પરંપરાના ઈતિહાસની ઝાંખી તથા શ્રુત આગમોનો ૩૨, ૪૫, ૭૩, ૮૪ ની સંખ્યામાં પરિચય, અને જાણકારી, ચિંતન–અનુપ્રેક્ષાઓની સાથે આપવામાં આવી છે. તે ઉપરાંત જૈન આગમ કોને કહેવાય અને કોને જૈનાગમ નહીં કહેતા જૈન સાહિત્ય અથવા જૈન ગ્રંથ કહેવા, તેની ભેદ રેખા યથાસ્થાને સુસ્પષ્ટ કરવામાં આવી છે. જૈન આગમ અને જૈન સાહિત્યની ભેદરેખાનું ઉલ્લંઘન કરીને જે તે ગ્રંથ–સાહિત્યને આગમ શબ્દથી ગણના કરનારાઓને પૂર્ણ સુબોધ આપવામાં આવ્યો છે.

ત્યાર પછી ૩૨ આગમોનો ક્રમશઃ સુવ્યવસ્થિત વિષય પરિચય તેમજ ઐતિહાસિક પરિચય આપ્યો છે. અંતમાં ભાષાવિવેક શું હોય છે તેનો આગમ આધારથી ઉલ્લેખ કર્યો છે. ૩૨ આગમોની શ્લોક સંખ્યા અને તેના ઉપધાન તપનું પરિજ્ઞાન આપ્યું છે.

ત્યાર પછી પરિશિષ્ટ વિભાગમાં મુંબઈથી પ્રકાશિત પ્રબુધ્ધ જીવન માસિકમાંથી ગુજરાતીમાં બે નિબંધ સાભાર ઉદ્ધૃત કર્યા છે.

જૈન સાહિત્ય અને ભિન્ન ભિન્ન અપેક્ષાથી જૈન આગમ કહેવાતાં કુલ ૧૪૨ આગમ અને ગ્રંથોનું સંકલન કરી તેની રૂપરેખા આપવામાં આવી છે. આ જૈન સાહિત્યમાં આવેલા અંતિમ આરાધનાની સંલેખના સંથારાની શિક્ષા પ્રેરણાવાળા ૨૨ આગમગ્રંથોનો પરિચય સંકલન પણ આપેલ છે. ૧૪૨ અને ૨૨ આગમગ્રંથોનું અધિકાંશ સંકલન, આચાર્ય વિજયકીર્તિયશ સૂરિ દ્વારા સંપાદિત 'શ્રી ચતુઃશરણ પ્રકીર્ણકમ્' ગ્રંથની પ્રસ્તાવનાના અધ્યયનથી કરવામાં આવ્યું છે.





**આભારદર્શન :–**

આ સંકલનના અક્ષરશઃ વાંચનની સાથે બહુમૂલ્ય માર્ગદર્શન પ્રોફેસર શ્રી મુકુંદભાઈ ઈશ્વરલાલ પારેખ, ગોંડલ રાજકોટથી દિનેશભાઈ મહેતા અને શ્રી કમલેશભાઈએ પણ આનું વાંચન સ્વાધ્યાય કરી પોતાના સૂચન–સંકેત પ્રદર્શિત કર્યા છે. તે સિવાય પણ જે જે આત્મપ્રેમી મહાનુભાવોએ આ સંપાદનમાં પોતાના વિદ્વત્તાપૂર્ણ સહયોગ કર્યો છે તેને પુસ્તક પ્રકાશનના આ શુભ અવસર પર હાર્દિક આભાર સહ અભિનંદન પાઠવવામાં આવે છે.

આ પુસ્તકનો હિંદીભાષામાંથી ગુજરાતી અનુવાદ સુંદર સુવાચ્ય અક્ષરોમાં કરનાર મહાસતી દ્વયના હાર્દિક આભાર સાથે તેમના સન્માનાર્થે તેમનું નામ પુસ્તકના પ્રથમ પૃષ્ટમાં આપવામાં આવ્યું છે. પાઠકોને નિવેદન છે કે આ સંકલનમાં જે કંઈ પણ સારૂં લાગે તેને ધારણ કરી જીવનને અંલકૃત કરે અને લેખકની કોઈપણ ભાષા કે ભાવ સંબંધી ભૂલ જોવામાં આવે તેને છદ્મસ્થતાનો દોષ સમજી, ઉપેક્ષા ભાવ ધારણ કરી, પોતાને સમભાવમાં રમણતા કરાવે. । ઈતિ શુભમ્ ।

**આગમ મનીષી**
**ત્રિલોકચન્દ્ર જૈન, રાજકોટ.**

# ભૂમિકા

**–શ્રી ગુણવંત બરવાળીયા**

જૈન આગમ પરિચય પુસ્તકનું લેખન સંપાદન કરી લેખકશ્રીએ જૈન આગમ સાહિત્યની સમૃધ્ધિમાં નોંધપાત્ર ઉમેરો કર્યો છે.

પ્રસ્તુત ગ્રંથમાં ભગવાન મહાવીરની વિશિષ્ટ આગમ પરંપરા, વીર નિર્વાણ પછીની શ્રુતજ્ઞાન પરંપરા, આગમ સાહિત્યનું વિભાજન અને વ્યાખ્યાઓની ચર્ચા કરી છે. નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા અને ટબ્બાઓ વિશે સંક્ષિપ્ત નોંધ આપી છે.

સ્થાનકવાસી માન્ય ૩૨ આગમ અને શ્વે. મૂ.પૂ. માન્ય ૧૩ આગમ એમ ૪૫ આગમના વિષયોની સંક્ષિપ્ત સૂચિનો કોઠો પુસ્તકમાં આપ્યો છે. તે જીજ્ઞાસુઓ માટે ખૂબ જ ઉપયોગી છે.

તેમણે તમામ આગમના અર્ક રૂપ જૈન આગમના આકર્ષક અંશોનું સરળ છતાંય તત્ત્વસભર ભાષામાં નિરૂપણ કર્યું છે. જે વાંચતા વાચકોના બત્રીશે કોઠે દેવા પ્રગટ થશે અને ભગવાન મહાવીરની વાણી પ્રત્યે અહોભાવ વૃદ્ધિ પામશે.

શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ગતિમાન રાખવા જૈનશ્રુત સંપદામાં ઉમેરો કરવાનો આગમમનીષી લેખકનો સમ્યક પુઢષાર્થ અનુમોદનીય છે.

સૂયગડાંગ સૂત્રના અધ્યયન ૪નું વિશ્લેષણ કરતા તેઓ સ્ત્રીસંગની વિડંબનાઓ, અધ્યયનની બીજા ઉદ્દેશકની ગાથા ૯ થી ૧૮ સંદર્ભ આપીને કહે છે કે જે સાધુ ભોગોમાં પડે, સ્ત્રીના વશમાં ચાલ્યો જાય, તેનું જીવન પશુ અથવા ઘેટા જેવું બને છે અને હલકી દશાને પ્રાપ્ત કરે છે તે સુંદર વાત કહે છે.

અધ્યયન ૧૧માં નિર્વાણ માર્ગની ચર્ચા કરતાં પુણ્ય માર્ગ વિષે, મુનિને ભાષા વિવેક હોય, તે આ વિષયની એકાંતિક ચર્ચામાં ન પડે. શ્રોતાઓને જીવનો સ્વરૂપ અને દુઃખોનું સ્વરૂપ બતાવે. પુણ્ય પાપનું સમ્મુચય સ્વરૂપ સમજાવે, પુણ્યકાર્ય સંબંધી પ્રેરણા પણ ના કરે અને નિષેધ પણ ના કરે, તેવી માર્મિક વાત કહે છે.





તેમણે અન્ય દાર્શનિકોના અભિપ્રાયની અપૂર્ણતા વીતરાગ પ્રરૂપિત ધર્મની નિર્દોષતા અને પૂર્ણતાને ઉજાગર કરવાનો સમ્યક પુઢષાર્થ કર્યો છે.

લેખકે જૈનધર્મની વિજ્ઞાનિકતાનું પ્રકરણ સંપાદિત કરી વિશાળ દષ્ટિનું દર્શન કરાવ્યું છે.

લોકાશાહની પૂર્વના મૂર્તિપૂજક આચાર્ય પોતાના ગ્રંથમાં શ્લોકબધ્ધ રચનામાં ઋષિભાષિત સૂત્ર સમુત્થાન સૂત્રને ૪૫ આગમની ગણતરીમાં ગણ્યું છે. નંદીસૂત્રમાં તે બંનેના નામ કાલિક શ્રુતમાં સ્પષ્ટ છે. તો પણ વર્તમાનમાં ૪૫ આગમમાં તેની ગણના થતી નથી.

તે બન્ને શાસ્ત્ર અત્યંત ઉપાદેય આગમ છે. સ્થાનકવાસીએ પણ ૩૨ આગમમાં માન્ય કરેલ નથી. જ્યારે આ સમુત્થાનસૂત્રમાં સ્થાનકવાસી સમ્મત મુખવસ્ત્રિકા મુખ પર બાંધવાનો પાઠ અનેક જગ્યાએ આખા શાસ્ત્રમાં છે. પુસ્તકમાં રહેલી આવી બાબતો આગમ સાહિત્યના અભ્યાસુઓ માટે અને સંશોધકો માટે અત્યંત ઉપયોગી છે.

આપણે જાણીએ છીએ કે જગતની તમામ સમસ્યાઓનો હલ આગમ ગ્રંથોમાંથી મળશે. જૈન આગમો એ આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે. આગમ વિશે સરળ ભાષામાં લખાયેલ આવા પરિચય પુસ્તકોની ખૂબ જ જરૂર છે. જે વાંચતા જૈન અને જૈનેત્તરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓએ આગમ સાહિત્યના અભ્યાસ તરફ વળી જિનશાસનની અસ્મિતાને ઉજાગર કરશે. લેખકના સમ્યક પુઢષાર્થ બદલ આપણે તેની અભિવંદના કરીએ.

**નમ્ર વિનંતી :** બીજા મતમતાંતરવાળાઓના દિલ નહીં દુભાવવાની ચોકસી રાખવી, આજના જમાનામાં બહુ મહત્ત્વની બીના છે. તેનો દરેક સુજ્ઞ લેખકે ધ્યાન રાખવો જ જોઇએ. તો જ તેમની પ્રજ્ઞાનો અને પુઢષાર્થનો જગતમાં વધારે ફેલાવો થઈ શકે.

**૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,**
**ઉપાશ્રયલેન, ઘાટકોપર (ઈસ્ટ)**
**gunvant.baravaliagmail.com**

## ભગવાન મહાવીરની શાસન પરંપરાનો ઈતિહાસ

ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરના શાસનમાં આગમ પરંપરા તેમજ શાસન પરંપરા કાંઈક વિશિષ્ટ રૂપથી પ્રવહમાન થઈ છે. જેનું મુખ્ય કારણ છે–હુંડા અવસર્પિણીકાળ અને ૨૦૦૦ વર્ષના ભસ્મગ્રહની અસર. જે ભગવાનના નિર્વાણ સમયમાં જન્મ નક્ષત્ર પર હતો. તેનું કથન વર્તમાનમાં પર્યુષણકલ્પ સૂત્રમાં છે. તે જ કથન પ્રાચીનકાળમાં નંદીસૂત્ર સૂચિમાં કહેલ મહાકલ્પ સૂત્ર અથવા ચુલ્લકલ્પ સૂત્રમાં રહ્યું હતું. નંદીમાં કહેલ તે બંને સૂત્રોને સાથે જોડીને તૈયાર કરેલા પર્યુષણા કલ્પ સૂત્ર વિક્રમની ૧૪મી સદીની આસપાસ અસ્તિત્વમાં આવ્યું છે. આ જ કારણે મલયગિરિ આચાર્ય સુધીના આગમ વ્યાખ્યાકારોની વ્યાખ્યામાં કે તેમના ગ્રંથોમાં પર્યુષણા કલ્પ સૂત્રના નામનો કોઈ પ્રકારે ઉલ્લેખ નથી. કલ્પસૂત્ર પર સ્વતંત્ર વ્યાખ્યાઓ વિક્રમની ૧૪મી સદીમાં અથવા તેના પછી જ થઈ છે.

### ભગવાન મહાવીરનું વિશિષ્ટ શાસન :–

ત્રેવીશ તીર્થંકરોનું શાસન છેદ-ભેદ વિના, ઉત્થાન-પતન વિના એકરૂપથી ચાલતું આવે છે. મહાવિદેહ ક્ષેત્રમાં પણ હજારો લાખો વર્ષો સુધી તીર્થંકરોનું શાસન છેદન-ભેદન વિના એકરૂપથી શૃંખલાબદ્ધ ચાલતું રહ્યું છે. (કેટલાક તીર્થંકરોના શાસનમાં વિચ્છેદરૂપ અચ્છેરૂં થયું છે. તેને છેદ-ભેદ તેમજ ઉત્થાન-પતન કહી શકાતું નથી.) પરંતુ ભગવાન મહાવીરનું શાસન પ્રારંભથી અર્થાત્ તેમના જીવનકાળથી જ છેદન-ભેદનવાળું ચાલ્યું છે. જેમાં આજ સુધી પણ સમય-સમય પર કાંઈને કાંઈ છેદન-ભેદન ચાલી રહ્યું છે.

**ગોશાલક :** ભગવાનના શાસનની શરૂઆતથી જ ગોશાલક તીર્થંકર રૂપમાં પ્રસિદ્ધિમાં આવ્યો અને લાખો જૈનોને પોતાના મત પ્રમાણે અલગ બનાવ્યાં. જેની સંખ્યા અપેક્ષાથી ભગવાનના શ્રાવકોથી અધિક હતી. તેમ છતાં પોતાના અંત સમયે તે ગોશાલકે સર્વજ્ઞ, સર્વદર્શી, ૩૪ અતિશય સંપન્ન ભગવાનની સમક્ષ એવું દર્દનાક દશ્ય ઊભું કર્યું છે કે જેમાં તેણે આવેશ અને આક્રોશમાં આવી પોતાની બહુ સંખ્યક મંડળીની સાથે ભગવાનના સમોસરણમાં પહોંચીને ભગવાનની સામે તર્કહીન નિરર્થક અને અનેક પ્રકારનો વિતંડાવાદ કર્યો અને તેમાં શિખામણની વાત કરતાં બે શ્રમણ શ્રેષ્ઠોને બધાના દેખતાં જ તેજોલેશ્યાથી ભસ્મ કરી દીધા. તેઓ શુભ પરિણામોમાં કાળ કરીને દેવલોકમાં ગયા અને આરાધક





એક ભવાવતારી બન્યા. તે ગોશાલકના ઉપદ્રવના નિમિત્તથી તીર્થંકર સ્વયં છ મહિના અસ્વસ્થ રહ્યા. લોકોમાં એવી અફવાઓ ફેલાવા લાગી કે જૈનોના બે તીર્થંકર અંદરોઅંદર ઝઘડે છે અને એક કહે તું છ મહિનામાં મૃત્યુ પામીશ ત્યારે બીજો કહે તું સાત દિવસમાં મરી જઈશ. વાસ્તવમાં સાત દિવસમાં ગોશાલક અત્યંત ક્લેશ પામીને મૃત્યુ પામ્યો અને ભગવાન મહાવીરસ્વામી ૬ માસ પછી પહેલાંની જેમ પૂર્ણ સ્વસ્થ બન્યા. તેના પછી સાડા પંદરવર્ષ સુખપૂર્વક સર્વજ્ઞ તીર્થંકર અવસ્થામાં વિચર્યા.

**જમાલી :** ભગવાન દ્વારા દીક્ષિત મહાપુણ્યશાળી ૫૦૦ પુરૂષોની સાથે દીક્ષા લેનાર પોતાના જ સંસારી અતિ નજીકના સગા (જમાઈ અને ભાણેજ) જમાલી અણગાર કેવળી થયા નહોતા તો પણ પોતાને ભગવાનની સમક્ષ કેવળી હોવાની વાતો કરવા લાગ્યા અને ભગવાન તથા ગણધર ગૌતમસ્વામીની સાચી વાત પણ સ્વીકાર કરી નહિ અને તેમની ખોટી માન્યતા અને મિથ્યાત્વનો પંથ ચોથા આરમાં પણ ચાલતો રહ્યો.

**નિહ્નવ :** ભગવાનના નિર્વાણ પછી પણ કેટલા નિહ્નવ જિનશાસનમાં નાની-નાની વાતોને લઈને થતા રહ્યા. તીર્થંકર ગણધરની હાજરીમાં પણ જમાલી જેવા મહાશ્રમણ નાની એવી વાતમાં તણાતા રહ્યા હતા. તો પછીના સમયમાં પોતાના અહંભાવમાં દુરાગ્રહ ચલાવનારાઓને કોઈ કેમ સમજાવે. કુલ સાત નિહ્નવ થયા.

**દિગંબર :** નિહ્નવોની સંખ્યા સાત પ્રસિદ્ધ થઈ. તે ઉપરાંત આગમ લેખન પછી એટલે કે વીર નિર્વાણ ૧૦૦૦ વર્ષ પછી જૈન દિગંબર મતવાળાઓએ નવા ગ્રંથ બનાવ્યા. જૈનાગમોને અમાન્ય કર્યા. અને એકાંત નગ્નત્વથી જ સાધુપણું અને મોક્ષ થાય તેમ કહેવા લાગ્યા, તેવા લેખન કર્યા તેમને વસ્ત્રનું ખંડન અને વસ્ત્ર વિના નહીં રહી શકવાના કારણે સ્ત્રી મુક્તિનો નિષેધ મનમાનીથી શરૂ કર્યો.

**પ્રશ્ન : દિગંબર તો દેવર્ધિગણિના શાસ્ત્ર લેખનની પહેલાં થઈ ગયા હતા. એવી પરંપરા સાંભળવા જાણવામાં આવે તો ૧૦૦૦ વર્ષ પછીનું કથન શું ઉચિત છે ?**

**સમાધાન :** આ એક વર્તમાન પ્રવાહ છે જે દેવર્ધિગણિના પછી જૂઠની સાથે ચાલી રહ્યો છે. કોઈપણ પોતાને પ્રાચીન બતાવવાને માટે, સિદ્ધ કરવાને માટે કાંઈપણ ખોટું પ્રપંચ કરવા લાગી ગયા હતા.

વાસ્તવમાં સમજવાનું એ છે કે દેવર્ધિગણીના આગમ લેખન, સંકલન પૂર્વે દિગંબર મત ભલે ચાલ્યો હોય પણ દિગમ્બર ગ્રંથોની રચના અને લેખન

પાછળથી થયેલ છે. કારણ કે તેના ગ્રંથોમાં શ્વેતાંબર ધર્મનું ખંડન અને પોતાના મંડનનો પ્રારંભ થયો છે. જો તેવું લેખન પહેલાં થઈ ગયેલ હોત તો શાસ્ત્ર લેખન સંકલન અને નવા શાસ્ત્ર સંપાદનમાં શ્વેતાંબર કેમ પાછળ રહેત. તે પણ દિગંબરોનું ખંડન શાસ્ત્રોમાં ઘુસાડત અને નવા શાસ્ત્રોમાં તેને જડમૂળથી ઉખેડવાનું લેખન કરત. આ છદમસ્થ માનવસ્વભાવ રોકી શકાતો નથી. પરંતુ દેવર્ધિગણિના સંકલન, સંપાદન, લેખનથી આવેલા આજના ઉપલબ્ધ આગમોમાં દિગંબરોનું ક્યાંય ખંડન થાય એવી એક લાઈન પણ નથી. ઉલટું અચેલ ધર્મની મુક્ત દિલે પ્રશંસા પ્રરૂપણા આ શાસ્ત્રોમાં છે. એનાથી સ્પષ્ટ થાય છે કે શ્વેતાંબરના શાસ્ત્ર મૂળ શાસન પરંપરાથી પ્રાપ્ત પ્રાચીન અને એકાંતના આગ્રહ, દુરાગ્રહ, મતાગ્રહની ગંધથી રહિત છે. માટે એવું કથન કરવામાં આવ્યું છે કે શ્વે. આગમ લેખક સંકલનના પછી દિગંબરધર્મનો નિષેધ આગ્રહ પ્રગટ અને શાસ્ત્રો રૂપે ચાલ્યો છે. તેથી ઉપલબ્ધ ખોટો ઈતિહાસ તો પોતાને પ્રાચીન હોવાની ખોટી મહોર લગાવવા માટે ઉપજાવી કાઢેલ છે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

મધ્યમકાળમાં એવી કેટલીક કરામતો થઈ ગઈ છે. ખોટા-ખોટા શિલા-લેખ, મૂર્તિઓ પણ બનાવી બનાવીને જમીનમાં દાટી દેવામાં આવી છે. એમ પંન્યાસ કલ્યાણ વિજયજી પોતાના 'પ્રબંધ પારિજાત' ગ્રંથમાં લખે છે.

**મૂર્તિપૂજક :** દિગંબરો પછી શ્વેતાંબરોમાં સમયના પ્રભાવથી શિથિલાચાર અને લોકેષણાની વૃદ્ધિ થતાં મૂર્તિ મંદિર ધર્મ ચલાવી દેવામાં આવ્યો, જે ભસ્મગ્રહના પ્રભાવના કારણે પૂર્ણ શિખર સુધી પહોંચી ગયેલ. તો પણ જ્ઞાની, ધ્યાની, પ્રકાંડ વિદ્વાન સંત, આચાર્ય સમય સમય પર થતા રહ્યા છે. જેઓએ આગમ સેવા, જિનશાસન સેવા, પ્રભાવના પોતપોતાની મર્યાદામાં અવશ્ય કરી છે. તેનાથી ઉતરતું-ચડતું-પડતું આ શાસન વીર નિર્વાણના ૨૦૦૦ વર્ષ સુધી આગમ ભાષામાં અપેક્ષાથી **અવનતોવનત** ચાલતું રહ્યું. અર્થાત્ હીનાવસ્થામાં ઉત્તરોત્તર વધતું રહ્યું છે.

**લોકાશાહ–ક્રિયોદ્ધાર :** વીર નિર્વાણ ૨૦૦૧માં તે જ શિથિલ સંત વર્ગોના લોકાગચ્છ નામના ગચ્છમાંથી કેટલાક સંત ભસ્મગ્રહની અસર સમાપ્તિ સમયે આગળ આવ્યા અને ક્રિયોદ્ધાર પ્રારંભ કર્યો. અનેક સંકટોથી પરિપૂર્ણ તે ક્રિયોદ્ધાર વૃદ્ધિ પામતો આગળ ચાલ્યો. થોડાક વર્ષોમાં ૧૫ લાખ જૈનોમાંથી ૮ લાખ જૈનોએ તે ક્રિયોદ્ધારમાં પોતાની સહમતી દેખાડી. તે પ્રવાહ, તે સમાજ, ચતુર્વિધ સંઘ





બનીને સ્થાનકવાસી ધર્મના નામથી પ્રખ્યાત થયો. (મંદિર માર્ગીઓમાં લોકાગચ્છના પોતાના સ્વતંત્ર મંદિર અને ઉપાશ્રય પણ હતા) તે જ ગચ્છમાંથી લક્ષ્મી વિજયજી મ.સા. આદિ દસ સંતની ટુકડીએ યથાસમય નવી દીક્ષા લઈને ક્રિયોદ્ધાર કર્યું એટલે કે જિનશાસનનું પુનરુત્થાન કર્યું. તે સંતોને તુચ્છ ગણાવા માટે મૂર્તિપૂજકોએ તેમને લૂંકા શબ્દથી કે લોકાગચછના લૂંકિયા, તેમ કહેવા લાગ્યા. તેના પ્રતિપક્ષે સમ્માનતા તેના ભક્તો તેમને લોકાશાહ કહેવા લાગ્યા. ખરેખર તેઓનું નામ લક્ષ્મીવિજય હતું તે દબાતાં લોકાશાહ નામ જ પ્રસિદ્ધિમાં રહ્યું.

**સ્થાનકવાસી ધર્મ :** એવા સમયમાં અવશેષ શ્વેતાંબર મૂર્તિપૂજક સંત સમાજે પણ પોતાના સંગઠનનો પ્રયત્ન કર્યો, કાંઈક આચારને પણ ઉન્નત બનાવ્યું. સાથે-સાથે મંત્ર-તંત્ર બળથી વિરોધો પણ ઊભા કર્યા, પરંતુ કલ્પસૂત્ર કથિત ૨૦૦૦ વર્ષના ભસ્મગ્રહના સમાપ્ત થઈ જવાના કારણે શાસનનું પુનઢત્થાન ઉન્નતોન્નત થતું રોકાયું નહીં. સ્થાનકવાસી સાધુ-સાધ્વીની સંખ્યા પણ વધતી ગઈ. એક લોકાશાહ (લોકાગચછીય ઉત્તમ–સંત પુઢષ)ના ઊભા થતાં તેના સહયોગી અનેક ક્રાંતિકારી વીર લોકાશાહરૂપ શ્રમણ આદિ બનતા ગયા અને જિનશાસન ઉન્નતોન્નત થતું ગયું.

**પુનઃ ઉત્થાન પતનના ચક્રમાં :** સેંકડો વર્ષના ઉત્થાન પછી હુંડા અવસર્પિણીના પાંચમા આરાના કારણે પુનઃ ઉત્થાન-પતન, ચઢાવ-ઉતાર, ચાલતાં ચાલતાં આજ જિનશાસનમાં ૧૪ હજાર જૈન સંત સતીજી અને લાખો- કરોડો (૫ કરોડ) જનતા રૂપ જૈન સમાજ પોતપોતાના સંપ્રદાયમાં વધતો જઈ રહ્યો છે, સાથે જ વક્રજડતાની બુદ્ધિને કારણે કાંઈક છિન્ન-ભિન્ન, સંપ્રદાયભેટ, ફૂટ–કલહ, રાગ-દ્વેષ, મારું-તારું પરસ્પરમાં મનોદુઃખ–મતભેદ વગેરે અગણિત ગ્રહોની સાથે પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા તપમાં ચોમેર સાપેક્ષ (સ્થૂલ દષ્ટિથી) પ્રગતિ પણ થતી રહેલ છે.

**વર્તમાન જિનશાસનની સત્યદશા :** એકતાના અભાવમાં જ્યાં મહાવીર જયંતિ, પર્યુર્ષણા–સવંત્સરી પણ જૈનો જુદી જુદી મનાવી રહ્યા છે. શિથિલાચાર, લોકપ્રવાહ આદિ દૂષણ વધતા જ રહ્યા છે અને ફરી આડંબર, આરંભ-સમારંભ, મિથ્યા પ્રવૃતિઓ વધતી જ રહી છે. એમ ધર્મના રૂપને વિકૃત બનાવતાં જતાં પણ જિનશાસન અને જિનધર્મ પ્રતિ જનતામાં તેમજ વ્યકિતમાં અતિશય ભક્તિની વૃદ્ધિ આજે પણ શિખર પર ચઢી રહી છે. લોકો ધર્મના નામ પર અથવા

ધર્મગુઢઓના નામ પર ધનને સમર્પણ કરવામાં મહાદાનવીર બનતા દેખાઈ રહ્યા છે. તો તપસ્યાઓમાં પણ અનેક પ્રકારથી શૂરવીરતા સામે આવી રહી છે. જ્ઞાન પ્રચાર પણ બધા સંઘોમાં અનહદ થઈ રહ્યો છે, અનેક મુમુક્ષુ આત્માઓ યુવાન, બાળક, વૃદ્ધ સંસાર ત્યાગ કરી આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી સાધનાના શિખર સર કરતા દેખાઈ રહ્યા છે. અંતમાં અમે જોઈ રહ્યાં છીએ કે આજના ભૌતિકવાદના પ્રચારના જમાનામાં ઈન્દ્રિય ગુલામી અને શરીર મોહ આસક્તિના આ જમાનામાં આજીવન અનશન તો સેંકડો વર્ષોના રેકોર્ડને તોડી રહ્યા છે.

કોઈ દીક્ષા લેતાં જ ભયંકર ગરમીના દિવસોમાં ૬૭ દિવસના સંથારાની આરાધના કરે છે. કોઈ ૯૩ દિવસનો સંથારો (જેમાં ૯૦ દિવસ ચૌવિહાર અને વીસ વર્ષની દીક્ષા)માં આત્મકલ્યાણ સર કરી રહ્યા છે. આવી રીતે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘમાં પૂરા હિંદુસ્તાનમાં સંથારા, પંડિતમરણની શ્રૃંખલા પણ ત્વરિત વૃદ્ધિ પામી રહી છે. ક્યાંક ક્યાંક તો સંથારાની સાંકળ (એક પછી એક સંથારો ચાલુ) ચાલી રહ્યાનું પણ સાંભળવામાં આવી રહ્યું છે. (કચ્છી શ્રાવક શ્રાવિકાઓમાં વિશેષ રૂપે છે.)

**ઉપસંહાર : ૨૧૦૦૦ વર્ષ શાસન :** આવી રીતે ભગવાનનું શાસન આજે સંપ્રદાય ફાંટા, રાગ-દ્વેષ અને સીમાતીત શિથિલાચાર ચાલતાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા સંથારાની સાધના સુધીમાં વધતું પણ થઈ રહ્યું છે. જ્ઞાન આરાધનામાં પણ આજે ૩૨ આગમ અથવા અનેક આગમ કંઠસ્થ કરવાવાળા પણ પ્રકાશમાં આવી રહ્યા છે. સેંકડો જગ્યાએ જ્ઞાન શિબિર થઈ રહી છે. સરવાળે આ નૈતિક પતન તથા ભૌતિકવાદના બોલબાલાવાળા યુગમાં પણ અનેક ધર્મવીર આજ પણ સમયે સમયે જાણવામાં, સાંભળવામાં આવી રહ્યા છે. આમ પડતાં-ચડતાં ભગવાનનું આ શાસન કુલ ૨૧૦૦૦ વર્ષ ચાલશે.

## ભગવાન મહાવીરની આગમ પરંપરાનો ઈતિહાસ

તીર્થંકરોના છદમસ્થ કાળની સાધના પૂર્ણ થવાથી કેવળજ્ઞાન અને અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે. તે દિવસની પ્રથમ દેશના(ઉપદેશ-પ્રવચન)માં સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના એટલે ધર્મતીર્થ પ્રવર્તવાનું પવિત્ર કાર્ય થઈ જાય છે અર્થાત્ તેમના પ્રથમ પ્રવચનમાં કેટલાક દીક્ષિત થઈ સાધુ-સાધ્વી બની જાય છે અને શ્રાવક-શ્રાવિકાઓ પણ અણુવ્રતધારી થઈ જાય છે. આ પ્રકારે સંઘોનો પ્રારંભ થઈ જાય છે. ભરત-ઐરવત-મહાવિદેહ





બધા ક્ષેત્રોના બધા તીર્થંકરોમાં આ જ વ્યવસ્થા છે. પ્રથમ દિવસના દીક્ષિત તે શ્રમણોમાંથી જ કેટલાક ગણધર લબ્ધિની પૂર્વભવિક સત્તાવાળા સાધક હોય છે. જેને દીક્ષા–મહાવ્રત પ્રત્યાખ્યાન પછી સ્વતઃ પૂર્વભવિક ક્ષયોપશમજ દ્વાદશાંગીનું જ્ઞાન ઉપલબ્ધ થઈ જાય છે. તેની સંખ્યા નિશ્ચિત હોતી નથી. તે બધાને ગણધર કહેવામાં આવે છે. તીર્થંકર ભગવાનની આજ્ઞાથી તે બધા ગણધર પોતાને ઉત્પન્ન થયેલ જ્ઞાનના આધારે સર્વસંમત પોતાના તીર્થંકરના શાસનને અનુરૂપ દ્વાદશાંગીની રચના/ સંકલન/ સંપાદન કરે છે. તેની પહેલાં છ આવશ્યકરૂપ આવશ્યક સૂત્ર પણ સંપાદિત કરવામાં આવે છે. તે દિવસથી શ્રમણોને યથાસમય આવશ્યક સૂત્ર શિખડાવવામાં આવે છે. કારણ કે તેના આધારથી બંને સમયે (ઉભયકાળ) પ્રતિક્રમણ જીવનભર કરવામાં આવે છે. આ આવશ્યક સૂત્ર સહિત દ્વાદશાંગી ગણધર રચિત કહેવામાં આવે છે. તેમાં વ્યક્તિગત નામ કોઈનું હોતું નથી. આ સંપૂર્ણ દ્વાદશાંગી બે પાટ સુધી બધા તીર્થંકરોના શાસનમાં મૌખિક ચાલે છે. પછી ૧૨મા દૃષ્ટિવાદ અંગનો દેશ (અંશે) વિચ્છેદ થાય છે. જેનાથી શેષ ૧૧ અંગ પરિપૂર્ણ અને દૃષ્ટિવાદ અપૂર્ણ સમગ્ર જિનશાસનમાં કંઠસ્થ પરંપરામાં ચાલે છે.

**ભગવાન મહાવીરની વિશિષ્ટ આગમ પરંપરા :** સર્વ પ્રથમ તો ભગવાન મહાવીર સ્વામીની પ્રથમ દેશના ખાલી ગઈ અર્થાત્ પ્રથમ ઉપદેશમાં એક પણ જીવ સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકા ન બન્યા. વ્રત-પ્રત્યાખ્યાન થયા નહીં. તીર્થ સ્થાપના થઈ નહીં. ચતુર્વિધ સંઘની સ્થાપના પણ થઈ નહીં. ગણધર શ્રમણોના અભાવમાં આગમ શ્રુત દ્વાદશાંગીની રચના પણ પ્રથમ દિવસે થઈ નહીં. કેવળજ્ઞાન પ્રાપ્તિના બીજા દિવસે માનવ મેદનીયુક્ત દેવ આદિ ૧૨ પ્રકારની પરિષદ થઈ. શ્રમણ-શ્રમણી, શ્રાવક-શ્રાવિકા આદિ મહાવ્રત-અણુવ્રત ધારી બન્યા.

ગૌતમ આદિ અણગારોને ભગવાને સર્વપ્રથમ છકાયનું સ્વરૂપ તેમજ મહાવ્રતોનું સ્વરૂપ સમજાવ્યું. એવું આચારાંગ સૂત્રમાં સ્પષ્ટ કથન છે. ત્રિપદી અર્થાત્ **ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા** વિગેરેના કથન આગમમાં નથી. અને આગમ સંમત પણ નથી. તે પરંપરા બીજાની નકલથી ગ્રંથોમાં આવી છે. તેની સત્યતા આગમથી સિદ્ધ થતી નથી.

ભગવાનનો ઉપદેશ અને શ્રમણોની દીક્ષા વિધિ પછી સેંકડો શ્રમણોમાંથી ગૌતમ ઈન્દ્રભૂતિ આદિ ૧૧ આત્માઓને ગણધર લબ્ધિ તથા પૂર્વભવનું દ્વાદશાંગી

શ્રુતજ્ઞાન ક્ષયોપશમજન્ય ઉત્પન્ન થયું. તેના આધારથી અને ભગવાનની અજ્ઞાથી અગિયારે ગણધરોએ મળી ભગવાન મહાવીર ૨૪મા તીર્થંકરના શાસનને અનુરૂપ સંશોધન સંપાદન કરી છ આવશ્યક સૂત્ર સહિત દ્વાદશાંગીની સંકલના રચના સ્થાપિત કરી. શિષ્યો ને તે જ દિવસથી આવશ્યક સૂત્ર આદિ શિખવાડવાની વ્યવસ્થિત રૂપે શરૂઆત થઈ. સાત દિવસ પછી યોગ્ય સમયે સર્વને વડી દીક્ષા આપવામાં આવી. અગિયાર ગણધર નવ ગણોમાં(નવ વિભાગોમાં) શિષ્યોને શ્રુતજ્ઞાન ભણાવવા લાગ્યા. આ પ્રમાણે ભગવાનના શાસનમાં શ્રુતજ્ઞાનની કંઠસ્થ પરંપરાનો પ્રારંભ થયો. અગીયાર અંગોનું અધ્યયન સાધુ-સાધ્વી સમસ્ત દીક્ષિતોને કંઠસ્થ કરવું આવશ્યક હોય છે. અર્થાત્ નાની ઉંમરમાં(અતિ અલ્પ દીક્ષા પર્યાયથી) મુક્ત થવાવાળાના સિવાય પ્રાયઃ બધા રાજા-રાણી-શેઠ-યુવાન-વૃદ્ધ-બાળક -સાધુ-સાધ્વી ૧૧ અંગોનું જ્ઞાન કંઠસ્થ કરતાં હતાં.

દિવસ રાતમાં યથાસમય તેનો સ્વાધ્યાય આદિ જીવનભર કરતા રહેતા હતાં. બારમા દષ્ટિવાદ અંગનું માત્ર વિશિષ્ટ શ્રમણોને જ અધ્યયન કરાવવામાં આવતું હતું. કારણ કે તેના અધ્યયનમાં અનેક વિશિષ્ટ સાધનાઓ અને અઘરી ભંગવિધિઓ રહેતી હતી. બીજા પણ સંભવિત કારણોથી અતિઅલ્પ સાધક જ તેનું અધ્યયન કરી શકતા હતા અથવા વિશેષ યોગ્યતાવાળાને જ તે જ્ઞાન આપવામાં આવતું હતું. જેમ કે અંતગડસૂત્રમાં મોક્ષગામી ૯૦ જીવોનું દીક્ષિત થવાનું વર્ણન છે. જેમાં રાજકુમાર, રાણીઓ, શેઠ-શેઠાણીઓ બાલ યુવા આદિ સાધક છે. ગુજસુકુમાર અને અર્જુનમાળીની અલ્પ દીક્ષા પર્યાયના કારણે શ્રુતજ્ઞાનનું કથન નથી. શેષમાં ૧૨ અંગવાળા ૨૨ અને અગીયાર અંગના અધ્યયન વાળા વધારે ૬૬+૨૨=૮૮ કહેવામાં આવેલ છે. ભગવાન મહાવીરના શાસનકાળ માં પચાસ હજાર કુલ સાધુ–સાધ્વીમાં ૩૦૦ જ સાધુ ૧૨ અંગના ધારક થયા– **સમવાયાંગ સૂત્ર.** અને હજારો સાધુ સાધ્વી ૧૧ અંગ કંઠસ્થ ધારણ કરનારા થયા. ત્રેવીસમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં ૩૫૦ શ્રમણ દ્વાદશાંગી–૧૨ અંગોના અધ્યયન કરનારા થયા. ૧૨માં અંગમાં જ ૧૪ પૂર્વનું જ્ઞાન હોય છે અને તે બારમાં અંગનો વિશાળ શ્રુત વિભાગ હોવાથી ૧૨ અંગ સૂત્રોના ધારક અને ૧૪ પૂર્વના પાઠી એવા બંને પ્રકારથી કથન થાય છે. બંનેનો ભાવ એક જ હોય છે.

**વીર નિર્વાણ પછી શ્રુતજ્ઞાન પરંપરા :** જેવી રીતે ભારત દેશનું સંવિધાન કોઈ વ્યક્તિગત નામથી નથી થતું. અર્થાત્ તેને ગાંધીનું સંવિધાન કે નેહરૂ આદિનું





સંવિધાન અથવા કોંગ્રેસનું સંવિધાન કે જનતાપાર્ટીનું સંવિધાન કહી શકાતું નથી. તે ભારતનું જ સંવિધાન કહેવાય છે. એવ રીતે જિનશાસનના આગમ, જૈનાગમ અને ગણધર કૃત જ કહેવાય છે. નામ નિર્દેશ કરવો આગમિક સાચી પરંપરા નથી. તો પણ ભગવાન પછી ગણધર સુધર્માની દ્વાદશાંગી ચાલુ રહી એવું કથન પ્રાપ્ત થાય છે. પરંતુ વાસ્તવમાં ગણધરકૃત જ કહેવા જોઈએ. આગમમાં જે સુધર્મા-જંબુના નામ શરૂઆતમાં આવે છે. તે ઉત્થાનિકાઓ મૂળ આગમ રચનાકાળની નહીં પણ દેવર્ધિગણીના સંપાદન સંશોધનના સમયની છે. ઈતિહાસમાં તેનું સૂચન વર્તામને નહીં હોવાથી આપણને કેટલાક પ્રકારની ભ્રમણાઓ ઉત્પન્ન થાય છે.

આચારાંગ, સુયગડાંગ સૂત્રની શરૂઆતમાં અને ઠાણાંગ, સમવાયાંગ તથા ત્રણ છેદ સૂત્રોની શરૂઆત(પ્રથમ સૂત્ર)માં કોઈ પ્રકારની એવી ઉત્થાનિકાઓ નથી. સીધો જ સૂત્ર વિષય પ્રારંભ થઈ જાય છે. આમ ઉત્થાનિકા વિના જ અનેક શાસ્ત્રનો પ્રારંભ થાય છે. કોઈ કોઈ શાસ્ત્રમાં જ ઉત્થાનિકા શરૂઆતમાં તથા કોઈ અધ્યયનોમાં પાછળથી બનાવેલી ઉપલબ્ધ થાય છે અને સુધર્મા જંબૂનું નામ પણ ક્યાંક-ક્યાંક શરૂઆતમાં એટલે જ આવે છે. ખુદ સુધર્માગણધર પોતાના અને જંબુના નામથી એક બે ફકરાઓનો સંવાદ જોડે તે શક્ય નથી. તથા મૌલિક સિદ્ધાંત એ જ યાદ રાખવો જોઈએ કે આગમ દ્વાદશાંગીની રચના બધા ગણધર સામુહિક રીતે કરે છે. ગણધરોના નામયુક્ત જે પણ પાઠ આજે ઉપલબ્ધ થાય છે, તેને પછીના અથવા લેખનકાળનું સંપાદન સમજવું જોઈએ. આગમ લેખન પણ અનેક આચાર્યોની હાજરીમાં અને બધાની સંમતિથી જ દેવર્ધિગણીએ કરાવ્યું હતું. એક પૂર્વધારી અનેક પ્રામાણિક પુઢષ આચાર્ય તે સમયે હાજર હતા.

૧૧ ગણધરો મોક્ષ પધાર્યા પછી પ્રભવસ્વામી, શય્યંભવ સ્વામી યશોભદ્ર સ્વામી, સંભૂતિ વિજય, ભદ્રબાહુ સ્વામી સુધી વીર નિર્વાણ ૨૧૯ વર્ષ સુધી ૧૪ પૂર્વજ્ઞાન ચાલ્યું. તેના પછી મહાગિરી, સુહસ્તી આદિ વ્રજસ્વામી સુધી એટલે વીરનિર્વાણ ૫૪૮ વર્ષ સુધી ૧૦ પૂર્વનું જ્ઞાન ચાલ્યું. તેના પછી આર્યરક્ષિત સ્વામી સાડા નવ પૂર્વી થયા. તેના પછી પૂર્વોના ધારક નંદિલાચાર્ય, નાગહસ્તી, સ્કંદિલાચાર્ય, હિમવંતાચાર્ય, નાગાર્જુન, ભૂતદિન્નાચાર્ય આદિ પૂર્વધરો થયા. અંતમાં વીરનિર્માણ ૯૦૦ સાધિક ૧૦૦૦ વર્ષ સુધી દુષ્યગણિ, દેવર્ધિગણી ક્ષમાશ્રમણ એક પૂર્વધારી થયા. આ પ્રકારે ભગવતી સૂત્ર શતક–૨૦, ઉદેશક–૮

અનુસાર પૂર્વોનું જ્ઞાન અર્થાત્ ૧૨મું અંગ અંશ રૂપમાં ૧૦૦૦ વર્ષ સુધી ચાલ્યું. તે ભગવતીના પાઠ અનુસાર પૂર્વજ્ઞાનના વિચ્છેદ થવાની સૂચનાને લક્ષ્યમાં રાખીને જ દેવર્ધિગણીના સાંનિધ્યથી અનેક આચાર્યોએ મળીને ૧૧ અંગ શાસ્ત્રોનું લેખન તથા એકપૂર્વના જ્ઞાનમાંથી યથાસંભવ ઘણા આગમ(અંગ બાહ્ય રૂપમાં) સંપાદિત કરાવ્યા તથા ઉપલબ્ધ ૧૧ અંગસૂત્રોના લેખનમાં પણ ભવિષ્યકાળનો વિચાર કરીને તેમજ લેખન પરંપરાને ધ્યાનમાં રાખીને સુધારા-વધારા, વિભાજન, પરિવર્તન આદિ પણ તે સમયના બહુશ્રુત શ્રમણ આચાર્યોની સંમતિથી કરીને આગમોનું સંપાદન કર્યું કરાવ્યું. તે સમયે જે કાંઈ પણ સર્વ સંમતિથી કરવાનું હતું તે વ્યવસ્થાપન કર્યું પણ તેની કાંઈપણ લેખિત નોંધ ન કરી કે આ સમયે અહીંયા આવા-આવા સુધારા સંશોધન વગેરે કર્યા છે. એ કારણે પછીના આજ સુધીના ચિંતકો તે પરિવર્તનોના વિષયમાં જુદા જુદા ચિંતનો કરતા રહ્યા છે. જેનાથી કોઈ ચિંતકો આ પરિવર્તનો માટે દેવર્ધિના પૂર્વે ક્યારેક ક્યારેક થયા હોવાની કલ્પના કરતા રહે છે. તો પણ આગમ સંબંધમાં કેટલાક પ્રશ્નોનું સમાધાન મળતું નથી. પરંતુ જો તે સંશોધન પરિવર્તનોના સંબંધમાં દેવર્ધિની પહેલાં નહીં જઈને તેમના લેખન સંપાદનના સમયમાં જ ચિંતનને સ્થિર કરી દેવાય તો પ્રાયઃ બધા પ્રશ્નો હલ થઈ જાય છે. જો ત્યાર પછી પણ કોઈ પ્રશ્ન રહી જાય તો તે લેખન પરંપરાના આજ સુધીના ૧૫૦૦ વર્ષોમાં થયેલા લિપિદોષ આદિને સ્વીકારતાં સારામાં સારૂં સમાધાન થઈ જાય છે અને બહુશ્રુત જ્ઞાની પૂવાચાર્યો ઉપર કોઈ પણ દોષનો આક્ષેપ મૂકવાનો પ્રસંગ બનતો નથી.

**આગમ કંઠસ્થ પરંપરાનું મહાત્મય :–** જિનશાસનમાં પ્રારંભથી દ્વાદશાંગી કંઠસ્થ પરંપરા શિષ્ય-પ્રશિષ્યમાં વ્યવસ્થિત ચાલી આવે છે. તે કારણે પૂર્વોના અધ્યેતા મહાવીરના શાસનમાં ૩૦૦ જ ઉત્કૃષ્ટ થયા તો પણ ૨૧૯ વર્ષ સુધી ૧૪ પૂર્વનું જ્ઞાન સ્થૂલિભદ્ર સુધી ચાલ્યું. ૫૪૮ વર્ષ સુધી ૧૦ પૂર્વોનું જ્ઞાન વજસ્વામી સુધી ચાલ્યું. અને અંતમાં ૧૦૦૦ વર્ષ સુધી એક પૂર્વનું જ્ઞાન અર્થાત્ ૧૨મું અંગ ચાલ્યું. ૧૧ અંગના કંઠસ્થ ધારક તો ભગવાનના શાસનમાં હજારો સાધુ-સાધ્વી હતાં. અને તે પરંપરા પણ વ્યવસ્થિત દેવર્ધિગણી સુધી ચાલી આવી હતી. કારણ કે ૩૦૦ પૂર્વધર અને હજારો ૧૧ અંગધારકનું અનુપાત જોઈને(સરખામણી કરતાં) સમજી શકાય છે કે ૧૧ અંગોનું સંપૂર્ણ વ્યવસ્થિત જ્ઞાન તો દેવર્ધિગણી સુધી કંઠસ્થ પરંપરામાં ચાલતું રહેવામાં કોઈ મુશ્કેલી આવવાનો પ્રશ્ન જ ઉદ્ભવી





શકતો નહિં. કારણ કે હજારો સાધુ-સાધ્વીઓનું રાત્રીમાં સ્વાધ્યાય કરવાનું મુખ્ય કાર્ય પરસ્પર ચાલતું જ રહ્યું હતું. માટે જે લોકો આ રીતે કહી દે છે કે (૧) ૧૧ અંગ પણ દેવર્ધિગણી સુધી ઘણા ઘટી ગયા હતાં. (૨) સંપૂર્ણ ૧૧ અંગ વિચ્છેદ થઈ ગયા હતા.(દિગંબરોનું કથન) (૩) ભગવાનના સમયના વાસ્તવિક અંગ આગમ રહ્યા જ નથી. આચારાંગ પ્રથમ, વીર નિર્વાણની બીજી શતાબ્દિનું લાગે છે. બીજું આચારાંગ વીર નિર્વાણની પાંચમી સદીનું લાગે છે. ઠાણાંગ-સમવાયાંગ વીર નિર્વાણની ત્રીજી-ચોથી સદીનું લાગે છે. આ રીતે તે વિદ્વાન કહેવાતા જ્ઞાની પંડિત અગિયાર અંગોને મનમાન્યા ચિંતનથી ક્યારે ક્યારે કોના કોના દ્વારા ૧૦૦૦ વર્ષોના સમયગાળામાં ગણધરોના સ્થાને પોતાના બનાવવાનું બતાવે છે. એવું કહેનારા વચ્ચેના આચાર્યો દ્વારા તીર્થંકર ગણધરોની આશાતના કરવાનું કાર્ય ઘડે છે. વાસ્તવમાં ગણધરકૃત શાસ્ત્ર ૧૧ અંગ હજારો સાધુ-સાધ્વી દ્વારા કંઠસ્થ પરંપરામાં વ્યવસ્થિત ચાલતા રહેવાથી કોઈપણ તે શાસ્ત્રોમાં ફેરફાર શા માટે કરે ? તેથી પંડિતોની આ પ્રકારની કલ્પનાઓ કંઠસ્થ પરંપરાના અનુભવહીન જ્ઞાનનું ખોટું પ્રતિફળ માત્ર છે અને અનુભવહીન ચિંતનનો ભ્રમ માત્ર છે. કારણ કે આ પંડિતોએ જીંદગીમાં કયારેય ૧૧ અંગ કંઠસ્થ કરી વર્ષો સુધી સ્વાધ્યાય કરવાનો અનુભવ કર્યો જ નથી. તો તેઓ કંઠસ્થ જ્ઞાન પરંપરાનું મહાત્મ્ય કેવી રીતે જાણે ?

દિગંબરોનું કથન ૧૧ અંગ વિચ્છેદ જવાનું અને પૂર્વજ્ઞાન રહી જવાનું કથન તો અનુચિત અને ભોળા ભક્તો ને ઉલલુ બનાવવા માત્રની કુબુદ્ધિ જ સમજી શકાય છે. જે એટલું પણ નથી વિચારી શકતા કે ૩૦૦ પૂર્વ જ્ઞાનીઓની પરંપરા તો તેને મળી જાય. અને હજારો ૧૧ અંગ ધારકોની પરંપરા પૂર્વજ્ઞાનથી પહેલાં વિચ્છિન્ન થઈ જાય, એવું તેનું કથન, ખુદ જાણી જોઈને મહા મોહના ઉદયમાં કરેલું છે. તેથી અભ્યાસુ આ નિર્વિવાદ સમજી લે કે હજારો સાધુ-સાધ્વીઓની કંઠસ્થ પરંપરામાં ચાલવાવાળા ૧૧ અંગોનું જ્ઞાન ઘટી પણ નથી શકતું અને દિગંબરોની ઉત્પત્તિ સુધી અથવા દેવર્ધિગણી સુધી વિનષ્ટ-વિચ્છિન્ન પણ થઈ શકતું નથી. આજે જે પણ અંગસૂત્રના સ્વરૂપ સંબંધે પ્રશ્ન ઊભા થાય છે, તેને દેવર્ધિગણીના લેખન સમયના સુધારા-વધારા સમજી લેવાના તથા તેના પછીના ૧૫૦૦ વર્ષમાં લહિયા આદિના લેખન દોષનું પરિણામ સમજીને સમાધાન કરી લેવાનું.

**આગમ કેટલા :** દેવર્ધિગણીના લેખન સમયમાં નંદીસૂત્રની રચના પણ થઈ છે. તેમાં શ્રુજ્ઞાનના વર્ણનમાં ૧૧ અંગ શાસ્ત્રોના લેખન સિવાય તે સમયે જેટલા શાસ્ત્રોનું નવું સંપાદન, નામકરણ થયું તેનું લીસ્ટ નંદી સૂત્રમાં આપેલ છે. જેની કુલ સંખ્યા આવશ્યક સૂત્ર અને અંગસૂત્રો મળીને ૭૩ આગમ સંખ્યા થાય છે. તેના નામ આગળ સ્વતંત્ર રીતે આપવામાં આવશે. વર્તમાનમાં ૩૨ અને ૪૫ આગમ માનવાની પોત પોતાની પરંપરા છે. તેનું કોઈ નિશ્ચિત પ્રમાણ નથી અને કોઈને પણ એકાંત સત્ય કહેવું તે પણ ભૂલ ભરેલ સિદ્ધ થાય છે. માટે સામાન્યજ્ઞાની બુદ્ધિમાનોએ સંખ્યાના આગ્રહ દુરાગ્રહમાં પડવું ન જોઈએ. કારણ કે નંદી સૂત્રમાં સંખ્યા નથી માત્ર નામ ગણાવ્યા છે. સંખ્યાની પરંપરાને સાપેક્ષ કલ્પિત પરંપરા માત્ર કહેવી જોઈએ કારણ કે નંદી સૂત્રમાં દર્શાવેલા નામવાળા કેટલાક શાસ્ત્ર ઉપલબ્ધ છે. અને તેમાં કોઈ ખરાબી પણ નથી છતાં પણ ૩૨ અને ૪૫માં તેની ગણત્રી નથી અને કોઈ શાસ્ત્ર અલગ શાસ્ત્રના રૂપમાં અસ્તિત્વમાં નથી, તેને પણ ૩૨ અને ૪૫માં આંખ મીચીને ગણવામાં આવી રહ્યા છે. કારણ કે કોઈ કોઈ પ્રવાહ એવા હોય છે કે જે ગાડરિયા પ્રવાહની જેમ ચાલ્યા જાય છે. તેમાં કોઈનું મગજ ચાલતું નથી અને ચાલે તો પણ રૂઢ પરંપરા તેમજ બહુમતિ, સર્વમતિની આગળ સત્ય કાંઈ ચાલે જ નહિં. એવો જ સમયનો પ્રભાવ છે. ઉદાહરણના રૂપમાં ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ બંને શાસ્ત્ર જુદા જુદા નથી બંને એક જ શાસ્ત્ર છે, છતાં પણ ૩૨ અને ૪૫માં બે જ ગણવામાં આવે છે. તેવી જ રીતે નિરયાવલિકા આદિ એક આગમ છે, પાંચ વર્ગ તે એક શાસ્ત્રના છે તેવું મૂળ પાઠમાં લખેલું છે. બધા વિદ્વાનો જોવા જાણવા છતાં આંખ મીચીને તેને પાંચ શાસ્ત્રની ગણત્રી કરી ૩૨ અને ૪૫ની સંખ્યાનું રટણ કરી રહ્યા છે. પરિવર્તન સંશોધન કરવાની કોઈ વિચારણા જ નથી કરતાં, કેટલાક સમય પહેલાં ૮૪ આગમ પણ અપેક્ષાથી માનવામાં આવતા હતા. આમ આગમ માનવાની ત્રણ પરંપરા = ૮૪, ૪૫, ૩૨ છે. ત્રણે સંપ્રદાયિક પરંપરા છે. નંદી સૂત્રની આગમ સૂચીમાં ૭૩ આગમોના નામ છે. તે ચારેય સૂચી આગળ આપવામાં આવશે.

**આગમોની વ્યાખ્યાઓ :** દેવર્ધિગણી ક્ષમા શ્રમણના સમયે આગમોનું માત્ર લેખન થયું. તે આગમનો અર્થ, પરમાર્થ, શબ્દાર્થ આદિનું જ્ઞાન કંઠસ્થ પરંપરામાં જ રહ્યું. એકવાર લેખન કાર્ય ચાલ્યું તો તે લેખન પરંપરાનું માનસ આગળ ને આગળ વધતું રહ્યું. ત્યારબાદ થયેલા અનેક બહુશ્રુત આચાર્યોએ તે સમયે શાસ્ત્રોની વ્યાખ્યાઓ દ્વારા સૂત્રોના અર્થ, પરમાર્થ, શબ્દાર્થ આદિને સ્પષ્ટ કરતાં





લેખન પરંપરાને આગળ ચલાવી. તે વ્યાખ્યાઓ મુખ્ય પાંચ પ્રકારની થઈ જે આજે ઉપલબ્ધ છે. તે પાંચ પ્રાચીન વ્યાખ્યાઓની ભાષા પ્રાકૃત, સંસ્કૃત સુધી ગદ્ય, પદ્યમાં મર્યાદિત રહી. ત્યાર બાદ અનેક નામોની વ્યાખ્યાઓ બની જે મુખ્યતઃ સંસ્કૃત ભાષામાં અને ત્યારપછી વર્તમાન યુગમાં હિંદી, અંગ્રેજી, ગુજરાતી આદિ ભાષાઓમાં વ્યાખ્યાઓ પ્રકાશિત થઈ છે. તે વ્યાખ્યાઓ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, ટબ્બા આદિ નામથી પ્રસિદ્ધ થયેલી.

## આગમ સાહિત્ય વિભાજન અને ક્રમિક વ્યાખ્યાઓ

**આગમ :** સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોની વાણી જેમાં સંગ્રહિત હોય, જે ગણધરો દ્વારા અથવા પૂર્વધર પ્રમાણિક પુઢષો દ્વારા ગણધરોના આગમ આધારથી રચેલ સંકલિત સંપાદન કેરલ હોય તે આગમ કહેવાય છે. આવા આગમોનું વિભાજન જુદા જુદા પ્રકારથી છે. (૧) ગણધરોની પરંપરા અનુસાર આવશ્યક સૂત્ર સહિત ૧૨ અંગ રૂપ એક જ વિભાજન રહે છે. જે પૂર્વના ૨૩ તીર્થંકર અને મહાવિદેહ ક્ષેત્રમાં હોય છે. ભગવાન મહાવીરના શાસનમાં આ વિભાજન દેવર્ધિગણિના લેખન પૂર્વ સુધી ચાલ્યું. ત્યાર બાદ નંદીસૂત્રમાં આગમ વર્ગીકરણ આવેલ છે. જેમ કે– ૧. અંગ પ્રવિષ્ટ અને ૨. અંગબાહ્ય. અંગપ્રવિષ્ટમાં ૧૨ અંગ અને અંગબાહ્યના બે વિભાજન કરેલા છે– કાલિક સૂત્ર અને ઉત્કાલિન સૂત્ર (પ્રકીર્ણક નામથી કોઈ ભેદ વિભાગ અહીં કરેલ નથી.) અંગબાહ્ય શાસ્ત્રોની સંખ્યા કહેલ નથી માત્ર નામ ગણાવેલ છે. તેના કારણે નામોમાં કંઈક વિકૃતિઓ, વૃદ્ધિ પાછળ થી થયેલ સંભવિત છે, નંદી સૂત્રના વર્ગીકરણમાં અંગ સૂત્ર ગણધર રચિત છે અને અંગબાહ્ય સૂત્ર તે ૧૨ અંગ સૂત્રોના આધારથી બહુશ્રુત પૂર્વધર દેવર્ધિગણી આદિ દ્વારા રચાયેલ સંપાદિત સંકલિત છે. તે અંગશાસ્ત્ર સહિત ૭૨–૭૩ જ આગમ દેવર્ધિગણીના લેખન સમયે પૂર્વધરો દ્વારા કાંઈક વિશિષ્ટ સંપાદિત, સંશોધિત, સંકલિત, સંગ્રહિત અને નવીનીકરણ થયેલ છે, એવું ઉપલબ્ધ આગમોના પરસ્પરના વર્ણનની સમીક્ષા કરવાથી સમજવામાં આવે છે. છતાં પણ ૧ પૂર્વધર પ્રમાણિક પુઢષમાન્ય દરેક આગમ શ્રદ્ધાથી સ્વીકારવાને યોગ્ય છે. વર્તમાનમાં ઉપલબ્ધ થનારા આગમોમાં ૧ પૂર્વધર પ્રમાણિક પુઢષોના સંપાદન સિવાય, પછીના ૧૫૦૦ વર્ષના લેખનકાળમાં લહિયાઓ દ્વારા અથવા છદ્મસ્થ સ્વભાવની ભૂલોના માધ્યમથી કેટલીક ભૂલો જિનાગમ વિઢદ્ધ અથવા પરસ્પર આગમ વર્ણનોમાં શંકાત્મક કાંઈક લાગે તો તે આજ પણ બહુશ્રુતો દ્વારા પરસ્પર

સમન્વય, વિચારણા, ચિંતન યોગ્ય સમજી આગમ આધારથી સમાધાન પ્રાપ્ત કરી શકાય છે, નિર્ણય કરી શકાય છે. કોઈપણ સમાધાન થઈ ન શકે તો તે વિષયમાં **तमेव सच्चं णिसंकं जं जिणेहि पवेइयं ।** આ આગમનું શ્રદ્ધા વાક્ય **(ભગવતી–આચારાંગ)**નું સ્મરણ કરી જિન વચનોમાં શ્રદ્ધા દઢ રાખવી જોઈએ. કારણ કે ભગવાનની વાણી તો પૂર્ણ સત્ય તેમજ વિશ્વાસ યોગ્ય જ છે. તેમાં (સર્વજ્ઞના જ્ઞાનમાં) કોઈ શંકાને સ્થાન હોતું જ નથી.

નંદીસૂત્રના આગમ વર્ગીકરણ પછી આગમોના નવા વર્ગીકરણ અજ્ઞાત સમયમાં દેવર્ધિના ઘણા વર્ષો પછી ક્યારેક થયા છે. તે આ પ્રકારે છે– (૧) અંગસૂત્ર–૧૧ (૨) ઉપાંગસૂત્ર– ૧૨, (૩) મૂળસૂત્ર–૪ (૪) છેદસૂત્ર–૪ અથવા ૬ (મૂર્તિપૂજક) (૫) ચૂલિકાસૂત્ર–૨(મૂર્તિપૂજક) (૬) પ્રકીર્ણક–૧૦ અથવા અનેક.

આવશ્યક સૂત્ર મૌલિક ગણધરકૃત સૂત્ર છે. તેથી તેને મૂળસૂત્રમાં પણ ગણી શકાય છે. અને શિખરસ્થ સૂત્ર(સર્વપ્રથમ) પણ છે. તેથી તેને ચૂલિકાસૂત્ર પણ કહી શકાય છે. અનુયોગદ્વાર સૂત્રના પ્રારંભના આગમ વિભાજનમાં તેને અંગસૂત્રો પછી અને શેષ સર્વ અંગબાહ્ય આગમ કાલિક-ઉત્કાલિકથી સ્વતંત્ર પહેલાં બતાવ્યા છે. જેમ કે– અંગબાહ્ય આગમોમાં આવશ્યક અને આવશ્યક વ્યતિરિકત(અન્ય) શાસ્ત્ર, ફરી અન્ય શાસ્ત્રોના કાલિક અને ઉત્કાલિક બે ભેદ દર્શાવ્યા છે. અર્થાત્ આચાર્યકૃત તે બધા આગમોથી આવશ્યકને પ્રાથમિકતા સ્વતંત્રતા આપવામાં આવી છે.

**કાલિક-ઉત્કાલિક :** (૧) ગણધરોના ૧૨ અંગોના આધારથી પૂર્વધર પ્રામાણિક પુરુષોના રચેલા આગમ સંકલિત માત્ર હોય, ભાષા શબ્દ ગણધરોના આગમમાંથી જેમ ને તેમ રાખ્યા હોય તો તે કાલિક શાસ્ત્ર કહેવામાં આવે છે. (૨) શબ્દ, ભાષા, વાક્યરચના, ગણધરોની પૂર્ણતયા ન રાખીને તેના ભાવોના આધારથી કાંઈક નવી વાક્યરચના કરવામાં આવી હોય અથવા પૂર્ણતઃ નવી કરવામાં આવી હોય, ભાવ બધા ગણધરકૃત આગમથી લીધા હોય તો તે પૂર્વધરોના શાસ્ત્ર ઉત્કાલિક કહેવામાં આવે છે. આ કાલિક અને ઉત્કાલિકની ભેદરેખા સમજવી જોઈએ.

**વ્યાખ્યા સાહિત્ય :**– દેવર્ધિના લેખન સમયમાં મૂળપાઠોનું સંકલન સંપાદન યોગ્ય વિધિથી પૂર્ણ કરવામાં આવ્યું. તેના ૫૦ વર્ષ પછી સૂત્રોના શબ્દાર્થ ભાવાર્થ અને વિશેષાર્થોની લેખન સંપાદનની પરંપરા ચાલી.





**(૧) નિર્યુક્તિ :** મૌખિક કંઠસ્થ જ્ઞાનની પરંપરા, આગમ લેખન પછી પણ ચાલુ રહી તેને બંધ કરવાનું કોઈ કારણ હતું નહી; તેથી સમય, કાલ, શાસનની સ્પર્શના અનુસાર આગમ અને તેના અર્થ પરમાર્થ, શબ્દાર્થ, ભાવાર્થ ગુઢ પરંપરાથી યથાયોગ્ય ચાલતા રહ્યા, તોપણ ભસ્મગ્રહનો પ્રભાવ વધવાનો સમય હોવાથી આચારમાં અને જ્ઞાનમાં શિથિલતા તેમજ મતભેદ, પંથભેદ પણ પૂર્વધારીઓના અભાવમાં ઉત્પન્ન થતા રહ્યા. તેમ છતાં વિશિષ્ટ જ્ઞાની શાસનપ્રેમી સાધક આગમોની કંઠસ્થ પરંપરામાં ચાલેલી ધારણા, વ્યાખ્યા, અર્થ અને રહસ્યાર્થોને લેખિત કરવાના માનસમાં વધતા ગયા. જેના ફળ સ્વરૂપે નવું વ્યાખ્યા સાહિત્ય રચાતું ગયું. આગમ લેખન સમાપ્તિના આખરે ૫૦ વર્ષ પછી બીજા ભદ્રબાહુ સ્વામી, વરાહમિહિરના ભાઈ પ્રકાંડ વિદ્વાન જ્યોતિષાચાર્ય થયા. તેઓએ શબ્દના નિરુક્ત વ્યુત્પત્તિપરક અર્થમય આગમ વ્યાખ્યા લખી. જે સંક્ષિપ્ત શબ્દાર્થરૂપ **નિર્યુક્તિ વ્યાખ્યાના** નામથી પ્રચારિત કરવામાં આવી. પ્રાકૃત ભાષામાં પદ્ય–ગાથામય આ વ્યાખ્યા ૯ શાસ્ત્રો ઉપર લખવામાં આવી હતી. જેમ કે– બે અંગ પ્રારંભના, બે મૂળ સૂત્ર– ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, ચાર છેદસૂત્ર, આવશ્યક સૂત્ર, આ **નવ** આજે પ્રકાશિત મળે છે. એક સૂર્યપ્રજ્ઞપ્તિની નિર્યુક્તિનો નામ કયારેય બાર ઉપાંગનની સંખ્યા ગણતરીની કલ્પનાવાળાઓના ચમત્કારથી દાખલ કરવામાં આવ્યા હોય. કારણ કે આચાર શાસ્ત્રોની પ્રમુખતાના ૯ આગમોની જોડે એનો નામ સહજ મેળ ખાતો હોતો જ નથી અને તે નિર્યુક્તિને કોઈએ ક્યારેય જોઈ પણ નથી ! એટલે તેની વ્યાખ્યાને લાગતો ઉલ્લેખ કે ઉદ્ધરણ કોઈ વ્યાખ્યા ગ્રંથમાં મળતું નથી. આ નિર્યુક્તિ વ્યાખ્યાઓનો સમય વીરનિર્વાણની અગીયારમી શતાબ્દિનો સમજવો.

(૨) **ભાષ્ય :** નિર્યુક્તિમાં પ્રાયઃ શબ્દાર્થો હોવાથી વિશેષાર્થ લખવાનું માનસ હોવું સ્વાભાવિક હતું. તેથી લગભગ ૧૦૦ વર્ષ પછી એ જ નિર્યુકિતઓને સાથે રાખી, એના જ આધારથી જે વ્યાખ્યા લખવામાં આવી તેનું નામ ભાષ્ય રાખવામાં આવ્યું આ વ્યાખ્યા પણ પ્રાકૃત પદ્યમય ગાથારૂપે લખવામાં આવી. આ વ્યાખ્યાનો સમય વીર નિર્વાણ ૧૨મી શતાબ્દિનો રહ્યો. જેના કર્તા યાને ભાષ્યોના કર્તા સંઘદાસ-ગણિ, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, આચાર્ય સિદ્ધસેન, ગોવિંદ વાચક આદિ થયા. આ વ્યાખ્યા પણ વર્તમાનમાં ઉપરોકત ૯ (નવ) સૂત્રો પર જ ઉપલબ્ધ છે. સૂર્યપ્રજ્ઞપ્તિના વિષયમાં જાણકારી અનુપલબ્ધ છે.

નિર્યુક્તિ વ્યાખ્યા અને ભાષ્ય વ્યાખ્યાની ગાથા પદ્ધતિ એક સરખી હોવાથી અને પછીના લેખનકાળમાં બંનેને પ્રત્યેક સૂત્રની સાથે લખવાથી તથા ગાથાના અંતમાં ભા.ગા.અને નિ.ગા. એવું ટૂંકમાં સૂચન કરવા લાગ્યા. કાલાન્તરે કોઈ લહિયાઓ દ્વારા કોઈ ગાથાઓમાં એવું અંતિમ સૂચન ભા.ગા. અને નિ. ગા લખવું છૂટી જવાથી આજના ઉપલબ્ધ સ્વરૂપમાં પ્રાયઃ નિર્યુક્તિ ગાથા અને ભાષ્ય ગાથાઓ એકમેક જેવી થઈ ચુકી છે. બંનેનું અલગ અસ્તિત્વ સ્પષ્ટરૂપથી કરવું મુશ્કેલ અથવા અશક્ય જેવું થઈ ગયું છે. તેથી સંપૂર્ણ ગાથાઓને 'નિર્યુક્તિ-ભાષ્યગાથા' સમજવું પડે છે. તો પણ કોઈ કોઈ ગાથાઓના અંતમાં આજે પણ નિ. ગા. અને ભા. ગા. લખેલું મળે છે. આજે આ બધી ૯ શાસ્ત્રોની વ્યાખ્યાઓ પ્રકાશિત ઉપલબ્ધ છે. **વર્તમાન ૨૧મી સદીમાં અમદાવાદથી મુનિ દીપરત્ન સાગર નામના વિદ્વાન સંતે ૪૫ આગમોની પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત વ્યાખ્યાઓને પુસ્તકાકારમાં સંપાદિત કરી પ્રકાશિત કરાવી છે. આ પ્રકારે એક જ વ્યક્તિ અને એક જ નગરની સંસ્થાના નામથી ૪૫(૩૨) આગમોની પ્રાચીનતમ વ્યાખ્યાઓની સુવિધા સુંદર પ્રકાશનના રૂપમાં આગમ જિજ્ઞાસુઓને ઉપલબ્ધ થયેલ છે. સીધા સાદા નામવાળા આ મહાન સંતે પોતાના નામની આગળ પાછળ પુસ્તકોની ઉપર કોઈ પદવી વિશેષણ કે ફોટો આપેલ નથી, જે તેમની સહજ નમ્રતા અને નિરહંકાર ગુણના દ્યોતક છે. તથા તેના દ્વારા ૧૮ વર્ષોમાં ૪૫ આગમ મૂળ, તેની ટીકા, ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિઓ પૂર્ણ સેટના રૂપમાં ઉપલબ્ધ થયેલ છે. સોનામાં સુગંધ રૂપે આ મહાન પરિશ્રમી સંતે આ ૪૫ આગમોની અંદર આવેલ કઠિન શબ્દોનો ગુજરાતી અનુવાદ તથા તે શબ્દના સમસ્ત આગમ સ્થળોના સૂચન સહિત અવર્ણનીય શ્રમ સાધ્ય આગમ કોશ ચાર ભાગોમાં બનાવી પ્રકાશિત કરેલ છે. સાથે જ આગમ અને વ્યાખ્યાઓમાં આવેલા નામ તથા કથાઓના શબ્દકોશ અને આગમ કથાનુયોગ અનેક અનેક ભાગોમાં સંપાદિત કરી પ્રકાશિત કરાવેલ છે. તે પણ જિજ્ઞાસુ અભ્યાસુને પૂર્ણ સેટના રૂપમાં ઉપલબ્ધ થયેલ છે. એવા વિવિધ (૯) અને પરિપૂર્ણ પ્રકાશનના મહાપરિશ્રમી તે સંત રત્ન વાસ્તવમાં લાખો કરોડો અભિનંદનને પાત્ર છે. તેમજ શ્રુતસેવાના વિશાલ શ્રમથી આજના જમાનાના એક અદ્ભૂત તથા મહાન શ્રુતસેવી તે સંતરત્ન હંમેશ સર્વને માટે અને વિશેષ કરી ને આગમ જ્ઞાનીઓ માટે સંપૂર્ણપણે આદરણીય, વંદનીય અને દર્શનીય છે. જેના જીવન વ્યવહારમાં આજે પણ સરલતા, નમ્રતા, સહજતા, વિવેક, વિચક્ષણતા આદિ ગુણોના પ્રત્યક્ષ દર્શનથી આત્માને અનુપમ આનંદની અનુભૂતિ થાય છે. મુનિશ્રી દીપરત્નસાગર મ.સા. વર્તમાને ગુજરાત, સૌરાષ્ટ્ર કે અમદાવાદ વગેરે સ્થળોમાં સ્થિરવાસ રૂપે સંયોગ અનુસારે**





**બિરાજમાન રહે છે. તેના સમસ્ત આગમ પ્રકાશન માત્ર એક ડી.વી.ડી.માં મળે છે. ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરવાથી પણ ફ્રી મળે છે.**

**ચૂર્ણિ :** ભાષ્ય વ્યાખ્યાઓના લગભગ સો વર્ષ પછી વિવેચનરૂપમાં ચૂર્ણિ નામની વ્યાખ્યા લખવામાં આવી. તે પ્રાકૃત સંસ્કૃત મિશ્ર ભાષાવાળી અર્થાત્ મુખ્યતઃ પ્રાકૃત ભાષામાં + અલ્પ સંસ્કૃત ભાષામાં ગદ્યમય લખવામાં આવી. વિસ્તાર હોવાથી સંપૂર્ણ સૂત્રાશય સરલતાથી સ્પષ્ટ સમજમાં આવવા લાગ્યું. ઉપરના ૯ આગમો સિવાય આ વ્યાખ્યા ભગવતીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગ દ્વાર સૂત્ર, આદિ અનેક શાસ્ત્રો પર લખવામાં આવી. ચૂર્ણિ કર્તા આચાર્ય જિનદાસગણિ મહત્તર, આચાર્ય અગસ્યસિંહ સૂરી વગેરે થયા. તેનો સમય વીર નિર્વાણની ૧૩મી શતાબ્દિની આસપાસ રહ્યો છે.

**વૃત્તિ–ટીકા :** ચૂર્ણિ વ્યાખ્યાની પદ્ધતિથી પણ કાંઈક અધિક સ્પષ્ટીકરણવાળી શુદ્ધ સંસ્કૃત ભાષામાં જે વ્યાખ્યા લખવામાં આવી તેને **ટીકા વ્યાખ્યા** કહેવામાં આવ્યું. પ્રારંભિક ટીકાકાર કોટ્યાચાર્ય, હરિભદ્રસૂરિ આદિ થયા અને પછીના જમાનામાં શીલાંકાચાર્ય, અભયદેવસૂરિ, શાંતિચન્દ્ર સૂરિ, મલયગિરી, મલ્લધારી આચાર્ય હેમચંદ્ર, આચાર્ય ક્ષેમકીર્તિ, ચંદ્રસૂરિ આદિ થયા. બધા આચાર્યોની મળીને ૩૨ આગમો પર વ્યાખ્યાઓ પૂર્ણ થઈ ચૂકી હતી. આ ટીકા નામની વ્યાખ્યાની રચનાનો સમય ઘણો લાંબો ચાલ્યો. અર્થાત્ વીર નિર્વાણની ૧૩મી સદીથી લઈ ૧૭મી સદી સુધી રહ્યો. એમાંથી કોઈપણ વિદ્વાન ટીકાકારે પર્યુષણા કલ્પસૂત્રની ટીકા વ્યાખ્યા કરી નથી, જેનાથી સ્વતઃ સ્પષ્ટ થાય છે કે તે સમય સુધી આ સૂત્ર અસ્તિત્વમાં નહીં આવ્યું હોય. તથા એના પછીના વિદ્વાનોએ કલ્પસૂત્ર ઉપર કલ્પાંતર વાચ્ય નામની વ્યાખ્યાઓ બનાવી છે. જે આજે પ્રકાશિત થયેલ મળે છે.

આ બધી આગમ વ્યાખ્યાઓનો સરવાળો આ પ્રમાણે સમજવો– કેટલાક આગમો પર (૧) નિર્યુક્તિ ભાષ્ય, ચૂર્ણિ ઉપલબ્ધ છે. (૨) કેટલાક પર નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, વ્યાખ્યા ઉપલબ્ધ છે. (૩) કોઈક પર માત્ર ચૂર્ણિ છે. (૪) કોઈક પર ચૂર્ણિ તથા ટીકા બંને છે. અને કોઈક શાસ્ત્રો પર માત્ર સંસ્કૃત ટીકા વ્યાખ્યા છે. આવી રીતે વીર નિર્વાણની ૧૧મી સદીથી લઈને ૧૭મી સદીના વિદ્વાન આચાર્યોની આગમ વ્યાખ્યાઓ આજ પ્રકાશિત થયેલી ઉપલબ્ધ છે. ૧૭મી સદીની પછી પણ પોતાની રૂચિ અનુસાર વિદ્વાન સંતોએ કોઈ કોઈ આગમ પર

દીપિકા અવચૂરિ આદિ અનેક નામોથી વ્યાખ્યાઓ લખી છે. તેમાંથી પણ કંઈક પ્રકાશિત થઈ છે. તોપણ ઉપરોકત ૧૭મી સદી સુધીના આચાર્યોની પરિપૂર્ણ વ્યાખ્યાઓ પ્રકાશિત થયેલી ઉપલબ્ધ થવાથી એના પછીની નાની નાની દીપિકા અવચૂરી આદિને વિશેષ મહત્વ મળ્યું નથી.

વર્તમાનમાં લગભગ ૩૦૦ વર્ષોથી પ્રકાશન યુગ ચાલ્યો છે. જેના ફળ સ્વરૂપે જૈન આગમ સાહિત્ય હિન્દી, અંગ્રેજી, ગુજરાતી આદિ ભાષાઓમાં પણ સંપાદિત થઈને પ્રકાશિત થતું રહ્યું છે.

સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય ઘાસીલાલજી મ.સા.વીર નિર્વાણ ૨૫મી સદીમાં થયા છે. તેઓએ પહેલાં રાજકોટ અને પછી અમદાવાદમાં રહીને ૩૨ આગમોની સંસ્કૃત(અત્યંત સરલ સંસ્કૃત) ટીકા લખીને પુસ્તકાકારે પ્રકાશિત કરાવી. આ પુસ્તકોમાં સંસ્કૃત ટીકાનો હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં અનુવાદ પણ આપ્યો છે. એ કારણથી જ આ પુસ્તકો વધારે પૃષ્ટો (પાનાં)નાં બન્યાં છે. અર્થાત્ અગવતી સૂત્રના ૧૭ પુસ્તકો (૧ થી ૧૭ ભાગ) બન્યા છે. કુલ ૭૦/૭૨ પુસ્તકો પ્રાયઃ ૫૦૦–૭૦૦ પૃષ્ઠો (પાનાં) વાળા બન્યા છે અને તે સંપૂર્ણ સેટ હિન્દુસ્તાનમાં પ્રસારિત થયેલ છે. **આ પ્રકારે એક સ્થાનકવાસી આચાર્યએ નૂતનરૂપમાં પોતાના સ્વતંત્ર ૩૨ આગમોની ટીકા–વ્યાખ્યા. બબ્બે ભાષામાં અનુવાદ સહિત સંપાદિત કરી સ્થાનકવાસી સંઘ સમુદાયની જૈન જગતમાં એક વિશેષ શાન વધારી છે. છતાં પ્રાચીનતાનું મહત્ત્વ તો પૂર્વ ટીકાઓનું સુરક્ષિત જ છે.**

**ટબ્બા :** ટીકા નામની પ્રાચીન વ્યાખ્યાઓ પછી ટબ્બા નામની નાની વ્યાખ્યા પ્રકાશમાં આવી. વીર નિર્વાણ ૨૦૦૦ વર્ષ પછી લગભગ ૨૦૦૧ અથવા ૨૦૦૨ સુધી પ્રત્યેક આગમના મૂળપાઠની સાથે શબ્દાર્થમય આ ટબ્બા લખવામાં આવ્યા. એમાં એકેક આગમ શબ્દ લખીને તેનો સરલ અર્થ ગુજરાતી ભાષામાં અને દેવનાગરી (હિન્દી) લિપિમાં કાગળ પર પત્રાકારમાં લખાવા લાગ્યા. તે સીધા સરલ સંક્ષિપ્ત (ટૂંકમાં) હોવાથી અનેક સંત પોતાની પાસે પોતે જ નકલ કરી–કરીને રાખવા લાગ્યા. આવી રીતે ૩૦૦–૪૦૦ વર્ષ લગભગ આ હસ્ત લિખિત ટબ્બા યુગ પણ ભરપૂર ચાલ્યો. એ ટબ્બાઓના આધારથી વીર નિર્વાણ ૨૫ મી સદીમાં મહારાષ્ટ્રથી આચાર્ય અમોલક ઋષિજીએ ૩૨ આગમોના હસ્ત લિખિત ટબ્બાઓને પત્રાકાર(પોથી)ના રૂપમાં પ્રકાશિત કરાવ્યા. સ્થાનકવાસી સમાજમાં આ રૂપનું પ્રારંભિક પ્રકાશન હતું એટલે આગમ પ્રકાશનની પરંપરા





ત્યારથી જ પ્રારંભ થઈ. આ ૩૨ આગમનો સેટ ઘણો જલ્દી હિન્દુસ્તાનમાં પ્રચારિત-પ્રસારિત થયો અને આગમોને સરલ હિન્દીમાં મેળવી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓએ તે આગમ સ્વાધ્યાયનો ભરપૂર લાભ લીધો.

આમ વીર નિર્વાણ ૧૧મી સદીથી ૨૫મી સદી સુધી આગમોનું વ્યાખ્યા સાહિત્ય વિકસિત થતાં આજના આગમ સ્વાધ્યાય પ્રેમીઓને અત્યંત સુલભ થયું છે. ભાગ્યશાળી અનેક મુમુક્ષુજીવો આગમ જ્ઞાન પામીને આ પંચમકાળમાં પણ પોતાને ધન્ય ધન્ય માની ઘણા આત્મ સંતોષનો અનુભવ કરી આગમ આનંદમય જીવન જીવે છે. વીર નિર્વાણની પચ્ચીસમી–છવ્વીસમી સદીમાં વિજ્ઞાનની ઉન્નતિના યુગમાં ટી.વી. આદિ સાધનોની સુવિધામાં તથા ભૌતિક આકર્ષણોમાં માનવ ઓછી ફુરસદવાળો હોવાનો અનુભવ કરવા લાગ્યો. આ કારણથી તથા સેંકડો હજારો શ્રાવક પર્યુષણમાં સ્વાધ્યાયી રૂપમાં સેવા દઈને આઠ દિવસ બીજા ગામ નગરોમાં એટલે કે સંત સતીજીના ચોમાસાથી વંચિત ક્ષેત્રોમાં જઈને જૈન સમાજને પ્રવચન, ધર્મધ્યાનનો લાભ દેવા લાગ્યા. આ કારણથી આગમોના સંક્ષિપ્ત સારાંશ આદિના પુસ્તકોની આવશ્યકતા પડવા લાગી કે તેમાં પ્રત્યેક આગમ, નાના પુસ્તક રૂપમાં સંક્ષિપ્ત સરલ ભાષામાં હોય તો અનેક શ્રાવક-શ્રાવિકા આદિ ૩૨ આગમોનો સ્વાધ્યાય કરી શકે. આવી પ્રેરણાનું માનસ સ્વાધ્યાય સંઘોમાં ચાલવાથી સમયની માંગણી અનુસાર ૩૨ આગમ નાના-નાના પુસ્તકોના રૂપમાં સારાંશની ભાષામાં પ્રકાશિત થયા. તેના પછી તે જ લક્ષ્યથી ૩૨ આગમો પ્રશ્નોતરની શૈલીમાં પણ પ્રકાશિત થયા. આ બંને પ્રકાશન આગમ સારાંશ અને આગમ પ્રશ્નોતર હિન્દી અને ગુજરાતી બંને ભાષાઓમાં જુદા-જુદા પૂરા સેટ રૂપે રાજકોટથી પ્રકાશિત પ્રચારિત થયા છે. આ પ્રકારે જૈન જગતમાં અને વિશેષ કરીને સ્થાનકવાસી જૈનોમાં આગમ સ્વાધ્યાયનો અને આગમ જ્ઞાનનો ભરપૂર પ્રચાર થયો. ભાગ્યશાળી મુમુક્ષુ સ્વાધ્યાય પ્રેમી આત્માઓએ આ સમયની ઉપલબ્ધિ અને વિદ્વાન શ્રમણોના શ્રમનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કર્યા કરે છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશે. આ રીતે આ હુંડાવસર્પિણી પાંચમા આરા એટલે કલિયુગના નામે ઓળખાતા સમયમાં પણ શ્રુતજ્ઞાન અને ધર્માચરણ વિકાસ પામ્યા છે. અન્ય અનેક અપેક્ષાઓથી આ સમય ધર્મના ઉત્થાન અને પતનની મિશ્ર અવસ્થામાં પ્રવહમાન થઈ રહ્યું છે. અર્થાત્ કોઈ અપેક્ષાથી ઉન્નતિ અને કોઈ અપેક્ષાથી અવનતિ આમ ઉભયરૂપમાં આ

જિનશાસન ચાલી રહ્યું છે. આવી જ રીતે ઉત્થાન પતન ઉભયરૂપમાં ઓછાવત્તા ક્રમથી ભગવાનનું શાસન, શ્રુતજ્ઞાન અને ધર્માચરણ રૂપે કુલે ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલશે. – **ભગવતીસૂત્ર, શતક–૨૦,ઉદ્દેશક–૮.**

## ૩૨ આગમોનો અત્યંત સંક્ષિપ્ત વિષય પરિચય

| ક્રમ | આગમ નામ | વિષય–પરિચય |
|---|---|---|
| ૧ | આચારાંગ સૂત્ર | આત્મજ્ઞાન, ત્યાગ વૈરાગ્ય, સંયમના આચાર–વિચાર, ભગવાન મહાવીરની ઉત્કટ સાધના. |
| ૨ | સૂગડાંગ સૂત્ર (સૂત્રકૃતાંગ) | ક્રિયાવાદી, અક્રિયા વાદી આદિ એકાંત વાદી મત–મતાંતર તથા સ્વમત . |
| ૩ | ઠાણાંગ સૂત્ર (સ્થાનાંગ) | જૈનદર્શનના તત્ત્વોનું ૧ થી ૧૦ ની સંખ્યમાં નિરૂપણ. અનેક ઉપદેશી ચૌભંગિઓ. |
| ૪ | સમવાયાંગ સૂત્ર | ૧ થી ૧૦૦ સુધી તથા આગળ ક્રોડ સુધીની સંખ્યાના આધારથી વિવિધ તત્ત્વોનું નિરૂપણ, ભૂત–ભાવી તીર્થંકર આદિ ઉત્તમ પુરૂષોની વિગત, ૧૨ અંગસૂત્રનો પરિચય. |
| ૫ | ભગવતી સૂત્ર (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) | જૈન દર્શનની પ્રાયઃ બધા સિદ્ધાંત. મુખ્યતઃ ગૌતમ સ્વામી ના પ્રશ્નોત્તર; વિશેષ માં અન્ય ગણધર, શ્રમણ, શ્રાવક, શ્રાવિકાઓં તથા અન્ય મતાવલંબી ઓના પ્રશ્નોત્તર . |
| ૬ | જ્ઞાતાધર્મકથા સૂત્ર | કથા, ઉદાહરણ તથા જીવની રૂપ દૃષ્ટાંતો ના માધ્યમ બધા પ્રકારના સાધકોને માટે શિક્ષા ઉપદેશ તેમજ જ્ઞાતવ્ય અનુભવ યોગ્ય તત્વ. |
| ૭ | ઉપાશકદશા સૂત્ર | ભગવાન મહાવીરના શાસનમાં થયેલા આનંદ આદિ ૧૦ આદર્શ શ્રાવકોનો વૈભવ તથા ત્યાગ વૈરાગ્ય. |
| ૮ | અંતગડદશા સૂત્ર | સંયમ સાધનાની અંતિમ ક્ષણોમાં કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરી મુકત થનારા ૯૦ જીવોનું શિક્ષા પ્રેરણયુક્ત જીવન વર્ણન. |
| ૯ | અનુત્તરોપપાતિક સૂત્ર | સંયમની ઉત્કૃષ્ટ સાધનાથી સર્વોચ્ચ દેવલોક અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા ૩૩ ત્યાગી, તપસ્વી શ્રમણોનું જીવત વૃત્તાંત. |
| ૧૦ | પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પાંચ આશ્રવો (પાપો)નું તેમજ પાંચ સંવરનું વિસ્તૃત સાહિત્યિક ભાષામાં વર્ણન. |
| ૧૧ | વિપાક સૂત્ર | મહાપાપી અને દુઃખ ભોગવી ભોગવીને લાંબાગાળે |





| | | |
|---|---|---|
| | | મોક્ષ જવાળ તથા સુખે–સુખ અલ્પ ભવમાં મોક્ષ જવાવાળા મહાન સદ્‌ગુણી આત્માઓના અધ્યયન. |
| ૧૨ | ઔપપાતિક સૂત્ર (ઉવવાઇ) | ભગવાન મહાવીરનું સમસરણ, પરિષદા, પ્રવચન–દેશના, અણગારોની આરાધના, વિવિધ જીવોની દેવોત્પત્તિ. |
| ૧૩ | રાજપ્રશ્નીય સૂત્ર (રાયપ્પસેણીય) | રાજા પરદેશીની કેશી સ્વામી સાથેની ચર્ચા. તથા સૂર્યાભદેવની ઋધ્ધિ. |
| ૧૪ | જીવાભિગમ સૂત્ર | જીવોના ભેદ–પ્રભેદ અને લઘુદંડક, કાયસ્થિતિ, અંતર, સંપૂર્ણ તિર્ચ્છાલોકનું અને અસંખ્ય, દ્વીપ–સમુદ્રનું વર્ણન. |
| ૧૫ | પ્રજ્ઞાપના સૂત્ર | ૩૬ પદ, અધ્યાયમાં જીવોના સ્થાન, અવગાહના, પર્યય, શરીર, ગતાગત, લેશ્યા, કર્મ, સમુદ્ઘાત આદિ. |
| ૧૬ | જંમ્બૂદ્રીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | જંબૂદ્વીપનું ભૌગોલિક–ક્ષેત્રીય વિસ્તૃત વર્ણન તેમજ ઋષભદેવ, ભરત ચક્રવર્તી, છ આરા આદિ. |
| ૧૭–૧૮ | જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર | સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા સંબંધી સર્વાંગીણ વર્ણન ૨૦ અધ્યયનોમાં. તેને ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ આ બે સૂત્ર ગણવામાં આવે છે. |
| ૧૯–૨૩ | ઉપાંગ સૂત્ર (નિરયાવલિકાદિ–૫) | ચેડરાજા અને કોણિકનો મહાસંગ્રામ, નરકગામી સ્વર્ગગામી જીવ, ચંદ્ર, સૂર્ય, ગ્રહ દેવતાના પૂર્વભવ તેને નિરયાવલિકાદિ પાંચ શાસ્ત્ર ગણવામાં આવે છે. |
| ૨૪ | નિશીથ સૂત્ર | પ્રાયશ્ચિત–દોષ સ્થાનોનું વર્ણન, ૨૦ ઉદ્દેશક–અધ્યયનોમાં. |
| ૨૫ | દશાશ્રુતસ્કંધ સૂત્ર | દસ અધ્યયનોમાં દસ વિષય. નાના–નાના અધ્યાય–૩૦ મહામોહનીય બંધન સ્થાન, ૯ નિયાણા આદિ. |
| ૨૬ | બૃહત્કલ્પ સૂત્ર | સાધ્વાચાર ઉત્સર્ગ અપવાદ પરિસ્થિતિના કલ્પ તથા પ્રાયશ્ચિત્ત. |
| ૨૭ | વ્યવહાર સૂત્ર | સાધુઓના ગચ્છના વ્યવહાર, વ્યવસ્થા, સંઘ, સંચાલન, પદવીઓ, ગચ્છ ત્યાગ વિધિ, આલોચના, પ્રાયશ્ચિત્ત, સેવા મહત્ત્વ આદિ. |
| ૨૮ | ઉત્તરાધ્યયન સૂત્ર | ૩૬ અધ્યયનોમાં ઉપદેશી વિષય, તત્વ, કથા, આચાર, વિનય, જ્ઞાન ચર્ચા આદિ વિષય. |
| ૨૯ | દશવૈકાલિક સૂત્ર | દસ અધ્યયનોમાં સાધ્વાચારના અનેક નિયમ, વિધિ વિધાન, વિનયધર્મ. બે ચૂલિકાઓમાં હિતશિક્ષા, સંયમ સુરક્ષા એકલવિહારચર્યા વિધાન તથા તેની ભલામણ. |

| | | |
|---|---|---|
| ૩૦ | નંદી સૂત્ર | ૫ જ્ઞાનનું વર્ણન, બહુશ્રુત અને અનુયોગધર, પૂર્વાચાર્યોના ગુણકીર્તન,. ૧૨ અંગસૂત્રોનો પરિચય. |
| ૩૧ | અનુયોગદ્વાર સૂત્ર | સામાજીક, સાંસ્કૃતિક, સંગીત, કાવ્ય, આવશ્યક અનુયોગ, નયનિક્ષેપ, પ્રમાણ, ડાલાપાલા, પલ્મોપમ, સાગરોપમ, અંગુલના ત્રણ પ્રકારથી માપ આદિ. |
| ૩૨ | આવશ્યક સૂત્ર | ૬ આવશ્યકમય પ્રતિક્રમણ સૂત્ર, મૌલિક રૂપ પાઠ, ૬ આવશ્યકરૂપમાં. |
| | **શ્વે. મૂર્તિપૂજક માન્ય ૧૩ આગમ** | |
| ૩૩ | દેવેન્દ્રસ્તવ ગ્રંથ | સિદ્ધોના સુખ, ઈન્દ્ર, ગ્રહ, નક્ષત્ર આદિ વિચાર |
| ૩૪ | તંદુલવૈતાલિક | ૧૦૦ વર્ષની ઉંમરથી જીવોની ૧૦ અવસ્થાઓ, વૈરાગ્ય વિચાર |
| ૩૫ | ગણિવિદ્યા ગ્રંથ | જ્યોતિષ તથા નિમિત્તજ્ઞાન વિવરણ |
| ૩૬ | આતુરપ્રત્યાખ્યાન | હિતશિક્ષા તથા સમાધિમરણ વિષય સૂચના. |
| ૩૭ | મહાપ્રત્યાખ્યાન | પંડિતમરણ, પાંચ મહાવ્રત શુદ્ધિ. |
| ૩૮ | ગચ્છાચાર પ્રકીર્ણક | ગચ્છની વ્યવસ્થા, ગચ્છવાસમાં હાનિ–લાભ |
| ૩૯ | ભક્તપરિજ્ઞા | અનશન સ્વીકાર અને અંતિમ આરાધના. |
| ૪૦ | મરણસમાધિ | અંત સમયના સમાધિભાવ |
| ૪૧ | સંસ્તારક પ્રકીર્ણક | દષ્ટાંત સહિત સંસ્તારક વર્ણન તથા મહિમા |
| ૪૨ | ચઉસરણપઈણ્ણા | ચાર શરણોનું સ્વરૂપ. |
| ૪૩ | જીતકલ્પ સૂત્ર | દસ પ્રાયશ્ચિત, આલોચના વિચાર. |
| ૪૪ | મહાનિશીથ સૂત્ર | દુષ્કૃત્યોની નિંદા, આલોચના, શુદ્ધિકરણ તથા વિચિત્ર વિવિધ વિષય |
| ૪૫ | પિંડ નિર્યુક્તિ | સંયમીના કલ્પ્ય, અકલય આહાર આદિની ગવેષણા ચર્યા |

***નોટ :– ક્રમાંક ૧ થી ૧૧ સુધી અંગશાસ્ત્ર છે. ૧૨ થી ૨૩ સુધી ૧૨ ઉપાંગશાસ્ત્ર છે. ૨૪ થી ૨૭ સુધી ચાર છેદ છે. ૨૮ થી ૩૨ સુધી ચાર મૂળસૂત્ર અને આવશ્યક સૂત્ર છે. આગળ મૂર્તિપૂજક માન્ય ૩૩ થી ૪૨ સુધી ૧૦ પ્રકીર્ણક છે. ૪૩–૪૪ બે છેદસૂત્ર મૂર્તિપૂજક માન્ય વિશેષ છે. ૪૫મું વ્યાખ્યા ગ્રંથ છે. તેને પણ મૂર્તિપૂજકોએ મૂળશાસ્ત્રમાં અને આગમમાં ગણ્યો છે.***

***નામકરણ : દ્વાદશાંગી શાશ્વત નામ છે, ૧૨ અંગસત્રોનું. ૧૨મું અંગ વિચ્છેદ થઈ ગયું છે. માટે ૧૧ અંગ લખ્યા છે. ઉપાંગ, મૂળ, છેદ નામના વર્ગીકરણ વિક્રમની ૧૪ મી–૧૫ મી શતાબ્દિની પહેલાં હોવાનું કોઈ પ્રમાણ નથી, પરંપરા સત્ય છે. તે ઉપરાંત ઉપાંગ ૧૨ ની સંખ્યા ગણના કરવામાં આગમ વિરૂદ્ધ કાર્યો તથા નંદીની આગમ સૂચિમાં હસ્તક્ષેપ (પ્રક્ષેપકાર્ય) થયો છે. તેમજ પ્રકીર્ણક સંબંધી પાઠ પણ પ્રક્ષિપ્ત થયો છે. એવું અનુપ્રેક્ષણ તથા ઈતિહાસથી સ્પષ્ટ થાય છે.***





## ૩૨ આગમોનો ઐતિહાસિક પરિચય

| ક્રમ | આગમ નામ | રચના, સંકલન, સંપાદન કર્તા |
|---|---|---|
| ૧થી ૧૧ | આચારાંગ સૂત્ર થી વિપાક સૂત્ર તક | ગણધર કૃત અને દેવર્ધિગણી ક્ષમા શ્રમણીના સમયે લિપીબધ્ધ, સંપાદન, સંશોધન |
| ૧૨ | ઔપપાતિક સૂત્ર (ઉવવાઇ) | દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે આચાર્ય બહુશ્રુત આદિ દ્વારા–રચિત, સંપાદિત, અજ્ઞાત નામ. |
| ૧૩ | રાજપ્રશ્નીય સૂત્ર | ઉપર પ્રમાણે |
| ૧૪ | જીવાભિગમ સૂત્ર | ઉપર પ્રમાણે |
| ૧૫ | પ્રજ્ઞાપના સૂત્ર | ઉપર પ્રમાણે. કેટલાક સમય પછી કોઈએ કાલકાચાર્ય–શ્યામાચાર્યનું નામ મૂળપાઠમાં શ્લોકરૂપમાં રાખ્યું. (નામ–સામ્યતાથી ત્રણ આદિ પૂર્વધર પ્રથમ કાલકાચાર્ય રૂપ ભ્રમિત પરંપરા) |
| ૧૬ | જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | ઉપર પ્રમાણે |
| ૧૭-૧૮ ૧૮ | જ્યોતિષગણરાજ– પ્રજ્ઞપ્તિ સૂત્ર | ઉપર પ્રમાણે. આ એક સૂત્ર હોવા છતાં પણ બે સૂત્ર ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ નામથી ગણવામાં આવે છે. |
| ૧૯-૨૩ | ઉપાંગ સૂત્ર | ઉપર પ્રમાણે. આ નાનું એવું શાસ્ત્ર છે. એના પાંચ વર્ગરૂપ વિભાગ છે. પાંચ વર્ગોને અજ્ઞાન કારણોસર પાંચ શાસ્ત્રરૂપમાં માનવામાં આવ્યા છે. મૂળપાઠમાં આ શાસ્ત્રનું એક જનામ ઉપાંગસૂત્ર લખ્યું છે. |
| ૨૪ | નિશીથ સૂત્ર | દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયમાં સંપાદન. આચારાંગ સૂત્રના ૨૫મા અધ્યયનનું પૃથક્કરણ. એટલે ગણધરરચિત. |
| ૨૫ | દશાશ્રુતસ્કંધ સૂત્ર | આર્ય ભદ્રબાહુ સ્વામી કૃત. તેઓ વીર નિર્વાણ ૧૭૦માં સ્વર્ગવાસી થયા. |
| ૨૬ | બૃહત્કલ્પ સૂત્ર | ઉપર પ્રમાણે |
| ૨૭ | વ્યવહાર સૂત્ર | ઉપર પ્રમાણે |
| ૨૮ | ઉત્તરાધ્યયન સૂત્ર | દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયમાં સંપાદન. પ્રશ્ન વ્યાકરણ સૂત્રના અધ્યયનોનું પૃથક્કરણ એટલે ગણધરરચિત. |
| ૨૯ | દશવૈકાલિક સૂત્ર | દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે આચાર્ય બહુશ્રુત આદિ દ્વારા રચિત, સંપાદિત, અજ્ઞાતનામ, પાછળથી શય્યંભવાચાર્ય નામ પ્રસિદ્ધ, પરંતુ ૧૪ પૂર્વી શય્યંભવાચાર્યની ધારણા પરંપરા ઉચિત નથી. આ સૂત્રના પરિચયમાં આગળ જુઓ. |

| | | |
|---|---|---|
| ૩૦ | નંદી સૂત્ર | દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે આચાર્ય બહુશ્રુત આદિ દ્વારા રચિત, અજ્ઞાત નામ. પાછળથી દેવર્ધિગણી–દેવવાચકનું નામ પ્રસિદ્ધ થયું. |
| ૩૧ | અનુયોગદ્વાર સૂત્ર | દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયે આચાર્ય બહુશ્રુત આદિ દ્વારા રચિત, સંપાદિત. અજ્ઞાત નામ. પાછળથી આર્યરક્ષિતનું નામ પ્રચલિત થયું. |
| ૩૨ | આવશ્યક સૂત્ર | ગણધરકૃત. |

**નોટ :–** બધા ઉપાંગસૂત્ર અને મૂળસૂત્રોની રચના દેવર્ધિગણિના આગમ લેખન સમયમાં જ કરાવવામાં આવી હતી. તે સૂત્રોના મુલપાઠોમાં કોઈનું નામ રાખ્યું નથી. પ્રજ્ઞાપના, દશવૈકાલિક, નંદીસૂત્ર તથા અનુયોગદ્વાર સૂત્ર, આ ચારના રચનાકારના નામ કાલાંતરથી પ્રચલિત થયા, તેના શિષ્ય–પ્રશિષ્ય આદિના દ્વારા. વાસ્તવમાં તે નામવાળા રચનાકાર દેવર્ધિગણિના સમયે જ હતા. પરંતુ નામ સામ્યતાના ભ્રમથી કે પ્રાચીનતાની છાપ હેતુ દેવર્ધિગણિના પૂર્વના કાલકાચાર્ય, શય્યંભવાચાર્ય અને આર્ય રક્ષિતના નામથી જોડવામાં આવ્યા છે. દેવર્ધિગણિના પૂર્વે આ આગમ બનાવવાનો કોઈ ઉદ્દેશ્ય હતો નહીં, કારણ કે પૂર્વોનું જ્ઞાન ચાલું હતું. વિચ્છેદ ગયું નહોતું. પૂર્વજ્ઞાન વિચ્છેદ થઈ જવાથી અંગબાહ્ય શાસ્ત્ર રચવામાં આવ્યા.

## દસ પ્રકીર્ણક આદિ ૧૩ શાસ્ત્રનો ઐતિહાસિક પરિચય
## શ્વે. મૂર્તિપૂજક માન્ય વધારાના આગમ

| | | |
|---|---|---|
| ૩૩ | મહાનિશીથ સૂત્ર | દેવર્ધિગણિના આગમલેખન પછી અજ્ઞાત કર્તા. હરિભદ્રસૂરિ પછીની રચના કે સંકલના આને મૂર્તિપૂજક સમાજે છેદસૂત્રમાં ગણ્યું છે. માટે કયારેક કોઈએ નંદીસૂત્રની આગમ સૂચિમાં એનું નામ પ્રક્ષિપ્ત કર્યું છે. |
| ૩૪ | પંચકલ્પ ભાષ્ય | દેવર્ધિગણિના આગમ લેખન પછી ક્યારેક કોઈએ બનાવ્યું. નંદીસૂત્રમાં એનું નામ નથી, તો પણ દેરાવાસી એને આગમ માને છે. એના વિષયમાં મૂર્તિપૂજક વિદ્વાન એક નથી, કોઈ આની જગ્યાએ જીતકલ્પભાષ્ય લખી દે છે. આ બંને વાસ્તવમાં સૂત્ર નથી. જુઓ–ટિપ્પણ, આ લીસ્ટના અંતમાં. |
| ૩૫ | પિંડ નિર્યુક્તિ<br>ઓઘ નિર્યુક્તિ | નંદીસૂત્રમાં આ બંનેનું નામ નથી. આ બન્ને નિર્યુક્તિ નામના વ્યાખ્યા ગ્રંથ છે. દેવર્ધિગણિના લેખન પછી કયારેક કોઈએ બનાવ્યું છે. તો પણ મૂર્તિપૂજક વિદ્વાન આ બે ગ્રંથોને આગમ માને છે. અને સંખ્યામાં એક ગણે છે. આ વિચારણીય છે. |





| | | |
|---|---|---|
| ૩૬ | ચતુઃશરણ પઈણ્ણા | નંદીમાં આનું નામ નથી. વીરભદ્રાચાર્ય કૃત માનવામાં આવે છે. આ બહુસંમત ગ્રંથ છે. આગમ નથી. આનો વિષય ભક્તિપ્રધાન અને આદરણીય છે. તો પણ આગમ કહેવું યોગ્ય નથી. |
| ૩૭ | આતુરપ્રત્યાખ્યાન | નંદીમાં નામ છે. ગુણભદ્રાચાર્ય કૃત માનવામાં આવે છે. આ નામના બે શાસ્ત્ર બીજા પણ છે. ત્રણેમાં ક્રમશઃ ૭૦ ગાથા, ૨૮ શ્લોક, ૩૪ શ્લોક છે. |
| ૩૮ | મહાપ્રત્યાખ્યાન | નંદીમાં નામ છે અને અજ્ઞાતકર્તા છે. આને ૪૫ આગમમાં માનવામાં મતભેદ છે. ૧૪મી સદીના વિચારસાર ગ્રંથમાં ૪૫ આગમોના નામોમાં આને ગણ્યું નથી. |
| ૩૯ | ભક્તપરિજ્ઞા | નંદીમાં નામ નથી. વીરભદ્રાચાર્યકૃત. |
| ૪૦ | તંદુલવૈતાલિક | નંદીમાં નામ છે. અજ્ઞાતકર્તા. |
| ૪૧ | સંસ્તારક પ્રકીર્ણક | નંદીમાં નામ નથી. અજ્ઞાત કર્તા. |
| ૪૨ | ચંદ્રાવેધક | નંદીમાં નામ છે. અજ્ઞાત કર્તા, ૪૫ આગમોમાં માનવામાં પણ મતભેદ પ્રાપ્ત ગ્રંથ છે. |
| ૪૩ | ગણિવિદ્યા પ્રકીર્ણક | નંદીમાં નામ નથી, અજ્ઞાત કર્તા. |
| ૪૪ | દેવેન્દ્ર સ્તવ | નંદીમાં નામ છે. ઋષિપાલિત સ્થવિર રચિત છે. અને ૩૨ દેવેન્દ્રો સંબંધી ૧૩ પ્રશ્નોત્તર છે. |
| ૪૫ | મરણ સમાધિ | નંદીમાં મરણવિભક્તિ નામ છે. તેના આધારથી તેમજ અન્યગ્રંથોના આધારથી આ બનાવવામાં આવ્યું છે. એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. બધા પ્રકીર્ણકોમાં આ વિશાળ છે. તંદુલમત્સ્યના નરક ગમનનું વર્ણન પણ આ શાસ્ત્રમાં છે. મોટું હોવાથી કોઈ એને પ્રકીર્ણકમાં ગણતું નથી. |

**નોંધ :–** શ્વેતાંબર સ્થાનકવાસી માન્ય ૩૨ શાસ્ત્ર તથા ૨ છેદસૂત્ર અને ૧ ગવેષણા નિરૂપણનું ૪૨ દોષ વર્ણન સંબંધી વ્યાખ્યા ગ્રંથ તથા ૧૦ પ્રકીર્ણક.

**ટિપ્પણ :** આગમની પરિભાષા દેરાવાસી પ્રાચીન ગ્રંથોમાં લખી છે. તે ગાથા અનુસાર ઓછામાં ઓછા ૧ પૂર્વજ્ઞાનીની રચનાને આગમ માની શકાય છે. નંદીની રચના પછી પૂર્વોનું જ્ઞાન વિચ્છેદ થઈ ગયું હતું–ભગવતીસૂત્ર. તેથી નંદીસૂત્ર પછી કે નંદી આગમ સૂચિ સિવાય રચિત સૂત્રોને ગ્રંથ, વ્યાખ્યા ગ્રંથ, કથાગ્રંથ આદિ કહી શકાય છે. પરંતુ આગમ કહેવું કોઈપણ પ્રાચીન આગમ પરિભાષાની ઉચિત નથી.

ક્રમાંક ૩૬ થી ૪૫ સુધીના પ્રકીર્ણક છે. તેને આગમની ગણતરીમાં મૂર્તિપૂજક સંઘમાં માનવામાં આવે છે. આ બધા પ્રકીર્ણક પ્રાયઃ આત્મહિતકારી ઉપદેશક હોવાથી

શ્રદ્ધા ભકિતથી માનવામાં આવે છે. ૧૦ પ્રકીર્ણકોના નામની નિશ્ચિતતા વિષે પણ મૂર્તિપૂજક સમાજમાં એક મત નથી. ભિન્નતાને મળે છે. પ્રાચીન નામોથી પણ ભિન્નતા છે. અને અર્વાચીન પ્રાપ્તનામોમાં પણ પરસ્પર ભિન્નતા જોવામાં આવે છે. પ્રબુદ્ધ જીવન માસિક, ઓગષ્ટ–૨૦૧૨ ના પં. રૂપેન્દ્રકુમારજી પગરિયાના લેખથી ઉપરના ૧૦ નામ અહિં સંકલિત કરવામાં આવ્યા છે. આ દશ સિવાય નંદીસૂત્રમાં નીચેના નામો વધારે પણ મળે છે. (૧) ચંદ્રવૈદ્યક (૨) ધ્યાન વિભકિત (૩) મરણ વિભકિત (૪) આત્મ વિશુદ્ધિ (૫) વીતરાગ શ્રુત (૬) ઋષિભાષિત (૭) સમુત્થાન શ્રુત (૮) દ્રીપ સગાર પ્રજ્ઞપ્તિ (૯) દેવેન્દ્રોપપાત (૧૦) ચુલ્લકલ્પ (૧૧) મહાકલ્પ.

સ્થાનકવાસી પરંપરામાં પ્રકીર્ણકના નામથી આગમ તરીકે સ્વીકાર કર્યા નથી. અંગ, ઉપાંગ, મૂળ, છેદ આ ચાર વિભાગ બંનેએ માન્ય કરેલા છે. વિક્રમની ૧૪મી સદી (અર્થાત્ લોકશાહની પૂર્વ)ના મૂર્તિપૂજક આચાર્યના ગ્રંથમાં શ્લોકબદ્ધ રચનામાં, ઋષિભાષિત અને સમુત્થાનસૂત્રને ૪૫ આગમની ગણતરીમાં ગણ્યું છે. નંદીમાં તેના નામ કાલિકશ્રુતમાં સ્પષ્ટ છે. તો પણ વર્તમાનમાં ૪૫ આગમમાં નથી ગણતાં. તે બંને શાસ્ત્રો અત્યંત ઉપાદેય આગમ છે. સ્થાનકવાસીએ પણ એને ૩૨ આગમોમાં માન્ય કરેલ નથી જ્યારે કે આ સમુત્થાન સૂત્રમાં સ્થાનકવાસી સમ્મત મુખવસ્ત્રિકા મુખ પર બાંધવાનો પાઠ અનેક જગ્યાએ આખા શાસ્ત્રમાં છે.

**વાસ્તવિકતા :** નંદીસૂત્રની આગમ સૂચીમાં પ્રકીર્ણક વિભાગ કરવામાં આવ્યો નથી અને કોઈપણ આગમ નામોની સાથે પ્રકીર્ણક શબ્દ પણ લાગેલ નથી. આગમ સૂચી પછી ત્યાં થોડો ઉપરથી ઉમેરેલો (પ્રક્ષિપ્ત) પાઠ છે. જે તથ્યહીન છે. જેમાં હજારો પ્રકીર્ણક હોવાનું કથન છે જ કલ્પિત છે. જેમ કે જે તીર્થંકરના જેટલા સાધુ તેટલા શાસ્ત્ર પ્રકીર્ણક. આ બેહુદી વાત કયારેક કોઈએ મૂળપાઠમાં નાખી છે. જે સ્વતઃ પરસ્પર પણ સ્વવચન વિરોધ જેવું સ્પષ્ટ દેખાય છે. તો પણ પ્રાચીન–અર્વાચીન બધા લેખક, પ્રકાશક, સંપાદક આંખ મીચીને ચલાવ્યા કરે છે. આ લકીરના ફકીર બનવાની ઉકિત ચરિતાર્થ કરવા રૂપ એક અક્ષમ્ય ભૂલ છે. વિચારો !!! (૧) પહેલા તો પ્રકીર્ણક નામનું કોઈ વિભાજન–વિભાગ નંદીસૂત્રના કે અનુયોગદ્વાર સૂત્રના મૂળ પાઠમાં કર્યું જ નથી. તો પ્રકીર્ણક શબ્દ કોણ કયાંથી લાવ્યું ? (૨) જેટલા સાધુ ૧૪ હજાર આદિ તેટલા પ્રકીર્ણક. આ કથન પૂરે પૂરૂં કાલ્પનિક છે. કારણ કે બધા સાધુ બહુશ્રુત હોવા નથી. બધા પૂર્વધર હોતા નથી. બધા સાધુ સૂત્રોના રચનાકાર બનતા નથી, પૂર્વધરોની રચના જ પ્રમાણિત આગમ હોય છે. ભગવાન મહાવીરના શાસનમાં





૩૦૦ જ પૂવધારી થયા હતા. બધા અબાલવૃદ્ધ દીક્ષા લેવાવાળા આગમની રચના કરે એવી યોગ્યતા પણ નથી હોતી. આટલા સારા ૧૪૦૦૦ કે ૮૪૦૦૦ કે અસંખ્ય પ્રકીર્ણક આગમોને કોણ કયાં સંભાળશે, કોણ યાદ રાખશે; માટે આ કથન પણ કલ્પના માત્ર જ છે. (૩) પુનઃ કહ્યું, પ્રત્યેક તીર્થંકરના શાસનમાં જેટલા પ્રત્યેક બુદ્ધ થયા, તેટલા પ્રકીથર્ણક થયા, પ્રત્યેક બુદ્ધતો ચાર જ હોય છે. છતાં કયારેક ૧૦–૨૦ જ હોય છે. તો ૧૪૦૦૦ પણ કહી દીધા, અસંખ્ય પણ કહી દીધા અને ફરી પ્રત્યેક બુદ્ધ જેટલા પણ કહી દીધા. **ત્રીજીવાત–** જેટલા ચાર બુદ્ધિના ધારક હોય સાધ તેટલા પ્રકીર્ણક, એવા સાધુ પણ ૧૪૦૦૦ તો નહીં હોય. આમ એક જવાતને માટે ત્રણ–ત્રણ, ચાર–ચાર રીતના વિકલ્પોથી કથન કરવું શું મુર્ખતા ભર્યું નથી ? અને ત્રણેય પરસ્પર પણ પૂર્ણ વિરોધી છે. તે પણ મૂળપાઠમાં ઉમેરો કરવાવાળાએ અનંત સંસાર વધારવાના સિદ્ધાંતને અને વિવેકની અક્કલને તાકમાં રાખીને દુઃસાહનસ કર્યું છે. આ પાચમાં આરા હુંડાવસર્વિણી તથા ભસ્મગ્રહના બાકી રહેલ અસરના પ્રભાવનું પરિણામ સમજીને સંતોષ માનવો જ રહ્યો ને ? ? ? કોઈ પણ સુજ્ઞ વિચારશે આને ? ? ?

**નિષ્કર્ષ :** ખરેખર નંદીસૂત્રમાં તેમજ અન્ય શાસ્ત્રોમાં પ્રકીર્ણક સંબંધી પાઠ ઉપલબ્ધ છે, તે પાછલા જમાનાની એટલે કે તેરમી ચૌદમી વિક્રમની શતાબ્દિની આસપાસ શાસ્ત્રમાં અનધિકારે દર્શાવવામાં આવેલ છે માટે તે પાહો સંશોધન કરવા લાયક છે. એટલે કે પ્રકીર્ણક સંબંધી પાઠો કાઢી નાંખવા લાયક અને સંશોધન કરવા લાયક છે. આજ રીતે સૂયપ્રજ્ઞપ્તિ ચન્દ્રપ્રજ્ઞપ્તિ સંબંધી તથા નિસ્યાવલિકા આદિ સૂત્રો સંબંધી પાઠ પણ બાર ઉપાંગની કલ્પિત અને ખોટી પકડ માટે પ્રવેશ પામેલ છે તેપણ કાઢવા લાયક અને સંશોધન કરવા લાયક છે. કારણ કે તે બધા પાઠો શાસ્ત્ર પ્રમાણથી જ અયોગ્ય સિદ્ધ થઈ રહ્યા છે. તેવા પાહોને પકડી બેસી રહેવું ન્યાય યુકત છે જ નહીં. એટલે કે–

**(૧)** ઠાણાંગ સૂત્ર–૩૪માં બધી જગ્યાએ સૂર્યપ્રપ્તિના સ્થાને જયતિષગણ રાજપ્રજ્ઞપ્તિ હોવું જોઈએ. નંદીસૂત્રમાં ઉત્કાલિકસૂત્રોમાં જ્યોતિષરગણરાજ પ્રજ્ઞપ્તિ હોવું જોઈએ અને કાલિકમાંથી ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ નામ કાઢી નાખવું જોઈએ કારણ કે એ પ્રક્ષિપ્ત કરેલ નામો છે બાર ઉપાંગની ખોટી સિદ્ધિ માટે **(૨)** નંદીસૂત્ર ઠાણાંગસૂત્ર સમવાયાંગ સૂત્રમાંથી જયાં પણ પ્રકીર્ણક સંબંધી પાઠો છે તે બધા પ્રક્ષિપ્તીકરણના પ્રભાવથી આવેલા હોવાથી કાઢી દેવા જોઈએ તેમજ ઉત્તરાધ્યાન–અ.૨૮ માં પણ વિકૃત કરેલો પાઠ **પઈણ્ણગં દિટ્ઠીવાઓ ય** ને સુધારી **દુવાલસગં દિટ્ઠીવાઓ ય** કરી લેવો જોઈએ. કારણ કે ત્યાં અસંગત જોડી દેવામાં આવેલ છે.

## ૮૪ આગમોની સૂચિ

| ક્રમ | આગમ નામ | પરિચય |
|---|---|---|
| ૪૫ | પૂર્વોક્ત | ૪૫ આગમ ઉપરોકત સૂચીમાં જુઓ. |
| ૪૬ | પર્યૂષણા કલ્પસૂત્ર | રચનાકાર અજ્ઞાત, વિક્રમની ૧૪ મી શતાબ્દિમાં ચુલ્લકલ્પ અને મહાકલ્પસૂત્રને જોડીને તથા સુધારા વધારા કરીને કલ્પિન કરેલું શાસ્ત્ર છે. નંદીસૂત્રમાં નામ નથી. ૩૨ અને ૪૫ આગમમાં પણ નામ નથી.[૮૪ આગમ સ્થાનકવાસી તથા દેરાવાસી સાહિત્યમાંથી લીધા છે. પં. રૂપેન્દ્રકુમારજી પગારીયા, આચાર્ય દેવેન્દ્ર મુનિજી, પ્રબુધ્ધ જીવન તથા જૈન આગમ મનન અને મીમાંસા] |
| ૪૭ | યતિ–જીતકલ્પ | સોમસૂરિકૃત એવં ધર્મઘોષ સૂરિ કૃત. |
| ૪૮ | શ્રાદ્ધ–જીતકલ્પ | કોઈ સૂચિમાં આને પંચકલ્પ ભાષ્યના સ્થાન પર છેદસૂત્રમાં ગણે છે. નંદીસૂત્રમાં એનું નામ નથી. |
| ૪૯ | પાક્ષિક સૂત્ર | એને કોઈ ૪૫ આગમમાં ગણે છે. આ આવશ્યક સૂત્રનું અંગ છે. અભિધાન રાજેન્દ્રકોષની પ્રસ્તાવનામાં આને ૪૫ આગમમાં ગણેલ છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૫૦ | ક્ષમાપના સૂત્ર | આ પણ આવશ્યક સૂત્રનું અંગ છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૫૧ | વંદિતુ | સંકલિત ગ્રંથ છે. નંદી સૂત્રમાં નામ નથી. |
| ૫૨ | ઋષિભાષિત સૂત્ર | ઠાણાંગ સૂત્ર અનુસાર આ પ્રશ્નવ્યાકરણ સૂત્રનું અધ્યયન છે. દેવર્ધિના લેખન સમયમાં આને અલગ કરી નવું સૂત્ર સ્થાપિત કરીને નંદીસૂત્રની આગમસૂચિના કાલિકશ્રુતમાં નામ આપ્યું છે. તેથી આ પ્રામાણિક આગમ છે. ઉત્તરાધ્યયન જેવું ઉપદેશી શાસ્ત્ર છે. આને ૩૨ કે ૪૫ આગમસૂચિમાં ગણવા જોઈએ. આ આગમમાં કોઈ દૂષણ પણ નથી. ગણધરકૃત રચના છે. આને વિદેશમાં અંગ્રેજોએ જર્મનીમાં છપાવ્યું છે. (સિબ્રિગે) |
| ૫૩ | અજીવકલ્પ | અપ્રકાશિત ગ્રંથ છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૫૪ | ચન્દ્રવેધક | કોઈ આને ૪૫ આગમમાં ગણે છે, એની જગ્યાએ અહીંયા ગચ્છાચારને ગણે છે. નંદીસૂત્રમાં એનું નામ છે. |
| ૫૫ | વીરસ્તવ | કોઈ આને ૪૫ આગમમાં ગણે છે. એની જગ્યાએ |





| | | |
|---|---|---|
| | | અહીંયા મરણ સમાધિને ગણે છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૫૬ | સિદ્ધપ્રાભૃત | આ વિખ્યાત ગ્રથ છે. કયાંક કયાંક ઉપલબ્ધ છે. નંદી સૂત્રમાં નમ નથી. સેંકડો એકાવતારીઓના નામ છ. અટપટો ગ્રંથ છે. અપ્રમાણિત એવં કલ્પિત જેવો ગ્રંથ છે. કર્તા અજ્ઞાત છે. [ઉજ્જૈન ભંડારમાં એની હસ્તપ્રત છે.] |
| ૫૭ | તીર્થોદ્ગાર | એનું પ્રસિદ્ધ નામ તિત્થોગાલિક પઈણ્ણા છે. પ્રકાશિત છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૫૮ | આરાધનાપતાકા | સારા સાધના પ્રિય સાધકનો ઉપદેશીગ્રંથ છે. |
| ૫૯ | દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ | નંદીમાં નામ છે. પરંતુ પ્રકાશિત આ નામનો ગ્રંથ શાસ્ત્ર જેવો નથી. ટીકા વ્યાખ્યા જેવું છે. તેથી નંદી કથિત શાસ્ત્ર તે નથી અથવા નંદીમાં એનું નામ પાછળથી પ્રક્ષિપ્ત થયું છે. |
| ૬૦ | જ્યોતિષકરંડક | નિમિત્ત જ્ઞાનનો મહત્વપૂર્ણ ગ્રંથ છે. નંદીમાં નામ નથી. |
| ૬૧ | અંગવિદ્યા | આ પણ નિમિત્ત શાસ્ત્ર છે. અજ્ઞાત કર્તા, પ્રકાશિત મોટો ગ્રંથ છે. પૂજ્ય પુણ્યવિજયજી મ.સા. એ પ્રકાશિત કરાવ્યો છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૬૨ | તિથિપ્રકીર્ણક | આ ચર્ચા નિબંધરૂપે છે. નંદીમાં નામ નથી. |
| ૬૩ | પિંડવિશુદ્ધિ | સાધ્વાચાર શુદ્ધિ પ્રેરણા નિબંધ ગ્રંથ છે. નંદીમાં નામ નથી. |
| ૬૪ | સારાવલી | આ પણ પ્રકાશિત ઉપદેશી સારા સાધકનો લખેલો ગ્રંથ છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી એને અનુવાદ સહિત પ્રકાશિત કરાવ્યો છે. નંદીમાં નામ નથી. |
| ૬૫ | પર્યંતારાધના | આમાં ૩૬૩ ગાથા છે. આરાધના સાર પણ નામ છે. અનેક જગ્યાએથી પ્રકાકિશત છે. નંદીમાં નામ નથી. |
| ૬૬ | જીવવિભક્તિ | અપ્રકાશિત છે. ૨૫ ગાથાઓ છે. કર્તા જિનચંદ્ર સૂરિ છે. એમાં થોકડા છે. નંદીમાં નામ નથી. |
| ૬૭ | કવચપ્રકરણ | જિનચંદ્ર સૂરિની રચના છે. ૧૨૯ ગાથાઓ છે. અપ્રકાશિત છે. પંડિતમરણ સંબંધી વિષય છે. નંદીમાં નામ નથી. |
| ૬૮ | યોનિ પ્રાભૃત | આચાર્ય ધરસેનની રચના. તાડપત્રીય પ્રતિ પૂનામાં છે. નંદીમાં નામ નથી. |
| ૬૯ | અંગચૂલિયા | નંદીસૂત્રમાં નામ છે. ઠાણાંગ સૂત્રાનુસાર આ સંક્ષેપિકદશા સૂત્રનું અધ્યયન છે.– ***ઠાણાંગ–૧૦*** |

| | | |
|---|---|---|
| ૭૦ | બંગ ચૂલિયા | નંદીસૂત્રમાં નામ છે. આ પણ ઉકત આગમનું અધ્યયન છે. – ***ઠાણાંગ–૧૦*** |
| ૭૧ | વૃદ્ધ ચતુઃશરણ | સંકલન સૂત્ર નિબંધગ્રથ છે. નંદીસૂત્રમાં નામ નથી. |
| ૭૨ | જંબુ પયણ્ણા | કથાગ્રંથ છે નંદીસૂત્રમાં નામ નથી. |
| ૭૩-૮૦ | નિર્યુક્તિ વ્યાખ્યાઓ | ૨ અંગ, ૨ મૂલ, ૩ છેદ, ૧ આવશ્યક, આ ૮ નિર્યુકિતઓ બીજા ભદ્રબાહુકૃત છે. શાસ્ત્રોની વ્યાખ્યાઓમાં પ્રથમ વ્યાખ્યા છે. વીર–નિર્વાણ ૧૧મી સદીની રચના છે. આ વ્યાખ્યાઓને આગમ શાસ્ત્રમાં ગણવું યોગ્ય નથી. |
| – | સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ | આ સેંકડો વર્ષોથી અનુપલબ્ધ છે. દે રાવાસી આને ૮૪ આગમમાં ગણે છે. નંદી સૂત્રોક્ત સમુત્થાન સૂત્ર છોડીને. માટે અહીં ક્રમાંક ૮૧માં સમુત્થાન સૂત્ર રાખેલ છે. |
| ૮૧ | સમુત્થાન સૂત્ર | નંદીસૂત્રની આગમ સૂચિમાં એનું નામ કાલિક સૂત્રમાં છે. તેથી આ પ્રમાણિત આગમ છે. આમાં સિધ્ધાંત અવિઢદ્ધ વાતો છે. આ ગ્રંથ લોકાશાહના સમયે અનુપલબ્ધ રહ્યો હશે. ભંડારોમાં ગુપ્ત રહ્યો હશે. કારણ કે દેરાવાસી આચાર્યએ ૧૪મી શતાબ્દિમાં એને પોતાના પ્રકાશિત ગ્રંથમાં ૪૫ આગમમાં ગણ્યો છે. હાલમાં આ લોકો આ શાસ્ત્રને ૮૪ કે ૪૫ કોઈપણ આગમમાં ગણતા નથી. આ શાસ્ત્ર પંજાબ અને ગુજરાત બે જગ્યાએથી પ્રકાશિત થયું છે. અત્યારે અનુપલબ્ધ જેવું છે. અમારી પાસે એની કોમ્પ્યુટર સંશોધિત, સંપાદિત પ્રેસ કોપી છે. કોઈપણ જોઈ શકે છે. આને આગમ નહીં માનવું એ સ્થાનકવાસીઓની મોટી ભૂલ છે. આના મૂળ પાઠમાં મુખવસ્ત્રિકા બાંધવાનો ઘણો સારો અભિપ્રાય છે. |
| ૮૨ | ઋષિભાષિત નિર્યુકિત | આ પણ વ્યાખ્યા ગ્રંથ છે. કર્તા અજ્ઞાત છે. કયારેય જોવામાં આવ્યું નથી. |
| ૮૩ | સંસક્ત નિર્યુક્તિ | આ પણ વ્યાખ્યા ગ્રંથ છે. આવશ્યક નિર્યુકિતનો જુદો થયેલો અંશ છે. |
| ૮૪ | વિશેષાવશ્યકભાષ્ય | આ પણ આવશ્યક સૂત્રનો વ્યાખ્યા ગ્રંથ છે. વીર નિર્વાણની ૧૨ મી સદીની રચના છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અથવા સિધ્ધસેન આચાર્ય વ્યાખ્યાકર છે. તેથી નંદીમાં આનું નામ નથી. કારણ કે નંદીરચના થી લગભગ ૧૫૦ વર્ષ પછીની રચના છે. |





***નોટ :– આ સૂચિના અનેક ગ્રંથ આગમ કહેવાય એવા નથી. અને કેટલાક તો નાના એવા નિબંધ કે સંકલન જેવા જ છે. અને કેટલાક તો વ્યાખ્યા ગ્રંથ છે તેને આગમ કહેવું અયોગ્ય જ છે.***

## નંદી સૂત્ર ગત ૭૩ આગમ

**(૧ સે ૩૨) આગમ સ્થાનકવાસી માન્યતા અનુસાર છે.**

(૩૩) કલ્પ્યાકલ્પ્ય
(૩૪) ચુલ્લકલ્પ
(૩૫) મહાકલ્પ
(૩૬) મહાપ્રજ્ઞાપના
(૩૭) પ્રમાદાપ્રમાદ
(૩૮) દેવિન્દ્ર સ્તવ
(૩૯) તંદુલવૈતાલિક
(૪૦) ચંદ્રવેધ્યક
(૪૧) પોરિષીમંડલ
(૪૨) મંડલપ્રવેશ
(૪૩) વિદ્યાચરણ વિનિશ્ચય
(૪૪) ગણિવિદ્યા
(૪૫) ધ્યાન વિભક્તિ
(૪૬) મરણવિભક્તિ
(૪૭) આત્મવિશોધિ
(૪૮) વીતરાગશ્રુત
(૪૯) સંલેખનાશ્રુત
(૫૦) વિહારકલ્પ
(૫૧) ચરણવિધિ
(૫૨) આતુરપ્રત્યાખ્યાન
(૫૩) મહાપ્રત્યાખ્યાન
(૫૪) મહાનિશીથ સૂત્ર
(૫૫) ઋષિભાષિત
(૫૬) દ્વીપ-સાગર પ્રજ્ઞપ્તિ
(૫૭) ક્ષુલિકા વિમાન પ્રવિભક્તિ
(૫૮) મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ
(૫૯) અંગચૂલિકા
(૬૦) વગ્ગચૂલિકા
(૬૧) વિયાહચૂલિકા
(૬૨) અઢણોવવાય
(૬૩) વઢણોવવાય
(૬૪) ગઢલોવવાય
(૬૫) ધરણોવવાય (ભૂલથી આવ્યું છે.)
(૬૬) વેસમણોવવાય
(૬૭) વેલધરોવવાય
(૬૮) દેવિન્દ્રોવવાય
(૬૯) ઉત્થાન શ્રુત
(૭૦) સમુત્થાન શ્રુત
(૭૧) નાગપરિયાપનિકા
(૭૨) કપ્પિયા (ભૂલ સે આયા હૈ)
(૭૩) દષ્ટિવાદ (વિચ્છેદ હો ગયા હૈ)

**નોંધ :** ૬૫–ધરણોવવાએ– આ નામ સ્થાનાંગ સૂત્રગત સંક્ષેપિક દશા સૂત્રના ૧૦ અધ્યયનમાં નથી. લિપિ દોષ કે સમજભ્રમથી અહીંયા નંદીમાં તેનું નામ આવ્યું છે.

**ઉત્કાલિક :** આગમ ક્રમાંક ૩૩ થી ૫૩ સુધી આ ૨૧ સૂત્રોના નામ નંદીના ઉત્કાલિક શ્રુતમાં છે. સ્થા.માન્ય બત્રીસ સૂત્રમાં પણ આઠ ઉત્કાલિક અને આવશ્યક સૂત્ર નો કાલિક નો ઉત્કાલિક છે. આ ૨૧+૮=૨૯ ઉત્કાલિક + આવશ્યક = ૩૦ સૂત્ર.

**કાલિક :** ૧૧ અંગસૂત્ર છે અને સાત ઉપાંગ+૪છેદ+૧ઉત્તરાધ્યયન. આ રીતે ૧૧+૭+૪+૧=૨૩ કાલિક સૂત્રો તો ૩૨ આગમમાં છે. તેના સિવાય ઉપરોક્ત આગમ ક્રમાંક ૫૪ થી ૭૨ સુધી ૧૯ કાલિકસૂત્ર છે. અને ૧૨મું અંગસૂત્ર કાલિક છે. આ ૩૨ આગમના ૨૩+૧૯+૧=૪૩ સૂત્ર કાલિક સૂત્ર છે.

નંદીસૂત્રમાં આ ૪૩ કાલિક+૩૦ ઉત્કાલિક = ૭૩, જેમાંથી + ૧ કાલિકસૂત્ર નામ(કપ્પિયા)ભૂલથી આવ્યું છે. તેના સહિત કુલ ૭૩ આગમ નંદીસૂત્રમાં છે. વાસ્તવમાં દષ્ટિવાદ અને કપ્પિયા બે ઓછા કરવાથી નંદીગત –૭૧ આગમ સંખ્યા છે.

આગમ ક્રમાંક ૫૪ થી ૭૩ સુધી – ૨૦ કાલિક આગમ.
આગમ ક્રમાંક ૩૩ થી ૫૩ સુધી – ૨૧ ઉત્કાલિક આગમ
૩૨ સૂત્રમાં ૩૨–૯= ૨૩ કાલિક આગમ.
૩૨ સૂત્રમાં ૮+૧= ૯ ઉત્કાલિક આગમ.
૭૩ – ૨ = ૭૧.

ક્રમાંક ૫૭ થી ૬૭ સુધી ધરણોપપાતને છોડી દસ નામ એક શાસ્ત્ર (સંક્ષેપિકદશા) ના દસ અધ્યયન છે– **ઠાણાંગ–૧૦**. અહીંયા નંદીસૂત્રમાં તે ૧૦ અધ્યયનને ૧૦ શાસ્ત્ર રૂપમાં ક્યારેક કોઈએ લખેલ છે. આ દસ શાસ્ત્ર વર્તમાનમાં અનુપલબ્ધ છે.

શક્ય છે કે આ સૂચિમાં સમયે સમયે દેવર્ધિગણિ પછી કાંઈક હસ્તક્ષેપ થયેલ છે. કેમ કે– ઉપાંગસૂત્ર નામનું આગમ એક છે. પાંચ તેના વર્ગ છે. તેને અહીંયા પાંચ આગમ લખી તેનું મૂળ નામ ઉપાંગસૂત્ર ક્યારેક કોઈએ કાઢી નાખેલ છે. છતાં પણ આ શાસ્ત્રના પ્રારંભના મૂળપાઠમાં આજે પણ આ પાંચ વર્ગવાળા આગમનનું નામ ઉપાંગ સૂત્ર મળે છે. પાંચ આગમ ગણવાનું કારણ પણ મળે છે કે– **૧૨ અંગ સૂત્રોના ૧૨ ઉપાંગની કલ્પના કરી સંખ્યા વધારવા માટે આવું કરવામાં આવેલ છે. અને સૂર્યપ્રજ્ઞપ્તિ ચંદ્રપ્રજ્ઞપ્તિ એવા બે નામ એક શાસ્ત્ર જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિના લખેલ છે.** મૂળ પાઠમાં આ બે શાસ્ત્રોને માટે એક જ



જૈન આગમ પરિચય

નામ આપેલ છે. આવી રીતે અંગ અને ઉપાંગની સંખ્યા મેળવવાના હેતુથી ઉપાંગસૂત્ર એ શાસ્ત્રનો નામ ઉડાડી દેવામાં આવ્યું છે અને નંદીસૂત્રના ૭ સૂત્રોને ૧૨ સંખ્યાથી ગણવામાં આવ્યું છે. વર્તમાનમાં ઉપલબ્ધ ઉપાંગ સંજ્ઞાવાલા વિભાજનના શાસ્ત્ર ૭ જ છે. ૧૨ સંખ્યા તો કલ્પના કરેલી છે. ચલાવેલી પરંપરા છે, જે લોકાશાહના પૂર્વે જ ચલાવવામાં આવેલી હતી. માટે તેમાં સ્થાનકવાસી નિર્દોષ છે. છતાં પણ એના સંશોધન અનુપ્રેક્ષણમાં આજ સુધી કોઈ વિદ્વાને પોતાની બુદ્ધિનો સદુપયોગ કર્યો નથી. આ પણ એક સમયની સત્તાની ભવિતવ્યતા છે. તટસ્થ પ્રજ્ઞા(પરંપરાના ચશ્મા વિના સાચી આંખો) થી આજે પણ કોઈ આગમથી સમજવા ઈચ્છતો હોય તો સમજી શકે છે. માટે શુદ્ધ દષ્ટિકોણના શોધાર્થી સાધક સંખ્યાના આગ્રહથી ઉપર ઉઠીને સાચું તત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં જ પ્રયત્નશીલ બને એજ ભલામણ.

## નંદીસૂત્રની આગમ સૂચીના ઉપલબ્ધ શાસ્ત્ર

નંદીસૂત્રની આગમ સૂચીમાં કુલ ૭૩ આગમના નામ છે. તેમાંથી ૩૨ તો પ્રસિદ્ધ તેમજ માન્ય આગમ છે, શેષ ઉપલબ્ધ થતા આગમોનો પરિચય આ પ્રમાણે છે–

**(૩૩) દેવેન્દ્રસ્તવ :** આ સ્થવિર ઋષિપાલની કૃતિ છે. નંદીસૂત્ર અને પાક્ષિક સૂત્રમાં એનો નામોલ્લેખ છે. આ ઉત્કાલિક શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં ૩૧૧ શ્લોક પ્રાકૃતમાં છે. પ્રારંભમાં ૨૪ તીર્થંકરની ક્રમશઃ સ્તુતિ છે. પછી ૩૨ દેવેન્દ્રોનું વિસ્તૃત વર્ણન છે. એનું પ્રકાશન મુર્શિદાબાદ, અહમદાબાદ આગમોદય સમિતિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, મહાવીર જૈન વિદ્યાલય તથા આગમ સંસ્થાન ઉદયપુરથી હિન્દી અનુવાદની સાથે થયું છે. મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી માત્ર મૂળપાઠ પ્રકાશિત થયો છે, પાઠાંતર ટિપ્પણ સહિત.

**(૩૪) તંદુલ વૈતાલિક :** આને **તંદુલ વૈચારિક** પણ કહેવામાં આવે છે. ગદ્ય-પદ્ય મિશ્રિત ૧૭૭ સૂત્ર છે. આ ઉત્કાલિક સૂત્ર છે. માનવ જીવનના ૧૦૦ વર્ષની સર્વે દસ અવસ્થાઓનું વર્ણન છે. જીવનના આહારનું ગણિત છે. સ્ત્રીઓના અવગુણોનું સંકલન છે. અંતમાં ધર્મનું મહાત્મ્ય સ્થાપિત કર્યું છે. આ સૂત્ર દેવેન્દ્રસ્તવની સમાન સ્થળો સંસ્થાઓથી પ્રકાશિત છે. તદુપરાંત અગરચન્દ ભેરોદાન સેઠિયા બીકાનેરથી તથા હેમ્બવર્ગથી પ્રકાશિત છે. આ શાસ્ત્ર સંસ્કૃતમાં છે. હિન્દીમાં પણ પ્રકાશિત છે. આમાં કોઈક પાઠ ભગવતીસૂત્રમાથી પણ લીધો છે.

**(૩૫) ચન્દ્રવેધક :** આમાં ૧૭૫ ગાથાઓમાં સંયમાચારનું વર્ણન છે. તેનું પાલન ચંદ્રવૈધક = રાધાવેધની સમાન કઠિન છે. આ ઉત્કાલિક સૂત્ર છે. આનું પ્રકાશન દેવેન્દ્રસ્તવની સમાન સ્થળોથી થયું છે. પરંતુ **પેરિસથી અંગ્રેજીમાં** આ શાસ્ત્ર છપાયેલું છે. કલાપૂર્ણસૂરિએ ગુજરાતીમાં છપાવ્યું છે.

**(૩૬) ગણિવિદ્યા :** આમાં આચાર્યના કર્તવ્ય, તેના માટે માર્ગદર્શન, દિશાઓનું જ્ઞાન વિવેક, તિથિ, કરણ, યોગ આદિનું જ્ઞાન અને ઉપયોગ કરવાનો નિર્દેશ છે. એનું પ્રકાશન ઉપરોક્ત સંસ્થાઓ(દેરાવાસી)થી થયું છે. તેમાં **૮૩** ગાથાઓ છે. ક્યાંકથી મૂળ, કયાંકથી સંસ્કૃત, ક્યાંકથી હિન્દીમાં પ્રકાશિત છે. આ ઉત્કાલિક શાસ્ત્ર છે.

**(૩૭) આત્મવિશોધિ :** આ શાસ્ત્રમાં સમસ્ત જીવો પ્રતિ થયેલા દુષ્કૃત્યોની નિંદા કરવામાં આવી છે. આહાર અને શરીરના ત્યાગનો નિર્દેશ છે. અંતિમ આલોચના અને આત્મ વિશુદ્ધિનું મહાત્મ્ય બતાવ્યું છે. આમાં **૨૪** ગાથાઓ છે. પ્રકાશન એક માત્ર મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયથી થયું છે.

**(૩૮) આતુર પ્રત્યાખ્યાન :** આ ગદ્ય પદ્યમય મિશ્રિત શાસ્ત્ર છે. કુલ સૂત્ર સંખ્યા **૩૦** છે. રચનાકાર અજ્ઞાત છે. અંતિમ સંલેખના આરાધના સંબંધી ઉપદેશ નિર્દેશ છે. આ ઉત્કાલિક શાસ્ત્ર છે. આ નામના ત્રણ શાસ્ત્ર મળે છે. જેમાં ક્રમશઃ **૩૦, ૩૪, ૭૧** ગાથાઓ છે. ત્રણેયમાં પંડિતમરણનું વર્ણન છે.૭૧ ગાથાવાળાના રચનાકાર વીરભદ્રાચાર્ય છે. દેરાવાસી સંસ્થાઓ(ઉપરોક્ત ૪–૫) દ્વારા પ્રકાશિત છે તથા ધૂલિયાથી, પાયધુની મુંબઈથી પ્રકાશિત છે.

**(૩૯) મહાપ્રત્યાખ્યાન :** આમાં સંથારા સંબંધીનું વિસ્તૃત વર્ણન છે. ૧૨ વર્ષની સંલેખનાનું વર્ણન છે. આ ઉત્કાલિક શાસ્ત્ર છે. ૧૪૨ ગાથા છે. સંથારા સંબંધી અનેક વિષયોનું અર્થાત આલોચના, પ્રાયશ્ચિત્ત, ક્ષમાપના આદિ વર્ણન છે. કર્તા અજ્ઞાત છે. ઉપરોક્ત મૂર્તિપૂજક સંસ્થાઓથી પ્રકાશિત છે.

**(૪૦) ઋષિ ભાષિત :** અંગસૂત્ર પ્રશ્નવ્યાકરણનું આ એક અધ્યયન છે. દેવર્ધિગણિના લેખન સમયની વ્યવસ્થામાં પ્રશ્નવ્યાકરણથી વિભાજિત કરી સ્વતંત્ર કાલિક સૂત્ર રૂપમાં નંદીસૂત્રની આગમ સૂચીમાં રાખવામાં આવેલ છે. આ ઉત્તરાધ્યનનની જેમ ઉપદેશયુક્ત અને પ્રામાણિક આગમ છે. ખરેખર તો ગણધર રચિત અને લેખન સમયમાં સંપાદિત શાસ્ત્ર છે. ઉત્તરાધ્યયનમાં જેમ કપિલમુનિ, હરિકેશી મુનિ, ચિત્તમુનિ, ભૃગુરોહિતના પુત્ર અને રાણીના ઉપદેશ





વચનો છે. મૃગાપુત્ર, સમુદ્રપાલ, રાજેમતિ, કેશીગૌતમના નામથી ઉપદેશ વચન છે. તે જ પ્રમાણે આ શાસ્ત્રમાં અનેક ઋષિ મહાત્માઓના નામથી ઉપદેશ–તત્વ વચન છે. તે ઋષિઓના નામ અન્યમતના સંન્યાસીઓના નામ જેવા છે. પરંતુ આ માત્ર નામની સમાનતા છે. અહીંયા તે નામોની સાથે અર્હતવિશેષણ લાગેલ છે. આ શાસ્ત્રનું પ્રકાશન–(૧) મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ (૨) ઋષભદેવ કેસરીમલ રતલામ (૩) લાલભાઈ દલપતભાઈ અમદાવાદથી સંસ્કૃત અંગ્રેજીમાં (૪) સુધર્મજ્ઞાન મંદિર મુંબઈ (૫) પ્રાકૃત ભારતી જયપુરથી હિંદી અનુવાદ સહિત પ્રકાશન થયેલ છે, તેમાં ૪૫ અધ્યયન છે. સર્વ પ્રથમ વિદેશથી પણ પ્રકાશિત થયેલ છે.

**(૪૧) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ :** તેમાં **૨૨૫** ગાથાઓ છે. તેમાં ભૂગોળ વિષયક જ્ઞાન છે. તેમાં અઢીદ્વીપની અંદર-બહારનું વર્ણન તેમજ ચમરચંચા રાજધાનીનું વર્ણન છે. તેનું પ્રકાશન મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, ચંદનસાગર જ્ઞાન ભંડાર બૈજલપુર, આગમ સંસ્થાન ઉદયપુરથી હિંદીમાં થયેલ છે. આ કાલિકશાસ્ત્ર છે.

**(૪૨) અંગચૂલિકા :** તેમાં **૮૦૦** શ્લોકો છે. આચાર્ય યશોભદ્રની રચના છે. આ અત્યાર સુધી અપ્રકાશિત અર્થાત્ હસ્તલિખિત કોઈક ભંડારોમાં ઉપલબ્ધ છે. તેમાં આગમ સ્વાધ્યાય સંબંધી વિધિ નિયમ છે. આ કાલિક સૂત્ર છે.

**(૪૩) વર્ગ(ઉવંગ)ચૂલિકા :** આમાં **૧૦૧** ગાથાઓ છે. તે આચાર્ય યશોભદ્ર રચિત છે. માત્ર એક ફલોદી(જોધપુર)થી પ્રકાશિત છે.

**(૪૪) સમુત્થાન સૂત્ર :** અજ્ઞાતકર્તૃક કાલિક સૂત્ર છે. તેમાં આઠ અધ્યાય છે. મુખ્ય સાધ્વાચાર તેનો વિષય છે. જામનગર(ગુજરાત) અને પંજાબથી પ્રકાશિત છે. નંદી સૂત્રની કાલિક આગમ સૂચિમાં નામ છે. આ વિષયમાં કોઈ પાઠાંતર નથી અર્થાત્ પ્રાપ્ત થનારી દરેક ભંડારોની સર્વ નંદી સૂત્રની પ્રતમાં આ સૂત્રનું નામ સ્પષ્ટ છે. માટે આ પ્રામાણિક સાધ્વાચારનું વિષયવાળું શાસ્ત્ર છે. ૧૪મી સદીના આચાર્ય દ્વારા તેને ૪૫ આગમમાં ગણવામાં આવેલ છે. ત્યારબાદ મૂર્તિપૂજકોએ તેને ૪૫ અથવા ૮૪ આગમ સૂચીમાં પણ રાખ્યું નથી કારણ કે તેના મૂળ પાઠથી મુખવસ્ત્રિકા મુખપર બાંધવાની પુષ્ટિ થાય છે. આ શાસ્ત્રને સ્થાનકવાસીઓ દ્વારા નહીં માનવાનું કારણ '**અનુપલબ્ધ હોવાનું જ**' થઈ શકે છે. દેરાવાસીઓએ તેને છુપાવી ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરેલ હશે. કારણ કે ૧૪મી શતાબ્દિના દેરાવાસી આચાર્યએ પોતાના સંસ્કૃત શ્લોકબદ્ધ ગ્રંથમાં એને

૪૫ આગમમાં સ્પષ્ટ ગણેલ છે. ત્યાર પછી મૂર્તિપૂજકોએ તેને સંપૂર્ણ ઉડાડી દીધેલ છે. અર્થાત્ ૪૫ અથવા ૮૪ આગમમાં પણ આ શાસ્ત્રનું નામ રાખ્યું નથી તેમની જગ્યાએ **દેવેન્દ્ર-નરેન્દ્ર** આ નવું નામ દરેક જગ્યાએ રાખી દીધેલ છે પરંતુ ૮૮ પ્રકીર્ણકો ની લાંબી સૂચીમાં પણ તેનું નામ કીર્તિયશ સૂરીશ્વરજીએ શ્રી ચતુઃશરણપ્રકીર્ણકંની પ્રસ્તાવનામાં ગણાવ્યું નથી. માટે તે વ્યર્થમાં ઉમેરેલું નામ સ્પષ્ટ જણાય છે. છતાં નંદીસૂત્રની આગમ સૂચીનું કાલિકસૂત્ર રૂપ મહત્વપૂર્ણ આગમ તો સમુત્થાનસૂત્ર છે જ, એમા કોઈ શંકાને સ્થાન નથી. સ્થાનકવાસી માટે તો આ સૂત્ર અવશ્ય સ્વીકારવા યોગ્ય આગમ છે.

**(૪૫) મહાનિશીથસૂત્ર :** આ શાસ્ત્ર કાલિક સૂત્ર છે. મૂર્તિપૂજક ૪૫ આગમમાં તેને માને છે. આ હરિભદ્રસૂરિના સમયથી પણ પછીના સમયમાં બનેલું શાસ્ત્ર છે. નંદીમાં કોઈએ પછીથી નામ ઉમેરેલ હોય તેવી સંભવના છે. દેરાવાસી તેને છેદ સૂત્રમાં ગણે છે. વાસ્તવમાં તેનો વિષય મુખ્ય પ્રાયશ્ચિત્તનો છે. છતાં પણ સેંકડો અન્ય વિષય પણ આમાં છે અને કેટલાક વિચિત્ર અને અઘટીત કલ્પિત સૂત્રો પણ છે. અર્થાત્ સ્પષ્ટ ગપ્પા હોય તેવું નિરૂપણ પણ તેમાં છે. તથા આગમ અન્વેષક શ્રી પુણ્યવિજયજી અને ઈતિહાસજ્ઞ અન્વેષક પૂ. કલ્યાણ વિજયજી પંન્યાસે આ સૂત્રના વિષયમાં આકરી ટિપ્પણી કરી છે કે આ કોઈ નિબંધ ગ્રંથ જેવો છે. એમાં સૌત્રિકતાને પણ ચેલેંજ આપનારી અર્થાત્ સૂત્ર પણાને નકારનારી રચના પદ્ધતિ જગ્યાએ–જગ્યાએ છે. ૪૫ આગમમાં માન્ય હોવાથી અનેક જગ્યાએથી આ સૂત્ર પ્રકાશિત છે. હમણાં હમણાં એક સાધ્વીએ આ સૂત્ર પર પી.એચ.ડી. કર્યું છે. જેથી આનો નિબંધ ગ્રંથ પણ નાની મોટી બંને સાઈઝમાં છપાયો છે. આમાં સ્થાનકવાસીઓના પક્ષમાં એક પ્રસંગ છે. જેમાં મંદિર મૂર્તિના કાર્યને સાવધ કહીને તેની દલાલી પ્રેરણાના માટે નિડરતાથી મનાઈ કરનાર આચાર્ય કુવલપ્રભે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. એવુ લખ્યું છે—**અધ્યાય—૩.** અન્ય પણ અનેક સ્થાનકવાસી અને મંદિરમાર્ગી બન્ને સિદ્ધાંતોને પુષ્ટ કરનાર સૂત્રો છે.

**(૪૬–૪૭) ચુલ્લકલ્પ–મહાકલ્પ સૂત્ર :** આ બંને સૂત્રોને નંદીમાં ઉત્કાલિક શાસ્ત્રમાં ગણ્યું છે. મધ્યકાળમાં આ બંને સૂત્રોનું યતિઓએ કે મૂર્તિપૂજકોએ પર્યુષણમાં બપોરની પરિષદમાં વાંચવાનું શરૂ કર્યું. કારણ કે એમાં ક્રમશઃ ૨૪ તીર્થંકરોનું અને પૂર્વાચાર્યોનું જીવન વર્ણન હતું. ફરી આ સૂત્રોનો મહિમા અતિ મહિમાના ચક્કરમાં પડીને દશાશ્રુસ્કંધના આઠમું અધ્યયન આ બંને સૂત્રોની સાથે(ચાતુમાર્સ સમાચારી પ્રકરણ) વાંચન કરવા લાગ્યા. ધીરે ધીરે ત્રણેના





વિષયોને એકમેક કરી તે દશાશ્રુતસ્કંધનું ૮મું અધ્યયન ૧૨૦૦ શ્લોક જેટલું કહેવા લાગ્યા અને ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીની રચના કહીને વાંચવાના પ્રકરણનું મહત્ત્વ વધારવા લાગ્યા. આમ સંપૂર્ણ વિષય(ત્રણે ય શાસ્ત્ર)ને પર્યુષણા કલ્પસૂત્ર કહેવા લાગ્યા. એવી સ્પષ્ટ પ્રરૂપણાનો સમય ૧૪મી સદીની આસપાસ થવા લાગ્યો. ત્યારે જ પર્યુષણા કલ્પસૂત્રનું નામ પ્રકાશમાં આવ્યું અને આ નામના સૂત્ર પર ટીકા વ્યાખ્યા આદિ થવા લાગ્યા. આ ચક્કરમાં ચુલ્લકલ્પ અને મહાકલ્પ બંને સૂત્ર ગૌણ બનીને પર્યુષણા કલ્પસૂત્રમાં અંતર્ભાવિત થઈને આજે વિલુપ્ત થઈ ગયા. એની સાથે ૮મી દશા પણ વિલુપ્ત થઈ ગઈ છે. ઉક્ત લેખન દેરાવાસી વિદ્વાન અન્વેષક કલ્યાણ વિજયજી અને પૂજ્ય પંન્યાસ પુણ્યવિજયજી દ્વારા પોતાના ચિંતન નિબંધોમાં લખેલ છે. તેના આધાર પ્રમાણથી જ અહીંયા તેને યોગ્ય સમજીને સ્વીકાર્યું છે. અર્થાત્ કોઈ મનથી નવી કલ્પના આપેલી નથી. ક્રમાંક ૪૬, ૪૭, ૪૮,૪૯ આ ચાર વિચ્છિન્ન થઈ ગયા છે.

**(૪૮) કપ્પિયા–કલ્પિકા :** નંદીસૂત્રમાં આ નામ ભૂલથી અધિક લખાઈ ગયું છે. અર્થાત્ જ્યારે નિરયાવલિકા એક શાસ્ત્રના પાંચ વર્ગને પાંચ શાસ્ત્ર રૂપમાં લખવામાં આવ્યું ત્યારે વૈકલ્પિક નામના રૂપમાં આ નામ અધિક લખવામાં આવ્યું અને પછી કાલાંતરે તે જુદુ ગણતાં ભૂલથી વધી ગયું છે.

**(૪૯) દષ્ટિવાદ :** આ બારમું અંગ નંદી રચનાની આસ–પાસ પૂર્ણ વિચ્છેદ માની લીધેલ છે, માટે ૩૨ અને ૪૫ આગમ સંખ્યામાં તેને નહિ ગણી ૧૧ અંગ શાસ્ત્રજ ગણેલ છે. જો કે ૭૩માં તેની ગણતરી કેરલ છે. માટે અહીંયા તેને ૪૯મો ક્રમ આપેલ છે. એમ ૩૨+૧૭ (૧૩)=૪૯(૪૫)શાસ્ત્રો આજે પ્રકાશિત ઉપલબ્ધ છે. શેષ ૭૩–૪૯=૨૪ શાસ્ત્રના નામો જે અહીંયા નંદીસૂત્રની આગમ સૂચિમાં બતાવેલ છે તે શાસ્ત્ર ભારતના કોઈપણ ભંડારમાં ઉપલબ્ધ થયેલ નથી એવું ચિંતકોના લેખન ઉપરથી જાણવા મળે છે. આ ૨૪માંથી કોઈ શાસ્ત્ર કોબા (ગુજરાત)ના ભંડારમાં પ્રાપ્ત થયેલ છે પણ તે માટે કોઈને જોવા દેવાની આચાર્યોની મનાઈ છે તેમ સંભળાય છે.

## નંદી સૂત્રોક્ત ૨૪ અનુપલબ્ધ આગમ

નંદીસૂત્રની આગમ સૂચિમાં અંગ–૧૨ +કાલિક–૩૧+ ઉત્કાલિક – ૨૯+૧ આવશ્યક કુલ=૭૩ આગમશ્રુતના નામ આજ પણ ઉપલબ્ધ છે. જેમાંથી ૧ બારમું અંગ વિચ્છેદ ગયેલ છે, અને ૧ કલ્પિકા નામ ભૂલપાત્ર છે. માટે વાસ્તવમાં ૭૧ આગમ નંદી સૂત્રની સૂચિમાં હોય છે. તેમાંથી ૩૨ આગમ

સ્થાનકવાસીઓમાં માન્ય કરેલ છે. માટે ૭૧–૩૨ = ૩૯ નંદી સૂત્રોક્ત આગમ બાકી રહે છે. તેમાંથી ઉપલબ્ધ ૧૫+અનુપલબ્ધ ૨= ૩૯ છે. ઉપલબ્ધ–૧૫નો પરિચય ઉપર ક્રમાંક ૩૩ થી ૪૭ સુધીમાં આપેલ છે. આમ કુલ–૪૭ (–૨=૪૫) આગમ નંદી સૂત્રોક્ત આજ ઉપલબ્ધ પ્રકાશિત છે. શેષ ૭૧–૪૭=૨૪ આગમ અનુપલબ્ધ છે. અર્થાત્ તેની હસ્તલિખિત અથવા પ્રકાશિત કોઈપણ પ્રકારની પ્રત આજે મળતી નથી અર્થાત્ નંદી સૂત્રોક્ત આ ૨૪ આગમ નામ રૂપથી જ આજે મળે છે. માટે તેનો કોઈપણ પરિચય અપ્રાપ્ત છે. તે ૨૪માં ૧૨ ઉત્કાલિક અને ૧૨ કાલિક સૂત્ર છે. જેમ કે–

**અનુપલબ્ધ ૧૨ ઉત્કાલિક આગમ :** ૧. કલ્પ્યાકલ્પ્ય, ૨. મહા પ્રજ્ઞાપના, ૩. પ્રમાદાપ્રમાદ, ૪. પોરિષીમંડલ, ૫. મંડલપ્રવેશ, ૬. વિદ્યાચરણ વિનિશ્ચય, ૭. ધ્યાન વિભક્તિ, ૮. મરણવિભક્તિ (તેને મરણ સમાધિ નામમાં લઈ લીધેલ છે.) ૯. વીતરાગશ્રુત, ૧૦. સેલેખનાશ્રુત, ૧૧. વિહારકલ્પ, ૧૨. ચરણવિધિ.

**અનુપલબ્ધ ૧૨ કાલિક આગમ :** ૧. ક્ષુલ્લિકા વિમાન પ્રવિભકિત ૨. મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ, ૩. વિવાહચૂલિયા, ૪. અરૂણોપપાત, ૫. વરૂણોપપાત ૬. ગરૂલોપપાત, ૭. ધરણોપપાત, ૮. વેસમણોપપાત, ૯. વેલઘરોપપાત, ૧૦. દેવિંદોપપાત, ૧૧. ઉત્થાનશ્રુત, ૧૨. નાગપરિયાવનિકા,

આ ૨૪ શાસ્ત્ર દેવર્ધિગણિ પછીના મધ્યકાલમાં કયારેક ઉપલબ્ધ હતા. માટે એના નંદીસૂત્રમાં નામ છે. પરંતુ અજ્ઞાતકાળથી આ સૂત્રોની કોઈ પણ પ્રત ભારતના કોઈપણ ભંડારોમાં ઉપલબ્ધ નથી થઈ, તેથી આ નંદી સત્રોક્ત ૨૪ શાસ્ત્રો નહીં મળવાથી વિચ્છિન્ન માની શકાય છે. મળનારા ૩૨ સિવાય ૧૩ શાસ્ત્રોનો પરિચય ઉપર ક્રમાંક ૩૩ થી ૪૫માં આપ્યો છે. તે ૧૩ શાસ્ત્રોના નંદી સૂત્રમાં નામ છે. ઉપલબ્ધ પ્રકાશિત છે, તેમાંથી મહાનિશીથ સિવાય કોઈમાં પણ આગમ વિઢદ્ધ જૈન સિદ્ધાંત વિઢદ્ધ, કોઈપણ તત્ત્વ દેખાતું નથી. તોપણ સ્થાનકવાસી તે ૧૩ને આગમ કેમ નથી માનતા એનો વિચાર કરવો જોઈએ અને દેરાવાસી પણ ૧૩માંથી ૬ ને આગમ માને છે, ૭ને ૪૫ આગમમાં માનતા નથી આ વિષયે તેઓને પણ અનુપ્રેક્ષણ કરવું જોઈએ. ૬ માંથી ૫ ને પ્રકીર્ણક વિભાગમાં અને એક મહાનિશીથને છેદશાસ્ત્ર માને છે. બીજા કેટલાક પ્રકીર્ણકો નંદીમાં કહ્યા નથી, તોપણ દેરાવાસી તેને આગમમાં માને છે. આમ તે તેઓની પોતાની સ્વતંત્રતા છે. તેનો તેઓની પાસે કોઈ પણ યોગ્ય જવાબ નથી.





નંદીમાં નહીં કહેલા અને દેરાવાસીમાં આગમ કહેવાતા ૫ પ્રકીર્ણક– (૧) ચતુઃ શરણ પઈણ્ણા, (૨) ભક્ત પરીજ્ઞા (૩) સંસ્તારક પ્રકીર્ણક (૪) ગચ્છાચાર પ્રકીર્ણક (૫) મરણ સમાધિ પ્રકીર્ણક. નંદીમાં નહીં કહેલા ૩ વ્યાખ્યા ગ્રંથોને પણ તેઓ આગમ માને છે– (૧) પંચ કલ્પ ભાષ્ય (૨) પિંડ નિર્યુક્તિ (૩) ઓઘ નિર્યુક્તિ આ ૫+૩=૮ કુલ ગ્રંથોના નામ નંદીમાં ન હોવા છતાં પણ દેરાવાસી એને ૪૫ આગમમાં માને છે. આ તેનો સ્વતંત્ર સ્વબુદ્ધિ નિર્ણય છે.

**નંદીમાં કહેલ સાત ને આગમ માનતા નથી :** વર્તમાનમાં દેરાવાસી નંદીસૂત્રમાં કહેલા અને ઉપલબ્ધ થતાં ૭ ને ૪૫ આગમમાં ગણતા નથી, જેમ કે– (૧) ઋષિભાષિત (૨) સમુત્થાનશ્રુત (૩) ચંદ્રાવેધ્યક(કોઈ કયારેય આને માનીને બીજાને છોડે છે.) (૪) આત્મ વિશોધિ (૫) દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિ (૬) અંગ ચૂલિકા (૭) વર્ગ(ઉવંગ) ચૂલિકા.

**વિશેષ :** સ્થાનકવાસી પરંપરામાં માન્ય ૩૨ આગમ શરૂઆતથી આજ સુધી નિશ્ચિત એકરૂપથી માની રહ્યા છે. તેમાં કોઈપણ પરિવર્તન વિકલ્પ ભેદ આજ સુધી થયો નથી.

દેરાવાસી જે ૧૩ આગમ વધારે માને છે તેમાં– (૧) જીતકલ્પ (૨) પંચ કલ્પ (૩) પાક્ષિક સૂત્ર (૪) વીરસ્તવ (૫) ગચ્છાચાર પ્રકીર્ણક (૬) ચંદ્રાવૈદધ (૭) મરણ સમાધિ (૮) પિંડનિર્યુક્તિ–ઓઘનિર્યુક્તિ. આ બંને વ્યાખ્યા ગ્રંથ છે. એમાંથી ક્યાંક એકને, ક્યાંક બંનેને ગણે છે. (૯) પર્યુષણાકલ્પ સૂત્ર (૧૦) ક્ષમાપના સૂત્ર (૧૧) વંદિતુ સૂત્ર (૧૨) ઋષિભાષિત (૧૩) સમુત્થાન સૂત્ર ઈત્યાદિ તે કોઈને પોતાની સૂચિમાં રાખે છે અને કોઈ ને કાઢે છે. એવા અનેક વિકલ્પો આ ૧૩ નામોમાં જગ્યાએ–જગ્યાએ જોવા મળે છે. **એવી વિક્રમની ૧૪મી સદીથી આજ ૨૧ મી સદી સુધી પરિવર્તન ભિન્નતા મળે છે. આને દેરાવાસી સંત અને વિદ્વાન શ્રાવક પોતાના નિબંધોમાં સ્વયં સ્વીકારે છે.** જ્યારે સ્થાનકવાસીની પરંપરા લોકાશાહથી આજ સુધી એક રૂપમાં જ નિશ્ચિત રૂપે માનવામાં આવે છે. એનું કારણ એ છે કે દેરાવાસી લોકોએ નંદીનો આગમ સૂચિનો કાયદો પણ કાયમ રાખ્યો નથી. અર્થાત્ નંદીમાં જેનું નામ ન હોય તેવા ગ્રંથોને પણ આગમ કહેવાની પ્રણાલિકા અકારણ ચલાવી દીધી છે. તેમજ વ્યાખ્યાગ્રંથ, ભાષ્ય, નિર્યુક્તિમાંથી પણ કોઈને આગમ કહી દે છે અને કોઈ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ ટીકાને આગમ માનતા નથી. તેનાથી જ ઉક્ત અનિશ્ચિતતા રૂપ અવ્યવસ્થા થઈ છે અને થતી

રહે છે. સ્થાનકવાસી નંદીસૂત્રની ૭૩ની આગમસૂચિની મર્યાદામાં જ રહે છે. તેનું ઉલ્લંઘન કરતા નથી. આ બંને જૈન સમુદાયોની વિચારશ્રેણી અને નિર્ણાયકતામાં ફરક છે.

## નંદી સિવાય આગમોક્ત અનુપલબ્ધ સાહિત્ય :–

૧૬ આગમ ગ્રંથોના નામ નંદી સિવાય અહીં તહીં શાસ્ત્ર કે ગ્રંથોમાં મળે છે. અને તે અનુપલબ્ધ છે. તેના નામ અને સ્થળ આ પ્રકારે છે–

| આગમ ગ્રંથ | આગમમાં નામ નિર્દેશ |
|---|---|
| (૧) આત્મ વિભક્તિ | પાક્ષિકસૂત્ર, યોગનંદી(પ્રાચીન ગ્રંથ છે.)માં છે. |
| (૨) કૃતિકર્મ | ધવલા ગ્રંથમાં છે. |
| (૩) ચારણ સ્વપ્ન ભાવના | વ્યવહારસૂત્ર, પાક્ષિકસૂત્ર અને યોગનંદીમાં છે. |
| (૪) તેજોનિસર્ગ | વ્યવહારસૂત્ર, પાક્ષિકસૂત્ર ઔર યોગનંદીમાં છે. |
| (૫) દીર્ઘ દશા | ઠાણાંગ સૂત્રમાં છે. |
| (૬) દષ્ટિવિષ ભાવના | વ્યવહારસૂત્ર, પાક્ષિકસૂત્ર ઔર યોગનંદીમાં છે. |
| (૭) દોગિદ્ધિ દશા | ઠાણાંગ સૂત્રમાં છે. |
| (૮) પુણ્ડરીક | ધવલા ગ્રંથમાં છે. |
| (૯) બંધ દશા | ઠાણાંગ સૂત્રમાં છે. |
| (૧૦) મરણ વિશુદ્ધિ | યોગનંદી માં છે. |
| (૧૧) મહાપુંડરીક | ધવલા ગ્રંથ માં છે. |
| (૧૨) મહાસ્વપ્ન ભાવના | વ્યવહારસૂત્ર, પાક્ષિકસૂત્ર ઔર યોગનંદી માં છે. |
| (૧૩) વૈનયિક | ધવલા ગ્રંથ માં છે. |
| (૧૪) સંક્ષેપિક દશા | ઠાણાંગ સૂત્ર માં છે. |
| (૧૫) સંગ્રહણી | વિધિમાગ૭પ્રપા ગ્રંથ માં છે. |
| (૧૬) આશીવિષ ભાવના | વ્યવહારસૂત્ર, પાક્ષિકસૂત્ર(દેરાવાસી માન્ય આગમ)ઔર યોગનંદી મેં |

**નોંધ :–** ઠાણાંગસૂત્ર, વ્યવહારસૂત્રમાં હોવા છતાં પણ કેટલાક આગમ નામ નંદીસૂત્રની આગમસૂચિમાં નથી. તેનું કારણ એ કે નંદી રચના સમયે તે આગમો ઉપલબ્ધ નહીં રહ્યા હોય.





## આચારાંગ સૂત્ર ૧

જૈનાગમોમાં પ્રમુખ શાસ્ત્રોને અંગશાસ્ત્ર કહેવામાં આવ્યા છે. તેની સંખ્યા ૧૨ કહેવામાં આવી છે. જેમાંથી અત્યારે ૧૧ શાસ્ત્ર છે. ૧૨મું અંગશાસ્ત્ર હાલમાં ઉપલબ્ધ નથી. શાસ્ત્રની ભાષામાં તેનો વિચ્છેદ થઈ ગયો છે. આ અંગશાસ્ત્રોમાં આચારાંગ સૂત્ર પ્રથમ અંગશાસ્ત્ર છે.

આ સૂત્રના બે વિભાગ છે, જેને શાસ્ત્રની ભાષામાં શ્રુતસ્કંધ કહેવામાં આવે છે. બંને શ્રુતસ્કંધમાં ક્રમશઃ ૯+૧૬=૨૫ અધ્યયન કહેવામાં આવ્યા છે. જેમાંથી સાતમું અધ્યયન હાલમાં નથી, વિચ્છેદ થઈ ગયું છે. તેથી હાલમાં ૮+૧૬=૨૪ અધ્યયનો છે. પ્રથમ શ્રુતસ્કંધના બધા અધ્યયનોમાં ઉદ્દેશા છે. બીજા શ્રુતસ્કંધના ૧ થી ૭ સુધીના અધ્યયનોમાં ઉદ્દેશા છે, બાકીમાં ઉદ્દેશા નથી. ઉદ્દેશાની સંખ્યા અલગ–અલગ છે. તે સંખ્યા ૨ થી લઈને ૧૧ સુધી છે. બંને વિભાગોના કુલ ઉદ્દેશક ૪૪+૨૫=૬૯ છે. સૂત્રના મોટા વિભાગને શ્રુતસ્કંધ કહેવામાં આવે છે. જેમાં અધ્યયન અને ઉદ્દેશા ક્રમથી વિભાગ અને પ્રતિવિભાગના નામ છે. કોઈ સૂત્રમાં ફક્ત અધ્યયન જ હોય છે. અધ્યનોની અંદર જ્યાં પ્રતિવિભાગ થાય છે તેને ઉદ્દેશક કહેવામાં આવે છે.

કોઈ શાસ્ત્રમાં અધ્યયન ન કહેતાં સીધા ઉદ્દેશા જ કહેલ છે. ક્યાંક અધ્યનની જગ્યાએ શતક, પદ, વક્ષસ્કાર, પ્રાભૃત, પ્રતિપત્તિ શબ્દ પ્રયોગ પણ થયેલ છે. માટે આ સર્વ સૂત્રોના અધ્યયન પ્રતિ અધ્યયન રૂપમાં પ્રયુક્ત વિભાગ દર્શક શબ્દ છે, એવું સમજવું જોઈએ.

**રચનાકાર ગણધર :** અંગ શાસ્ત્રોની રચના ગણધર પ્રભુ કરે છે. માટે આચારાંગ સૂત્ર ગણધર રચિત છે, વર્તમાનમાં ઉપલબ્ધ ૧૧ અંગ સૂત્ર સુધર્માસ્વામીના બનાવેલા માનવામાં આવે છે. પરંતુ પ્રારંભમાં આ શાસ્ત્ર નામ રહિત કેવલ ગણધર રચિત જ કહેવામાં આવે છે. દ્વાદશાંગી બધા ગણધર મળીને બનાવે છે.

કોઈપણ શાસનમાં ધર્મશાસ્ત્ર જુદા જુદા હોતા નથી. અર્થાત્ ૠષભદેવ ભગવાનના ૮૪ ગણધરોના ૮૪ આચારાંગ સૂત્ર ૮૪ સૂયગડાંગ સૂત્ર બને અને મહાવીર ભગવાનના ૧૧ ગણધરોના ૯ આચારાંગ ૯ સૂયગડાંગ સૂત્ર બન્યા. આવું કયારેય ન સમજવું જોઈએ અને કોઈ પણ ધર્મ સમુદાયોમાં વેદ,પુરાણ કે રામાયણ આદિ આમ જુદા-જુદા હોતા નથી એક જ હોય છે.

**દ્વાદશાંગી એક :** સાર એ છે કે એક તીર્થંકરના શાસનમાં એક જ આચારાંગ

સૂત્ર હોય છે અનેક નહીં. બધા ગણધરોને ગણધર લબ્ધિ હોય છે તે સર્વ મળી સર્વ સંમતિથી એક જ દ્વાદશાંગી બનાવે છે. માટે પ્રાચીન કાળમાં અંગશાસ્ત્ર ગણધર રચિત કહેવામાં આવતા હતા. વર્તમાનમાં આ શાસ્ત્ર સુધર્માસ્વામીની રચના છે તેવું કહેવામાં આવે છે. વાસ્તવમાં મૂળ જૈન આગમ નામ વિના સમુચ્ચ ગણધર રચિત છે. કારણ કે કોઈ એક ગણધરની રચના નથી, બધા ગણધરોએ સાથે મળીને કરેલી રચના છે. અને આ મૂળ શાસ્ત્ર બધા ગણધરોને માટે આત્મા આગમ પણ એટલા માટે છે કે સર્વને આ જ્ઞાન સ્વતઃ ઉત્પન્ન થાય છે. કોઈપણ ટ્રસ્ટ આદિના સંવિધાન બધા પ્રમુખ મળીને જ બનાવે છે. શ્રમણ સંઘના નિયમ વિધાન બધા પ્રમુખ સંત મળીને બનાવે છે. તે સંવિધાન એકલા આચાર્યના નથી કહી શકાતા, માટે દ્વાદશાંગી બધા ગણધરોની એક જ હોય છે અને તેને સામાન્યતઃ ગણધરોની રચના કહેવામાં આવે છે. વર્તમાનમાં અમુક દષ્ટિકોણથી કે ભ્રમથી સુધર્માની વાચના એમ પ્રચલિત થઈ ગયેલ છે.

**વ્યાખ્યાકાર અને પ્રકાશન :** આ સૂત્ર પર ઘણી વ્યાખ્યાઓ બની છે વર્તમાનમાં પ્રચલિત પ્રાચીન વ્યાખ્યા શીલાંકાચાર્યની મળે છે. તેના આધારે પછીના અનેક આચાર્યોએ જુદી-જુદી ભાષાઓમાં વ્યાખ્યાઓ કરી છે. શીલાંકાચાર્યની પહેલાં પણ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આ ત્રણ વ્યાખ્યાઓ થઈ છે. તે સર્વે આજે પ્રકાશિત મળે છે.

જિનદાસ મહત્તર ગણીએ આ સૂત્ર પર ચૂર્ણિ વ્યાખ્યા કરી છે તે પણ પ્રાકૃતમાં ગદ્યરૂપે છે. શ્રીમદ્ જયાચાર્યજીએ હિન્દી–રાજસ્થાની ભાષામાં પદ્યમય વ્યાખ્યા લખી છે. મુનિ સંતબાલજી એનો ગુજરાતી અનુવાદ કર્યો છે. તેરાપંથી આચાર્ય મહાપ્રજ્ઞજીએ આ સૂત્ર પર ભાષ્ય લખી તેનો હિન્દી અને અંગ્રજીમાં અનુવાદ પ્રકાશિત કરાવેલ છે.

આ ઉપરાંત શ્વે.સ્થાનકવાસી જૈન પરંપરામાં આચાર્યશ્રી અમલોક ઋષિજી મ.સા., આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા., આચાર્યશ્રી આત્મારામજી મ.સા., તથા આગમ પ્રકાશક સમિતિ બ્યાવર, સુધર્મપ્રચાર મંડળ બ્યાવરથી આ આગમનો હિન્દીમાં અનુવાદ વિવેચન પ્રકાશિત થયું છે. ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી અર્થ વિવેચન ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયા છે. આગમ મનીષી શ્રી તિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આ સૂત્રના આગમ સારાંશ તથા આગમ પ્રશ્નોત્તરી હિન્દી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયા છે. બીકાનેરથી





અગરચન્દ ભેરૂદાન સેઠીયા જૈન પારમાર્થિક સંસ્થા દ્વારા આ સૂત્રનો શબ્દાર્થ યુક્ત હિન્દી અનુવાદ પ્રકાશિત થયો છે.

**વિષય વસ્તુ :** આ સૂત્રના બે વિભાગ–શ્રુતસ્કંધ છે. પહેલા વિભાગમાં સાધુ માટે પ્રારંભિક ત્યાગ-વૈરાગ્યનો તથા આધ્યાત્મિક ભાવના વિકાસનો અને દઢ વિચારોથી તપ સંયમ સાધનામાં આગળને આગળ વધવાનો તથા તે સંબંધી સંસ્કારોને પુષ્ટ કરનારો ઉપદેશ છે. બીજા વિભાગમાં સાધુ જીવનમાં ઉપયોગી પ્રવૃત્તિ સંબંધી આચારના નિયમ બતાવવામાં આવ્યા છે. જેમ કે આહાર, મકાન, વિહાર, વસ્ત્ર, પાત્ર, ભાષા આદિ.

એના સિવાય બંને વિભાગોના અંતમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનનું પણ વર્ણન છે. પહેલાં શ્રુતસ્કંધના નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરની સંયમ સાધના કાળના બનાવોનું વર્ણન છે. બીજા શ્રુતસ્કંધના ૧૫મા અધ્યયનમાં ભગવાન મહાવીરના જન્મનું વર્ણન, પરિવાર વર્ણન તથા દીક્ષા વિધિનું વર્ણન આદિ છે.

## પ્રથમ શ્રુતસ્કંધનો પરિચય

| અધ્યયન | વિષય |
|---|---|
| ૧ શસ્ત્ર પરિજ્ઞા | આત્માનું સંસાર ભ્રમણ છઃકાયના જીવોનું , તેની હિંસા અને દયાનું વિવેક જ્ઞાન. |
| ૨ લોક વિજય | સંસારનું સ્વરૂપ અને તેનાથી વિરક્તિ. |
| ૩ શીતોષ્ણીય | અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિમાં અને કષ્ટોમાં સમભાવ રાખવો. |
| ૪ સમ્યક્ત્વ | શ્રધ્ધા અને અટલ આસ્થાની પ્રમુખતાનું વર્ણન છે. |
| ૫ લોક સાર | આરંભ-પરિગ્રહ સંસાર છે. તેનાથી મુક્ત થવું સંયમ છે. |
| ૬ ધૂત કર્મ | કર્મોનો ક્ષય કરવામાં પરાક્રમ કરવાનો ઉપદેશ છે. |
| ૭ મહા પરિજ્ઞા | આ અધ્યયન નથી. અનુપલબ્ધ છે. |
| ૮ વિમોક્ષ | શરીરથી અને સંસારથી મુક્ત થવાની સાધના સંથારો. |
| ૯ ઉપધાન | ભગવાન મહાવીરના તપ, સંયમ, પરીષહ, ઉપસર્ગ યુક્ત સાધનાનું વર્ણન છે. |

## દ્વિતીય શ્રુતસ્કંધનો પરિચય

| અધ્યયન | વિષય |
|---|---|
| ૧ પિંડેષણા | આહાર–પાણીની ગવેષણા આદિ. |
| ૨ શય્યૈષણા | મકાન, ઘાસ, પાટ, આદિની ગવેષણા અને ગ્રહણ કરવાની વિધિ. |
| ૩ ઈર્યા | વિહાર, ચાતુર્માસ, ગમનાગમન. |
| ૪ ભાષા | ભાષા સંબંધી વિધિ નિષેધ. |
| ૫ વસ્ત્રૈષણા | વસ્ત્રગ્રહણ, ગવેષણા ઉપયોગ. |
| ૬ પાત્રૈષણા | પાત્ર ગ્રહણ, ગવેષણા ઉપયોગ. |
| ૭ અવગ્રહ | મકાન, સ્થાન આદિની આજ્ઞા ગ્રહણ વિધિ. |
| ૮ સ્થાન | ઊભા રહેવું, કાર્યોત્સર્ગ કરવા સંબંધી |
| ૯ નિષદ્યા | બેસીને ધ્યાન, સ્વાધ્યાય કરવા સંબંધી. |
| ૧૦ ઉચ્ચારપાસવણ | પાંચમી સમિતિ સંબંધી વિધિ નિગ્રહ |
| ૧૧ શબ્દ | શ્રવણ વૃત્તિ નિષેધ, શ્રોત નિગ્રહ |
| ૧૨ રૂપ | ચક્ષુ ઈન્દ્રિય નિગ્રહ, રૂપ દર્શન નિષેધ |
| ૧૩ પરકિરિયા | ગૃહસ્થ દ્વારા શરીર પરિચર્યા નિષેધ |
| ૧૪ અન્યોન્ય ક્રિયા | સાધુ–સાધ્વી પરસ્પર પરિચર્યા નિષેધ. |
| ૧૫ ભાવના | ભગવાન મહાવીરના જીવનનો પરિચય, દીક્ષા, કેવળજ્ઞાન, પાંચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓ |
| ૧૬ વિમુક્તિ | મોક્ષ ઉપાય અને પ્રેરક ૧૨ ગાથાઓ. |

**આ સૂત્રના અન્ય નામોની વિચારણા :** નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં આ શાસ્ત્રોનો જે પરિચય મળે છે, તે અનુસાર તો આ સૂત્રનું એક જ નામ આચાર +અંગ= આચારાંગ સૂત્ર થાય છે. આમાં બે શ્રુતસ્કંધ છે. આ બંનેમાં અધ્યયન અને ઉદ્દેશ છે. અન્ય કોઈ નામ વિભાગની ચર્ચા નથી. તેથી મૌલિક રૂપથી શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશક આટલા જ વિભાગ કહ્યા છે, તે ધ્રુવ સત્ય છે.

કાલાંતરથી આ સૂત્રના નિશીથ–પ્રાયશ્ચિત્ત વિભાગ અધ્યયન, ઉદ્દેશાને અલગ સંપાદિત કરવામાં આવ્યા છે. તે પરિવર્તનના કારણે એના નામોના અનેક વિકલ્પ બન્યા છે, જે સમવાયાંગ સૂત્ર, નિશીથ સૂત્ર, વ્યવહાર સૂત્ર અને





વ્યાખ્યાગ્રંથોમાં ઉપલબ્ધ છે. જેમ કે– પ્રથમ શ્રુતસ્કંધનો 'નવ બંભચેર' નામ આગમમાં છે. અને એના સિવાય 'આયાર' (આયારો), આચારાગ્ર, આચારચૂલા, ચૂલિકા, પંચ ચૂલિકાખ્ય, આચાર પ્રકલ્પ આ નામો છે. આ બધા પરિવર્તન નૂતન સંપાદન લેખન યુગના ઉત્પન્ન નામ છે એવું સમજવું જોઈએ.

વાસ્તવમાં બીજા શ્રુતસ્કંધના પ્રાયશ્ચિત્ત વિધાનવાળા અધ્યયનનો સહિત ૧૯ અધ્યયન રહ્યા હતા. જે પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયન સહિત કુલ ૨૮ અધ્યયન = ૨૮ આચાર પ્રકલ્પ હતા. પ્રકલ્પ શબ્દનો વિભાગ કે અધ્યયન અર્થમાં પ્રયોગ થયો છે. ૨૮ આચાર પ્રકલ્પનું હોવું આવશ્યક સૂત્ર, ઉત્તરાધ્યન સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં નિર્દિષ્ટ છે. છેદ સૂત્રોમાં સંપૂર્ણ આચારાંગ સૂત્રને આચાર પ્રકલ્પ અધ્યયન કહેવામાં આવ્યું છે. આચારાંગ સૂત્રના મૌલિક ૨૮ અધ્યયન આ પ્રકારે હતાં–

| | | |
|---|---|---|
| પ્રથમ શ્રુતસ્કંધના | ૦૯ | અધ્યયન |
| દ્વિતીય શ્રુતસ્કંધના | ૧૪ | અધ્યયન ક્રમશઃ વર્તમાનમાં ઉપલબ્ધ છે. |
| અલગ કરેલા નિશીથના | ૦૫ | અધ્યયન– ગુઢમાસિક, લઘુમાસિક, ગુઢ ચૌમાસિક, લઘુચૌમાસિક, આરોપણા |

પ્રાયશ્ચિત્તના ૫ અધ્યયન અલગ કરતાં ૨૩ અધ્યયન અવશેષ રહે છે. તેની સાથે 'ભાવના' અને 'વિમુક્તિ' બે અધયયન સ્થાનાંગસૂત્ર કથિત **બંધદશા નામના સૂત્ર**માં ૭મું અને ૮મું અધ્યયન છે તેને અહીંયા રાખવાથી ૨૫ થઈ જાય છે. તો પણ કાલાંતરથી ગ્રંથોમાં આ બંને અધ્યયનોની બે ચૂલિકા કરીને મહાવિદેહ ક્ષેત્રથી લાવવાનું અને અહીંયા જોડી દેવાનું કથન કરી દેવાયું. પાછળથી પાંચ ચૂલિકા લાવવાની વાત ગ્રંથોમાં થઈ ગઈ છે. આ પ્રકારે આ બીજા શ્રુતસ્કંધના નામ અને વિભાગોમાં પરિવર્તન થતું રહ્યું છે અને પ્રાયશ્ચિત્ત વિભાગરૂપ અધ્યયનોને અલગ કરવા, જેનું મૂળ કારણ બન્યું છે.

### નવ અધ્યયનોનો સંક્ષિપ્ત સાર :–

**પ્રથમ અધ્યયન :–** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં સચુચ્ચય જીવ, કર્મ, સંસાર અને સંયમ તથા સાચા જ્ઞાનીનું કથન કરીને બીજાથી સાતમા સુધીના ૬ ઉદ્દેશકોમાં છકાય જીવોનું સ્વરૂપ, તેની હિંસા અને તેનું પરિણામ બતાવી હિંસા ત્યાગની પ્રેરણા અને તેનું પણ પરિણામ બતાવવામાં આવ્યું છે.

પ્રત્યેક(છ)ઉદ્દેશકના પ્રારંભમાં ત્યાગ,વૈરાગ્ય,સંયમ,પ્રેરણા અનાસક્તિ, સંસાર સ્વરૂપ, આસક્તિ, જીવદયા ભાવ આદિ ઉપદેશ કેટલાક વાક્યોમાં સ્વતંત્ર રૂપથી આપ્યા પછી પ્રાસંગિક ક્રમ મુજબ છકાય જીવોનો વિષય લેવામાં આવ્યો છે. પ્રત્યેક ઉદ્દેશાના અંતમાં વિરાધના(આરંભ)કરનારને વાસ્તવિક જ્ઞાતા માન્યા છે. આ શુદ્ધ નયદષ્ટિનું કથન કરીને ફરી ત્રણ કરણથી અર્થાત કરવું, કરાવવું, અનુમોદન કરવારૂપ હિંસાત્યાગના પ્રતિજ્ઞામય ઉપદેશ વાક્ય કહ્યા છે.

અંતમાં ફરી એક વાક્યથી બધા ઉદ્દેશામાં સર્વથા હિંસા ત્યાગીને પરિજ્ઞાતકર્મા અર્થાત્ કર્મોને સમજીને તેનાથી મુક્ત થવાવાળા કહ્યા છે. આ અંતિમ વાક્યમાં પૃથ્વી અને અગ્નિ આ બે માટે કર્મ અર્થાત્ વ્યાપારના ત્યાગી હોવાનું કહ્યું છે. શેષ પાણી આદિમાં તેના શસ્ત્રના ત્યાગી હોવાનું કહ્યું છે.

તાત્પર્ય એ છે કે પૃથ્વીને ખોદવી આદિ પૃથ્વી સંબંધી કાર્યનો ત્યાગ કરવાનું કહ્યું છે અને અગ્નિ સળગાવવી આદિ અગ્નિ સંબંધી કાર્યોના ત્યાગ કરવાનું કહ્યું છે જ્યારે પાણી, વનસ્પતિ અને ત્રસ આદિને કોઈ શસ્ત્રથી નહીં મારવાનું કહેવામાં આવ્યું છે. **जस्सेते पुढवि कम्म समारंभा परिण्णाया भवंति से हु मुणी परिण्णाय कम्मे ति बेमि । जस्सेते उदग सत्थ समारंभा.... जस्सेते अगणि कम्म समारंभा... जस्सेते वणस्सइ सत्थ समारंभा... जस्सेते तसकाय सत्थ समारंभा...**

સાતમા ઉદ્દેશકમાં વાયુકાયના વિષય સમાપ્તિના પછી ફરી છજ્જીવ નિકાયના નામથી સમુચ્ચય કથન કરવામાં આવ્યું છે. તેમાં પણ પ્રારંભમાં ઉપદેશ અને શિક્ષાની વાત કરેલ છે. જેમાં એ બતાવ્યું છે કે દીક્ષા લઈને પણ જે આચારમાં રમણ નહીં કરતાં સ્વચ્છંદાચારી બની જાય છે, તે અનેકવિધ આરંભમાં પડીને કર્મબંધ વધારે છે. આ જાણીને બુદ્ધિમાન સાધકે પાપ કાર્યનું સેવન ન કરવું જોઈએ. અંતમાં ફરીથી છ જીવનનિકાય હિંસાના ત્યાગીને પરિજ્ઞાત કર્મા તે પૂર્વના વાક્યથી કહેવામાં આવ્યા છે. સાર એ છે કે સાધક આત્માઓ તત્ત્વજ્ઞાની પણ બને અને પાપોના ત્યાગી પણ બને.

**બીજું અધ્યયન :–** આ અધ્યયનમાં છ ઉદ્દેશા છે. આ અધ્યયનના બે નામ પ્રતિ ફલિત થાય છે. (૧) લોક વિજય (૨) લોક વિચય.

**(૧)**સંસારની મોહમાયાને તથા પ્રાપ્ત શરીરની ક્ષણભંગુરતાને સમજવી. સ્વજન આદિ સ્વાર્થી છે, આ જાણીને મોહ સંસારથી ઉપર ઉઠીને, ઉદાસીન થઈને, વૈરાગ્ય





ભાવિત સંયમ જીવન સ્વીકાર કરીને સાધક સદાને માટે સંસાર ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે. આ પ્રકારે આ નામથી પરાક્રમ અને પુરૂષાર્થની પ્રેરણા મળે છે. **(૨)** વિચયનો અર્થ છે– ચિંતન, અન્વેષણ. આ અધ્યયનમાં વૈરાગ્ય તથા ધર્મધ્યાનના પ્રેરક ચિંતન ભરેલા પડ્યા છે. અનિત્ય, અશરણ, સંસાર આદિ ભાવનાઓને બળ આપ્યું છે. તેથી આ અધ્યયન આત્મચિંતન અને વૈરાગ્ય ચિંતન મૂલક હોવાથી એનું **લોક વિચય** નામ પણ ઘટિત થાય છે.

કષાયરૂપી ભાવલોકમાં મોહ, માનને જીતવાનું કથન છે અને વિષયરૂપી ભાવલોકમાં સ્ત્રીઓ અને વિષય સંગના કટુ વિપાક બતાવ્યા છે. પાંચ ઈન્દ્રિયના વિષયોને કામગુણ શબ્દથી કહેવામાં આવ્યા છે અને આ ગુણોને સંસારનું મૂળ કહ્યું છે. આ પ્રકારે વિષય અને કષાયરૂપ ભાવલોક પર વિજય પ્રાપ્ત કરવાની પ્રેરણા પણ આ અધ્યયનનો મુખ્ય ઘોષ છે.

**ત્રીજું અધ્યયન : શીતોષ્ણીય** આ અધ્યયનનું નામ છે. શીતથી અનુકૂળતાઓનું અને ઉષ્ણ શબ્દથી પ્રતિકૂળતાઓનું સૂચન છે. સંયમ જીવનમાં પ્રાપ્ત થવાવાળી સંસારી રુચિની આકર્ષક અને તેને વધારવાવાળી અનુકૂળતાઓ, શબ્દ આદિ ઈન્દ્રિય વિષયોના સંયોગો શીત પરિષહ છે. કષ્ટ, ઉપસર્ગ પ્રતિકૂળતાઓ એ ઉષ્ણ પરિષહ છે. આ બંને પ્રકારના સંયોગોમાં સંયમ ભાવોને સ્થિર રાખવા, આગળ વધારતા રહેવું; આ પ્રકારનો ઉપદેશ આ અધ્યયનમાં વધુમાં વધુ આપવામાં આવ્યો છે.

આ અધ્યયનમાં ચાર ઉદ્દેશા છે. **પહેલા ઉદ્દેશામાં**–સુતેલા કોણ અને જાગતા કોણ, આ વિષયથી અધ્યયનનો પ્રારંભ છે. પછી આદર્શ સાધુત્વના ગુણ સમભાવ પ્રેરણા; દુઃખ, જન્મ મરણ કેવા અને કોના ? તેનાથી મુક્તિ કોની ? પર્યવજાત શસ્ત્ર અને અશસ્ત્રનો સંબંધ, કર્મ જ સંસાર છે. તે કર્મોથી અને તે કર્મોની પાછળ રહેનારાં પાપ અને રાગ-દ્વેષથી મુકત થવાનો ઉપદેશ છે. **બીજા ઉદ્દેશામાં**– પાપકર્મોનું સંગ્રહ કોણ કરે, કોણ નહિ કરે, ધૈર્યની સાથે કર્મક્ષયની પ્રેરણા, સંસારી વૃત્તિઓને ચારણીમાં પાણી ભરવાની ઉપમા, હિંસાથી સ્ત્રીઓથી અને કષાયોથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપી અંતે મનુષ્યભવના અવસરને અહિંસક થઈ સફળ કરવાની પ્રેરણા કરવામાં આવી છે. **ત્રીજા ઉદ્દેશામાં**– અહિંસકતામાં અંતરમાનસનો ભાવ, સંયમની સાવધાની અને તેના લાભ, લૌકિક ભ્રમપૂર્ણ માન્યતા અને સાચી સમજ, સંયમમાં દઢતા, આત્મ નિગ્રહથી મુક્તિ

ઈત્યાદિ મુખ્ય વિષય છે. **ચોથા ઉદ્દેશામાં**–કષાય ત્યાગ અને પ્રમાદ ત્યાગ તથા તેનું ઉત્તમ પરિણામ બતાવ્યું છે.

**ચોથું અધ્યયન :–** આ અધ્યનનું નામ 'સમ્યક્ત્વ' છે. આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશાના પ્રારંભમાં ધર્મના વિષયમાં મૌલિક શ્રદ્ધા નિષ્ઠાની પ્રેરણા કરવામાં આવી છે અને શ્રદ્ધાનું સ્વરૂપ પણ બતાવ્યું છે. બીજા ઉદ્દેશામાં પણ પાછળના વર્ણનમાં શ્રદ્ધાનો વિષય છે. ઉદ્દેશાના અંતમાં અર્થાત્ આ અધ્યયનના અંતમાં વીતરાગ માર્ગની શ્રદ્ધા સાથે તેના પાલનનું પ્રતિજ્ઞા વચન કહેલ છે. આ પ્રકારે સમ્યક્ત્વની પ્રમુખતાથી આ અધ્યયનમાં ઉપદેશ વચન હોવાથી આના સમ્યક્ત્વ નામકરણની સાર્થકતા પ્રતીત થાય છે. આના ચાર ઉદ્દેશા છે.

**પ્રથમ ઉદ્દેશામાં :** તીર્થંકરોના અહિંસામૂલક ઉપદેશ, આ ધર્મની મહત્તા અને અપ્રમત્તભાવના આચરણની પ્રેરણા છે. **બીજા ઉદ્દેશામાં :** વિવેક બુદ્ધિથી આશ્રવ પ્રસંગોમાં પણ નિર્જરા, સંસાર રૂચિવાળાને દુઃખસ્થાનોનો અભ્યાસ–પરિચય, મિથ્યામતવાળાના હિંસામૂલક સિદ્ધાંતોનું ખંડન અને અહિંસાની સ્થાપના કરવામાં આવી છે. **ત્રીજા ઉદ્દેશામાં :** આત્મલક્ષ્યની મુખ્યતાની સાથે વૈરાગ્ય બુદ્ધિનો ઉપદેશ, શરીરના મોહત્યાગયુક્ત વીરતાથી કર્મક્ષયની પ્રેરણા અને અંતમાં કષાય અને પ્રતિકષાય ત્યાગની પ્રેરણા કરવામાં આવી છે. **ચોથા ઉદ્દેશામાં :** શરીરના અલક્ષ્યની અને કર્મક્ષયની ઉત્કટ પ્રેરણાથી ઉદ્દેશકનો પ્રારંભ છે. તે પછી કર્મોનો વિચાર, તેની સફળતા, અંતમાં વીતારગ માર્ગમાં ચાલવાની પ્રતિજ્ઞાનું કથન છે.

**પાંચમું અધ્યયન :** આ અધ્યયનનું નામ લોકસાર છે. અધ્યયનના આદિ શબ્દથી પણ નામકરણ થાય છે. એ અપેક્ષાથી આવંતિ પણ આનું નામ કહેવામાં આવ્યું છે, જે અર્થ પ્રમુખ નામ નથી.

આધ્યાત્મિક દષ્ટિથી અને લૌકિક દષ્ટિથી સંસારમાં સારભૂત પદાર્થ બે પ્રકારના છે. લૌકિક દષ્ટિમાં ધન, પરિવાર, સુખ સામગ્રીની ઉપલબ્ધિ, શરીર અને ભૌતિક શ્રેષ્ઠતમ પદાર્થોને સારભૂત સમજી શકાય છે. આધ્યાત્મિક દષ્ટિથી સારભૂત પદાર્થ–આત્મા, મોક્ષ, મોક્ષ પ્રાપ્તિના સાધનધર્મ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, કર્મક્ષયના વિવિધ ઉપાય, મોક્ષ પ્રાપ્તિમાં સમ્યગ પુરૂષાર્થ આદિ છે. આ બધા લોકમાં આત્માને માટે પરમ હિતકારી સાર તત્વ છે. એવા સર્વોત્તમ સાર તત્ત્વોનું આ અધ્યયનમાં વર્ણન હોવાથી આનું નામ 'લોકસાર' સાર્થક છે.

આ અધ્યયનમાં ૬ ઉદ્દેશા છે. તેમાં ક્રમશઃ મુખ્ય વર્ણન આ પ્રકારે છે–





**પ્રથમ ઉદ્દેશામાં :** સંસારી જીવોની પરિણતિ, ભોગાસકિત તેનું ક્રમિક પરિણામ, અબ્રહ્મચર્ય, અયોગ્ય એકાકી ભિક્ષુ ઈત્યાદિ વિષયોનું વર્ણન કરીને અંતમાં અજ્ઞાનવાદીનું કથન છે. **બીજા ઉદ્દેશામાં :** અમૂલ્ય અવસર માનવદેહ, સમ્યક્ પર્યાય, શરીર સ્વભાવ, પરિગ્રહ, બ્રહ્મચર્ય અને પરિણામોથી બંધ તથા મુક્તિનો સંકેત કરીને અંતમાં અપ્રમત્ત સાધનાની પ્રેરણા આપવામાં આવી છે. **ત્રીજા ઉદ્દેશકમાં :** અપરિગ્રહી સંયમી અને તેની ત્રિવિધ અવસ્થા, ઈન્દ્રિય વિષય આસક્તિ અને પાપ સેવનથી સંયમચ્યુત થવું, આતમયુદ્ધ, સમ્યક સંયમ પાલન પ્રેરણા, અંતમાં વાસ્તવિક મુક્ત, વિરતનું કથન છે. **ચોથા ઉદ્દેશકમાં :** અપરિપક્વ મુનિને એકાકી ચર્યા નિષેધ અને ગુઢ સાનિધ્યની પ્રેરણા, સ્ત્રી પરીષહ તથા બ્રહ્મચર્ય સમાધિ માટે ઉપાયરૂપ શિક્ષાવચન કહેવામાં આવ્યા છે. **પાંચમા ઉદ્દેશકમાં :** મહર્ષિને દ્રહની ઉપમા, સમ્યક્ત્વની વિશુદ્ધિ. સંયમ વિચારોમાં સમ્યક્-અસમ્યક્ વિવિધ પરિણતિ, અહિંસક ભાવની સમજાવટ અને છેલ્લે આત્મવાદી આત્મજ્ઞાનીનું કથન છે. **છટ્ઠા ઉદ્દેશકમાં :** અનાજ્ઞાથી આજ્ઞામાં, અન્યમતથી સ્વમતમાં સ્થિર રહેવાની પ્રેરણા, આગમાનુસાર સંયમ પરાક્રમ પ્રેરણા, સંસાર સ્ત્રોત અને તેનાથી મુક્તિ, અંતમાં સિદ્ધાત્માના અનેક લક્ષણ પરિચય કહ્યા છે.

**છટ્ઠું અધ્યયન :–** આ અધ્યયનનું નામ **ધૂય** અથવા **ધૂત** છે. આ શબ્દનો અર્થ થાય છે–ધુણવું, ખંખેરવું. અહીંયા આત્માથી કર્મોને હટાવીને અલગ કરવાના પુરૂષાર્થ રૂપે આ શબ્દનો પ્રયોગ થયો છે. **धूयते अष्ट प्रकारं कर्म येन तद् धूतम्–संयमानुष्ठानं** । આ પ્રકારે સંયમઅર્થમાં પણ આ **ધૂત** શબ્દનો પ્રયોગ થયો છે. અર્થાત્ કર્મક્ષય કરવાના જે પણ માર્ગ છે તે ત્યાગ પ્રત્યાખ્યાન, તપ, સંયમ, સાધનાઓ છે. એ બધાને **ધૂત** શબ્દથી ગ્રહણ કરી શકાય છે.

આ અધ્યયનમાં ત્યાગની પ્રેરણા તથા વૈરાગ્ય ભાવોની વૃદ્ધિની સાથે સંયમ ગ્રહણ કરી કર્મક્ષય કરવાનો ઉપદેશ જ પ્રમુખ છે. તેથી **ધૂત** આ અધ્યયનનું સાર્થક નામ કહેવામાં આવ્યું છે.

આ અધ્યનમાં પાંચ ઉદ્દેશા છે. તેમાં ઉપદેશ વર્ણના આ પ્રકારે છે–
**પહેલા ઉદ્દેશામાં :** ધર્મોપદેશ સાંભળી ત્યાગી બનવાવાળાનું અને સંસારમાં રહીને અનેક રોગાતંક પ્રાપ્ત કરી દુઃખી થવાવાળાનું વર્ણન છે. એના સિવાય સંયમ ગ્રહણ કરવાનો અને કોઈના દ્વારા વિચલિત કરવા પર પણ સ્થિર રહેવાનો

ઉપદેશ છે. **બીજા ઉદ્દેશામાં :** સંયમ ગ્રહણ કર્યા પછી કામભોગોની ચાહના કરનાર સંયમપતિતોનું અને સાથે જ સંયમમાં દઢ રહીને કષ્ટ, ઉપસર્ગોને સહન કરનારા સફળ સાધકોનું વિસ્તૃત વર્ણન છે. અંતમાં એકલ વિહારચર્યાથી પણ ઉત્તમ આરાધના કરનારા પ્રશસ્ત સાધકોનું સૂચન કરવામાં આવ્યું છે. **ત્રીજા ઉદ્દેશામાં:** સંયમ સાધનામાં પણ અચેલ સાધનાનું મહાત્મ્ય બતાવવામાં આવ્યું છે. દીર્ઘ સંયમીની સાધનાની વિશેષતા બતાવીને પ્રતિ કર્તવ્ય બતાવવામાં આવ્યું છે. **ચોથા ઉદ્દશામાં :** ગુઢ દ્વારા પોતાનું કર્તવ્ય પાલન કરવા છતાં પણ શિષ્યની અવિનીતતા ઉદ્દંડતા અને સંયમથી અધઃપતનના વિવિધ પ્રકારોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. અંતે પંડિત સાધકોને આગમાનુસાર જ ચાલવાની હિતશિક્ષા આપવામાં આવી છે. **પાંચમા ઉદ્દેશામાં :** સંયમીની સહનશીલતાનું કથન કરી ઉપદેશ દેવાની વિધિ અને વિષયોનો નિર્દેશ કરેલ છે. પછી સંયમમાં દઢ રહેવાનું, કષાય મુક્તિનું અને અંતમાં શરીરનું મમત્વ ત્યાગી પાદપોપગમન પંડિત મરણ પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે.

## સાતમું અધ્યયન નથી.

**આઠમું અધ્યયન :–** આ અધ્યયનનું નામ 'વિમોક્ષ' છે. તેમાં અન્ય અનેક સાધનાનું વર્ણન હોવા છતા પણ જીવનની અંતિમ સાધનાનું વર્ણન મુખ્ય છે. પાછળના ચાર ઉદ્દેશાના અંતમાં સંલેખના સંથારો તેમજ અંતિમ આરાધનાનું, કર્મ વિમુક્તિનું વર્ણન છે. જેમાં **પાંચમા ઉદ્દેશામાં :** ભક્ત પ્રત્યાખ્યાન અનશનનું, **છઠ્ઠા ઉદ્દેશામાં :** ઈંગિતમરણ અનશનનું અને **સાતમા ઉદ્દેશામાં :** પાદપોપગમન અનશનનું વર્ણન કરી તેને વિમોક્ષાયતન કહેલ છે. **આઠમા ઉદ્દેશામાં :** પૂર્ણતઃ ત્રણેય અનશન અને તેની પૂર્વની સંલેખના સાધનાનું જ વર્ણન છે. અન્ય કોઈ વર્ણન નથી. આ પ્રકારે વિમોક્ષના આયતન સ્થાનોના વર્ણનની મુખ્યતા હોવાથી 'વિમોક્ષ' નામ પૂર્ણ સાર્થક છે.

આ અધ્યયનમાં કુલ આઠ ઉદ્દેશા છે. તેમાં મુખ્ય વર્ણન આ પ્રકારે છે. **પ્રથમ ઉદ્દેશકમાં :** સમનોજ્ઞ સમાચારીવાળા સાધુઓની અસમનોજ્ઞ સમાચારી વાળા અને અન્યતીર્થિક સાધુની સાથે આહારની લેણ-દેણ,અન્યતીર્થિકોની પ્રરૂપણાનું જ્ઞાન, જિનમતનો અહિંસક આચાર. **બીજા ઉદ્દેશકમાં :** આહાર, વસ્ત્ર આદિનું નિમંત્રણ અને ગવેષણા તથા તે નિમિત્તે વધપરીષહ. તથા સમનોજ્ઞ, અસમનોજ્ઞ જૈન શ્રમણની સાથે આહાર આદિ વ્યવહાર. **ત્રીજા ઉદ્દેશકમાં :** યુવાનીમાં દીક્ષિત સાધુની વિકટ સાધના, લોકોનો ભ્રમ અને તેનું નિવારણ તેમજ સાવધાનીથી સંયમ સમાચારી પાલન, **ચોથા ઉદ્દેશકમાં :** આઠ માસને માટે ત્રણ વસ્ત્ર(પછેડી)ની પ્રતિજ્ઞા ધારણ કરવાવાળાની સાધના તથા અંતમાં બ્રહ્મચર્ય ભંગ ન કરવાને માટે વેહાયસમરણ(ગળે ફાંસા) નો સંકેત અને આરાધના. **પાંચમા ઉદ્દેશકમાં :** બે વસ્ત્રની પ્રતિજ્ઞા, નિર્બળતામાં પણ સામે લાવીને અપાતા આહારાદિ કાંઈપણ ગ્રહન ન કરવાની દઢતા, વૈયાવૃત્ય સંબંધી પ્રતિજ્ઞા–પડિમાની ચૌભંગી, અંતમાં અસ્પષ્ટ ભકત પ્રત્યાખ્યાનનો સંકેત, પરંતુ તેની આરાધનાનું સ્પષ્ટ કથન છે. **છઠ્ઠા ઉદ્દેશકમાં :** એક વસ્ત્રની આઠ માસની પ્રતિજ્ઞાનું વર્ણન, અનાસક્ત ભાવથી આહાર કરવાની વિધિનો નિર્દેશ, અંતમાં ઈંગિનીમરણ અનશનનું વર્ણન છે. **સાતમા ઉદ્દેશકમાં :** આઠ માસ નિર્વસ્ત્ર રહેવાની પ્રતિજ્ઞા અથવા કટિબંધન(ચોલપટ્ટક)માત્ર ધારણ, આહાર આદાન પ્રદાન સંબંધી પ્રતિજ્ઞા અને ચૌભંગી, અંતમાં પાદપોપગમન સંથારાનું વર્ણન છે. **આઠમા ઉદ્દેશકમાં :** ત્રણ પ્રકારના પંડિતમરણ સંથારાનું પદ્યાત્મક વર્ણન છે.

**નવમું અધ્યયન :–** આ અધ્યયનનું નામ 'ઉપધાનશ્રુત' છે. તેમાં ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થ અવસ્થાના સંયમ પર્યાયમાં આચરિત વિવિધ સાધનાઓ, તપ ઉપસર્ગ આદિનું કંઈક સંકલન અને દિગ્દર્શન છે. સંપૂર્ણ અધ્યયન ગાથામય–પદ્યમય છે. આ અધ્યયનના ૪ ઉદ્દેશામાં ભગવાન મહાવીર સ્વામીનું સંયમ જીવન વર્ણન આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશકમાં :** સંયમ ગ્રહણના પહેલાંનું આચરણ, સંયમગ્રહણ પછીની સાધનાનો અને ધર્મસંબંધી સિદ્ધાંત,સમિતિ,ગુપ્તિની પાલન વિધિઓ, દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરવાનો અને તેનો ત્યાગ કરવાનું વર્ણન છે. **બીજા ઉદ્દેશકમાં :** સંયમના વિચરણકાળમાં નિવાસ કરવા માટે મકાનો-શય્યાઓનું, તેમાં આવનારા કષ્ટ ઉપસર્ગોનું અને ભગવાનની સહશીલતાનું વર્ણન છે. **ત્રીજા ઉદ્દેશકમાં :** અનાર્યક્ષેત્રમાં વિચરણનું, અનાર્ય લોકો દ્વારા કરેલા ઘોર એટલે રૂવાડા ઉભા થઈ જાય તેવા ઉપસર્ગોનું અને અંતે ભગવાનની શૂરવીરતાનું વર્ણન છે. **ચોથા ઉદ્દેશકમાં :** ભગવાનની અનશન, ઉણોદરી, રસ પરિત્યાગ આદિ તપસ્યાઓનું, ગોચરીની ગવેષણા વિધિઓનું, ધ્યાન કરવાનું અને અપ્રમાદનું એટલે દોષસેવન નહીં કરવાનું વર્ણન છે.

## સૂયગડાંગ સૂત્ર ૨

ઉપલબ્ધ ૧૧ અંગોમાં આ સૂત્ર બીજું અંગસૂત્ર છે. તેનું પ્રાકૃત નામ સૂયગડાંગ સૂત્ર છે. પ્રચલિત ભાષામાં તેને સૂત્રકૃતાંગ સૂત્ર કહેવામાં આવે છે.

આ સૂત્રના મુખ્ય બે વિભાગ છે જેને બે શ્રુતસ્કંધ કહે છે. તેમાં સોળ અધ્યયન છે. જેમાં પ્રથમના પાંચ અધ્યયન સુધી ઉદ્દેશક રૂપ પ્રતિવિભાગ છે. આગળના અધ્યયનોમાં પ્રતિવિભાગ નથી. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે. તેમા પણ કોઈ પ્રતિવિભાગ નથી.

**રચનાકાર ગણધર :** ઉપલબ્ધ ૧૧ અંગસૂત્રોની રચના ગણધર કરે છે. જેમ લોકસભા, વિધાનસભા અથવા કોઈ ટ્રસ્ટ આદિના કાયદા સર્વ મંત્રીગણ, પ્રમુખ લોકો અથવા ટ્રસ્ટીગણ મળીને કરે છે. કોઈ એક પ્રમુખના નિર્ણયમાં બધા સહમત થઈ જાય છે. તે પ્રમાણે તીર્થંકરની પ્રથમ દેશનામાં બુદ્ધિમાન આત્માઓમાંથી કેટલાક ગણધર લબ્ધિ યુક્ત શિષ્ય હોય છે. તે સર્વ ગણધરોને પૂર્વભવિક દ્વાદશાંગીનું જ્ઞાન સ્મૃતિમાં આવી જાય છે. તેના આધારથી તે પોતાના શાસન યોગ્ય દ્વાદશાંગીનું સંપાદન ગુંથન પ્રભુની આજ્ઞાથી કરીને શિષ્યોને શિખવાડવાનો પ્રારંભ કરી દે છે. આ પ્રકારે ૧૨ અંગ ગણધર રચિત કહેવાય છે. તે ગણધર પોતાના નામ શાસ્ત્રોમાં નાંખતા નથી અને ગૌતમની દ્વાદશાંગી અથવા સુધર્મા સ્વામીની દ્વાદશાંગી એવો ભેદ પણ તેઓ પાડતા નથી. કારણ કે એક સાથે રહેવું અને પોત પોતાની દ્વાદશાંગી જુદી કરે તો ૧૦–૨૦ વર્ષમાં તે અનેક ગણધર મોક્ષ ચાલ્યા જાય તો તેની દ્વાદશાંગી નષ્ટ થઈ જાય અને ભગવાન મહાવીરના શાસનમાં ૩૦ વર્ષ પછી આઠ દ્વાદશાંગીને નામંજુર કરી સુધર્માસ્વામીની દ્વાદશાંગી જ ચલાવવાની કલ્પના કરવી આ સર્વ અસંગત કલ્પના માત્ર છે.

આજે જે પણ સુધર્મા, જંબૂ, ગૌતમ આદિના નામ આગમમાં મળે છે તે સર્વે શરૂઆતના સમયમાં ન હતા અને સુધર્મા સ્વામીના સમયમાં પણ ન હતા. કારણ કે સુધર્માસ્વામી શાસ્ત્રોમાં પોતાનું અને પોતાના એક જ શિષ્યનું નામ શા માટે નાખે ? તે નામોની ઉપલબ્ધિઓ શાસ્ત્રમાં પછીની વાચનાઓ, સંકલન, લેખન, સંપાદનના સમયની છે, તેમ સમજવું ઉચિત છે.

**દ્વાદશાંગી એક અથવા અનેક :** વળી સમજવાની વાત એ છે કે સુધર્માસ્વામીના ૫૦૦ શિષ્યો તેની દ્વાદશાંગી શીખે. શેષ હજારો સાધુ અન્ય દ્વાદશાંગી(આઠ પ્રકારની) શીખે. ફરી ૩૦ વર્ષ પછી પાછા બધાને સુધર્માની દ્વાદશાંગીમાં ભળવું





પડે, આ તો શિષ્યોની જ્ઞાનની, મહેનતની અને આગમોની એક પ્રકારની રમત કહેવાશે. એક જ સ્કૂલના એક જ ધોરણના અ–બ–સ–દ ચાર વિભાગ રૂપ મહાવીર શાસનના વિદ્યાર્થીઓના આ ૯ શ્રમણગણ હોય છે. મહાવિદેહ ક્ષેત્રની અલગ અલગ વિજયમાં ભિન્નતા હોય તો કોઈ વાત નહિં પરંતુ એક જ તીર્થંકર પ્રભુની નિશ્રામાં એક જ મકાનમાં બેસી ભણનારા અને સ્વાધ્યાય, ચર્ચા કરનારાઓના મૌલિક શાસ્ત્ર જ જુદા જુદા પ્રકારના હોય તે ઉચિત કહેવાય નહિં. એવી ધારણા પરંપરા ક્યારે ય પણ ચાલી હોય પરંતુ ને ઘણી ખોટી કલ્પના છે.

સાર એ છે કે એક તીર્થંકરને જેટલા ૧૦–૨૦ કે ૧૦૦ ગણધર હોય તે બધા મળીને એક દ્વાદશાંગીનું પોતાને પ્રાપ્ત શ્રુતજ્ઞાનના આધારથી ભગવદ્ આજ્ઞાથી સંપાદન ગુંથન પોતાના શાસનને યોગ્ય કરી લે છે. પછી અલગ અલગ મંડલમાં શિષ્યોને એક જ પ્રકારની દ્વાદશાંગી શીખવવામાં આવે છે. ત્યારે જ તે બધા મળીને પરસ્પર કંઠસ્થ સ્વાધ્યાયને ક્યારે ય પણ સાંભળી સમજી શકે છે. ૧૦–૨૦ કે ૩૦–૪૦ વર્ષ પછી તેને બીજી દ્વાદશાંગીવાળાથી ટકરાવાની જરૂરત નથી પડતી. આચારાંગ સૂત્ર કંઠસ્થ છે. તો કોઈ પણ ગણધરના વિદ્યાર્થી, અન્ય બીજા ગણધરના વિદ્યાર્થીઓની સાથે સ્વાધ્યાય કરવા, સાંભળવા કે પ્રમાણ આપવા બેસી જાય તો કોઈને કોઈ મૂંઝવણ ઉત્પન્ન થતી નથી. નહિતર એક કહેશે કે ભગવતી સૂત્ર તે શતક, તે ઉદ્દેશકમાં આ વાત કરી છે. બીજા કહેશે તે ખોટી છે. તે વાત તો બીજી જગ્યાએ આવેલી છે, ઈત્યાદિ.

**વ્યાખ્યા અને પ્રકાશન :** આ સૂત્ર પર ઉપલબ્ધ પ્રાચીન વ્યાખ્યા શીલાંકાચાર્યની છે. પૂર્વે આ સૂત્ર પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિરૂપ વ્યાખ્યાઓ બનાવેલી હતી. તેનો જ આધાર લઈને આચાર્ય શીલાંકે સંસ્કૃત ટીકા બનાવી. બીજી પણ વ્યાખ્યા અપૂર્ણ–પૂર્ણ બની હશે. પરંતુ તે ઉપલબ્ધ નથી. નિર્યુક્તિ, ભાષ્ય પણ આજે સ્વતંત્ર ઉપલબ્ધ નથી. જિનદાસગણીની ચૂર્ણિ સ્વતંત્ર ઉપલબ્ધ છે. શીલાંકાચાર્યના પછી અનેક વિદ્વાનોએ સૂયગડાંગ પર વ્યાખ્યાઓ કરી છે જે હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત વગેરે ભાષાઓમા ઉપલબ્ધ છે. એના સિવાય શ્વેતાંબર સ્થાનકવાસી જૈન પરંપરામાં આચાર્યશ્રી અમલોકઋષિજી મ.સા., આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા., આચાર્યશ્રી આત્મારામજી મ.સા., તથા આગમ પ્રકાશક સમિતિ બ્યાવર, સુધર્મપ્રચાર મંડળથી આ આગમનો હિન્દીમાં અનુવાદ વિવેચન પ્રકાશિત થયું છે. ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી અર્થ વિવેચન ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયા છે. આગમ મનીષી શ્રી તિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત

આગમ સારાંશ તથા આગમ પ્રશ્નોતર હિન્દી અને ગુજરાતી ભાષામાં આ સૂત્રના પ્રકાશિત થયા છે.

**સૂત્ર વિષય :** આ સૂત્રના બે વિભાગ છે. પ્રથમ વિભાગરૂપ પ્રથમ શ્રુતસ્કંધના ૧–૨ અધ્યયનમાં મતમતાંતરોની ચર્ચાની સાથે સ્વમત અને સાધુના આચારનું કથન છે. ચૌથા અધ્યયનમાં સ્ત્રી પરીષહ સંબંધી તથા પાંચમાં અધ્યયનમાં નરકના દુઃખોનું વર્ણન છે, અને છટ્ઠા અધયયનમાં ભગવાન મહાવીરની સ્તુતિની સાથે સાધ્વાચારનું કંઈક કથન છે. બીજા બધા અધ્યયનોમાં પ્રાયઃ સાધ્વાચાર અને ઉપદેશ છે. બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનોમાં સ્વતંત્ર વિષય છે. જેમાં તત્વ ચર્ચા, સાધ્વાચાર, ઉપદેશ અને મતમતાંતરના વિષય છે.

પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) સમય (૨) વેતાલીય (૩) ઉપસર્ગ (૪) સ્ત્રી પરિજ્ઞા (૫) નરક વિભકિત (૬) વીરસ્તુતિ (૭) કુશીલ પરિભાષિત (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ (૧૫) યમતીત–અદાનીય (૧૬) ગાથા.

**બીજા શ્રુતસ્કંધના ૭ અધ્યયનો નામ અને વિષય આ પ્રકારે છે–**

| ક્રમ | નામ | વિષય |
|---|---|---|
| ૧ | પુંડરીકકમળ | કમળ પ્રાપ્તિના ઈચ્છુક પાંચ પુઢષોની ઉપમાથી ચાર મતાંતર તથા જિનમતના શ્રમણ. |
| ૨ | ક્રિયાસ્થાન | ૧૩ ક્રિયાસ્થાન અને ધર્મ–અધર્મ પક્ષનું સ્વરૂપ |
| ૩ | આહાર પરિજ્ઞા | સમસ્ત જીવોના આહાર વિષયક વિવિધ વિચારણા |
| ૪ | પ્રત્યાખ્યાનક્રિયા | અપ્રત્યાખ્યાની જીવોનું સ્વરૂપ એવં પ્રત્યાખ્યાન માહાત્મય |
| ૫ | અનાચારશ્રુત | અનાચમરણીય–શ્રધ્ધા, પ્રરૂપણા અને પ્રવૃતિઓ |
| ૬ | આર્દ્રકીય | અનાર્યક્ષેત્રીય આર્દ્રકુમારની દીક્ષા અને અન્ય તીર્થિક સંવાદ |
| ૭ | ઉદક–પેઢાલપુત્ર | નાલંદામાં ગૌતમસ્વામી અને ઉદકપેઢાલપુત્ર પાર્શ્વ સ્થાવિરની ધર્મ ચર્ચા. |

## અધ્યયનનો સંક્ષિપ્ત સાર :–

**અધ્યયન–૧ :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે. આ અધ્યયનનું નામ **સમય** છે. આ શબ્દના અનેક અર્થ છે. પરંતુ અહીંયા ભાવાત્મક અર્થ છે– સિદ્ધાંત. નામ અનુસાર જ આ અધ્યયનમાં સ્વસિદ્ધાંત અને અન્ય મતમતાંતરોના સિદ્ધાંતોનું કથન કરવામાં આવ્યું છે, માટે તેનું **સમય** એ સાર્થક નામ છે.

હું કોણ છું ? મનુષ્ય કેમ બન્યો છું ? હું શુદ્ધ આત્મા છું. કર્મ સંબંધથી





સંસારમાં રૂપ પરિવર્તન કરતો મનુષ્ય થયો છું. આત્મા કર્મબંધનોમાં કેમ પડે છે, કર્મોનો કર્તા કોણ છે, આ કર્મોનું સ્વરૂપ શું છે, એને કોણ તોડી શકે છે ? સંસારમાં કર્મબંધનનું મુખ્ય કારણ હિંસા અને પરિગ્રહ છે. સાથે જ પારિવારિક મોહ સંબંધ પણ સંસારનો મુખ્ય હેતુ છે. પ્રાણીઓની હિંસા કરવાથી કે દુઃખ દેવાથી આત્મામાં વૈરની વૃદ્ધિ થાય છે. મમત્વભાવ યુક્ત પદાર્થોનો સંગ્રહ કરવો પરિગ્રહ કહેવાય છે અને પારિવારિક લોકોમાં અત્યંત મોહ-મૂર્છા આસક્તિ દુઃખ હેતુક છે. આ પ્રકારે આત્મ સ્વરૂપ, કર્મસ્વરૂપ તથા બંધ અને મુક્ત થવાનું સ્વરૂપ તેમજ કર્મબંધનના મુખ્ય અને અન્ય બધા હેતુઓ(કારણો) ને જાણવા જોઈએ. આ બંધના હેતુઓનો સર્વથા કે આંશિક ત્યાગ કરવો જ મુક્તિની સાધના છે. આ સ્વસિદ્ધાંત છે. આને સમજ્યા વિના બીજા અલગ-અલગ સિદ્ધાંતોમાં ફસાઈને પ્રાણી આરંભ પરિગ્રહમાં કે કામભોગોમાં આસક્ત રહે છે.

મૂળપાઠમાં મુખ્યતા અને સંક્ષિપ્તતાથી કથન કરવામાં આવ્યું છે. વિસ્તારની અપેક્ષાએ અસત્ય, ચોરી, કુશીલ આદિ બધા પાપો અને સ્થાનોને સમજી લેવા જોઈએ.

સાતમી ગાથાથી અઢારમી ગાથા સુધી આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં ૬ પ્રકારના સિદ્ધાંત–મત મતાંતર બતાવ્યા છે, તે આ છે– (૧)પાંચ મહાભૂતવાદ (૨)એકાત્મવાદ(૩)તજ્જીવ–તત્શરીરવાદ(૪)અકારકવાદ (૫)આત્મષષ્ટવાદ (૬)ક્ષણિકવાદ–એના બે રૂપ છે. ૧, પંચ સ્કંધવાદ ૨, ચાર ધાતુવાદ એના સિવાય (૭)નિયતિવાદ (૮)અજ્ઞાનવાદ (૯)કર્મોપચયનિષેધવાદ(ક્રિયાવાદી) (૧૦) જગતકર્તૃત્વવાદ (૧૧) અવતારવાદ (૧૨) લોકવાદ વગેરે સંબંધી સંકેત પણ છે.

આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશકમાં આધાકર્મ દોષના આંશિક મિશ્રણથી દૂષિત પૂતિકર્મ આહાર સેવનથી સંયમ દૂષિત હોવાનું કથન કરવામાં આવ્યું છે. ચતુર્થ ઉદ્દેશકના અંતમાં અહિંસાધર્મ અને ચારિત્ર શુદ્ધિ તેમજ આહાર આદિની વિશુદ્ધિ તથા કષાયત્યાગ પ્રેરણાત્મક મોક્ષમાર્ગનું કથન કરવામાં આવ્યું છે.

**અધ્યયન–૨ :** આ અધ્યયનના ત્રણ ઉદ્દેશક છે. તેમાં મુખ્ય વિષય કર્મક્ષય કરવાનું અર્થાત્ કર્મ વિદારણનું છે. એના સંદર્ભમાં વૈરાગ્યપ્રદ ઉપદેશ, સંયમ આરાધના હેતુ હિતશિક્ષાઓ, કષાય વિજય, પરિષહ જય, કષ્ટ સહિષ્ણુતા આદિ વિષય ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતમાં અજ્ઞાની જીવોની દશા બતાવીને મુક્તિ સાધનાની પ્રેરણા આપવામાં આવી છે. આ પ્રકારે કર્મ વિદારણનો ઉપદેશ હોવાથી આ અધ્યયનનું વૈતાલીય નામ સાર્થક છે.

**આ અધ્યયનનો વૈરાગ્યપ્રદ ઉપદેશ :** (૧) વિતેલી રાત્રિઓ પાછી આવતી નથી. (૨) મનુષ્ય જીવન ફરી મેળવું મુશ્કેલ છે દુર્લભ છે. (૩) પ્રાણી સ્વયં કર્મ બાંધે છે. તો તેનું ફળ તેને જ ભોગવવું પડે છે. (૪) ગર્ભથી લઈને વૃદ્ધાવસ્થા સુધીની બધી અવસ્થાઓમાં આયુષ્ય સમાપ્ત થવાથી જીવ મરી જાય છે. એટલે કે મૃત્યુનો કોઈ સમય નથી. (૫) પરિવારનો મોહ રાખવાથી સદ્‌ગતિ મળતી નથી. (૬) દેવ, દાનવ, રાજા, શેઠ, પશુ, કીડા બધા આયુષ્ય પૂર્ણ કરી દુઃખી થઈને પણ પોતાના સ્થાનને છોડે જ છે. (૭) વિપુલ ભોગ સામગ્રી અને પરિવાર છે, તો પણ જીવને એકલાને જ કર્મોની સાથે જવું પડે છે. (૮) મનુષ્ય જીવન નાશવંત છે. આ જાણીને હે પુરૂષ ! પાપ કર્મોનો ત્યાગ કર. (૯) આ જીવન વધારી શકાતું નથી તો પણ અજ્ઞાની પ્રાણી વર્તમાનને જ જુએ છે અને કહે છે કે પરભવ કોણે જોયો છે ? (૧૦) ગૃહસ્થ જીવનમાં પણ પ્રાણીઓનો સંયમ કરે, સમતાભાવમાં રહીને વ્રતોનું આરાધન કરે, તો તે વ્યક્તિ દેવગતિમાં જાય છે. (૧૧) ધન-પરિવારને બાલઅજ્ઞાની જીવ શરણભૂત માને છે. પંરતુ દુઃખ અથવા મરણ આવતાં એકલાએ જ ભોગવવું પડે છે. (૧૨) સંસારમાં પ્રાણી પોતપોતાના કરેલા કર્મોના ફળથી વ્યક્ત અથવા અવ્યક્ત દુઃખોથી દુઃખી થઈને ભટકતા રહે છે. (૧૩) આ મનુષ્યભવના અવસરને સમજો. બીજે કયાંય આવી બોધિ અને આરાધના દુઃશક્ય છે. ગૃહસ્થ જીવન ચલાવવું આ લોકમાં પણ દુષ્કર છે અને પરભવમાં પણ દુઃખકારક છે, આ સમજીને કોણ ઘરમાં રહેશે ?

**અધ્યયન–૩ :** આ અધ્યયનમાં **ચાર** ઉદ્દેશક છે. તેમાં વિવિધ પ્રકારના ઉપસર્ગોમાં સુરક્ષિત રહેવાનો ઉપદેશ છે. ઉપસર્ગ પ્રતિકૂળ–કષ્ટદાયક પણ હોય છે અને સંયમ સંબંધી પરીષહરૂપ પણ હોય છે. મોહજનિત પણ કહેવામાં આવ્યા છે. તેમજ અન્યતીર્થકો દ્વારા આવનારા આચાર-વિચાર સંબંધી પણ છે. ઉપસર્ગોનું જ્ઞાન અને તેનાથી સાવધાનીનું વર્ણન હોવાથી આ અધ્યયનનું **ઉપસર્ગ પરિજ્ઞા** નામ પણ સાર્થક છે. શાસ્ત્રકાર કહે છે કે અનેક કષ્ટ, પરીષહ સંયમમાં આવે છે. એના માટે યોગ્ય ધૈર્ય સાધીને દીક્ષા લેવી જોઈએ. નહિતર જે કાયર સાધક હોય છે, તે સંયમના કષ્ટોમાં ગભરાઈને ફરી ઘરે ચાલ્યા જાય છે. કેમ કે બાણોના પ્રહારોથી ગભરાયેલો હાથી રણ મેદાન છોડીને ભાગી જાય છે. પરંતુ પરિપક્વ અને વીર સાધક સંયમમાં ટકી રહે છે.

**અધ્યયન–૪ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે. બંનેમાં સ્ત્રી સંબંધી વર્ણન છે. જેમાં સ્ત્રીઓ કેવા આચરણોથી સાધુને ફોસલાવી શકે છે ? સ્ત્રીના ફંદામાં પડી





જનારની શું શું દશા થાય છે ? આ બતાવવાની સાથે સાધુને સાવધાન રહેવાનો ઉપદેશ છે. અંતમાં સ્ત્રી સંગથી ભ્રષ્ટ સંયમ છોડનારની સ્ત્રી દ્વારા થનારી વિડંબણાઓનું ચિત્રણ કરી તેને સાવધાન રહેવાનો ઉપદેશ આપ્યો છે. આ પ્રકારે સંપૂર્ણ વર્ણન સ્ત્રીસંબંધી હોવાથી અધ્યયનનું **સ્ત્રી પરીજ્ઞા** નામ સાર્થક છે.

**સાવધાન રહેવાનો ઉપદેશ :** મૃગની જેમ જાળમાં ફસાઈ ગયા પછી છૂટવાનું કઠિન હોય છે. જેમ માંસ માટે સિંહ પિંજરામાં પકડાઈ જાય છે. તેમ સાધુ પણ બંધનમાં જકડાય જાય છે. વિષમિશ્રિત ખીર ખાધા પછી પશ્ચાત્તાપ કરવો પડે છે. માટે વિવેકી સાધક વિષલિપ્ત કાંટાની સમાન સમજીને સ્ત્રી સંસર્ગથી દૂર રહે. પોતાની પારિવારિક દીકરી, પૌત્રી, દોહિત્રી, પુત્રવધુના અતિસંપર્કથી પણ દૂર રહે. દીર્ઘ તપસ્વી ભિક્ષુ પણ સ્ત્રી સંસર્ગમાં સાવધાન રહે. જેવી રીતે લાખનો ઘડો અગ્નિથી તપ્ત હોવા પર નષ્ટ થઈ જાય છે. એવી રીતે સ્ત્રી સંસર્ગથી અણગારના સાધુત્વને ખતરો રહે છે. હે સાધક ! સુવરને ફસાવવાને માટે ભાતના દાણાની સમાન આ સ્ત્રી પ્રલોભનોને સમજીને સાવધાન રહો, આ સ્ત્રીઓ બ્રહ્મચારી પુઢષ માટે ભયરૂપ છે. ભય ઉત્પન્ન કરનારી છે. કલ્યાણકારી નથી. આ જાણીને ક્યારેય પણ સ્ત્રીનો સ્પર્શ ન કરે. ચાહે તે સ્ત્રી પશુ હોય અથવા માનવ; સ્ત્રીથી સુરક્ષિત રહેવામાં કે શીલને કાયમ રાખવામાં મન,વચન,કાયાનું કોઈપણ કષ્ટ સહેવું પડે તો સ્વીકાર કરે. આ પ્રકારે વીર પ્રભુએ કહ્યું છે કે સાધક પોતાના મોહનીય કર્મને લડત આપી તેનો ક્ષય કરે, અધ્યવસાયોને વિશુદ્ધ રાખે.

**સ્ત્રીસંગની વિડંબનાઓ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકની ગાથા ૯ થી ૧૮ સુધીમાં એવી વિડંબણાઓનું ચિત્રણ કર્યુ છે જેનો સાર અંતિમ ૧૮ મી ગાથામાં બતાવવામાં આવ્યો છે કે આ પ્રકારે જે સાધુ ભોગોમાં પડે છે, સ્ત્રીના વશમાં ચાલ્યો જાય છે તો તેને દાસની જેમ, ભોળા નોકરની જેમ અને પશુની જેમ થઈને સ્ત્રીના અને ઘરના કાર્ય કરવા પડે છે. સ્ત્રી પણ દાસની સમાન વ્યવહાર કરવા લાગી જાય છે. પ્રારંભિક ગાથાઓમાં ઘર–ગૃહસ્થીના કાર્ય, સ્ત્રીનું વ્યકિતગત કાર્ય અથવા શરીર સેવા અને ઉત્પન્ન પુત્રોની સાર સંભાળ આદિ વિવિધ વિટંબણાઓ કહેલ છે. જેને સંસારના અનુભવી લોકો સારી રીતે જાણે છે. આ પ્રમાણે કામસક્ત સાધક દાસથી પણ હલકી દશાને પ્રાપ્ત કરે છે, બંને લોક બગાડી દે છે. માટે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી અણગાર પોતે સ્ત્રી પરિચય, સંપર્ક વૃદ્ધિમાં પહેલેથી સાવધાન રહે. આ જ આ **સ્ત્રી પરિજ્ઞા** અધ્યનનો વિસ્તાર પૂર્વકના વર્ણનનો ઉદ્દેશ છે

**અધ્યયન ૫ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે, તેમાં નરક સંબંધી વર્ણન અનેક પ્રકારથી કરવામાં આવેલ છે. જેમાં નરકના જુદા જુદા દુઃખોનું વર્ણન છે. તેની સાથે જ કંઈક શિક્ષા ઉપદેશ વચન છે. અનેક વિભાગો–પ્રકારોની નરકનું વર્ણન હોવાથી આ અધ્યયનનું **નરક વિભક્તિ** નામ સાર્થક છે. જે બાલ અજ્ઞાની જીવ આ જીવન માટે ઘોર પાપકર્મ કરે છે, તે ઘોર નરકમાં જાય છે. પોતાના સુખ માટે તીવ્ર પરિણામોથી ત્રસ જીવોને મારે છે. ચોરીઓ કરે છે, સદાચારણ કાંઈ પણ કરતા નથી, પાપ કરવાની આદતવાળા બની જાય છે. ક્રોધ આદિ કષાયાગ્નિ જેની બુઝાતી નથી એવા જીવ નરકમાં ઉંધા મુખે જન્મ ધારણ કરે છે.

જે સ્વયં પોતાની આત્મ પ્રશંસા કરે છે, સેંકડો અધમ ભવોથી ક્રુર કર્મ કરે છે તે નરકમાં જાય છે. અનાર્ય પુરૂષો પાપ ઉપાર્જન કરી કર્મોથી પરાધીન બની નરકમાં જાય છે. ખરાબ કર્મ કરનાર બાલ અજ્ઞાની જીવ નરકમાં જઈ પૂર્વકૃત કર્મને ભોગવે છે.

ધીર પુઢષ નરક ગમનનાં કારણોને જાણીને તેનાથી બચવાનો ઉપાય વિચારે, સમગ્ર લોકમાં કોઈપણ જીવની હિંસા ન કરે. પરિગ્રહ ત્યાગ કરે, સમસ્ત પાપનો ત્યાગ કરે, આત્મ તત્વ અને જીવાદિ તત્ત્વો પર શ્રદ્ધા રાખે. પૂર્વે અશુભ કાર્ય કરીને અશુભ ફળ ભોગવનારા જીવ લોકના સ્વરૂપને જાણે પરંતુ તે પ્રવાહમાં ન તણાય, ચારે ગતિના કરેલા કર્મ ફળરૂપ દુઃખને જાણે મોક્ષનું લક્ષ્ય રાખી સંયમધર્મનું આચરણ કરે, પંડિત મરણની આકાંક્ષા રાખે આ પ્રકારે સદ્‌ગુણોને ધારણ કરનાર સદાને માટે નરક ગતિના દુઃખોથી છૂટી જાય છે.

**અધ્યયન–૬ :** આ અધ્યયનમાં નામ અનુસાર જ સમસ્ત વર્ણન ભગવાન મહાવીરની સ્તુતિ ગુણાનુવાદ રૂપ છે. તેથી સાર્થક નામ છે–મહાવીર સ્તુતિ, આમાં ઉદ્દેશક નથી. આગળ પણ ઉદ્દેશક નથી.

**ભગવાન મહાવીરની સંયમ ચર્યા અને ઉપલબ્ધિઓ :** પરમ મહર્ષિ ભગવાનનું જ્ઞાન, આચાર અને દર્શન અનુત્તર હતા. તેના દ્વારા જ તેઓએ સંપૂર્ણ કર્મક્ષય કરી સાદિ અનંત સિદ્ધગતિને પ્રાપ્ત કરી. તપ–ઉપધાનમાં ભગવાન સર્વોપરી હતા. ક્યાંય પણ આસક્તિ રાખતા નહોતા, સંગ્રહ કરતા નહોતા, ચારે ય કષયોથી પૂર્ણતયા અલગ રહેતા, કોઈપણ પાપનું સેવન કરતા નહોતા, કરાવતા નહોતા, ક્રિયાવાદી આદિ એકાંતવાદને જાણીને પોતાના અનેકાંતિક સંયમમાં સ્થિર રહેતા. પ્રભુ સ્ત્રીઓ અને રાત્રિભોજનનો સંપૂર્ણ ત્યાગ કરી, કર્મક્ષયના માટે





તપસ્યા કરતા હતા. તેઓ બંને લોકને જાણીને સર્વ પાપોનું વર્જન કરવામાં સમર્થ હતા. અર્હત્ ભાષિત આ ધર્મની શ્રદ્ધા રાખીને આરાધના કરનારા સાધક મુક્ત થઈ જાય છે અથવા દેવગતિમાં જાય છે.

**અધ્યયન–૭ :** આ અધ્યયનમાં આચાર-વિચારની અપેક્ષાએ કુશીલ શ્રમણોના વિષયમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને તેના દુર્ગતિ ગમન આદિ પરિણામ બતાવવામાં આવ્યા છે. તેથી **કુશીલ પરિભાષા** આ નામ સાર્થક છે. સ્વતીર્થિક અને પરતીર્થિક બંને પ્રકારની કુશીલતાના વર્ણનની સાથે જ સુશીલતાની પ્રેરણા કરવામાં આવી છે. શરૂઆતમાં સંસારી પ્રાણીઓની કુશીલતા અને તેનું પરિણામ પણ બતાવ્યું છે.

**અધ્યયન–૮ :** આ અધ્યયનમાં બાલ અને પંડિત જીવોના સકર્મવીર્ય(બાલવીર્ય) અને અકર્મવીર્ય(પંડિતવીર્ય)નું વર્ણન છે. અહીંયા વીર્યનો અર્થ છે– પરાક્રમ, પુરૂષાર્થ. બંને પ્રકારના વીર્યોનું વર્ણન હોવાથી અધ્યયનનું **વીર્ય** એ નામ સાર્થક છે. પ્રમાદ છે તે સકર્મ છે અને અપ્રમાદ છે તે અકર્મ છે.

**અધ્યયન–૯ :** આ અધ્યયનમાં જીવનમાં ધર્મની આવશ્યકતા અને ઉપયોગિતા સમજાવીને સંયમધર્મની પ્રેરણા, સંયમધર્મના મૂળ ગુણોના પાલનની પ્રેરણા, ઉત્તરગુણ સંબંધી દોષોને જાણીને તેનો ત્યાગ કરવાનો સંદેશ, ભાષા વિવેક, ગણવૃદ્ધિ હેતુ હિતશિક્ષાઓ સૂચિત કરવામાં આવી છે. આ પ્રકારે ધર્મબોધ અને સંયમધર્મના વર્ણન યુક્ત આ અધ્યયનનું 'ધર્મ' નામ સાર્થક અને ઉપયુક્ત છે.

**ધર્મ બોધ :** આ સંસારમાં અર્થાત્ માનવ સંસારમાં જે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલ આદિ લોકો છે, તે બધા વર્તમાન જીવનના ઉદ્દેશથી આરંભ અને પરિગ્રહમાં વ્યસ્ત છે અને સાથે જ આરંભથી ઉત્પન્ન વિષય સુખોમાં લીન રહે છે. જેનાથી તે સંસારમાં કર્મોની અને વૈરની વૃદ્ધિ કરીને દુઃખ પરંપરા વધારતા રહે છે. પરંતુ તે દુઃખોનો અંત કરી શકતા નથી. મનુષ્ય જીવનમાં મૃત્યું આવતાં પાપથી સંગ્રહિત ધન અન્ય પારિવારિક લોકોના કામમાં આવે છે. મૃતકના દાહ સંસ્કાર આદિ કૃત્ય કરીને તે લોકો તે મૃતક વ્યક્તિનું ધન લઈ લે છે, વહેંચી લ્યે છે. પરંતુ તે વ્યક્તિના કર્મ તો તેના સાથે જ ચાલ્યા જાય છે. તેને કોઈ લેતું નથી, નથી વહેંચી શકતા અને તે કર્મોથી તે પ્રાણીને સ્વયં જ દુઃખી થવું પડે છે. ભલે ન તે નરક યોગ્ય કર્મ છે કે અન્ય ગતિના, અસહાય થઈને તેને એકલાને જ ભોગવવા પડે છે. તે દુઃખના સમયે માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર આદિ કોઈપણ સહાયતા

કરવા પહોંચતા નથી, એ સંબંધ અહીં જ છૂટી જાય છે. સંબંધી લોકો તે વ્યક્તિના પાપકૃત ધનથી મજા કરે છે. આ પરમાર્થનો વિચાર કરીને ભિક્ષુ જ્ઞાતિજનોનો ત્યાગ કરીને અને બધા શોક સંતાપને છોડીને આ લોકની પ્રવૃત્તિઓથી નિરપેક્ષ થઈને સંયમમાં વિચરણ કરે.

**અધ્યયન–૧૦ :** આ અધ્યયનમાં મુખ્યતયા મુનિ દ્વારા ગ્રહણ કરેલા ચારિત્રની સમાધિ સફળતા કેવા પ્રકારે થઈ શકે છે ? તેનું ચારિત્ર સુરક્ષિત, નિરાબાધ કેવી રીતે જીવન પર્યંત રહી શકે છે ? આત્મ સમાધિ, આત્મ પ્રસન્નતા, આત્મ સંતુષ્ઠિ કેવી રીતે બની રહે, આ પ્રકારની શિક્ષાઓ, સૂચનાઓથી યુક્ત આ અધ્યયનનું 'સમાધિ' આ નામ સાર્થક છે.

**સમાધિની પ્રાપ્તિ :** અધ્યયનની તેરમી અને અંતિમ ગાથાઓમાં ઉપસંહારના રૂપમાં શિક્ષા વચન આ પ્રકારે છે– (૧) સ્ત્રી અને મૈથુનની વિરત રહેનારા, પરિગ્રહથી પર રહેનારા અને વિવિધ ઈન્દ્રિયના વિષયોથી આત્માને પૂર્ણ સુરક્ષિત રાખનાર અથવા છકાય જીવોની રક્ષા કરનાર ભિક્ષુ, આમ સરવાળે પહેલા, ચોથા અને પાંચમા મહાવ્રતને સુરક્ષિત રાખી શકનાર શ્રમણ, શંકારહિત સમસ્ત મહાવ્રતો અને સંયમ નિયમોને સુરક્ષિત રાખીને સંયમ સમાધિ અને આત્મ સમાધિને પ્રાપ્ત થાય છે. (૨) જેવી રીતે વન્ય પ્રાણી જંગલમાં સિંહ આદિ હિંસક પશુઓથી સદા સાવધાન અને બચીને રહે છે, તે જ રીતે સંયમ સાધક સદા પાપથી બચતા રહે, સાવધાન રહે, દૂર રહે (૩) ધર્મબોધને પ્રાપ્ત કરીને બુદ્ધિમાન માનવ પાપોથી નિવૃત્ત થાય. કારણ કે હિંસા આદિ પાપ જ મહાન દુઃખ અને અધર્મના જનક છે. (૪) આત્માર્થી મુનિ અસત્ય ન બોલે અને પાપ પણ ન કરે ન કરાવે તથા અનુમોદન પણ ન કરે. (૫) શુદ્ધ આહાર મળી જાય તો પણ તેને પરિભોગૈષણા દોષોથી દૂષિત ન કરે આસક્તિનો ત્યાગ કરે. નિર્દોષ આહારથી જીવન નિર્વાહ કરતાં પણ યશ, કીર્તિ, પૂજા, પ્રતિષ્ઠા માટે સંયમ ખરાબ ન કરે એનાથી મુક્ત રહી સંયમમાં વિચરણ કરે (૬) ઘર છોડ્યા પછી મુનિ બીજી કોઈ આકાંક્ષા(ઈચ્છા) ન રાખે. કાયાનું મમત્વ છોડીને કર્મને કાપે તથા જીવન મરણની આશા અથવા ભયથી મુક્ત થઈને સાધના કરતાં સંસાર ચક્રથી વિમુક્ત થઈ જાય. આ પ્રકારે આ અધ્યયનમાં સંયમ સમાધિ અને આત્મ સમાધિના માધ્યમથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની વિશુદ્ધિની સાથે મોક્ષની ઉત્તમ આરાધના બતાવવામાં આવી છે.





**અધ્યયન–૧૧ :** આ અધ્યયનનું નામ 'માર્ગ' છે. જે મોક્ષમાર્ગ–નિર્વાણમાર્ગની મુખ્યતાથી છે. અધ્યયનમાં માર્ગ જાણવાની જિજ્ઞાસાની સાથે ટૂંકમાં ૨–૪ મુદ્દા નિર્વાણ માર્ગના, એક મુદ્દો મિશ્ર માર્ગ–પુણ્યમાર્ગનો, કેટલાક મુદ્દા અનિર્વાણ માર્ગના છિદ્રોવાળી નાવના દૃષ્ટાંતની સાથે કહેવાય છે. અંતમાં સંયમમાર્ગની આરાધનાનું ઉદ્બોધન કરવામાં આવ્યું છે. માટે આ અધ્યયનનું નાનું એવું નામ 'માર્ગ' પૂર્ણરૂપથી સાર્થક છે.

**દાનશાળા, પાણીનું પરબ અને દાણાપીઠ વિચારણા :** આ કાર્યોની પ્રેરણા શ્રાવક સમાજમાં માનવતા અને જીવોને સુખસુવિધા આપવાની દૃષ્ટિથી થઈ રહી છે. જૈન મુનિની પોતાની વિશેષ મર્યાદા હોય છે. ભાષાવિવેક પણ તેનો વિશિષ્ટ હોય છે. તેથી તેઓ આ વિષયોની એકાંતિક ચર્ચામાં ન પડે. મુનિ શ્રોતાઓને જીવોનું સ્વરૂપ અને તેના દુઃખોનું સ્વરૂપ બતાવી અનુકંપા રસનું સિંચન કરી શકે છે. તથા પુણ્ય પાપ તત્ત્વોનું સમુચ્ચય સ્વરૂપ સમજાવી શકે છે. પરંતુ તે સ્થાનો, કાર્યોની સ્પષ્ટ અનુમોદના પ્રેરણા કરી શકતા નથી. સાથે તેનો નિષેધ પણ કરી શકતા નહિ. ગૃહસ્થ અનુકંપા ભાવથી અને પોતાનું કર્તવ્ય સમજી પોતે તે કાર્ય કરી શકે છે. શાસ્ત્રકાર આ અધ્યયનમાં સ્પષ્ટીકરણ કરે છે કે મુનિ આ સ્થાનો, કાર્યો ને ધર્મ અથવા પુણ્ય કહીને સ્પષ્ટ પ્રેરણા કરે તો ત્યાં થનારા આરંભ-સમારંભની અનુમોદના-પ્રેરણા હોવાથી સાધુનું પ્રથમ મહાવ્રત દૂષિત થાય છે. જો સાધુ પ્રતિપક્ષી થઈ ગૃહસ્થો દ્વારા કરવામાં આવેલ અનુકંપાના આ કાર્યનો નિષેધ કરે અથવા તેને પાપ અથવા અધર્મ બતાવે તો પણ તેનું પ્રથમ મહાવ્રત દૂષિત થાય છે. કારણ કે આવું કરવામાં પ્રાણિઓની જીવનવૃત્તિનો છેદ થતાં અંતરાય કર્મનો દોષ લાગે છે, તે પણ હિંસારૂપ છે. માટે જૈન મુનિ તે વિષયોમાં અર્થાત્ દાન પુણ્યના સ્થળો અથવા કાર્યો સંબંધી પક્ષ-વિરોધપક્ષ રૂપ કોઈપણ આગ્રહમાં ન પડે બંને પક્ષની ભાષા ન બોલે અને વિવેકની સાથે કર્મ બંધથી બચે, તો તે નિર્વાણ માર્ગની સાચી આરાધના કરી શકે છે. સાર એ છે કે મુનિ ઉપસ્થિત પરિષદને યોગ્ય જીવ તત્વ, પુણ્ય-પાપ તત્ત્વનું સ્વરૂપ, અનુકંપા ધર્મનું સમુચ્ચય સ્વરૂપ, અવસર આવ્યે સમજાવે પરંતુ ઉપરોક્ત સ્થળો અથવા કાર્યોની સ્પષ્ટ ચર્ચામાં ન જાય

**અધ્યયન–૧૨ :** આ અધ્યયનનુ નામ 'સમવસરણ' છે. આમાં વિવિધ પ્રકારના મતપ્રવર્તકોના સમૂહ–સંગ્રહનો 'સમવસરણ' શબ્દમાં સમાવેશ કરવામાં આવ્યું છે. તીર્થંકર આગમનને તથા તેના વ્યાખ્યાનની પરિષદને પણ સમવસરણ શબ્દથી

ઓળખવામાં આવે છે. પરંતુ અહીંયા એવો અર્થ અપેક્ષિત નથી. ધર્મ સિદ્ધાંતની અપેક્ષાએ મુખ્ય ચાર પ્રકારના મતાંતરોમાં નાના-મોટા વિભિન્ન મતોનો સમાવેશ થઈ જાય છે. આ અધ્યયનમાં તે ચારે ય મતાંતરોની એકાંતિક માન્યતા અને તેનું સમાધાન આપવામાં આવ્યું છે. આ પ્રકારે ચારેય મતાંતરોરૂપ સમવસરણોનું વર્ણન હોવાથી આ અધ્યયનું 'સમવસરણ' એ સાર્થક નામ છે.

આ અધ્યયનના સમસ્ત વર્ણનનું તાત્પર્ય એ છે કે ઉપદેશ અને ગુરુનું વિવેક પૂર્વક પરીક્ષણ કરીને જ તેને સમર્પિત થવું જોઈએ. વિવેક વિના કોઈપણ ઉપદેશ સ્વીકારવો અથવા તેના ચક્કરમાં આવવું અથવા ગુરુના રૂપમાં સ્વીકાર કરી લેવું તે પોતાના જીવનની સફળતાને માટે યોગ્ય નથી. અહીં મતમતાંતરો વાદિઓનો પ્રસંગ હોવાથી મોક્ષાર્થી વ્યક્તિ ક્યાંક ખોટા રસ્તે ફસાઈ ન જાય તે માટે સાચા ઉપદેશક અને સાચા ગુરુનું માર્ગદર્શન અંતિમ ગાથાઓમાં સંકેત રૂપમાં કરવામાં આવેલ છે.

**અધ્યયન–૧૩ :** આ અધ્યયનનું નામ 'યથાતથ્ય' છે. આ અધ્યયનમાં સુસાધુ કુસાધુનું અથવા કુશીલ-સુશીલ સાધુનું યથાર્થ(જેવું છે તેવું )સાચુ-સચોટ વર્ણન કરવામાં આવેલ છે. આ કારણથી આ 'યથાતથ્ય' નામ સાર્થક છે. આ અધ્યયનના પ્રારંભમાં 'આહત્તહીયં' પદ છે, જેનો સંસ્કૃત શબ્દ યથાતથ્ય બને છે. માટે આદિ પદ અનુસાર પણ આ અધ્યયનનું નામ 'યથાતથ્ય' યોગ્ય છે.

આ અધ્યયનની શરૂઆતમાં સાધુઓની કુશીલતા અને સુશીલતાનું વર્ણન છે. ત્યારબાદ સુશીલના ઉચ્ચગુણોનું વર્ણન કરતાં તે ગુણોનું મહત્વ નષ્ટ કરી દેનારા અવગુણોનું કથન કરેલ છે. સાથે જ ઉચ્ચ ગુણોથી સુસાધુનો વિકાસ બતાવેલ છે. અંતમાં સાધુને યથાતથ્ય ઉપદેશ દેવાનો વિવેક બતાવી યથાતથ્ય આચરણથી સંસારથી મુક્ત થવાનો સંદેશ આપવામાં આવેલ છે.

**ઉચ્ચકોટિના સાધક :** જે સાધુ (૧) પ્રજ્ઞામદ (૨) તપોમદ (૩) ગોત્રમદ (૪) લાભમદને મનમાંથી કાઢી નાંખે છે તે ઉચ્ચ કોટિના મહાત્મા છે, પંડિત છે જે સંસારનું કારણ સમજી તે મદોથી આત્માને જુદો કરી દે છે. કિંચિત્ માત્ર પણ મદનું સેવન કરતા નથી. તે ઉચ્ચ કોટિના મહર્ષિ છે અને ગૌત્ર કર્મ રહિત મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે. જે સદા પ્રસન્ન ચિત્ત રહે છે, ધર્મ અને સંયમ ધર્મના સ્વરૂપને સારી રીતે સમજે છે, ગામ-નગરોમાં વિચરતાં એષણીય-અનેષણીય પદાર્થોનો વિવેક રાખે છે, આહાર પાણી આદિ પદાર્થોમાં આસક્તિ ભાવ રાખતા નથી, તે ધાર્મિક તથા પ્રશસ્ત લેશ્યાથી સંપન્ન સાધુ છે.





સામાન્ય શ્રમણ પણ આ ગુણોને ધારણ કરવાથી ઉચ્ચ કોટિના મહાત્મા બની જાય છે. એવું શીલાંકાચાર્યએ ટીકામાં સ્પષ્ટ કર્યું છે. આ રીતે ગાથા ૧૫, ૧૬, ૧૭માં આ પ્રકારના ભાવ કહ્યા છે.

એક શ્રમણ સર્વથા અકિંચન છે, ભિક્ષા દ્વારા નિર્વાહ કરે છે, તેમાં પણ લુખો સુકો આહાર લઈને પ્રાણ ધારણ કરે છે, એટલા આચારી થઈને પણ જો તે પોતાની ઋદ્ધિ-લબ્ધિ અને ભક્તોની જમાવટ અથવા ઠાઠમાંઠનો, પોતાના શરીરનો ગર્વ કરે છે, પોતાની પ્રશંસા અને પ્રસિદ્ધિની ઈચ્છા કરે છે તો તે જન્મ-મરણની વૃદ્ધિ કરે છે.

**ગુણોને નષ્ટ કરનારા અવગુણો :** એક શ્રમણ ભાષાનો જાણકાર છે, હિત-મિત પ્રિય ભાષાણ કરે છે, પ્રતિભા સંપન્ન છે, શાસ્ત્રજ્ઞાનમાં નિપુણ-વિશારદ છે, પ્રજ્ઞાવાન-બુદ્ધિશાળી છે અને ધર્મભાવનાથી તેનું હૃદય સારી રીતે ભાવિત છે. પરંતુ આટલા ગુણો હોવા છતાં પણ કયારેક અહંભાવમાં આવી બીજાનો તિરસ્કાર કરતા રહે છે, બીજાની નિંદા કરે છે તેને ઉતારી પાડે છે, પોતાના લાભના મદમાં બીજાની હીલના કરે છે, તે સાધક સમાધિ ભ્રષ્ટ થઈ જાય છે. તે ગુણવાન હોવા છતાં પણ મૂર્ખની કોટીમાં આવી જાય છે.

આવી તુચ્છ પ્રકૃતિના સાધક પોતાની પ્રજ્ઞાના મદમાં સમસ્ત ગુણો પર પાણી ફેરવી દે છે. તેઓનો આ લોક પરલોક બંને બગડે છે અર્થાત્ અહિંયા પણ નિંદા પામે છે અને પર ભવના વિરાધક બને છે.

**અધ્યયન–૧૪ :** આ અધ્યયનની પ્રથમ ગાથામાં આદિ પદ 'ગ્રંથ' છે. આ આદિ પદથી અધ્યયનનું નામ 'ગ્રંથ' રાખવામાં આવ્યું છે. આ અધ્યયનનો સંપૂર્ણ વિષય પણ નિર્ગ્રંથના માટે છે કે નવદીક્ષિત નિર્ગ્રંથ ગુરુ સાંનિધ્યમાં રહીને પોતાનો સર્વાંગીય વિકાસ કરે. શ્રુત અધ્યયનમાં, શ્રદ્ધામાં, આચારમાં અને તપસ્યા-ધ્યાન આદિમાં અભ્યાસપૂર્વક પ્રગતિ કરે. અસંયમ, કર્મબંધ, મિથ્યાત્વ આદિ ગ્રંથિઓથી દૂર રહે. સંયમ અને મુક્તિની પૂર્ણ પાત્રતા પ્રાપ્ત કરે. ગુરુશિક્ષા અથવા બીજા હિતેચ્છુઓ દ્વારા અપાતી શિક્ષાનો સ્વીકાર કરવાની નમ્રતા, વિનયશીલતા, નિરભિમાનતા રાખે.

વચનયોગ અને પ્રવચન કુશળતા સંબંધી સદ્પ્રેરણા, શિક્ષા વચન પણ આ અધ્યયનમાં છે. આ પ્રકારે સંસાર અને પરિગ્રહરૂપ ગ્રંથીનો ત્યાગ કરી નિર્ગ્રંથ અને મોક્ષ આરાધક બનવાનું માર્ગદર્શન છે. અને સાથે જ સ્વયં તરવાનું તથા બીજાને પણ તરવા યોગ્ય બનાવવાનું માર્ગદર્શન છે. તે જ આ અધ્યયનનો

હેતુ છે. આ પ્રકારે આ અધ્યયનનું નામ વિષયથી સાર્થક પણ છે અને આદિપદની પ્રમુખતાવાળું પણ છે.

**અધ્યયન–૧૫ :** આ અધ્યયનમાં ગાથા રચવામાં યમક અલંકાર પ્રયોગના કારણે શબ્દોની મુખ્યતા હોવાથી વિષયબદ્ધતા નથી તોપણ અધ્યાત્મ પ્રધાનતા અને મોક્ષમાર્ગની પ્રમુખતા યુક્ત વર્ણન છે. જેમાં સમ્યક શ્રદ્ધા, સમ્યક સાધના, મનુષ્યત્વ અને ધર્માચરણની દુર્લભતા તેમજ મુક્ત આત્માઓનું વર્ણન અને સંયમ સાધનાનું પરિણામ બતાવવામાં આવ્યું છે. પ્રાપ્ત ધર્મ અને પ્રાપ્ત મનુષ્ય જન્મને જે પ્રાણી એમ જ ખોઈ નાખે છે, તેને ફરી મનુષ્ય જન્મ અને ધર્મબોધિ–ધર્મજ્ઞાન મળવું દુર્લભ થઈ જાય છે. મોક્ષ પ્રાપ્તિને માટે પ્રાપ્ત મુખ્ય સાધન આ બે જ છે. મનુષ્ય જન્મ વિના મુક્તિ સંભવ નથી અને ધર્મની સમજણ વગર મોક્ષ સાધના શક્ય નથી. માટે પ્રાપ્ત માનવ જન્મ અને પ્રાપ્ત ધર્મજ્ઞાનને સાર્થક કરવામાં પુરુષાર્થ કરવો જોઈએ. આળસ, પ્રમાદમાં તે ગુમાવવો ન જોઈએ.

**અધ્યયન–૧૬ :** આ અધ્યયનનું નામ 'ગાથા' છે. આમાં એક પણ ગાથા શ્લોક નથી. આ અધ્યયન ગદ્યાત્મક છે. જો કે અધ્યયન બીજા પંદર અધ્યયનોથી નાનું છે પરંતુ એમાં શ્રમણોના વિશાળ ગુણોનું સંકલન છે. **ગાથા** શબ્દના પ્રાપ્ત થનારા અનેક અર્થોમાં એક અર્થ છે– 'પ્રશંસા'. આ અધ્યયનમાં સંયમ સાધક આત્માઓની અનેક ગુણોના માધ્યમથી પ્રશંસા કરવામાં આવેલ છે.**ગાથા** શબ્દનો એક અર્થ છે–ઉપદેશ. આ અધ્યયનમાં અનેક શ્રમણ ગુણોના સંકલન દ્વારા શ્રમણો માટે તે ગુણોને ધારણ કરવાની પ્રેરણા પ્રગટ થાય છે અને આ ગુણોથી યુક્ત સાધક જ સાચા અર્થમાં મોક્ષ સાધક મુનિ છે.

આ અધ્યયનમાં મોક્ષ સાધક મુનિના ચાર પર્યાય શબ્દના માધ્યમથી ગુણોનું વિભાજન છે. જેમ કે– (૧) માહણ–અહિંસક(૨) શ્રમણ(૩) ભિક્ષુ (૪) નિર્ગ્રંથ. માહણ, શ્રમણ, ભિક્ષુ અને નિર્ગ્રંથ કોને કહી શકાય છે ? વાસ્તવમાં આ શબ્દોથી કહેવાને યોગ્ય કોણ છે ? તે આ અધ્યયનમાં બતાવવામાં આવેલ છે.

આ પ્રકારે ચાર સૂત્રો દ્વારા જૈન શ્રમણના અનેક ગુણોનું સંકલન કરી શ્રમણોને આ ગુણોથી યુક્ત થવાની પ્રેરણા કરેલ છે. આ અધ્યયનનું આ જ તાત્પર્ય છે કે શ્રમણ સાચા ગુણોથી સંપન્ન બની સફળ સાધના કરે.

**બીજો શ્રુતસ્કંધ :–**

**અધ્યયન–૧ :** અધ્યનના પ્રારંભમાં પાણીથી પરિપૂર્ણ પુષ્કરણીનું વર્ણન છે. તે





પુષ્કરણી કમળના ફૂલથી વ્યાપ્ત છે. આ પુષ્પોની મધ્યમાં એક અતિ સુંદર અતિ વિશાળ શરીરવાળું પુંડરીક–શ્વેત–અતિશ્વેત સર્વશ્રેષ્ઠ કમળ છે, આ પ્રકારે કમળ વાળી પુષ્કરણની કલ્પના કરવામાં આવેલ છે. પછી તે પુંડરીક કમળને ગ્રહણ કરવાની લાલસા–ઈચ્છાવાળા પુરુષોનું આબેહૂબ વર્ણન કરવામાં આવેલ છે. આ પ્રકારે **પુંડરીક કમળ**ની પ્રધાનતાથી પ્રારંભ કરેલ આ અધ્યયનનું પુંડરીક કમલ એવું સાર્થક નામ છે.

**અધ્યયન–૨ :** તેર પ્રકારની ક્રિયાઓનું અને ધર્મ-અધર્મ ક્રિયાનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ ક્રિયાસ્થાન સાર્થક છે. તેર ક્રિયાસ્થાનના વર્ણન પછી ધર્મી, અધર્મી અને મિશ્ર આ ત્રણ પ્રકારના પુરુષ કોણ છે, તેને બે વિકલ્પોથી વિસ્તાર પૂર્વક સમજાવેલ છે. અંતમાં ધર્મ અધર્મ રૂપ બે પક્ષ કરી અધર્મ પક્ષવાળાને અહિંસાનો પાઠ માર્મિક રીતે ભણાવેલ છે.

**અધ્યયન–૩ :** દસ ઔદારિક દંડકોના સંબંધમાં જન્મથી આહાર ગ્રહણ કરવાની વિધિ સંબંધી વિશેષ જ્ઞાન હોવાથી આ અધ્યયનનું સાર્થક નામ **આહાર પરિજ્ઞા** છે, અહિં નારકી અને દેવતાના આહાર સંબંધી વર્ણન નથી, કારણ કે તેમાં આહાર સંબંધી વિશેષ ભિન્નતાઓ નથી. તે દરેક જન્મ સમયમાં ઉત્પત્તિ સ્થાનથી ઓજ આહાર અને ત્યારબાદ રોમ આહાર ગ્રહણ કરે છે. પરંતુ ઔદારિકના દસ દંડકોના આહારમાં કંઈક વિશેષતાઓ જાણવા યોગ્ય છે. જે આ અધ્યયનના મનનપૂર્વક વાંચનથી સ્વતઃ જ્ઞાત થઈ જાય છે.

**અધ્યયન–૪ :** આ અધ્યયનમાં પ્રત્યાખ્યાન અને ક્રિયા સંબંધી નિરૂપણ છે. પ્રત્યાખ્યાન કરવાથી પાપક્રિયા(આશ્રવ)રોકાઈ જાય છે. પ્રત્યાખ્યાન નહીં કરવાથી પાપક્રિયા, અવ્રતની ક્રિયા લાગતી જ રહે છે, તેને દષ્ટાંતની સાથે સમજાવેલ છે. આ પ્રકારે અધ્યયનનું નામ **પ્રત્યાખ્યાન ક્રિયા** પૂર્ણ સાર્થક છે.

**આ અધ્યયનનો પરમાર્થ :** આત્મ કલ્યાણના ઈચ્છુક આત્માઓને પાપ અને અવિરતિને જિનવાણીથી સારી રીતે સમજીને પાપોના સંપૂર્ણ ત્યાગી અને વ્રતી બનવું જોઈએ. જ્યાં સુધી પૂર્ણ ત્યાગ ન થઈ શકે ત્યાં સુધી પોતાના જ્ઞાનનો વિકાસ કરીને જેટલું શક્ય હોય તેટલા પાપનો, પ્રવૃત્તિઓનો, ભોગ–ઉપભોગ સામગ્રીનો અને મોજ શોખનો ત્યાગ કરવો જોઈએ. વિરતિમય, પ્રત્યાખ્યાનમય ચિત્તની વૃદ્ધિ કરવી જોઈએ. નહિતર અનાદિ પાપ અને ભોગ સંસ્કાર આત્મા પર સવાર થઈને તેને(પોતે પોતાને પાપી નહીં હોવાનો ભ્રમ રહેવાં છતાં પણ)

પાપી અને અવિરતિ બનાવી નાખશે. પાપ અને અવિરતિનું પરિણામ સંસાર પરિભ્રમણ અને દુઃખરૂપ છે. જ્યારે પ્રત્યાખ્યાનનું પરિણામ કર્મબંધ મુક્તિ અને સંસાર દુઃખથી મુકિતરૂપ છે.

**અધ્યયન–૫ :** આ અધ્યયનના જુદા-જુદા નામ પ્રાપ્ત થાય છે. જેમાં આચાર-વિચાર સંબંધી વર્ણનના કારણે આચારશ્રુત નામ પ્રસિદ્ધ છે. નિષિદ્ધ આચારોનું અર્થાત્ અનાચારોની બહુલતાથી વર્ણન હોવાથી અનાચારશ્રુત નામ પણ છે. તથા અણગાર સંબંધી આચાર-વિચાર તથા અણગારોના અનાચરણીય વચન આદિનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ **અણગારશ્રુત** પણ જોવામાં આવે છે. આ અધ્યયનમાં શ્રદ્ધા, પ્રરૂપણા, માન્યતા તથા ભાષાપ્રયોગ સંબંધી વિધિ નિષેધાત્મક વર્ણન સરલ તથા સ્પષ્ટ શબ્દોમાં છે. જેમાં સાધુને એકાંતિક વાક્ય પ્રયોગ ન કરવાની પ્રેરણા કરવામાં આવી છે અને આવશ્યક હોવા પર આગ્રહમુક્ત અનેકાંતિક વાક્ય પ્રયોગની સૂચના કરવામાં આવી છે, એવું સમજવું જોઈએ.

આ અધ્યયન ગત વિષયોમાં જેવી આગમ આજ્ઞા છે, જેવો જિનેશ્વરનો આદેશ છે, તે અનુસાર જ પોતાની શ્રદ્ધા-પ્રરૂપણા અને આચરણ તથા ભાષા પ્રયોગ કરવો જોઈએ. એવો વિવેક વ્યવહાર અને શુદ્ધ સંયમાનુષ્ઠાન સાધકે મોક્ષ પ્રાપ્તિ સુધી નિરંતર કરતા રહેવું જોઈએ. આ પ્રકારની શિક્ષા અધ્યયનની છેલ્લી ગાથામાં આપવામાં આવી છે.

**અધ્યયન–૬ :** આ અધ્યયનમાં આર્દ્રકુમાર સંબંધિત વર્ણન હોવાથી એનું નામ આર્દ્રકીય છે. આ અધ્યયન પદ્યમય છે. જેમાં દીક્ષિત આર્દ્રમુનિની ગોશાલક, બૌદ્ધ, વેદાંતિક, સાંખ્ય અને હસ્તિતાપસ આદિ મતાવલંબીઓની સાથે થયેલી ચર્ચા છે. અધ્યયનની ૫૫ ગાથાઓમાં માત્ર તાત્ત્વિક સંવાદ જ છે. જેમાં આર્દ્રક મુનિનું નામ સંબોધનરૂપમાં ઉપલબ્ધ છે. તેના સિવાય તેના જીવન સંબંધી વર્ણન આ અધ્યયનની વ્યાખ્યા નિર્યુક્તિ ભાષ્યમાં છે. મૂળમાં તેના નામ સિવાય કોઈ પણ સંકેત નથી. વ્યાખ્યા વર્ણાનો અનુસાર આર્દ્રકમુનિ જાતિસ્મરણ જ્ઞાનના કારણે શુદ્ધ વીતરાગ ધર્મમાં સ્થિર બની ગયા હતા. અંતમાં ભગવાન મહાવીરની સેવામાં પહોંચીને પોતાના આત્માનું કલ્યાણ કરી લીધું. બીજા દાર્શનિકોના અભિપ્રાયો જોતા તે સ્પષ્ટ થાય છે કે વીતરાગ સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુનો ઉપદેશિત ધર્મ જ નિર્દોષ તથા સંપૂર્ણ શુદ્ધ ધર્મ છે. છદ્મસ્થો દ્વારા ચલાવેલો ધર્મ અપૂર્ણ અને દોષયુક્ત હોય છે. માટે આત્મ કલ્યાણની અભિલાષાવાળા સાધકોએ તર્ક વિતર્ક છોડી કેવલી પ્રરૂપિત ધર્મનો સ્વીકાર કરી પોતાની શક્તિ અનુસાર તે ધર્મમાં ઓતપ્રોત રહેવું





જોઈએ. વર્તમાન સમયમાં વીતરાગ ધર્મમાં પણ જે અનેક ભેદ પ્રભેદ દેખાય છે તેમાંથી પણ આગમ આધારથી અનેકાંતિક અહિંસા મૂલક સુમેળ યુક્ત માર્ગનો સ્વીકાર કરી વ્રત,પ્રત્યાખ્યાન,તપ,ત્યાગની આરાધનામાં લીન બનીને સાધુ તથા શ્રાવકોનાં ઠાણાંગ સૂત્ર કથિત ત્રણ મનોરથને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. જો ક્યાંક છકાયના જીવોની હિંસાની પ્રરૂપણા ધર્મના નામે થઈ રહી હોય તે વીતરાગ ધર્મના ફાંટા પ્રત્યે આત્મ સાક્ષીએ અને આગમ વાક્યોના આધારે કસોટી ચિંતન મનન કરતા રહેવું જોઈએ એટલે કે આત્મા સંપૂર્ણ ત્રણ કરણ ત્રણ જોગે અનારંભી ધર્મમાં સ્થિર થશે ત્યારે જ તેને વીતરાગ ધર્મની શુદ્ધ આરાધના પ્રાપ્ત થવાની તક પ્રાપ્ત થશે. અન્યથા અનંતા મેઢ જેટલા ઓઘા પાત્રા એકઠા કરવાના ભવોમાં એટલે અનંતા નવગ્રૈવચકના ભવોમાં જ આ ભવની ગણતરી થઈ જાય તેવું ન બંને તે વાતનું પૂરેપૂરું ધ્યાન રાખવાનું છે.

**અધ્યયન–૭ :** આ અધ્યયનનું નામ ઉદક પેઢાલપુત્ર છે. કારણ કે આમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં દીક્ષિત નિર્ગ્રંથ શ્રી પેઢાલપુત્ર ઉદક મુનિની ગૌતમસ્વામી ગણધર પ્રભુની સાથે થયેલ ચર્ચાનું વિસ્તૃત વર્ણન છે. આ ચર્ચા રાજગૃહી નગરીના નાલંદા નામના ઉપનગરમાં થઈ હતી. માટે આગમમાં આ અધ્યયનનું નામ નાલંદીય એવું પણ કહેવામાં આવે છે.

**ગૃહસ્થને આગાર યુક્ત પ્રત્યાખ્યાન કરાવવા :** ઉદકમુનિના પ્રશ્નના ઉત્તરમાં મૂળપાઠમાં પ્રયુકત **ગાથાપતિ ચોર વિમોક્ષણ** ન્યાયનો અર્થ વિશ્લેષણ વ્યાખ્યાકારે કથા દ્વારા સમજાવેલ છે કે એક ગાથાપતિના છ પુત્રોને કોઈ અપરાધમાં રાજાએ ફાંસીની સજા ઘોષિત કરી દીધી. ગાથાપતિ સ્વયં ઉપસ્થિત થઈને રાજાને અનુનય વિનય કર્યો. રાજા માન્યા નહિં તો પણ તેણે પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. અંતમાં રાજાએ એક પુત્રને છોડવાનો સ્વીકાર કર્યો. શેઠે મોટા પુત્રને જીવતો બચાવી લીધો. તો પણ શેઠ જેવી રીતે પાંચ પુત્રોના હિંસાના અનુમોદક કહેવાતા નથી. તેવી જ પરિસ્થિતિમાં શ્રાવકોને સ્થૂળ હિંસાનો ત્યાગ કરાવવામાં અવશેષ હિંસાના પ્રેરક અથવા અનુમોદક તે શ્રમણ બની જતા નથી. શ્રાવક પોતાની શક્તિ અનુસાર વધારેમાં વધારે હિંસાનો ત્યાગ કરે એ ભાવ શ્રમણોનો હોય છે. તેથી શ્રમણ એવા પ્રત્યાખ્યાન કરાવવા પર પોતાની શ્રમણમર્યાદાથી ચ્યુત થતા નથી.

ઉદક મુનિની સર્વ સમસ્યા હલ થઈ ગઈ. તેને સમજમાં આવી ગયું કે જે પણ પ્રત્યાખ્યાન કરાવવાની પદ્ધતિ છે તે ખોટી નથી. ત્રસભૂત શબ્દ લગાડવાનું

જરૂરી નથી અને શ્રાવકના ગૃહસ્થ જીવનની પરિસ્થિતિ અનુસાર મુનિ તેને શક્ય પ્રત્યાખ્યાન આગાર સહિત કરાવી શકે છે. સમાધાન થઈ જવા પર ઉદક મુનિએ ગૌતમ સ્વામીનો શ્રદ્ધાપૂર્વક વંદન વ્યવહાર કર્યો અને ભગવાન મહાવીરના શાસનમાં સંમ્મિલિત થવાનો અર્થાત્ દીક્ષિત થવાનો ભાવ વ્યક્ત કર્યો. ત્યારે ગૌતમસ્વામી તે ગૃહપ્રદેશ(ઓરડીમાંથી)નીકળીને ઉદકમુનિને લઈને બગીચામાં ભગવાનની સેવામાં પહોંચી ગયા.

પછી ભગવાન મહાવીરની સેવામાં ઉદકમુનિએ ચાતુર્યામ ધર્મમાંથી પંચમહાવ્રત ધર્મ સ્વીકાર કર્યો અને ક્રમશઃ આત્મકલ્યાણની સાધનામાં લીન બની ગયા. તેના પછી ઉદક મુનિની ગતિનું વર્ણન પ્રાપ્ત થતું નથી. છતાં ય શક્યતા મોક્ષ ગતિની અધિક લાગે છે. આ પ્રકારે આ અધ્યયનની સમાપ્તિ પર ૧૬ અધ્યયનથી યુક્ત પ્રથમ શ્રુતસ્કંધ અને ૭ અધ્યયનથી યુક્ત દ્વિતીય શ્રુતસ્કંધ આમ બંને મળીને કુલ ૨૩ અધ્યયનાત્મક શુદ્ધ આચાર અને શુદ્ધ શ્રદ્ધાના પ્રેરક તથા અનેક મતમતાંતરોના પરિચાયક આ ગણધર કૃત દ્વિતીય અંગશાસ્ત્ર રૂપ સૂત્ર કૃતાંગ સૂત્ર પૂર્ણ થાય છે.

આમ આ સાતમા અધ્યયનમાં શ્રાવક વિધિ, શ્રાવક આચાર આદિની સુંદર ચર્ચા દષ્ટાંતોની સાથે કરીને કર્મબંધથી મુક્ત થવાના ઉપાયો બતાવવામાં આવેલ છે. આમ જૈન આગમ દ્વાદશાંગીનું આ અતિ મહત્વપૂર્ણ શાસ્ત્ર છે.

## સ્થાનાંગ સૂત્ર 3

જિન શાસનના શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગીનું આ ત્રીજું અંગ શાસ્ત્ર છે. અર્થાત્ પહેલું અંગશાસ્ત્ર આચારાંગ સૂત્ર છે. બીજું અંગ શાસ્ત્ર સૂયગડાંગ સૂત્ર છે અને ત્રીજું અંગશાસ્ત્ર આ સ્થાનાંગ સૂત્ર છે.

**રચનાકાર :** દરેક અંગશાસ્ત્ર ગણધર રચિત હોવાથી આ શાસ્ત્ર સ્થાનાંગ સૂત્ર પણ ગણધર રચિત છે. ભગવાન મહાવીર સ્વામીના ૧૧ ગણધરોમાંથી ૯ ગણધર ભગવાનની હાજરીમાં જ મોક્ષ પધારી ગયા હતા. ગૌતમસ્વામી ગણધરને ભગવાન નિર્વાણ પામ્યા તે જ રાત્રિએ કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. ભગવાનના નિર્વાણ બાદ ગૌતમસ્વામી કેવલી પર્યાયમાં વિચરણ કરતા હતા અને સુધર્મા સ્વામીને ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર આચાર્ય બનાવેલ હતા અર્થાત્ જિનશાસનની સંપૂર્ણ જવાબદારી સુધર્માસ્વામીને સોંપાયેલ હતી. આ કારણોથી દ્વાદશાંગી સુધર્મા સ્વામીના નામથી કહેવામાં આવી રહેલ છે. છતાં પણ સંપૂર્ણ





દ્વાદશાંગી રૂપ બાર અંગશાસ્ત્રોના રચનાકાર વ્યક્તિ વગર નામે ગણધર પ્રભુ જ કહેવાય છે. કારણ કે તીર્થંકર દ્વારા ચતુર્વિધ સંઘની સ્થાપના બાદ પ્રભુ આજ્ઞાથી સર્વ ગણધરો મળીને દ્વાદશાંગીની આખા શાસન માટે રચના સંપાદન વ્યવસ્થાપન કરે છે. તે જ એક દ્વાદશાંગી જિનશાસનના સમસ્ત સાધુ-સાધ્વીઓને શીખવવામાં આવે છે. આ પ્રમાણે ઉપલબ્ધ આ ત્રીજું અંગશાસ્ત્ર સ્થાનાંગ સૂત્ર પણ મૌલિક રૂપથી ગણધર રચિત છે.

**વ્યાખ્યા સાહિત્ય :** વર્તમાનમાં આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય અભય-દેવસૂરિની સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. ત્યારબાદ અનેક બહુશ્રુત શ્રમણોએ આ સૂત્ર પર સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિ ભાષાઓમાં સંક્ષિપ્ત વિસ્તૃત અર્થ વિવેચન આદિ લખેલ છે જે વિવિધ પ્રકારથી પ્રકાશિત ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલકઋષિશ્રીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું યુવાચાર્યશ્રી મધુકરમુનિજી મ.સાનું, આચાર્યશ્રી આત્મારામજી મ.સા.નું, ઉપાધ્યાયશ્રી કનૈયાલાલજી મ.સા.નું, પંજાબથી શ્રીઅમરમુનિજી મ.સા.નું ગુજરાતથી શ્રીપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું તેમજ રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ આદિના મુખ્ય રૂપથી પ્રસિદ્ધ થયેલ છે. આગમ મનીષી શ્રી તિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોતરી હિંદી તથા ગુજરાતી સરલ સુગમ ભાષામાં પ્રકાશિત છે. આચાર્ય તુલસીની પ્રમુખતામાં મુનિ નથમલ (આચાર્ય મહાપ્રજ્ઞ) દ્વારા સંપાદિત આ શાસ્ત્ર સંસ્કૃત, હિંદી, અનુવાદની સાથે પ્રત્યેક સ્થાનની ભૂમિકા તથા મહત્ત્વના વિષયોનું વિવેચન સાથે મળે છે. લાડનું (રાજસ્થાન)થી પ્રકાશિત છે.

**વિષય વર્ણન :** આ સૂત્રમાં વિષય વર્ણન ૧ થી ૧૦ સુધીની સંખ્યાના આધારથી કરવામાં આવેલ છે. આ સંખ્યામાં તત્ત્વ, ઉપદેશ, કથાવિષય, ગણિતવિષય, આચારવિષય આદિ અનેક વિષયનો સમાવેશ આ શાસ્ત્રમાં કરવામાં આવેલ છે. માટે આ શાસ્ત્રનો કોઈપણ એક મુખ્ય વિષય કહી શકાતો નથી.

**વિભાગ :** આ શાસ્ત્રમાં ૧ થી ૧૦ સંખ્યાના આધારથી ૧૦ અધ્યયન છે. જેને 'સ્થાન' સંજ્ઞા આપેલ છે. આ મુખ્ય વિભાગમાં કોઈમાં પ્રતિવિભાગ છે અને કોઈ માં નથી. પ્રતિવિભાગોને અહિં 'ઉદ્દેશક' કહેલ છે. આ પ્રકારે આ શાસ્ત્રમાં ૧૦ સ્થાન છે અને તેમાં કોઈ કોઈમાં ઉદ્દેશક પણ છે. પ્રથમ સ્થાનમાં ઉદ્દેશક નથી. બીજા, ત્રીજા, ચોથા સ્થાનમાં ચાર ઉદ્દેશક છે. પાંચમા સ્થાનમાં ત્રણ ઉદ્દેશક છે. આગળ કોઈપણ સ્થાનમાં ઉદ્દેશક વિભાગ નથી.

## દસ સ્થાન એટલે દસ અધ્યયનો સાર :–

**સ્થાન–૧ :** આમાં એક સંખ્યાનો આધાર લઈને અનેક તત્ત્વોનો સંગ્રહ નયથી અથવા જાતિવાચક કથનની અપેક્ષાથી કથન કરેલ છે. ક્યાંક અનેક તત્ત્વોનું વિભાજન કરી એક ના રૂપમાં કથન કરેલ છે અને કોઈક વાસ્તવિક એક સંખ્યાવાળા તત્ત્વોનું નિરૂપણ પણ કરેલ છે. કોઈ તત્ત્વના શાસ્ત્રોમાં ભેદ–પ્રભેદ નથી છતા પણ અપેક્ષાથી તેના અનેક પ્રકાર થઈ શકે છે. અહિંયા તેને 'એક'ની સંખ્યાથી કહેલ છે. કેટલાક તત્ત્વોને અહિંયા વર્ગણાના નામે એક એક રૂપમાં કહેવામાં આવેલા છે.

(૧) લોકમાં આત્માઓ અનંત છે, તેને સંગ્રહ નયની અપેક્ષાથી અને મૂળભૂત શુદ્ધ તત્ત્વો દરેકનું એક સમાન અરૂપી અસંખ્ય પ્રદેશી હોવાથી સૂત્રમાં, 'એગે આયા' આ પ્રમાણે કહેલ છે. (૨) ઉતરાધ્યયન આદિ સૂત્રમાં મન દંડ, વચન દંડ, કાય દંડ રૂપમાં ત્રણ દંડ કહેલ છે. છતાં પણ અહિંયા સંગ્રહનયથી 'એગે દંડે' એમ કહેવામાં આવેલ છે, (૩) આ પ્રકારે આ સ્થાનમાં અનેક તત્ત્વ સંગ્રહનયથી એક કહેલ છે. જેમ કે– ક્રિયા, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા. જો કે શાસ્ત્રોમાં ક્રિયા ના બે, પાંચ, પચીસ પ્રકાર પણ કહેલ છે. બંધના ચાર પ્રકાર કહેલ છે. પુણ્યના ૯ પ્રકાર કહેલ છે. પાપના અઢાર પ્રકાર કહેલ છે. આશ્રવ સંવરના પાંચ અને વીસ પ્રકાર કહેલ છે. વેદના આઠ કર્મોની તથા અનેક પ્રકારની હોય છે. (૪) તર્ક, સંજ્ઞા, મતિ, બુદ્ધિ, વિજ્ઞાતા, જ્ઞાન, દર્શન, સમય, પ્રદેશ, પરમાણુ, સિદ્ધ, પરિનિવૃત્ત આ સર્વ અનેક તેમજ અનંત છે. છતા પણ અહિંયા 'એગે નાણે' એગે સિદ્ધે, એગે પરમાણુ આદિ કથન સંગ્રહનયથી અનેક ને એકમાં સંગ્રહિત કરી કહેવામાં આવેલ છે.

**સ્થાન–૨ :** આ બીજા સ્થાનમાં તત્ત્વોને બે ની સંખ્યામાં સમાવિષ્ટ કરીને અથવા સમાવેશ થનારા તત્ત્વોનું નિરૂપણ છે. અર્થાત્ આ સ્થાનની પ્રત્યેક વાત બે સંખ્યાવાળી છે. આ સ્થાનના વિભાગ રૂપમાં ચાર ઉદ્દેશક છે : ચારે ઉદ્દેશકમાં બે સંખ્યાવાળા વિવિધ વિષયોનું સંકલન છે આ સંકલનમાં કોઈપણ પ્રકારનો ક્રમ નથી. અર્થાત્ અક્રમિક વર્ણનની પ્રધાનતા છે.

**પ્રથમ ઉદ્દેશકમાં :** બે ભેદથી વિધ-વિધ જીવો-અજીવોનું, ક્રિયાઓનું દ્રવ્યોનું, પ્રત્યાખ્યાનનું, ધર્મપ્રાપ્તિ-મોક્ષપ્રાપ્તિનું, જ્ઞાન સંબંધી, ચારિત્ર સંબંધી તથા દિશાઓ સંબંધી વર્ણન મુખ્ય રૂપથી કહેવામાં આવેલ છે.





**બીજા ઉદ્દેશકમાં :** બે ની સંખ્યાથી લઈ ચોવીસ દંડકના જીવોની બે પ્રકારે ગતાગત બનાવી, તેના અનેક રીતે બે બે પ્રકારો બતાવેલા છે. તે ઉપરાંત જીવોના કર્મફળ ભોગવવાના, સમવહત અથવા વૈક્રિય અવસ્થામાં જ્ઞાનની સ્થિરતા, દેશથી કે સર્વથી સાંભળવું, જોવું આદિ વિષયોનો સમાવેશ કરેલ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં :** બે ની સંખ્યાનો આધાર બનાવી ભાષા અને શબ્દ, પુદગલ, ભેદ, પાંચ શબ્દ આદિ વિષય, પંચાસાર, વિવિધ પ્રતિમાઓ, સામાયિક, ઉપપાત આદિ, ગર્ભસ્થ જીવ, સ્થિતિ, આયુષ્ય, કર્મ સંબંધી, સંક્ષિપ્ત વર્ણન છે. ત્યારબાદ જંબુદ્વીપ ભરત આદિ ક્ષેત્ર, પર્વત આદિ બે–બેની સંખ્યાથી અનેક કથન છે. જેનું મૌલિક ક્રમિક વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર અને જીવાભિગમ સૂત્રમાં છે.

**ચોથા ઉદ્દેશકમાં :** જીવ અજીવને લઈ સમય, આવલિકા, ગ્રામાદિ તથા છાયા આદિની વિચારણા, મૃત્યુ સમયે આત્મપ્રદેશ નિકળવાનું, ધર્મબોધિ, કષાય, જીવોના બે–બે ભેદ આઠે કર્મોના બે–બે ભેદ તથા દેવોની સ્થિતિ, પરિચારણા આદિ બે સંખ્યાથી છૂટક વિષય પણ કહેલા છે.

એક સમયથી લઈ ઉત્સર્પિથી-અવસર્પિણી સુધી સર્વ ૪૮ કાલની(કાળ ચક્ર)ગણતરી જીવ-અજીવ બંને પર પ્રવર્તે છે. જીવઅજીવ બંનેની પર્યાય કાળથી સંબંધિત હોય છે. માટે સમય આદિને જીવ રૂપ પણ કહી શકાય છે અને અજીવ રૂપ પણ કહી શકાય છે. બે સંખ્યાનું વર્ણન હોવાથી તેને જીવ અજીવ બંને રૂપમાં સ્વીકારવામાં આવેલ છે.

ગામ-નગર આદિ, ઉદ્યાન આદિ, સરોવર-નદી, પર્વત, નરક પૃથ્વી ઘનોદધિ આદિ, દ્વીપ સમુદ્ર, નૈરયિક આવાસ યાવત્ વૈમાનિક આવાસ, વર્ષ (હરિવાસાદિ) વર્ષધરપર્વત, કૂટ, વિજય, રાજધાની વિગેરે દરેક ક્ષેત્રીય પદાર્થ જીવના આશ્રયે હોવાથી જીવરૂપ તથા અજીવમય હોવાથી અજીવરૂપ આમ બે બે પ્રકારની સ્વીકાર કરેલ છે. છાયા, આતપ, અંધકાર, ઉદ્યોત આદિ અજીવ હોવાથી અજીવ રૂપ અને જીવાશ્રિત હોવાથી જીવરૂપ તેમ બંને પ્રકારે સ્વીકારેલ છે અર્થાત્ આ ઉપરોક્ત દરેક જીવરૂપ પણ કહેલ છે અને અજીવ રૂપ પણ.

**સ્થાન–૩ :** તેમાં ત્રણની સંખ્યાવાળા તત્ત્વોનું કથન છે તથા અનેક તત્ત્વોને કોઈપણ અપેક્ષા અથવા પદ્ધતિથી ત્રણ ત્રણની સંખ્યામાં સમાવેશ કરી કથન કહેલ છે. આ સ્થાનમાં ૪ ઉદ્દેશક છે. જેમાં કુલ ૨૦ થી અધિક સૂત્રોમાં ત્રણની સંખ્યાથી સંબંધિત અનેક વિષય છે. ચારે ઉદ્દેશકોનો વિભાજનમાં કોઈ વિષય

વિભાજિત નથી. જ્યાં–ત્યાં વિવિધ વિષય ચારે ઉદ્દેશકોમાં અક્રમિક રૂપથી સંકલિત છે.

**પ્રથમ ઉદ્દેશકમાં :** ત્રણની સંખ્યાથી વિકુવર્ણા, પરિચારણા, યોગ, પ્રયોગ, કરણ, આયુષ્યબંધ, ગર્હા-પ્રત્યાખ્યાન, પુરુષજાત, સ્ત્રી-પુરુષ, નપુંસક, લેશ્યા, દેવ વિષયક, તારા ખરવા, ઋણ મુક્તિ, લોકમાં સમાન સ્થળ, સદ્ગતિ, દુર્ગતિ તથા અન્ય પણ અનેક વિષયોનો આ ઉદ્દેશકમાં સમાવેશ કરેલ છે.

**બીજા ઉદ્દેશકમાં :** ત્રણની સંખ્યા આધારિત દેવેન્દ્ર આદિની પરિષદ, ધર્મના આચરણનું, દીક્ષાનો સમય, દીક્ષિત થવાના નિમિત્ત, ત્રણ દિશા, જીવોને દુઃખનો ભય, લોક પ્રકાર, પુરુષના પરિણામ, સુંદર-અસુંદર જીવન પરિણામ, લોક સંસ્થિતિ, અછેધ-અભેધ આદિનું કથન છે. તેના સિવાય અન્ય આગમોમાં આવતા જીવભેદ, નિર્ગ્રંથ પ્રકાર, સ્થવિર, શૈક્ષ, ત્રસ-સ્થાવર, બુદ્ધ, બોધિ, મોહ આદિ અનેક વિષયોને ત્રણની સંખ્યાથી સંબંધિત કરીને કહેલ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં :** ત્રણની સંખ્યાથી સંબંધિત અનેક વિષયોનું સંકલન છે. જેમ કે– આલોચના, સૂત્રધારણ, વસ્ત્ર, પાત્ર, આત્મરક્ષક, વૃષ્ટિ, પદવી, વિસંભોગ, દેવોનું આવવું અથવા નહિં આવવું, દેવોની ઈચ્છા, દેવોનું દુઃખ, વિમાન, તપસ્યામાં ધોવણપાણી, ઊણોદરી, લબ્ધિઓની પ્રાપ્તિ, અવિનય, સત્સંગ આદિ વિષયનું નિરૂપણ છે.

**ચોથા ઉદ્દેશકમાં :** ત્રણની સંખ્યાના આધારથી મુખ્ય વિષય આ પ્રકારે વર્ણિત છે– સંયમના ઉપઘાત અને વિશોધી, જ્ઞાનાદિમાં અતિક્રમ આદિ, તેની શુદ્ધિ, ક્ષેત્ર,પર્વત,નદી,ધરતીકંપ,કિલ્વિષી દેવ,દેવપરિષદની સ્થિતિ,પ્રાયશ્ચિત્ત,દીક્ષા, અધ્યયન અનેક પ્રકારના પ્રત્યનીક,અંગોપાંગ,મનોરથ,પુદ્ગલ પ્રતિઘાત, ચક્ષુ, અવધિજ્ઞાન, ઋદ્ધિ, જિન, કેવલી, લેશ્યા, મરણ, સ્થિર-અસ્થિર ચિત્તના નુકશાન, લાભ, વિગ્રહગતિ, વલય, તીર્થંકર, ગ્રૈવયક, વિગેરે વિષયોનું નિરૂપણ છે.

**સ્થાન–૪ :** આ સ્થાનમાં ચાર સંખ્યાથી તેમાં સમાવેશ થનારા તત્ત્વોનું કથન છે. છતાં પણ તેમાં એક બે ગુણોને, બોલોને, લક્ષણોને તેમજ ઉપમાઓને લઈ ચૌભંગી બનાવવામાં આવેલ છે. તે ચૌભંગીના માધ્યમથી સાધકોને જિજ્ઞાસુઓને, મોક્ષાર્થીઓને આત્મબોધ તથા માનવ જીવન સંસ્કારિત સુવાસિત કરવાનો બોધ આપેલ છે. ચૌભંગીઓનો, ઉપદેશ વિષયોનો, ઉપમાઓનો કોઈ ક્રમ રાખેલ નથી પરંતુ જ્યાં–ત્યાં ક્યાંક તત્વજ્ઞાન, ક્યાંક ચૌભંગી, ક્યાંક ઉપમાઓ, ક્યાંક જીવન શિક્ષા તો ક્યાંક મોક્ષમાર્ગમાં પ્રગતિકારક ગૂઢ શબ્દોમાં ઉપદેશ કરેલ છે.





આ સ્થાનના વિભાજનરૂપ ચાર ઉદ્દેશક છે. તેમાં પણ વિષયોનું કોઈ વિભાજન નક્કી ન કરતાં અક્રમિક વિખરાયેલા મોતીના જેમ સેંકડો વિષયોનું નિરૂપણ ૪૦૦ થી અધિક સૂત્રોમાં કરવામાં આવેલ છે.

**પ્રથમ ઉદ્દેશકમાં :** ચારની સંખ્યાવાળા તત્વ વિષય આ પ્રમાણે છે– અંતક્રિયા, ભાષા, પુત્ર, વનસ્પતિના ભેદ, નારકી, સાધ્વીની પછેડી(ચાદર), ધ્યાન, દેવોના પદ, દેવો આદિનો સંવાસ(અબ્રહ્મચર્ય), કષાયભેદ, કર્મ પ્રતિમા, અસ્તિકાય, પ્રણિધાન, ૧૨૦ લોકપાલોના નામ, પાતાળ કળશ, દેવ જાતિ, પ્રમાણ, દિશા કુમારીઓ, પરિષદની દેવીઓની સ્થિતિ, સંસાર, દષ્ટિવાદ, પ્રાયશ્ચિત્ત, પુદ્ગલ, પરિણામ, ચાતુર્યામ, સુગતિ, દુર્ગતિ, કેવલી, હાસ્ય ઉત્પતિ, નૌકર, અગ્રમહિષી, વિગય-મહાવિગય, અવગાહના, પ્રજ્ઞપ્તિસૂત્ર આદિ.

**બીજા ઉદ્દેશકમાં :** ચારની સંખ્યાને લઈ પ્રથમ ઉદ્દેશકની સમાન જ અનેક વિષયો અક્રમિક કહેલ છે. જેમ કે પ્રતિસંલીનતા, હસ્તી, વિકથા, ધર્મકથા, અતિશય જ્ઞાનોત્પત્તિ-અનુત્પત્તિ, સ્વાધ્યાય-અસ્વાધ્યાય, લોક સંસ્થિતિ, ગર્હા, નિર્ગ્રંથ, તમસ્કાય, કષાય સ્વરૂપ, સંસાર, આયુષ્ય,ભવ, આહાર, કર્મબંધ, જીવ ઉપક્રમ, એક-અનેક, સર્વ, પર્વત, કૂટ, ક્ષેત્ર, જઘન્યપદે અરિહંત આદિ, મેરુ પર્વતના વન, અભિષેક શિલા, ચૂલિકા, અંતરદ્વીપ, આવાસપર્વત, વેલંધર, અણુવેલંધર, લવણસમુદ્ર, ધાતકીખંડ ભરતક્ષેત્રાદિ, નંદીશ્વરદ્વીપ, સત્ય, આજીવિક તપ, સંયમ, ત્યાગ, અકિંચનતા ઈત્યાદિ ચારની સંખ્યાવાળા વિષયોનું ક્યાંક વિસ્તૃત વર્ણન છે અને ક્યાંક થોડું વર્ણન છે. તેના સિવાય પૂર્વવત્ અને ચૌભંગીઓ ઉપમાઓ દ્વારા પુરુષના ગુણો પ્રકારોનું વર્ણન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં :** ચારની સંખ્યાનો આધાર લઈને ૯૩(ત્રાણુ)ચૌભંગીઓ પુરુષની અપેક્ષાથી કહેલ છે. જેમાં ૫૦ ચૌભંગીઓ પક્ષી, વૃક્ષ આદિની તુલના સાથે કહેલ છે અને ૪૩ ચૌભંગીઓ માત્ર પુરુષની જ કહેલ છે. તેના સિવાય ચારની સંખ્યાના આધારથી અનેક વિષય છે, જેમ કે : ઉદક, ભારવાહક, શૂરવીર, નિર્ગ્રંથ-નિર્ગ્રંથી, શ્રાવક, શ્રાવિકા, શ્રમણોપાસક, દુઃખશય્યા, સુખશય્યા, દીક્ષા, દષ્ટાંતના ભેદ-પ્રભેદ, હેતુ, અંધકાર, ઉદ્યોત ઈત્યાદિ તથા અન્ય શાસ્ત્રોમાં આવનારા ચારની સંખ્યાવાળા વિષયોનું પણ સંકલન કરવામાં આવેલ છે.

**ચોથા ઉદ્દેશકમાં :** ચારની સંખ્યામાં થનારા અનેક વિષયોનું અક્રમિક વર્ણન કરેલ છે. જેમ કે વિષ, વ્યાધિ, ચિકિત્સા, આસુરી આદિ ભાવના, પ્રવ્રજ્યા, ઉત્સર્ગ,

કર્મ, કર્મદ્વાર, આયુષ્યબંધ, વાદ્ય, નૃત્ય, ગીત આદિ તથા તુલનાત્મક પુરુષની, આચાર્ય ભિક્ષુની, માતા-પિતાની, આવર્ત–કષાયની કુલ ૬ ચૌભંગીઓ અને માત્ર પુરુષની ૧૫ ચૌભંગીઓ છે તથા અન્ય અનેક છૂટક વિષયોનું વર્ણન છે.

**સ્થાન–૫ :** આ પાંચમા સ્થાનમાં ૫–૫ની સંખ્યાવાળા તત્ત્વોના ત્રણ ઉદ્દેશકમાં વિષયોનું સંકલન છે. સંખ્યાના કારણે, અનેક વિષય, આચાર શાસ્ત્રોક્તનું પુનરાવર્તન છે. છતાં પણ કોઈ કોઈ એવા મહત્ત્વપૂર્ણ આચાર વર્ણન પણ છે, જેનું કોઈ આગમમાં વર્ણન નથી. ૨૦૦ જેટલા સૂત્રોમાં અને ત્રણ ઉદ્દેશકોમાં તેનું વિષય વિભાજન છે. વિભાજનમાં પૂર્વાનુસાર કોઈ પણ વિષય ક્રમ નથી. અક્રમિક વર્ણન પદ્ધતિનું જ અનુસરણ છે. પાંચ સ્થાવરના માલિક દેવ, અવધિજ્ઞાનની ઉત્પતિ અને તેનું નષ્ટ થવું, આચાર્ય ઉપાધ્યાયના ગચ્છમાં વિઘટન, સંગઠન, કષ્ટ સહન, મનોવૃતિ, હેતુ, અહેતુ, ચાતુર્માસમાં વિહાર, નૌકા વિહાર, રાજમહેલોમાં સાધુનું જવું, ગર્ભ રહેવો-નહીં રહેવો તેનું કારણ, સાધુ-સાધ્વી એક મકાનમાં, ધર્મ સુલભ-દુર્લભ, આચાર્યનો ગચ્છ ત્યાગ, મુંડન, સાધુના ઉપકારી પૃથ્વી, પાણી આદિ પણ, અચેલ ધર્મનો ગુણ, પ્રત્યાખ્યાન વિવેક, પાંચ પ્રતિક્રમણ, આગમ વાચનાથી લાભ ઈત્યાદિ અન્ય પણ પાંચની સંખ્યાથી અનેક વિષય સંકલિત કરેલ છે.

**સ્થાન–૬ :** છ ની સંખ્યાથી સંબંધિત વિષયોનું આ સ્થાનમાં નિરૂપણ કરેલ છે. તેમાં બીજું કોઈ વિભાજન–ઉદ્દેશક આદિ નથી. સીધા ૧૨૧ સૂત્રોમાં વર્ણન કરવામાં આવેલ છે. વર્ણન વિષય અક્રમિક જ છે, કોઈ નિશ્ચિત વિષય ક્રમ નથી.

સંઘાડા પ્રમુખના ગુણ, મૃતક સાધુ સંબંધી વિધિ, અશક્ય અને દુર્લભ, આત્માર્થી અનાત્માર્થીના હાનિલાભ, પ્રમાદ પ્રતિલેખન, તિથિ ઘટવી-વધવી, ૬ ઋતુ, ભોજનનું પરિણામ, આશ્રવોના ૬ પ્રકાર, પ્રતિક્રમણ–૬, ઈન્દ્રોની અગ્રહહિષી, દિશા, આહાર, લેશ્યા, અવધિજ્ઞાન, સ્થિતિ આદિ ૬ સંખ્યા સંબંધી અનેક વિષય છે.

**સ્થાન–૭ :** આ સ્થાનમાં સાતની સંખ્યાવાળા વિષયોનું નિરૂપણ છે, તેમાં ઉદ્દેશક વિભાગ નથી. બીજા શાસ્ત્રોમાં વર્ણવેલ અનેક વિષય પણ અહિંયા સંખ્યાના નિમિત્તથી લીધેલ છે. ગચ્છ ત્યાગના કારણો, વિભંગ જ્ઞાન, કેવલી એવં છદ્મસ્થની ઓળખાણ, મનુષ્યોના મૂળ ગૌત્ર, આયુષ્યનું ટૂટવું, નિહ્નવ, આચારાંગના મોટા અધ્યયન, નાના અધ્યયન, સાત નય, દુષમ-સુષમ કાળના લક્ષણ, વિકથા, વચન, કુલકોટિ આદિ ૭ ની સંખ્યા વાળું કથન છે.





**સ્થાન–૮ :** આ સ્થાનમાં ૮ ની સંખ્યાથી સંબંધિત અનેક વિષયોનું સંકલન છે. ઉદ્દેશક વિભાગ કોઈ નથી. કુલ ૧૨૨ સૂત્રોમાં અન્ય આગમોમાં વર્ણવેલ અનેક વિષય છે છતાંય કોઈપણ આગમમાં ન આવેલ નૂતન વિષય પણ છે.

આલોચના પ્રાયશ્ચિત્તના માનસ, આયુર્વેદ શાસ્ત્ર–૮ પ્રકારના, દિશા કુમારીઓ, ચૈત્યવૃક્ષ દેવોના અને તીર્થંકરોના, મદ, મત, નિમિત શાસ્ત્ર, આઠ પાટ મોક્ષ, આઠ રાજા મોક્ષ, ૮૦૦૦ ધનુષનું યોજન, કૃષ્ણની ૮ પટ્ટરાણીઓની દીક્ષા, સિદ્ધશિલાના આઠ નામ, આઠ સૂક્ષ્મ આદિ આઠની સંખ્યાના અનેક વિષય.

**સ્થાન–૯ :** આમાં ૯ ની સંખ્યાથી વિષયોનું નિરૂપણ છે. જેમાં કાંઈક નવું જ પ્રતિપાદન છે અને કેટલાક અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલ વિષયો છે. આ અધ્યયનમાં વિભાગ રૂપ ઉદ્દેશક આદિ નથી. પોતાના સ્વછંદ શ્રમણાને ગચ્છની બહાર કાઢ વા, બ્રહ્મચર્યની ૯ વાડ, રોગ ઉત્પત્તિના ૯ કારણ, ૯ વિષય, ૯ પુણ્ય, પાપ શ્રુત, વિશેષજ્ઞ, ભગવાન મહાવીરના ગણ, આયુષ્યના ૯ પરિણામ, ૯ જીવતીર્થંકર બનશે. નવ તત્ત્વ, નવ શ્રોત ઔદારિક શરીરના, લોકાંતિક, મહાગ્રહ, જીવના ભેદ બલદેવ અથવા વાસુદેવ આદિ ૯ ની સંખ્યાનું કથન છે.

**સ્થાન–૧૦ :** આ સ્થાનમાં ૧૦ ની સંખ્યાથી સંબંધિત અનેક વિસ્તૃત તેમજ સંક્ષિપ્ત સૂત્ર છે. જેમાં અન્ય શાસ્ત્રોમાં તેમજ પૂર્વ સ્થાનમાં આવેલ વિષય પણ અનેક છે અને નવા વિષય પણ ઘણા છે. ઉદ્દેશક વિભાગ વિના કુલ ૧૬૨ સૂત્ર આ સ્થાનમાં છે. આ શાસ્ત્રનું આ અંતિમ અધ્યાય છે. લોક સ્વભાવ, ચૈત્યવૃક્ષ, કલ્પવૃક્ષ, માનવના સુખ, શાસ્ત્ર, દાન, પ્રત્યાખ્યાન, દસ અધ્યયનો વાળા શાસ્ત્ર, અચ્છેરે, જ્ઞાનવૃદ્ધિના નક્ષત્ર આદિ ૧૦ ની સંખ્યાના અનેક બોલોનો સંગ્રહ છે.

## સમવાયાંગ સૂત્ર ૪

૧૧ અંગશાસ્ત્રોમાં આ ચોથું અંગશાસ્ત્ર છે. માટે આ આગમ ગણધર રચિત છે. છતાંપણ સંખ્યા દષ્ટિથી કોઈ વર્ણન દેવર્ધિગણીના લેખન કાળમાં પૂર્વધર સ્થવિર સંપાદિત પણ છે. આ સૂત્ર પર નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવ સૂરી કૃત પ્રાચીન ટીકા છે. વર્તમાનમાં આચાર્યશ્રી અમોલક ઋષિ મ.સા. આચાર્ય શ્રીઆત્મારામજી મ.સા. આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. યુવાચાર્ય શ્રી મધુકર મુનિજી મ.સા. આચાર્યશ્રી તુલસી આદિ દ્વારા તથા સંસ્કૃતિ રક્ષક સંઘ બ્યાવર, ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા આ શાસ્ત્ર અર્થ-વિવેચન સહિત સંપાદિત, પ્રકાશિત છે. સમયની આવશ્યકતા અનુસાર સંક્ષિપ્તમાં ૩૨ આગમોનો સારાંશ

તથા પ્રશ્નોત્તરની શૈલીમાં ૩૨ આગમોનું પ્રકાશન હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં થયું છે. જે આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત ઉપલબ્ધ છે.

આ સૂત્રમાં ૧ થી લઈને એક કરોડ સુધીની સંખ્યાના આધારથી કેટલાક વિષયોનું સંકલન છે. જેમાં પ્રાયઃ સંક્ષિપ્ત સૂચન રૂપ કથન છે. કોઈ કોઈ સંખ્યા વિષયનો વિસ્તાર પણ છે. આ સંખ્યા વર્ણન પછી જીવરાશી અને અજીવરાશિ, સ્થિતિઓ, આવાસો આદિ વિવિધ તત્ત્વોનું પણ વર્ણન છે. ત્યાર પછી દ્વાદશાંગીનો પરિચય પણ નંદીસૂત્રની જેમ છે. કાંઈક ભિન્નતા પણ છે. છેલ્લે તીર્થંકર, કુલકર, ચક્રવર્તી વગેરે શલાકા પુરુષો સંબંધી જાણકારીઓ આપવામાં આવી છે. આ સૂત્રના વિભાગો-અધ્યયનોને **સમવાય** સંજ્ઞા આપવામાં આવી છે. જે ૧૦૦ સમવાય સુધી છે. તેના પછી પ્રકીર્ણક વિષય છે. જેનું સંખ્યાથી વિભાજન નથી.

સ્થાનાંગ સૂત્રની સમાન આ સૂત્રમાં પણ સંખ્યાના આલંબનથી તત્ત્વોનું, આચારોનું, ક્ષેત્ર, ઉંમર, જીવ, અજીવ સંબંધી વર્ણન છે. તથા જીવ અને પુદ્ગલના અનેક પરિણામોનું સંકલન છે. અંતમાં સંખ્યાનું આલંબન છોડીને પ્રકીર્ણક વર્ણન છે. આમ આ શાસ્ત્રમાં અધિકતમ વિષય અન્ય શાસ્ત્રોમાં આવેલા છે તોપણ કુલકર અને શલાકા પુરૂષોનું વર્ણન આની પોતાની વિશેષતા છે.

આ શાસ્ત્રના અંતિમ ઉપસંહાર સૂત્રમાં મહાપુરુષોના વર્ણન રૂપ અંતિમ પ્રકરણનો ઉપસંહાર કરતાં સંપૂર્ણ શાસ્ત્રનો ઉપસંહાર કરવામાં આવ્યો છે. જેમાં સંક્ષેપમાં આ શાસ્ત્રનું મહાત્મ્ય અને પરિચય બતાવવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે –

આ રીતે આ શાસ્ત્રમાં કુલકર, તીર્થંકર, ચક્રવર્તી, દશારમંડલ (વાસુદેવ-બલદેવ) અને ગણધર સંબંધી પરંપરાઓ અર્થાત્ ત્રીજા આરાના અંતથી લઈને ચોથા આરાના અંત સુધી થયેલાનું, આગામી કાળમાં થવાવાળાનું અથવા ભૂત કાળના તીર્થંકર આદિનું તથા ભરતક્ષેત્રની સાથે એરવતક્ષેત્ર સંબંધી વર્ણન પણ છે. આ વર્ણનોમાં પ્રયુક્ત વંશ શબ્દ અનેક પરંપરાઓને પ્રગટ કરવાના અર્થમાં આપ્યો છે. આ પ્રકારે આ શાસ્ત્રમાં અનેક વર્ણન શ્રમણો સંબંધી હોવાથી તેના અલગ-અલગ અપેક્ષાથી ઋષિવર્ણન, યતિ વર્ણન અને મુનિવર્ણનના રૂપમાં સ્વીકારવામાં આવ્યું છે અને સન્નિકટ લયથી (ચક્રવર્તી વંશ વગેરે વર્ણનના નજીક હોવાથી) બધાની સાથે વંશ શબ્દ લગાવવામાં આવ્યો છે. આ એક વિશિષ્ટ શૈલીનો પ્રયોગ છે. જેમ વ્યવહારસૂત્રમાં પડિમા શબ્દનો પ્રયોગ એકલવિહારની સાથે





લાગેલો હોવાથી તેના પછી વર્ણિત પાસત્થા આદિને પણ પડિમા શબ્દ લગાવવામાં આવ્યો છે. તથા સમુદ્ઘાતના પ્રકરણમાં કષાયના સમુદ્ઘાત કહેવાની સાથે અકષાયનો પણ સમુદ્ઘાત કહેલ છે.

તે પછીના શબ્દોથી બતાવવામાં આવ્યું છે કે આ શાસ્ત્ર (૧) શ્રુતરૂપ છે. (૨) શ્રુત જ્ઞાનના અંગરૂપ(૧૨ અંગમાંથી એક હોવાથી)છે. (૩) શ્રુત સમાસ– શ્રુતનો સંક્ષેપ છે. કારણ કે એમાં અનેક વિષય અને અનેક શાસ્ત્રોની વાતો ટૂંકમાં કહી છે. (૪) શ્રુતસ્કંધ–આ એક જ શ્રુતસ્કંધ છે. એમાં બીજા મોટા વિભાગ નથી. (૫) અનેક તત્ત્વોનો અથવા જીવાદિ સમસ્ત તત્ત્વોનો આમાં સમાવેશ હોવાથી સમવાયરૂપ છે. (૬) સંખ્યારૂપ વર્ણનવાળું શાસ્ત્ર છે. (૭) સમસ્ત પરિપૂર્ણ અંગસૂત્ર છે. (૮) પૂરૂં શાસ્ત્ર એક જ અધ્યયનરૂપ છે. એમાં ઉદ્દેશક આદિ કોઈ નાના-નાના વિભાગ પણ નથી. પ્રકરણ રૂપ વિભાગ પણ મૂળપાઠમાં નથી. તે પાઠકોની સુવિધા માટે આધુનિક વિભાજનરૂપમાં પ્રચલિત થયા છે. આ પ્રકારે ઉપસંહાર સૂત્ર કંઈક કઠિન જેવું દેખાય છે તેથી તેને શબ્દાર્થોના માધ્યમથી સમજવા-સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, અહીં તેનો ક્રમિક અર્થ દર્શાવ્યો છે.

## ભગવતી સૂત્ર ૫

જિનશાસનમાં શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગી મૌલિક આગમરૂપમાં પ્રસિદ્ધ છે. જેમાં પાંચમું અંગશાસ્ત્ર વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્ર છે. આ શાસ્ત્ર વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાં અતિવિશાળ છે. અને મહત્ત્વપૂર્ણ અનેક સેંકડો વિષયોને આવરેલા હોવાથી એનું બીજું નામ ભગવતી સૂત્ર પ્રસિદ્ધ થયું છે. જેનાથી મૌલિક–આગમિક નામ **વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્ર** માત્ર લેખનમાં રહી ગયું છે. બોલચાલમાં શ્રી ભગવતી સૂત્ર ઉપનામે જ પૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આ મૌખિક પરંપરાને વહન કરતાં અહિંયા પણ ભગવતીસૂત્ર નામને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ સૂત્રનો ટૂંકમાં પરિચય શ્રી નંદીસૂત્ર તથા સમવાયાંગ સૂત્રમાં મળે છે. ત્યાં એ બતાવવામાં આવ્યું છે કે આમાં ૩૬૦૦૦ પ્રશ્નોત્તર છે. સંખ્યાદષ્ટિથી આ ગણતરી વર્તમાનમાં સિદ્ધ કરી શકાતી નથી. તોપણ આ શાસ્ત્રમાં દેવ, દેવેન્દ્ર, નરેન્દ્ર, ગણધર, સાધુ, શ્રાવક, શ્રાવિકા અન્ય મતાવલંબી બ્રાહ્મણ આદિ ના પ્રશ્ન અને ભગવાન મહાવીરના ઉત્તરો વિશાળ સંખ્યામાં ઉપલબ્ધ છે. મુખ્યરૂપથી

ભગવાનના ઉત્તર 'ગૌતમ' આ સંબોધન પૂર્વક હોવાથી આ આગમ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરના પ્રશ્નોત્તરોના મહા સંગ્રહરૂપ છે, એવો સ્વીકાર કરી શકાય છે.

**રચનાકાર :** દ્વાદશાંગી રચનાકાર ગણધર પ્રભુ હોવાથી આ શાસ્ત્ર પણ ગણધર રચિત છે. કોઈપણ ગણધરનું નામકરણ રચનાની સાથે જોડવું યોગ્ય નથી. કારણ કે **अत्थं भासइ अरहा, सुत्तं गुंथंति गणहरा निउणा** । અહીં સૂત્ર ગુંથનમાં બહુવચનથી ગણધરોનું સામાન્ય કથન છે. એના આધારથી બધા અંગશાસ્ત્રોને ગણરાજ્યના સંવિધાનની સમાન વ્યકિત નામ વિના ગણધર રચિત એટલું જ સ્વીકારવું જોઈએ. આ વિષયને આચારાંગ, સૂયગડાંગના પરિચયમાં વિશેષ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જિજ્ઞાસુ પાઠક તેનું પુનરાવલોકન કરે.

**નામકરણ :** આ શાસ્ત્રનું આગમિક નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર છે. જેનું પ્રાકૃત–અર્ધમાગધી ભાષામાં **विवाह पण्णत्ति** આ શુદ્ધ લેખન અને ઉચ્ચારણ છે. કારણ કે વ્યાખ્યા શબ્દનું પ્રાકૃતમાં **विवाह** શબ્દ પ્રયોગ બને છે. તો પણ રૂઢ પરંપરામાં **विवाह प्रज्ञप्ति** પણ લખાય અને બોલાય છે. તેને પણ વ્યાખ્યાકારોએ સ્વીકાર કરી અર્ધઘટન કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ પ્રાકૃત ભાષામાં એક જ શબ્દના અનેક વૈકલ્પિક રૂપ પણ સ્વીકારવામાં આવે છે. જેને વ્યાકરણના અભ્યાસુ સમજી શકે છે.

**વ્યાખ્યા સાહિત્ય :** વર્તમાનમાં આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય અભય દેવસૂરિની સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. તેના પછી અનેક બહુશ્રુત શ્રમણોએ આ સૂત્ર પર સંસ્કૃત, હિન્દી આદિ ભાષઓમાં સંક્ષિપ્ત વિસ્તારથી અર્થ-વિવેચન આદિ લખેલા છે. જે વિવિધ સ્થળેથી મુદ્રિત ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલક ઋષિજી, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા. ગુજરાતથી ગુઢપ્રાણ ફાઉનડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મપ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી આ શાસ્ત્ર પ્રસિદ્ધિ પ્રાપ્ત છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આ આગમનો સારાંશ અને પ્રશ્નોત્તર હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં પ્રકાશિત છે.

**વિષય વસ્તુ :** જૈન વાંગમયનાં જૈન શાસ્ત્રોમાં આવતા મૌલિક પ્રાયઃ ઘણા વિષય આ મહાકાય મહાશાસ્ત્રમાં પ્રશ્નોત્તર રૂપમાં સંગ્રહિત થયેલ છે. જેમાં કથાનક, જીવન ચરિત્ર, ઉપદેશ, સંયમાચાર, શ્રાવકાચાર, તત્ત્વ, ભંગજાલ, મતમતાંતર, ચર્ચાઓ, ક્ષેત્રીય વર્ણન, સ્વસિદ્ધાંત, ષડદ્રવ્ય, નારક–દેવ સંબંધી





વર્ણન, જ્યોતિષી દેવ, દેવલોક, સૂર્ય-ચંદ્ર આદિનું ભ્રમણ, વિરોધી ભાવોવાળા ગૌશાલક દ્વારા ઉપદ્રવ અર્થાત્ ભગવાનના સમવસરણમાં બે મહામુનિઓની હત્યા, કોણિક-ચેડા જેવા ભગવાનના પરમ ભક્ત જૈન રાજાઓએ સામાન્ય કારણથી યુદ્ધ કરીને ૧ કરોડ ૮૦ લાખ(કદાચિત્ ૧ લાખ ૮૦ હજાર) જીવોનું મરણ સર્જાયું આદિ વિવિધ, વિચિત્ર વિષય સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ટૂંકમાં સરળથી સરળ અને કઠિનથી કઠિન વિષય નિરૂપિત કરવામાં આવ્યા છે.

**વિભાગ અને પરિમાણ :** આ સૂત્રમાં મુખ્ય વિભાગ–અધ્યાય–૪૧ છે. જેને શતક કહેવામાં આવ્યા છે, અને શતકમાં આવેલા પ્રતિ વિભાગોને ઉદ્દેશક કહેવામાં આવ્યા છે. જેની સંખ્યા નિર્ધારિત નથી. બત્રીસમા શતક સુધી આ બે વિભાગ-શતક અને ઉદ્દેશક રૂપ છે. તેના પછી શતક તેત્રીસમાથી શતક, અવાંતર શતક અને ઉદ્દેશક આમ ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. પંદરમા શતકમાં કોઈ પ્રતિ-વિભાગ નથી, એક જ શતક વિભાગમાં ગૌશાલક સંબંધી વિશાળ વર્ણન છે. આ શાસ્ત્રમાં ઉદ્દેશકોની સંખ્યા પણ ૧૦ થી લઈને ૧૧, ૧૨, ૩૪ અને ૧૯૬ આદિ પણ છે. આ શાસ્ત્ર પ્રાચીન પરંપરાથી ૧૫૭૫૨ શ્લોક પ્રમાણેનું માનવામાં આવે છે. બ્યાવરથી યુવાચાર્ય મધુકરમુનિ સંપાદિત આ સૂત્રના ભાગ–૪ની પ્રસ્તાવનામાં ઉપાચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી એ બધા શતકોના અક્ષરોની ગણતરીથી ઉપલબ્ધ ઓગણીસ હજાર ત્રણસો વીસ(૧૯૩૨૦) શ્લોક પ્રમાણ આ શાસ્ત્ર વર્તમાનમાં ઉપલબ્ધ છે, એવો સ્વીકાર કર્યો છે. ટૂંકમાં આ શાસ્ત્રના ૪૧ શતક અને અંતર શતકને ગણવાથી કુલ ૧૩૮ શતક તથા કુલ ૧૯૨૩ ઉદ્દેશક છે અને અપેક્ષાથી ૧૯૩૨૦ શ્લોક પ્રમાણ આ શાસ્ત્ર ઉપલબ્ધ છે.

**પ્રકાશકોના વિભાજન :** અતિ વિશાળતાના કારણે આ શાસ્ત્રનું પ્રકાશન (૧) પંડિત બેચરદાસજી દોશી દ્વારા અનુવાદિત ટીકા ગ્રંથ ચાર ભાગોમાં (૨) સંસ્કૃતિ રક્ષકસંઘ શૈલાનાથી સાત ભાગોમાં (૩) આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી ચાર ભાગોમાં (૪) ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી પાંચ ભાગોમાં (૫) આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. દ્વારા સંપાદિત હિન્દી–ગુજરાતી બંને ભાષાથી સંયુકત ૧૭ ભાગોમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. (૬) આગમ મનીષી શ્રી ત્રિલોક મુનિજી મ.સા. દ્વારા સંપાદિત સારાંશ ત્રણ ભાગોમાં અને પ્રશ્નોત્તર બે ભાગોમાં પ્રકાશિત થયેલ છે.

બીકાનેર(રાજસ્થાન) થી આ સૂત્રના તત્ત્વજ્ઞાનને થોકડાના રૂપમાં

સંકલિત સંપાદિત કરીને ૯ ભાગોમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેના પ્રકાશક શ્રી અગરચંદ ભેરોદાન શેઠિયા છે. તે નવ ભાગોમાં આપેલા સેંકડો થોકડા આગમ અભ્યાસુ સાધક કંઠસ્થ કરે છે, જે આ સૂત્રના અર્થ ભાવાર્થને સમજવામાં ઘણા જ ઉપયોગી સાબિત થાય છે. બીજી પણ અનેક સંસ્થાઓ અને વિદ્વાનો દ્વારા આ શાસ્ત્ર વિધ–વિધ રૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. સ્થાનકવાસી સ્વાધ્યાય સમાજમાં આ શાસ્ત્રનું વાંચન–ચિંતન–મનન ઘણું પ્રચલિત છે. પ્રાયઃ સંપૂર્ણ શ્વેતાંબર સમાજમાં આ શાસ્ત્ર પ્રતિ અત્યંત અહોભાવ તથા સન્માનના ભાવ દૃષ્ટિ ગોચર થાય છે. આ કારણે વ્યાખ્યાનમાં વાંચણીમાં થોકડાના જ્ઞાનમાં આ શાસ્ત્ર ઘણું પ્રચલિત છે.

તે જ થોકડાંને નવું રૂપ આપીને ચાર્ટ આદિ બનાવીએ સુવ્યવસ્થિત રૂપમાં સ્વાધ્યાયી શ્રી વિમલકુમારજી નવલખાએ પણ જૈન તત્ત્વ દર્શન ભાગ–૧માં ભગવતીસૂત્ર તથા ભાગ–રમાં પ્રજ્ઞાપના અને બીજા આગમોના થોકડા લખીને **અંબા ગુઢ શોક સંસ્થાન ઉદયપુરથી** પ્રકાશિત કરાવ્યું છે.

## જ્ઞાતા ધર્મ કથા સૂત્ર ૬

અગીયાર અંગ સૂત્રોમાં આ છટ્ઠું અંગસૂત્ર છે. અંગસૂત્ર હોવાથી આ ગણધર રચિત આગમ છે.

**વિભાગ પરિમાણ :** વિભાજનની અપેક્ષાએ આના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૯ અધ્યયન અને દ્વિતીય શ્રુતસ્કંધમાં ૧૦ વર્ગ અને તે વર્ગોમાં કુલ ૨૦૬ અધ્યયન છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રનું પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણે સ્વીકારવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા સંસ્કૃત ભાષામાં આચાર્ય અભયદેવસૂરિજીની ઉપલબ્ધ છે. વર્તમાનમાં અર્વાચીન વ્યાખ્યાઓ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિ ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રીઅમોલકઋષિજી મ.સા. આચાર્યશ્રી આત્મારામજી મ.સા. આચાર્ય શ્રીહસ્તી મલજી મ.સા. આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. આદિ દ્વારા સંપાદિત મળે છે. એ ઉપરાંત યુવાચાર્યશ્રી મધુકરમુનિજીના નામથી પ્રસિદ્ધ બત્રીસીમાં, ગુઢપ્રાણ આગમ બત્રીસીમાં તથા સંસ્કૃતિ રક્ષકસંઘ બ્યાવરની બત્રીસીમાં આ શાસ્ત્ર વિવેચન સહિત ઉપલબ્ધ છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા





સંપાદિત ૩૨ આગમનો સારાંશ અને પ્રશ્નોત્તર બંને સેટમાં આ શાસ્ત્ર અનેક શિક્ષા પ્રેરણા અને જ્ઞાતવ્ય તત્ત્વોના નિર્દેશપૂર્વક હિન્દી-ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ પ્રચારિત થયું છે.

**નામકરણ :** આ સૂત્રમાં શિક્ષાપ્રદ દષ્ટાંત(જ્ઞાત) અને ધર્મકથાઓ વર્ણિત હોવાથી એનું પરિપૂર્ણ નામ જ્ઞાતા+ધર્મકથા=જ્ઞાતાધર્મકથા અંગસૂત્ર છે. ટૂંકમાં એને જ્ઞાતા સૂત્ર પણ કહેવાય છે.

**વિષય વસ્તુ :** પ્રથમ શ્રુતસ્કંધમાં કેટલીક ઐતિહાસિક કથાઓ છે. અર્થાત્ ઘટિત ઘટનાઓ અને ચરિત્ર છે અને કેટલીય કથાઓ રૂપક એટલે દષ્ટાંત રૂપે કહેવામાં આવી છે. આ બધી કથાઓનો ઉદ્દેશ્ય વિવિધ પ્રકારથી સાધકોને પ્રતિબોધ પ્રેરણા કે શિક્ષા આપવાનો છે. જેનાથી મુમુક્ષુ સાધક સારી રીતે આત્મ જાગરણ અને આત્મ ઉત્થાન કરી શકે.

આ કથાઓમાં શ્રદ્ધાનું મહત્ત્વ, આહાર કરવાનો ઉદ્દેશ્ય, અનાસક્તિ, ઈન્દ્રિય વિજય, વિવેક બુદ્ધિ, ગુણ વૃદ્ધિ, પુદ્‌ગલ સ્વભાવ, કર્મ પરિણામ અને કર્મોથી આત્માની દશા, ક્રમિક આત્મ વિકાસ, ભોગોનું ઝેરની સમાન દુષ્પરિણામ, સહનશીલતાના માધ્યમથી સંયમની આરાધના-વિરાધના અને દુર્ગતિ-સદ્‌ગતિ આદિ વિષયો પર સરલ અને સરસ ભાષામાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ કથાઓ વાદ-વિવાદ કે મનોરંજન માટે નથી, પરંતુ જીવન ઉત્થાન માટે આદર્શરૂપે ચિંતન મનન કરવા યોગ્ય છે.

બીજા શ્રુતસ્કંધમાં સાધના કરીને દેવલોકમાં જનારા ૨૦૬ જીવોનું જીવનવૃતાંત છે. આમાં વર્ણિત બધી સાધિકાઓ સ્ત્રી પર્યાયમાં સંયમ સ્વીકાર કરી દેવીના રૂપમાં ઉત્પન્ન થનાર આત્માઓ છે. તે સર્વે ત્રેવીશમા તીર્થંકરના શાસનમાં દીક્ષિત થઈ અને સંયમની વિરાધિકા બની. દેવભવ પછી મનુષ્યભવ પ્રાપ્ત કરી સંયમની શુદ્ધ આરાધના કરશે અને તે બધી (૨૦૬) આત્માઓ મુક્તિ પ્રાપ્ત કરશે.

આ પ્રકારે આ છટ્ઠું અંગસૂત્ર કથાપ્રધાન શાસ્ત્ર છે. જન સાધારણ માટે પણ આ રોચક આગમ છે અને જીવન નિર્માણ યોગ્ય અનેક પ્રેરણાઓનો ભંડાર છે. એક વિશેષતા એની એ પણ છે કે એમાં કહેલી જીવન ઉત્થાનની પ્રેરણાઓ શ્રમણ અને શ્રમણોપાસક બંને વર્ગો માટે ઘણી ઉપયોગી છે.

એના ૧૯ અધ્યયના નામ અને પરિચય આ પ્રમાણે છે—

| ક્રમ | અધ્યયન નામ | વિષય |
|---|---|---|
| ૧ | ઉત્ક્ષિપ્ત જ્ઞાત | સંયમથી ઉત્ક્ષિપ્ત ચિત્ત, એવા સાધક મેઘમુનિના જીવન દષ્ટાંતથી સંયમમાં પુનઃ સ્થિર થવાની શિક્ષા દેવામાં આવી. |
| ૨ | સંઘાટ જ્ઞાત | વિજયચોરનો સંગાથ જેલમાં ધન્નાશેઠના દ્વારા નિભાવવાના દષ્ટાંત દ્વારા શ્રમણોને એવી ભાવનાથી શરીરના સાથ નિભાવવા હેતુ આહાર કરવાનું કથન છે. |
| ૩ | ઈંડા | ધીરજ રાખવાથી ઈંડા દ્વારા મોરની પ્રાપ્તિના દષ્ટાંતથી સાધકોને સંયમ–મોક્ષમાર્ગમાં શ્રધ્ધાયુક્ત ધૈર્ય રાખવાનું કથન છે. |
| ૪ | કૂર્મ (કાચબા) | અંગોને સ્થિરતાની ગોપન કરીને રાખનાર કાચબાના દષ્ટાંતથી શ્રમણોને ઇન્દ્રિય નિગ્રહ કરવાની પ્રેરણા આપવામાં આવી છે. |
| ૫ | શૈલકરાજર્ષિ | સંયમ માર્ગમાં ચાલતાં કયારેક પ્રમાદ આવી જાય તો ફરી વિવેક જાગૃત કરવો–કરાવવો, આ શૈલકમુનિ અને પંથક શિષ્યના ઘટિત દષ્ટાંતથી સમજાવવામાં આવ્યું છે. |
| ૬ | તુંબડું | તુંબડાના દષ્ટાંતથી સમજાવવામાં આવ્યું છે કે જીવ કર્મલેપ વધવાથી ભારે થઈને સંસારમાં ગમન કરે છે અને કર્મલેપથી મુકત થઈને ઉપર ગતિ કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેથી સાધક કર્મક્ષય કરવામાં પ્રયત્નશીલ બને. |
| ૭ | રોહિણી જ્ઞાત | ધન્ના સાર્થવાહ દ્વારા ચાર વહુઓની પરીક્ષામાં રોહિણી નામની નાની વહુ વિશેષ બુદ્ધિશાળી હોવાથી ઘરની અધિકારિણી બની. તેવી રીતે ગ્રહણ કરેલા ચારિત્ર તપમાં ઉત્તરોત્તર ઉન્નતિ કરીને સાધક મોક્ષાધિકારી બની શકે છે. |
| ૮ | મલ્લી ભગવતી | ઉચ્ચ સંયમ તપમાં થોડું પણ માયા કપટ ક્ષમ્ય નથી. ઉત્કૃષ્ટ રસાયન યુક્ત સાધનાના એક કે અનેક ગુણોથી તીર્થંકર પદની પ્રાપ્તિ થઈ શકે છે. શ્રેષ્ઠ વચન પ્રતિજ્ઞાને સમય પર નિભાવીને ૬ મિત્રોએ દીક્ષા લીધી. મોહાભિભૂત બનેલા તથા આક્રમણ કરીને આવેલા રાજાઓને વિશેષ સૂઝબૂઝથી મલ્લીકુંવરીએ વિરકત બનાવ્યા, ઈત્યાદિ મલ્લી ભગવતીના જીવન વૃતાંતના માધ્યમમથી તત્ત્વદર્શન કરાવવામાં આવ્યું. |
| ૯ | માકંદીય | માકંદી સાર્થવાહના પુત્ર જિનરક્ષિત અને જિનપાલના જીવન વૃત્તાંત(દષ્ટાંત) થી ભોગવેલ ભોગોની ફરી સ્મૃતિ નહીં કરીને સાધકે સાધનામાં સાવધાન રહેવું જોઇએ. તો તે જિનપાલની જેમ પોતાની નગરીમાં અર્થાત્ મોક્ષમાં પહોંચી શકે છે. ફરી ભોગોમાં આકર્ષિત થવાથી જિરક્ષિતની જેમ દુઃખદ પરિણામની પ્રાપ્તિ થાય છે. |
| ૧૦ | ચંદ્રમા | ચદ્રકળા ઘટે પણ છે અને વધે પણ છે. તેવી જ રીતે સાધકે ગુણોની વૃદ્ધિ કરીને પૂર્ણતાને પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઇએ. ગુણોને વિલુપ્ત કરીને અમાસ જેવા ક્યારેય પણ બનવું જોઇએ નહીં. |
| ૧૧ | દાવદવ | વૃક્ષો દ્વારા વિવિધ હવાઓને સહન કરવાના દષ્ટાંતથી સાધકને અનુકૂળ–પ્રતિકૂળ બધા પ્રકારના પરીષહોના આવવા પર અથવા મનોજ્ઞ વચનોના સંયોગમાં પણ મધ્યસ્થ ભાવોમાં સંયમ ભાવમાં સ્થિર રહેવાની પ્રેરણા આપવામાં આવી છે. સંયમમાં ડામાડોળ ન થવું અને રાગ-દ્વોષમાં પણ ન પડવું જોઇએ. |

| | | |
|---|---|---|
| ૧૨ | ઉદક જ્ઞાત | પાણીના દષ્ટાંતથી પુદ્ગલોના પરિવર્તનશીલ સ્વભાવને દર્શાવવામાં આવ્યો છે. સારા પુદ્ગલ ખરાબ અને ખરાબ પુદ્ગલ સારા બની જાય છે. તેથી સર્વ પુદ્ગલ સ્વભાવને જાણીને સાધકે સ્થિર સમત્વ ભાવોમાં રમણ કરવું જોઈએ. |
| ૧૩ | દર્દુર–દેડકો | સાધકે ધર્મપ્રાપ્તિ પછી પણ સંત સમાગમ કરતા રહેવું જોઈએ જેનાથી ધર્મ સંસ્કાર પુષ્ટ થતા રહે. અન્યથા સાધક નંદ મણિયારની જેમ ભટકી જાય છે, પશુ યોનિમાં પહોંચી જાય છે. માનવને દાન આદિ પરોપકારના કાર્યોની યશકીર્તિમાં ડૂબવું ન જોઈએ. આ શિક્ષા નંદ મણિયારના દષ્ટાંત દ્વારા આ અધ્યયનમાં આપવામાં આવી છે. |
| ૧૪ | તેતલિ પુત્ર | તેતલીપુત્ર પ્રધાન અને સોનીપુત્રી પોટ્ટિલાના ઘટિત દષ્ટાંત દ્વારા અનેક શિક્ષાઓ આપવામાં આવી છે. પ્રસન્ન વ્યક્તિ અથવા રાજા ક્યારેક અપ્રસન્ન પણ થઈ જાય છે. અનુરાગી વ્યક્તિ ક્યારેક તિરસ્કાર કરી દે છે. વચનબદ્ધ દેવ અનેક પ્રયત્નોથી વચન નિભાવે છે. તે ક્યારેક દુઃખદાયી પણ બની જાય છે. ધર્મ જ એક માત્ર ત્રાણ શરણરૂપ સુખદાયી છે. |
| ૧૫ | નંદીફળ | ઝેરમિશ્રિત મધુર ફળોની ઉપમા દ્વારા કહ્યું છે કે સંસારના લોભામણા સુખોપભોગ પણ જીવનમાં વિષ તુલ્ય અને ભવોભવ જન્મ–મરણની વૃદ્ધિ કરાવનારા છે. |
| ૧૬ | અમરકંકા (દ્રૌપદી) | દ્રૌપદીના અનેક ભવોના વર્ણનથી અને અંતમાં અમરકંકામાં સંહરણના ઘટિત જીવન દ્વારા અનેક શિક્ષાઓ સૂચિત કરવામાં આવી છે. |
| ૧૭ | આકીર્ણ અશ્વ | ઘોડાના દષ્ટાંતથી શબ્દાદિ ઈંદ્રિય વિષયોની આસક્તિનું કટુફળ વધ-બંધનરૂપ બતાવીને |





| | | |
|---|---|---|
| | | ઉન્નતજાતિના અશ્વોની સમાન ઈંદ્રિય વિષયોથી દૂર રહેવાની શિક્ષા સાધકોને આપવામાં આવી છે. |
| ૧૮ | સુંસુમા દારિકા | આ અધ્યયનમાં આહારની ઉત્કૃષ્ટતમ અનાસક્તિની દશાને પ્રતિફલિત કરવામાં આવી છે. સાધક સાધનાકાળમાં જે આહાર કરે છે તે માત્ર શરીર નિર્વાહ અર્થે કરે. સ્વાદવૃત્તિ, આસક્તિ તે આહારમાં ન કરે, આ પ્રકારની શિક્ષા આપવામાં આવી છે. |
| ૧૯ | કુંરીક–પુંડરીક | મહાવિદેહ ક્ષેત્રના બે ભાઈ રાજાઓના જીવન દષ્ટાંતથી બતાવાવમાં આવ્યું છે કે સંયમ સાધનાથી ચ્યુત થઈને ભોગ સુખોમાં લીન થવાથી જીવની અધોગતિ થાય છે. સેંકડો હજારો વર્ષોની સંયમ સાધના વ્યર્થ થઈ જાય છે અને સંયમ સાધના યુક્ત જીવન જીવનારની ઉચ્ચ ગતિ થઈ જાય છે. |

**દ્વિતીય શ્રુતસ્કંધ વર્ણિત ૨૦૬ આત્માઓનો વર્તમાન પરિચય :–**

| | | |
|---|---|---|
| ૧. | ચમરેન્દ્રની અગ્રમહિષિઓ | ૫ |
| ૨. | બલીન્દ્રની અગ્રમહિષિઓ | ૫ |
| ૩. | દક્ષિણના નાગકુમાર આદિ ૯ ની અગ્રમહિષિઓ | ૬×૯=૫૪ |
| ૪. | ઉત્તરના નાગકુમાર આદિ ૯ ની અગ્રમહિષિઓ | ૬×૯=૫૪ |
| ૫. | દક્ષિણ વ્યંતરના ૮ ઈન્દ્રોની અગ્રમહિષિઓ | ૪×૮=૩૨ |
| ૬. | ઉત્તર વ્યંતરના ૮ ઈન્દ્રોની અગ્રમહિષિઓ | ૪×૮=૩૨ |
| ૭. | ચન્દ્રેન્દ્રની અગ્રમહિષિઓ | ૪ |
| ૮. | સૂર્યેન્દ્રની અગ્રમહિષિઓ | ૪ |
| ૯. | સોધર્મેન્દ્રની અગ્રમહિષિઓ | ૮ |
| ૧૦. | ઈશાનેન્દ્રની અગ્રમહિષિઓ | ૮ |
| | | ૨૦૬ |

દ્વિતીય શ્રુતસ્કંધમાં ત્રેવીસમાં તીર્થંકરના શાસનમાં પ્રવ્રજિત ૨૦૬

આત્માઓના જીવન વૃતાંતથી આ દર્શાવવામાં આવ્યું છે ગુઢણીની અને જિનાજ્ઞાની પૂર્ણપાલના નહીં કરનાર અને એકલી રહેનાર સાધ્વીઓએ સંયમ તપ અને મોક્ષાર્થના લક્ષ્યને કાયમ રાખવાથી તથા અનેક દિવસોનો સંથારો પ્રાપ્ત કરીને વિરાધિકા હોવા છતાં પણ ભવભ્રમણ ન વધાર્યું અને સર્વે ય(૨૦૬) હવે પછીના માનવભવમાં આરાધના કરી મોક્ષ પ્રાપ્ત કરશે.

આ અધ્યયનોથી દ્વિપક્ષીય શિક્ષાઓ મળે છે. (૧) સંયમની તથા જિનાજ્ઞાની પૂર્ણ આરાધના નહીં કરવાવાળા સાધક પણ પોતાના મોક્ષ લક્ષ્યમાં અને તપ ત્યાગમાં આગળથી આગળ વધતા રહે તો તે ભવભ્રમણને રોકી શકે છે. (૨) સંયમની શુદ્ધ આરાધના કરવાવાળા પુણ્યવાન જીવોએ એવા આત્માઓ પ્રતિ ધૃણા–નિંદાભાવ ન વધારી અનુકંપા ભાવ અને સદ્‌ભાવના રાખવી જોઈએ કારણ કે શાસ્ત્રકારોએ પણ એવા આત્માઓને આગમમાં સ્થાન દીધું છે.

**વિશેષ નોંધ :** આ આગમ વર્ણનથી એક આદર્શ બોધ એ પણ ફલિત થાય છે કે આ સાધ્વીઓ દ્વારા ગચ્છમાં રહીને મર્યાદા ઉપરાંત સ્વેચ્છાચાર કરવા છતાં પણ ગુઢણીએ અથવા કોઈ સત્તાધારી શ્રમણે એને સંઘ બહાર ઘોષિત કરવાનું હીન કર્તવ્ય અપનાવ્યું નથી અને કોઈને મકાન નહીં આપવા માટે પણ ઉત્પ્રેરિત કર્યા નથી. બલ્કે ૨૦૬ને પણ એકલા રહેવાનું મકાન મળી ગયું હતું અને શાંતિપૂર્વક તપ ત્યાગના લક્ષ્યથી શુભગતિને પ્રાપ્ત કરી હતી. સંસાર ભ્રમણ વધાર્યુ ન હતું.

આજના સાધકોનું માનસ અને પ્રરૂપણ એવું થઈ ગયું છે કે એકલવિહારી અથવા ગુઢ આજ્ઞામાં ન ચાલવાવાળા બધા અનંતસંસાર ભ્રમણ વધારે છે પરંતુ એવી એકાંત સમજ અને એકાંત પ્રરૂપણ કરવાવાળા ખોટી પંચાત કરીને પોતાના આત્માને જ ભારે કરે છે. આગમોક્ત આચારની મોટી મોટી વાતો કરનારાઓ દ્વારા પોતાની જિદ્દની પ્રકૃતિ દુર્ભાવના અને બદલાની ભાવનાથી ખોટી સત્તાના નશામાં અને મોહાંધ ભક્તોના અહંમાં ફૂલાઈને શાનથી અપ્રમાણિત આક્ષેપ લગાવીને સાધ્વીઓને આજ્ઞા બહાર કરીને આનંદ માનવામાં આવે છે અને ભોળા એટલે મૂર્ખ શ્રાવકો પણ આવી જિનધર્મ વિપરીત પ્રવૃત્તિ કરનારને ટેકો આપીને કર્મબંધ અને સંસાર વધારે છે.

આ રીતે આ શાસ્ત્રમાં ઘટિત અને કલ્પિત દૃષ્ટાંતોથી ધર્મ સાધકોને અનેકાનેક શિક્ષાઓ આપવામાં આવી છે. આ શિક્ષાઓને ધારણ કરી સાધક પોતાની સાધનામાં સ્થિરતાપૂર્વક આરાધક બની શકે છે.





## ઉપાસક દશા સૂત્ર ૭

૧૧ અંગસૂત્રોમાં આ શાસ્ત્ર સાતમું અંગસૂત્ર છે. અંગસૂત્ર હોવાથી આ ગણધર રચિત છે. આ આગમના ૧૦ અધ્યયન છે. બીજા કોઈ નાના અથવા મોટા વિભાગ આમાં નથી. દશ અધ્યયનોમાં ૧૦ શ્રમણોપાસકોનું વિશિષ્ટ સાધનામય, ત્યાગમય જીવન ચરિત્ર આપવામાં આવ્યું છે. સંપૂર્ણ સૂત્ર ગદ્યમય છે અને તેનું સૂત્ર પ્રમાણ ૮૧૨ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યુ છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરિ કૃત સંસ્કૃત ભાષામાં પ્રાચીન ટીકા ઉપલબ્ધ છે. આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ પ્રારંભના બે અંગસૂત્ર છોડીને શેષ ૯ અંગસૂત્રો પર સંસ્કૃતમાં ટીકા લખી છે. તેથી નવાંગી ટીકાકારના રૂપમાં તે જૈન જગતમાં પ્રસિદ્ધ છે. એની પહેલાં આચાર્યશ્રી શીલાંકાચાર્યએ આચારાંગ, સૂયગડાંગ સૂત્ર પર સંસ્કૃતમાં ટીકા લખી હતી. તે અભયદેવસૂરિજીની સમક્ષ ઉપલબ્ધ હતી. આ કારણે તે બે સૂત્રો સિવાય ૯ અંગસૂત્રો પણ તેઓએ ટીકા લખી હતી.

ઉક્ત પ્રાચીન ટીકા સિવાય આ સૂત્ર પર આજે બીજા અનેક વિદ્વાનોની સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી આદિ ભાષાઓમાં ટીકા વ્યાખ્યા આદિ ઉપલબ્ધ છે. સંક્ષિપ્તીકરણની રુચિના આ જમાનામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત સારાંશ પણ અનેક પરિશિષ્ટોની સાથે હિન્દી, ગુજરાતી, ભાષામાં અલગ-અલગ ઉપલબ્ધ છે. પ્રશ્નોત્તર શૈલીના ૩ર આગમોના સેટમાં પણ આ શાસ્ત્રના પ્રશ્નોત્તર બંને ભાષામાં ઉપલબ્ધ છે.

**વિષય અને નામકરણ :** આ સૂત્રમાં માત્ર ૧૦ શ્રમણોપાસકોનું જીવન વર્ણન હોવાથી આનું ગુણસંપન્ન નામ ઉપાસકદશાંગ સૂત્ર છે. ભગવાન મહાવીરસ્વામીના શ્રાવકોની સંખ્યા **૧,૫૯,૦૦૦** હતી. તેમાં પણ મુખ્ય શ્રાવકના રૂપમાં શાસ્ત્રમાં શંખ-પુષ્કલીનું નામ આવે છે. તો પણ અહીંયા વિશિષ્ટ ઘટના અને વિશિષ્ટ ઋદ્ધિ સંપન્નતા આદિની મુખ્યતાથી આનંદ આદિ ૧૦ શ્રાવકોનું જીવનચરિત્ર આપવામાં આવ્યું છે. ૧૦ અધ્યયનોમાં વર્ણિત ૧૦ શ્રાવકોના નામ આ પ્રકારે છે. (૧)આનંદ(૨)કામદેવ(૩)ચુલણી પિતા(૪)સૂરાદેવ(૫)ચુલ્લશતક(૬) કુંડ કોલિક (૭) સકડાલપુત્ર (૮) મહાશતક (૯) નંદિનીપિતા (૧૦) સાલિહીપિતા.

**આ સૂત્રથી પ્રાપ્ત થતાં શિક્ષા વચન : (૧)** ધર્મની સાચી શ્રદ્ધા નિષ્ઠા સમજ પ્રાપ્ત થઈ ગયા પછી વ્રત ધારણમાં આળસ ન કરવી જોઈએ. ગમે તેટલી પણ

વિશાળ સંપત્તિ હોય અથવા ગમે તેટલું પણ વિશાળ કાર્યક્ષેત્ર કેમ ન હોય શ્રાવકના વ્રત ધારણ કરવામાં તેને બાધક ન માનવું જોઈએ. કારણ કે સંપત્તિ ધર્મમાં બાધક હોતી નથી. તેની અમર્યાદા અને મોહ મમત્વ બાધક હોય છે કેટલાક લોકો વર્ષો સુધી ધર્મ સાંભળતા રહેતા હોય અને ભક્તિભાવ કરતા રહે છે પરંતુ શ્રાવકના ૧૨ વ્રતોને ધારણ કરવામાં આળસના કારણે પરિસ્થિતિઓ અને જવાબદારીઓના બહાના સામે રાખી દે છે. તેઓને આ શ્રાવકોના જીવનમાંથી શિક્ષા લેવી જોઈએ.

ધર્મગુરુઓને પણ સમજવું જોઈએ કે તે આવેલી પરિષદને શ્રાવકવ્રતોનું સ્વરૂપ સરલતાપૂર્ણ વિધિથી સમજાવી તેને વ્રતધારી શ્રાવક બનવા માટે ઉત્સાહિત કરે. આજકાલના ધર્મોપદેષ્ટા વગેરે અને પૂજ્ય આચાર્ય આદિ આ વિષય પ્રાયઃ લેતા જ નથી અને કોઈ આ વિષયનું પ્રતિપાદન કરે તો પણ શ્રાવકના વ્રતોને પહાડ જેવા બતાવીને કઠિનતાનો ભય શ્રાવકોમાં ભરી દે છે. જેનાથી તે લોકો શ્રાવકવ્રત ધારણ કરવાની વાતને સદા મુલતવી રાખતા રહે છે. માટે એવું ન કરતાં આ વિષયમાં વિદ્વાન આચાર્યો અને સંત સતીજીઓએ વિશેષ ધ્યાન દેવું જોઈએ.

**(૨)** ઉપદેશ શ્રવણ કર્યા પછી જિનવાણીની હૃદયથી પ્રશંસા અનુમોદના કરતી જોઈએ. પોતાની શક્તિનું મૂલ્યાંકન કરીને અથવા વિકાસ કરીને વ્રત ધારણ કરવા. પારિવારિકજનોને પણ ધર્મકાર્યમાં વ્રત પ્રત્યાખ્યાનમાં ઉત્સાહિત કરવા. શ્રાવક પર્યાયમાં તત્ત્વજ્ઞાનની વૃદ્ધિ કરવી આગમોનો સ્વાધ્યાય પણ કરવો.

**(૩)** યથાસમયે જવાબદારીઓથી નિવૃત થવાની લગન રાખીને સાંસારિક કાર્યભાર પુત્ર આદિને સોંપી દેવો જોઈએ પરંતુ એવું ન થાય કે જ્યાં સુધી મરે નહીં ત્યાં સુધી ઘર-દુકાનનો ધંધો અને મોહ છૂટે જ નહીં. એવી મનોવૃત્તિથી આરાધના સંભવ રહેતી નથી. માટે યથાસમયે ધંધાથી નિવૃત્ત થઈને સાધનાની અભિવૃદ્ધિ કરવાનું લક્ષ્ય પણ રાખવું જોઈએ. આ શ્રાવકનો પહેલો મનોરથ પણ છે. નિવૃત્ત જીવનમાં શક્તિ અનુસાર તપ, ધ્યાન, એકાંત, ચિંતન મનનમાં લીન થઈને સાધના કરવી. પરિવારજનોના મોહની એટલી પ્રગાઢતા ન હોવી જોઈએ કે સંથારો સ્વીકાર કરવામાં તે બાધક બનતા રહે.

**(૪)** ગુણોના શિખર સુધી વિકાસ થવા પર પણ વિનય ગુણ ન છોડવો. આનંદ શ્રાવકનું જીવન ત્યાગ, તપ, ધ્યાન, પડિમાયુક્ત હતું. આદર્શશ્રાવક રત્ન હતા. અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. તો પણ તેણે ગૌતમસ્વામીને જોતાં જ તેના પ્રતિ શ્રદ્ધા વિનયભક્તિના ભાવોમાં કોઈ ઓછપ ન રાખી.





**(૫)** સત્યનું સન્માન સદા જીવનમાં હોવું જોઈએ. વિનયવાન હોવા છતાં પણ સત્ય માટે દૃઢ મનોબળ પણ હોવું જાઈએ. સત્યતામાં કોઈથી દબાવવાની અથવા ભય રાખવાની જરૂરત હોતી નથી.

**(૬)** ભૂલની જાણકારી થઈ જાય તો અભિયાન અથવા ખોટો દંભ ન કરવો જોઈએ. સરળતા અને ક્ષમાયાચના રૂપ નમ્રતા ધારણ કરી જીવન સુંદર અને સાધનામય બનાવવું જોઈએ. **સાર**– જિનશાસનમાં ત્યાગ, વ્રત નિષ્ઠા, શુદ્ધ શ્રદ્ધાનું,સરળતા, નમ્રતા આદિ ગુણોનું, સત્યનિષ્ઠા નિડરતા અને ક્ષમાપના ભાવયુક્ત આત્મવિકાસ કરવાવાળાનું મહત્ત્વ છે. એવા સાધક અંતિમ સમય સુધી ઉચ્ચ સાધનામાં લીન બનીને આત્મ કલ્યાણ સાધી લે છે. તે વચ્ચેમાં ગુસ્સો, ઘમંડ, અપ્રેમ, વૈમનસ્ય, કલાહ, દ્વેષ, નિંદા, પ્રમાદ આળસ આદિ દૂષણોના શિકાર બનતા નથી.

**(૭)** ધર્મમાં નિશ્ચલ દૃઢ મનોબળની સાથે પોતાની શ્રદ્ધાને સ્થિર રાખવાની પ્રબળ પ્રેરણા કામદેવના ચારિત્રથી મળે છે. માનવને પોતાના કર્મ સંયોગથી શારીરિક, આર્થિક, માનસિક, સામાજિક આદિ કંઈક સંકટની ઘડીઓથી પસાર થવું પડે છે. તેમાં ક્ષુબ્ધ ન થવું, મ્લાન ન બનવું, ગભરાવું નહીં, પરંતુ ધૈર્યની સાથે આત્મ ક્ષમતાને કેન્દ્રિત કરતાં પ્રસન્ન ચિત્તથી દૃઢધર્મી અને પ્રિયધર્મી બનીને સમય વ્યતીત કરી લેવો જોઈએ. દશવૈકાલિક સૂત્રમાં મનોબળને દૃઢ કરનારૂ આશ્વાસન વાક્ય છે. તે સદા સ્મરણમાં રાખવું જોઈએ. જેમ કે **ण मे चिरं दुक्खमिणं भविस्सड ॥ पलिओवमं झिज्झइ सागरोवमं, किमंग पुण मज्झ इमं मणो दुहं ॥ भावार्थ**– આ મારું દુઃખ શાશ્વત સદા રહેવાવાળું નથી. બિચારા કેટલાક પ્રાણી નરકમાં અસંખ્ય વર્ષો સુધી ઘોરાતિઘોર દુઃખ વેદના સહન કરી રહ્યા છે. મારું માનસિક શારીરિક દુઃખ તો તેની સામે કાંઈ પણ નથી. આત્મા બધાનો સમાન છે. મારા આત્માએ પણ તેવા જ ઘોરાતિઘોર કષ્ટ અજ્ઞાનદશામાં સહન કર્યા છે. તો જ્ઞાની અને માનવ થઈને હવે હું એવા સામાન્ય કષ્ટોમાં કેમ ગભરાઉં, મારું ગભરાવું શ્રેયકર નથી. આવી રીતે ચિંતન કરી શ્રેષ્ઠ આદર્શોને સામે રાખીને ધૈર્યથી આપત્તિની ઘડીઓને પ્રસન્નતાપૂર્વક પાર કરી લેવા જોઈએ.

**(૮)** કેટલાક શ્રદ્ધાળુ લોકો ધર્મથી સંસારના સુખોની ચાહના કરતા રહે છે અને તેની પૂર્તિ થવામાં કે ન થવામાં જ ધર્મની અને ધર્મગુરુઓની કિંમત આંકતા રહે છે. તેઓને તો ચમત્કારી ગુરુ અને ચમત્કારી ધર્મ જ પ્રિય લાગે છે. તે શ્રાવકોએ કામદેવ શ્રાવકના જીવનમાંથી શિક્ષા લેવી જોઈએ કે તેમણે દેવદ્વારા આપેલ કષ્ટ

પણ સહર્ષ સહી લીધું પરંતુ કોઈ પણ પ્રકારની દીનતા ન કરી. એમ પણ વિચાર્યું નહીં કે આટલો ઊંચો ધર્મ ધારણ કર્યો, તીર્થંકરોનું શરણ લીધું અને ઉત્કૃષ્ટ શ્રાવક ધર્મનું પાલન કરી રહ્યો છું તો પણ કોઈ સંકટને ટાળનારું મળતું નથી અને આ ધર્મના કારણે જ આટલી મોટી આફત આવી. ''વાસ્તવમાં આ ધર્મમાં કોઈ દમ નથી. આને ધારણ કરવાથી શું લાભ થયો ? સુખની જગ્યાએ દુઃખ જ મળ્યું'' એવા કોઈ સંકલ્પ-વિકલ્પો તેના આત્મામાં થયા નહીં.

જેમાં જ્ઞાનયુક્ત સાચી શ્રદ્ધા હોય છે તેને આવા ઉપરના ખોટા વિચાર આવી જ શકતા નથી. પરંતુ માત્ર અંધશ્રદ્ધા અને સ્વાર્થયુક્ત ભક્તિ જેનામાં હોય છે એવા ઐહિક ઈચ્છાવાળા ભદ્રિક શ્રદ્ધાળું લોકોની સ્થિતિ જલ્દી ડામાડોળ થતી રહે છે. તેઓને જરૂરી છે કે તેઓ ધર્મ પ્રતિ જ્ઞાનગર્ભિત શ્રદ્ધા રાખે, અસ્થિર ચિત્તવાળા ન બને અને ધર્મ વડે ચમત્કાર અને ઐહિક(લૌકિક) આશાઓથી મુક્ત બને.

**(૯)** અપાર વૈભવ સંપન્ન હોવા છતાં પણ પ્રાચીનકાળમાં માનવ એટલા સરળ અને પવિત્ર હૃદયી હતા કે તુરત જ ધર્મનો બોધ પામીને જીવન પરિવર્તિત કરી લેતા હતા. આજના માનવે પણ પોતાના જીવનમાં એવી સહજતા લાવવી જોઈએ. ધન સંપત્તિને જ સર્વસ્વ અને અંતિમ પાથેય ન સમજવું જોઈએ. પરલોકમાં ચાલનારું ભાથુ (પાથેય) ધન નહીં, પરંતુ ધર્મ જ છે, આને સારી રીતે હૃદયમાં ઉતારવું જોઈએ.

**(૧૦)** પોતાના જીવનના કોઈપણ ખુણામાં છુપી કમજોરીના કારણે માનવીથી ન ઈચ્છતા છતાં પણ ક્યારેક ભૂલ થઈ જવી સંભવ છે. પરંતુ ભૂલને ભૂલ સમજી લેવું માની લેવું અને છોડીને સુધરી જવું. આ જીવનનો શ્રેષ્ઠ આદર્શ અને ઉત્થાન કરાવનારો એક ગુણ છે. આપણે આપણા જીવનમાં પણ એવો ગુણ ધારણ કરી તત્કાલ પોતાની ભૂલનો સ્વીકાર કરી સન્માર્ગમાં આવી જવું જોઈએ.

**(૧૧)** શ્રમણ શ્રમણોપાસકોએ પોતાના સાધના જીવનમાં કેટલોક સમય શાસ્ત્ર અધ્યયન શ્રવણ અને ચિંતન મનનમાં લગાવીને જ્ઞાનની અક્ષય નિધિને પ્રાપ્ત કરવી જોઈએ. દશવૈકાલિક સૂત્ર અધ્યયન–૯, ઉદ્દેશક–૪માં કહ્યું છે કે શ્રુત અધ્યયન ચિત્તને એકાગ્ર કરવાનો અચૂક ઉપાય તો છે જ સાથે સાથે સમય આવતાં પોતાના અથવા બીજાના આત્માને ધર્મમાં સ્થિર કરવામાં પણ શ્રુત સંપન્ન સાધક અદ્ભુત સફળતા પ્રાપ્ત કરી શકે છે. માટે દત્તચિત્ત થઈને સાધકોએ યથાસમય શ્રુત અધ્યયન કરીને પોતાની નિર્ણાયક અને કુશાગ્રબુદ્ધિનો વિકાસ કરવો જોઈએ.





**(૧૨)** એકાંતવાદ બધા મિથ્યા છે માટે અનેકાંત સત્ય સ્વીકાર કરવો જોઇએ અર્થાત્ નિયતિનો સ્વીકાર કરવા છતાં પણ પુરૂષાર્થની ઉપેક્ષા ન કરવી જાઈએ. કોઈપણ કાર્યની સફળતા હોવામાં એક કે અનેક સમવાયોની પ્રમુખતા સ્વીકાર કરતાં બીજાનો એકાંતિક નિષેધ ન કરવો જોઇએ. વ્યવહાર, પુરૂષાર્થ પ્રધાન હોય છે, આ સ્વીકારવાની સાથે જ કાલ, કર્મ, નિયતિ અને સ્વભાવનું પણ પોતપોતાની સીમાનું મહત્ત્વ સમજવું જોઇએ. શકડાલ શ્રાવકે પોતાની બુદ્ધિ અને સમજદારીનો આદર્શ ઉપસ્થિત કર્યો અને અંતમાં શુદ્ધ સત્યનો નિર્ણય બુદ્ધિથી દઢતા સાથે સ્વીકાર કર્યો. જેને ગૌશાલકની ચમત્કારિક શક્તિ પણ વિચલિત ન કરી શકી. તેવી જ રીતે જીવનમાં અનેક ચઢાવ ઉતાર ભલે આવે પરંતુ અંતે જીવન સત્યની સાથે પસાર થાય એવી સરળતા અને બુદ્ધિ રાખવી જોઇએ. નિયતિવાદના એકાંત સિદ્ધાંતને માનવાવાળા વ્યક્તિ કોઈનો પણ પ્રયત્ન અથવા કર્તવ્ય માની શકે નહીં. કોઈના ગુણ અથવા અપરાધ પણ ન માની શકે, જે વ્યવહારથી સર્વથા વિપરીત હોય છે તથા નિયતિવાદી માટે ધર્મ ક્રિયાનો પુરૂષાર્થ પણ નિરર્થક હોય છે. તેથી એવાં એકાંત સિદ્ધાંતના મિથ્યા ચક્કરમાં ન આવવું જોઇએ.

**(૧૩)** અશુભ કર્મોના સંયોગથી કોઈ તીવ્રતમ દુરાત્માનો નિકટતમ સંયોગ મળી જાય તો તેનાથી ઉપેક્ષા ભાવ રાખીને પણ આત્મસાધના કરી શકાય છે. આ આદર્શ મહાશતક શ્રમણોપાસકે ઉપસ્થિત કર્યો. ચિંતન કરો કે શું કમી હતી રેવતીની દુષ્ટપ્રવૃત્તિમાં ? મધ માંસની લોલુપ, બાર શોકયને મારવાવાળી, પિયરથી નિત્ય પ્રતિ ગાયના નવજાત બે વાછરડાનું માંસ મંગાવનારી, પૌષધના સમયે પતિની સાથે કામવાસનાનો વ્યવહાર કરવાવાળી અને ત્યાં સુધી કે પતિના આમરણ સંથારાના સમયે પણ કામવાસના યુક્ત વ્યવહાર અને પ્રેરણા કરવાથી પણ પોતાને રોકી શકી નહીં, અહો ! આશ્ચર્ય છે, કર્મોની વિચિત્રતા અને વિડંબનાઓનો, કેવો વિરોધી સંયોગ, પતિ તો મહાન દયાળુ ધર્માત્મા અને પત્ની મહારસ લોલુપ, કામાસક્ત અને દુર્ગતિગામી. બંનેનો મરણ સમય પણ લગભગ સાથે જ થયો.

**(૧૪)** વ્યસની અથવા મધ માંસ લોલુપ વ્યક્તિ ક્યાં સુધી પડતો જાય છે એનું કોઈ જ ઠેકાણું નથી. તે ઘોરથી ઘોર પાપ કાર્યોમાં ફસાઈ જાય છે. આ જાણીને સદા સાત કુવ્યસનોથી દૂર રહેવું જોઈએ. સાત કુવ્યસન માનવના માટે સર્વથા ત્યાજ્ય છે. જેવા કે જુગાર, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, ચોરી, દારૂ (મધ), માંસાહાર.

**(૧૫)** જિનશાસનમાં થોડી પણ કડવાશ અથવા અમનોજ્ઞ વ્યવહાર ક્ષમ્ય નથી, સામેવાળા ગમે તેટલા પણ પાપી દુરાત્મા કેમ ન હોય ? જુઓ એક નાની એવી ભૂલના માટે સ્વયં ભગવાને ગૌતમસ્વામીને મોકલીને મહાશતક શ્રાવકને સાવધાન થવાની પ્રેરણા કરી. જેમ કે તેઓને કોઈ મહાન અપરાધ કરી લીધો હોય. વાસ્તવમાં લોઢું અને લાકડું, પીતળ અને તાંબામાં લોઢાની મેખ (કીલ) ક્ષમ્ય થઈ શકે છે. પરંતુ સોનાના પાત્રમાં લોઢાની બારીક મેખ પણ અક્ષમ્ય હોય છે. જેવી રીતે સુકોમળ પગમાં કાંટાની બારીક ફાંસ પણ સહન નથી થઈ શકતી. તે શરીરની સમાધિ નષ્ટ કરવાવાળી છે. તેવી રીતે અહિંસા અને સમભાવની સાધનાના સર્વોચ્ચ જીવન(સંથારા)માં પાપી વ્યક્તિ પ્રત્યે કરવામાં આવેલી કટુતા અથવા અમનોજ્ઞતાનો વ્યહાર પણ અક્ષમ્ય છે. જેને સુધારવા માટે તીર્થંકર-ગણધરે પણ પ્રયત્ન કરવો આવશ્યક થઈ જાય છે અને જિનશાસનનો ગૃહસ્થ સાધક પણ તે ભૂલનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત્ત કરે છે. આ છે, **જિનશાસનની સાધનાનો મહાન આદર્શ, જિનશાસનની સાધનામાં જોડાયેલા સર્વે સાધકોએ પોતાના જીવન વ્યવહારોનું સૂક્ષ્મતમ અવલોકન કરવું જોઈએ અને કોઈપણ વ્યક્તિ પ્રત્યે પોતાના માનસમાં કટુભાવ હોય અથવા કટુ વ્યવહાર અથવા અમનોજ્ઞ વ્યવહાર થયો હોય તો તેને પોતાની જ ભૂલ સમજીને સ્વીકાર કરવો જોઈએ અને તેનો સુધારો કરવો પોતાની આરાધના માટે આવશ્યક સમજવો જોઈએ. એમાં દલીલબાજીના માનસ કરવાની આવશ્યકતા નથી.**

આજકાલ સાધકોના મનમાં કોના કોના પ્રતિ કટુતા, અમનોજ્ઞતા, અપ્રસન્નતા, અમૈત્રીના સંકલ્પ ચક્ર કાંપતા હોય છે. કોના કોના પ્રતિ અમનોજ્ઞ ભાવ અને અમનોજ્ઞ વ્યવહાર ચાલતા હોય છે. તે બધા સાધકોએ આત્મ જાગરણ કરી સજાગ–સાવધાન બનવું જોઈએ. અન્યથા બાહ્ય ક્રિયાઓ અને વિચિત્ર વિકટ સાધનાઓ સફળતાની શ્રેણીમાં પહોંચી શકે નહીં. આ વિષયમાં વારંવાર બધા શ્રમણોપાસકોએ અને વિશેષ કરી નિર્ગ્રંથ સાધના કરનારાઓને આત્મસાક્ષી પૂર્વ મનન ચિંતન અને સંશોધન અવશ્ય કરવું જોઈએ. સાંપ્રદાયિક ફૂટ-ફાટના કારણે કેટલાક ઉચ્ચકોટિના સાધક શ્રમણ અને શ્રાવક પોતાના જ પાડોશી શ્રમણ શ્રાવકોના પ્રતિ અથવા ગુઢભાઈ શ્રમણ અથવા સાધર્મિક ભાઈઓના પ્રતિ જીવનભરનો વૈરભાવ વૈમનસ્ય ભાવ પકડી રાખે છે, જાળવી રાખે છે. સંવત્સરીઓ કેટલી પણ વીતી જાય તો પણ પરસ્પર મૈત્રીભાવ વારવાની જગ્યાએ ઈર્ષ્યા-દ્વેષ જ વધારે છે. છતાં પણ પોતાને તેઓ પરમ ધર્માત્મા અને ઉત્કૃષ્ટ સાધક સમજે





છે. વાસ્તવમાં તે ફૂટમાં ધર્મધન લુટાવીને મિથ્યાત્વ રૂપી દેવાળિઆ પણા ના જ અધિકારી થાય છે.

**(૧૬)** કેટલાક ધર્મ શ્રદ્ધાળુજન વ્રતોની પ્રેરણા કરવા પર ઘરની પરિસ્થિતિનું આલંબન લઈને વ્રત નિયમ અને સાધનાઓથી વંચિત રહી જાય છે. તેને મહાશતક શ્રમણોપાસકનો આદર્શ સામે રાખવો જોઈએ કે ૧૩ પત્નિઓ છતાં પણ ભગવાનની પાસે વ્રત ધારણ કરવામાં તેણે શરમ અથવા બહાના બાજી ન કરી પરંતુ આત્મીયતાથી ધર્મમાર્ગનો સ્વીકાર કર્યો. બાર સ્ત્રીઓની મૃત્યુ દુર્ઘટના રેવતી પત્નિ દ્વારા એક શ્રાવકના ઘરમાં કરવામાં આવી તો પણ તે શ્રાવકે સામયિક અને મહિનાના છ પૌષધ આદિ સાધના ન છોડી. પોતાની જ પ્રમુખ સ્ત્રીનો માંસાહાર અને મધસેવન છૂટી શકયું નહીં તો પણ મહાશતક શ્રાવક પોતાની સાધનાની પ્રગતિ કરતા જ ગયા.

રેવતીની વિલાસિતા અને આસક્તિ વધતી જ ગઈ તો પણ મહાશતકની પોતાની સાધના વીસ વર્ષમાં અવિરામ સંથારા સુધી પહોંચી ગઈ. કેટલી ઉપેક્ષા, કેટલી એકાગ્રતા, શાંતિ, સમભાવ રાખ્યો હશે મહાશતક શ્રમણોપાસકે ? એવી વિકટ સંયોગજન્ય સ્થિતિમાં પણ તેઓએ ગૃહસ્થ જીવનમાં અવધિજ્ઞાન અને આરાધક અવસ્થા પ્રાપ્ત કરી લીધી. આ મહાન શ્રમણોપાસકના શાંત અને ધૈર્ય યુક્ત સાધનામય જીવનમાંથી પ્રેરણા પામીને આપણે પણ અનેકાનેક ગુણોને પ્રાપ્ત કરીને પોતાના જીવનને ઉજ્જવલ બનાવવું જોઈએ.

**(૧૭)** આજકાલ અધિતર લોકો દુર્ઘટનાઓના વાતાવરણથી વ્યાપ્ત થઈને વ્યક્તિના દોષથી પણ ધર્મને બદનામ કરવામાં લાગી જાય છે. આ તે લોકોની ભાવુકતા અને અજ્ઞાનદશાથી થવાવાળી એક ગંભીર ભૂલ છે. આધ્યાત્મ ધર્મ કોઈને અકૃત્ય કરવાની અંશમાત્ર પણ પ્રેરણા કરતો નથી. ધાર્મિક સંસ્કારોવાળા વ્યક્તિના પરિવારમાં કયારે ય કોઈ અકૃત્ય થઈ જાય તો તે પારિવારિક સદસ્યની અધાર્મિકતા આદિ દૂષણોનું અથવા પૂર્વકૃત કર્મોનું પ્રતિફળ છે, એવું સમજવું જોઈએ. ધર્મ અને ધાર્મિક વ્યકિત તો એવા સમયમાં પણ પોતાના આદર્શ અને સિદ્ધાંતમાં કાયમ રહે છે. કહ્યું પણ છે –

**કિંમત ઘટે નહીં વસ્તુની, ભાખે પરીક્ષક ભૂલ.**
**જેનો જેવો પારખી, કરે મણીનો મૂલ.**

## અંતગડ દશા સૂત્ર ૮

જિનશાસનમાં પ્રત્યેક તીર્થંકરના શાસનમાં તેના શાસનના અનુરૂપ સંપાદન યુક્ત દ્વાદશાંગીની રચનાને માટે તે–તે તીર્થંકરોના પ્રથમ દિવસના પ્રતિબુદ્ધ શિષ્યોમાંથી ગણધરલબ્ધિ સંપન્ન શિષ્યોને, ગણધર પદથી વિભૂષિત કરવામાં આવે છે. તેઓને જ દ્વાદશાંગી સંપાદનનું કર્તવ્ય અને અધિકાર પ્રભુ નિર્દિષ્ટ અને સ્વતઃ ગણધર પદથી પ્રાપ્ત થાય છે. તે બધા ગણધર મળીને દ્વાદશાંગીની રચના કરે છે. આમ દ્વાદશાંગી શાશ્વત પણ છે જે તાત્ત્વિક ભાવો અને સિદ્ધાંતોની અપેક્ષાથી છે. કથાનક, ઘટનાઓ, દષ્ટાંત, સંવાદ, પ્રશ્નોત્તર, તીર્થંકર સ્તુતિ, વ્યક્તિ ગુણ દર્શન, પરિચય પ્રતિબોધક, વર્તમાન ઘટિત વિવરણ આદિ ગણધર ભગવંત પોતાના શાસનને અનુરૂપ સંપાદિત કરે છે. માટે પ્રત્યેક શાસનની અપેક્ષાએ દ્વાદશાંગીના રચનાકાર તે–તે શાસનના ગણધર કહેવામાં આવે છે. તેથી આ અંતગડ સૂત્ર દ્વાદશાંગીનું આઠમું અંગસૂત્ર હોવાથી ગણધર રચિત અને સંપાદિત માન્ય રાખવામાં આવ્યું છે.

**નામકરણ :** કોઈપણ શાસ્ત્રનું નામકરણ તેના મુખ્ય વિષય, વિશિષ્ટ વિષય, તેના અંતરંગ ભાવ અથવા પ્રારંભિક અધ્યયન અથવા પ્રારંભિક શબ્દ આદિ પરથી, આ અનેક રીતથી કરવામાં આવે છે તે વ્યાકરણ અને સાહિત્ય સંમત છે. તે અનુસાર આ શાસ્ત્રમાં ઉંમરની અંતિમ ક્ષણોમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જવાવાળા ૯૦ ભવ્યાત્માઓનું વર્ણન હોવાથી અંતગડ નામકરણ છે. એની સાથે દશા શબ્દ જે લાગ્યો છે. તેનું કારણ એ જણાવવામાં આવે છે કે જેના આઠ વર્ગમાંથી પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન છે.

જેવી રીતે વિપાકસૂત્રના બે વિભાગમાંથી પ્રથમ દુઃખ વિપાક વિભાગમાં ૧૦ અધ્યયન છે. બીજા સુખવિપાક વિભાગમાં પણ ૧૦ અધ્યયન છે. આ પ્રકારે ૧૦ અધ્યયનોની પ્રમુખતાથી તે શાસ્ત્રને સ્થાનાંગ સૂત્રના ૧૦મા સ્થાનમાં કર્મ વિપાક દશા નામથી કહેવામાં આવ્યું છે અને ૧૦ અધ્યયનોના નામમાં દુઃખ વિપાકના ૧૦ અધ્યયનોના નામ ગણાવ્યા છે અને સુખવિપાક નાનું હોવાથી તેને નગણ્ય કર્યું છે. આ શાસ્ત્રમાં જીવનની અંતિમ ક્ષણોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જનારા જીવોનું વર્ણન હોવાથી તથા પ્રથમ વર્ગના ૧૦ અધ્યયન હોવાથી આ શાસ્ત્રનું પૂઢ નામ અંતગડદશા સૂત્ર છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર અભયદેવસૂરિજીની પ્રાચીન ટીકા ઉપલબ્ધ





છે. બીજી અનેક કૃતિઓ આ સૂત્ર પર પ્રકાશિત થઈ છે. સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલકઋષિજીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતથી ગુઢપ્રાણ ફાઉન્ડેશનનું અને રાજસ્થાનથી સુધર્મપ્રચાર મંડળ વગેરે દ્વારા આ શાસ્ત્ર પ્રસિદ્ધ થયેલ છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં આ સૂત્રનું પ્રકાશિત ઉપલબ્ધ છે.

**વિષય વર્ણન :** વર્તમાનમાં આ શાસ્ત્રના મુખ્ય વિભાગ રૂપ ૮ વર્ગ છે અને પેટા વિભાગ રૂપ કુલ ૯૦ અધ્યયન છે. જેમાં બાવીશમા અરિષ્ટનેમિ ભગવાનના શાસનના ૫૧ જીવોનું વર્ણન કર્યા પછી ચોવીશમા ભગવાન મહાવીરસ્વામીના શાસનના ૩૯ જીવોનું વર્ણન છે. રાજા, રાજકુમાર, રાજરાણીઓ, શ્રેષ્ઠિપુત્રો અને માળી, બાલ, યુવક, પ્રૌઢ તથા વૃદ્ધ અનેક વયવાળાનો સંયમ, તપ, શ્રુત, અધ્યયન, ધ્યાન, આત્મદમન, ક્ષમાભાવ આદિ આદર્શ ગુણયુક્ત વૈરાગ્યપૂર્ણ જીવનવૃત્તાંત આ સૂત્રમાં અંકિત છે.

૯૦ મુક્તાત્માઓ સિવાય આ શાસ્ત્રોમાં સુદર્શન શ્રાવક, કૃષ્ણ વાસુદેવ અને દેવકી રાણીના જીવનની ઝાંખી પણ અંકિત છે. જેમાં ત્રણેયને વીતરાગવાણી પ્રત્યે દઢ શ્રદ્ધાવાન અને પ્રિયધર્મી બતાવવામાં આવ્યા છે. ઉપાસકદશા સૂત્રની સમાન શરૂઆતથી આ સૂત્રમાં પણ દશ અધ્યયન જ હતાં, એવું ઠાણાંગ–સમવાયાંગ સૂત્ર અને અનેક ગ્રંથોમાં આવેલા વર્ણનોથી જાણી શકાય છે. નંદી સૂત્રની રચનાના સમયે આ સૂત્રનું ૯૦ અધ્યયનાત્મક સ્વરૂપ ઉપસ્થિત હતું એટલે નંદીસૂત્ર કર્તા દેવવાચક શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ સૂત્રનું આવું પ્રારૂપ સંકલિત કરાવ્યું હોય એવું માની શકાય છે.

**મહત્ત્વ અને વાંચન પરંપરા :** કથાઓ અને જીવન ચરિત્રોના માધ્યમથી આ સૂત્રમાં અનેક શિક્ષાપ્રદ, જીવનપ્રેરક તત્ત્વોનું માર્મિક રૂપથી કથન કરવામાં આવ્યું છે. તેથી અનેક અપેક્ષાએ આ સૂત્ર પાઠકોને માટે અને વિશેષ કરીને વ્યાખ્યાતાઓ અને શ્રોતાઓ માટે પણ રૂચિકર આગમ છે. તેથી જ સ્થાનકવાસી પરંપરામાં (ગુજરાત સિવાય) પ્રતિવર્ષ પર્યુષણ પર્વના આઠ દિવસોમાં આ સૂત્રનું વ્યાખ્યાન સભામાં વાંચન અને શ્રવણ કરવામાં આવે છે. અંગોમાં આ આઠમું અંગ છે, આઠ એના વર્ગ છે. પર્યુષણના દિવસો પણ આઠ છે અને આઠ કર્મોનો જ ક્ષય કરીને આત્માના આઠ ગુણોને પ્રગટ કરવો તે સાધકનું પ્રમુખ લક્ષ્ય છે. આ પ્રકારે સંખ્યાનું સુમેલ કરાવીને પણ આ સૂત્રનું પર્યુષણમાં આઠ દિવસ વાંચન શ્રવણ

કરવામાં આવે છે. ધર્મ-ધ્યાનના આઠ દિવસોમાં જીવન સંસ્કારિત બને, ગૃહસ્થ જીવનમાં પણ ત્યાગ-વૈરાગ્યની વૃદ્ધિ થાય, વિવેક વધે, વિચાર અને પ્રવૃત્તિઓ શુદ્ધ બને અને પ્રબળ પ્રેરણાઓથી સંયમ ધારણ કરવાનો દઢ આત્મ સંકલ્પ બને તે માટે પણ આ ઉદ્દેશ્યથી આ શાસ્ત્રનું પર્યુષણમાં વાંચન સર્વથા ઉચિત છે.

**વર્ગાત્મક પરિચય** (૧) પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન છે. જેમાં ગૌતમકુમારનું વિસ્તારથી વર્ણન છે. બાકીનાનું ટૂંકમાં છે. (૨) બીજા વર્ગમાં ૮ અધ્યયન છે. એ બધા ટૂંકમાં છે. (૩) ત્રીજા વર્ગમાં ૧૩ અધ્યયન છે. જેમાં દેવકી રાણી, કૃષ્ણ, અનિકસેન આદિનું અને ગજસુકુમારનું વિસ્તારથી વર્ણન છે. (૪) ચોથા વર્ગમાં જાલિકુમાર આદિ ૧૦નું ટૂંકમાં વર્ણન છે. ચારેય વર્ગમાં કુલ ૪૧ યાદવ પુરૂષોનું વર્ણન છે. (૫) પાંચમા વર્ગના ૧૦ અધ્યયન છે, જેમાં કૃષ્ણની ૮ પટ્ટરાણીઓનું અને બે પુત્રવધુઓનું વર્ણન છે અને કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલીરૂપ દીક્ષા પ્રેરણાનું તથા દ્વારિકા વિનાશનું કથન છે. આ રીતે પાંચ વર્ગોમાં અરિષ્ટ નેમિનાથ ભગવાનના શાસનવર્તી ૫૧ જીવોનું વર્ણન છે. (૬) છટ્ઠાવર્ગમાં ૧૬ અધ્યયન છે, જેમાં અર્જુનમાળી અને એવંતાકુમારનું વિસ્તારથી વર્ણન છે. (૭) સાતમા વર્ગમાં શ્રેણિકરાજાની નંદા આદિ ૧૩ રાણીઓનું સંક્ષિપ્ત વર્ણન છે. (૮) આઠમા વર્ગમાં શ્રેણિકરાજાની કાલી આદિ ૧૦ રાણીઓનું વિસ્તારથી વર્ણન છે. આમ પાછલા ત્રણ (૬,૭,૮) વર્ગોમાં ભગવાન મહાવીર સ્વામીના શાસનના ૩૯ જીવોનું વર્ણન છે. આમ બે તીર્થંકરોના શાસનના ૫૧+૩૯=૯૦ જીવોનું વર્ણન આઠ વર્ગોમાં પૂર્ણ થાય છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્ર ૯૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે.

## અનુત્તરોપપાતિક સૂત્ર ૯

૧૧ અંગ શાસ્ત્રોમાં આ નવમું અંગસૂત્ર છે. તેથી એના રચનાકાર ગણધર ભગવંત છે. એનું પરિમાણ ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે. આ શાસ્ત્ર કથાપ્રધાન અંગસૂત્ર છે.

આ શાસ્ત્રમાં ત્રણ વર્ગ અને તેમાં ક્રમશઃ ૧૦, ૧૩, ૧૦ આમ કુલ ૩૩ અધ્યયન છે. જેમાં ૩૩ ભવ્યાત્માઓનું જીવન અંકિત છે. બે વર્ગમાં શ્રેણિક રાજાના પુત્રોનું અને ત્રીજા વર્ગમાં ધન્ના શ્રેષ્ઠી આદિ વિવિધ આત્માઓનું સંયમ ગ્રહણ કરી મુક્ત થવા સુધીનું વર્ણન છે. પરંતુ વર્તમાને સંયમ સાધનાથી આ તેત્રીસે ય જીવો અનુત્તરવિમાન સંજ્ઞક દેવવિમાનોમાં ઉત્પન્ન થયા છે. ત્યાંથી મહાવિદેહ





ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ આરાધના કરી કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરશે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય અભયદેવસૂરિની છે. જે સંક્ષિપ્ત છે. અર્વાચીન વ્યાખ્યા સાહિત્ય હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં અનેક જગ્યાએથી પ્રકાશિત ઉપલબ્ધ છે. સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલકઋષિજીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતથી શ્રી ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી પ્રસિદ્ધ થયેલ છે. આગમમનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર હિન્દી તથા ગુજરાતી ભાષામાં આ સૂત્રના પ્રકાશિત છે.

**વિશિષ્ટ પાત્ર :** આ સૂત્રના વિશિષ્ટ પાત્ર આ પ્રકારે છે. – ભગવતી સૂત્ર અને નિરયાવલિકા સૂત્ર વર્ણિત વેહલ્લ અને વૈહાયસ બંને સગા ભાઈઓનું એટલે ચેલણારાણીના પુત્રોનું દીક્ષિત થઈ બીજા અને ત્રીજા અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થવાનું વર્ણન છે.

શ્રેણિકના પુત્ર અને શ્રેષ્ઠિપુત્રી નંદારાણીના આત્મજ અભયકુમારનું વર્ણન છે, જેમાં એ દર્શાવવામાં આવ્યું છે કે અભયકુમાર ભગવાન મહાવીરની પાસે દીક્ષિત થઈને સંયમ તપની આરાધના કરીને ૫ વર્ષનો દીક્ષા પર્યાય અને એક મહિનાના સંથારાના આરાધક બનીને વિજય નામક પ્રથમ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનમાં શ્રેષ્ઠીપુત્ર ધન્નામુનિનું વિશિષ્ટ અને રોચક વર્ણન વિસ્તારથી છે. જેમાં તપસ્યાથી કૃશ બનેલ તેના શરીરનું અલંકારિક ભાષામાં ઉપમાઓથી પરિપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે. તથા શ્રેણિકના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ૧૪૦૦૦ શ્રમણોમાં ધન્ના અણગારની સંયમ આરાધનાને સર્વશ્રેષ્ઠ મહાદુષ્કર, કઠિનતમ મહાનિર્જરા વાળી કહી છે.

**અધ્યયનમાં આવેલાં નામ વિચારણા :** ધારિણી, લષ્ટદંત અને વેહલ્લ, આ ત્રણ નામ આ શાસ્ત્રમાં બે વાર આવ્યા છે. જેમાંથી ધારિણી નામની શ્રેણિકની બે રાણીઓ હતી, એવું સમજવું ઉપયુક્ત થાય છે. પ્રથમ વર્ગની ધારિણી માતાના સાત પુત્રોનું વર્ણન છે. બીજા વર્ગની ધારિણી માતાના ૧૩ પુત્રોનું વર્ણન છે. અલગ-અલગ બંને વર્ગોમાં વર્ણિત ધારિણી માતાને એક કહી શકાય નહીં. એક કહેવાથી નવી નવી ઉપાધિઓ–શંકાઓ ઉત્પન્ન થાય છે, જેનું કોઈ સમાધાન થઈ શકતું નથી.

**લષ્ટદંત્ત** નામ પણ પ્રથમ વર્ગમાં અને બીજા વર્ગમાં એમ બંનેમાં આવ્યું છે. પ્રથમવર્ગમાં જે લષ્ટદંતનું વર્ણન છે, તેણે ૧૨ વર્ષ દીક્ષાપર્યાયનું પાલન કર્યું હતું. બીજા વર્ગના લષ્ટદંતે ૧૬ વર્ષ દીક્ષા પર્યાયનું પાલન કર્યું હતું. પ્રથમ વર્ગના લષ્ટદંત ચોથા અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયા છે અને બીજા વર્ગના લષ્ટદંત બીજા અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયા છે. બંને લષ્ટદંત શ્રેણિકના પુત્ર હતા. આ નામ સામ્યતાથી પણ બંનેની માતા ધારિણી અલગ-અલગ હતી, એ સ્પષ્ટ થાય છે. કારણ કે એક જ માતા-પિતાના સંતાનના એક સમાન નામ આપવામાં આવતા નથી. વેહલ્લ નામ પહેલા અને ત્રીજા બે વર્ગોમાં આવ્યું છે. પહેલામાં વેહલ્લ શ્રેણિક અને ચેલણા રાણીના પુત્ર છે. એનો દીક્ષા પર્યાય ૧૨ વર્ષનો છે. અને આ ત્રીજા અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયા છે. જો કે ત્રીજા વર્ગના વેહલ્લના માતા-પિતાનું નામ સ્પષ્ટ મળતું નથી. રાજગૃહીનગરનું કથન અને ૬ મહીનાના દીક્ષાપર્યાયથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાનું કથન છે. તેથી આ બંને વેહલ્લ પણ અલગ-અલગ છે. **ટૂંકમાં–** પ્રથમવર્ગના વેહલ્લ, શ્રેણિકરાજા અને ચેલણારાણીના પુત્ર હોય તેમ સૂત્રપાઠથી સ્પષ્ટ છે. તથા ત્રીજા વર્ગના વેહલ્લનો દીક્ષા મહોત્સવ તેના પિતાએ કર્યો હતો, એટલું જ સૂચન મૂળપાઠમાં છે પરંતુ માતા-પિતાના નામનું કોઈ સ્પષ્ટીકરણ પાઠમાં નથી.

**શિક્ષા સૂચન :** સમજવું એ છે કે સરખા નામ અને સંક્ષિપ્ત પાઠોના વર્ણનમાં અનુમાનથી કંઈ પણ કલ્પના કરી એની પરંપરા ચલાવી દેવી અને એનો જ આગ્રહ રાખી ધારણા બનાવી દેવાથી મુંજવણ ભર્યા તત્ત્વો ઊભા થતા રહે છે. તેમજ જુદા જુદા વર્ગોની વ્યક્તિઓના માતા-પિતાઓને એક કરી દેવાથી નામ અંગે મુંજવણ ઊભી થાય છે. માટે જેટલું સ્પષ્ટ વર્ણન મળે તેટલું જ કથન કરવાથી તથા જુદા વર્ગના વ્યક્તિઓના માતા-પિતા બંનેને એક નહીં કરવાથી એટલે માતાને અલગ સરખા નામવાળી માની લેવાથી મૂંજવણવાળા પ્રશ્નો ઊભા થતા નથી. અંતગડસૂત્ર અને આ અનુત્તરોપપાતિક સૂત્રમાં આ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે– **જુદા વર્ગના વ્યક્તિઓને સગા ભાઈ અથવા એક માતા-પિતાના સંતાન માનવાની ભૂલ ક્યારે ય કરવી જોઇએ નહીં.**





## પ્રશ્ન વ્યાકરણ સૂત્ર ૧૦

વર્તમાનમાં ઉપલબ્ધ ૧૧ અંગસૂત્રોમાં આ દસમું અંગસૂત્ર છે. અંગસૂત્ર હોવાથી આ સૂત્રના રચનાકર્તા ગણધર પ્રભુ જ કહેવામાં આવે છે. એમાં બે વિભાગ છે. આશ્રવ વિભાગ અને સંવર વિભાગ, બંને વિભાગોમાં પાંચ-પાંચ અધ્યયન હોવાથી કુલ ૧૦ અધ્યયનમય આ એક જ શ્રુતસ્કંધ છે. ઉપલબ્ધ આ સૂત્ર ૧૨૫૬ શ્લોક પરિમાણ માનવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્રના પ્રાચીન વ્યાખ્યાકાર આચાર્ય અભયદેવસૂરિજી છે. તેની સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે. એના સિવાય આ સૂત્ર પર સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે. લુધિયાના, અમદાવાદ, સૈલાના, બ્યાવર અને રાજકોટથી આ સૂત્ર પર વિસ્તૃત વ્યાખ્યા પ્રકાશિત થઈ છે. આ આગમ, ભાષાની દૃષ્ટિથી કઠિન શાસ્ત્ર છે. તો પણ વર્તમાનમાં આચાર શાસ્ત્ર હોવાથી પ્રકાશન યુગમાં આનો પ્રચાર અને પઠન-પાઠન વિશેષ થયું છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત સંક્ષિપ્ત સારાંશ યોજનામાં આ આગમ ૫૫ પેઈજમાં અને પરિશિષ્ટ સહિત કુલ ૮૦ પેઈજમાં હિન્દી તથા ગુજરાતી બંને ભાષામાં નાના પુસ્તકરૂપમાં પ્રકાશિત ઉપલબ્ધ છે. ૩૨ આગમના પ્રશ્નોત્તર પ્રાવધાનમાં પણ આ આગમ હિન્દી, ગુજરાતી બંને ભાષામાં પ્રકાશિત થયું છે.

**નામ વિચારણા :** આ સૂત્રનું મૌલિક નામ પણ્ણાવાગરણં છે. જેનો બે પ્રકારે અર્થ થઈ શકે છે– (૧) પ્રશ્ન અને વ્યાકરણ એટલે કે પ્રશ્નોત્તરરૂપે આ શાસ્ત્ર છે. અથવા જેમાં આવેલા અનેક પ્રશ્નોત્તર પ્રસિદ્ધ છે અથવા આમાં કોઈ દ્વારા પૂછેલા પ્રશ્નોના ઉત્તર વિદ્યાપ્રયોગના માધ્યમથી મળી શકે છે. (૨) પણ્ણા=પ્રજ્ઞા અને વ્યાકરણ=વિકાસ, વિસ્તાર. જેના અધ્યયનથી વિશિષ્ટ પ્રકારની બુદ્ધિનો વિકાસ થાય છે. તે શાસ્ત્ર પ્રશ્નવ્યાકરણ છે અર્થાત્ આ શાસ્ત્રમાં ધર્મમય બુદ્ધિના વિકાસ=યોગ્ય જાત-જાતના ઘણા વિષયો હોવાથી પણ પણ્ણાવાગરણં નામકરણ ઉપયુક્ત છે. સમયાંતરે પ્રશ્ન વિદ્યાઓના કારણે પણ્ણાથી પણ્હાવાગરણં નામ અપાયું હોઈ શકે છે.

**રચનાકાર :** સ્થાનાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર અને નંદીસૂત્રમાં આ શાસ્ત્રનો જે પરિચય મળે છે તે ગણધર રચિત શાસ્ત્રનું છે. પરંતુ તે પ્રમાણે આમાં કાંઈ નથી. આ શાસ્ત્રમાં આજે જે વિષય પ્રાપ્ત થાય છે તે ઉપરોક્ત ત્રણે સૂત્રોથી સમ્મત નથી. વર્તમાનમાં જે વિષય પ્રાપ્ત છે તે સંપૂર્ણ વિષય અપેક્ષાથી ગણધર રચિત

છે, જે શોધખોળથી સમજી શકાય છે. આ સંબંધમાં કોઈ ઐતિહાસિક આધાર નહીં હોવા છતાં આ વિષય ગણધર રચિત દશમું અંગ આગમના નામથી પ્રસિદ્ધ છે. તેથી શ્રુતિ પરંપરાથી એને અંગ આગમ કહેવામાં આવે છે, જે એક અપેક્ષા રૂઢ સત્ય(વ્યવહાર સત્ય)માં સમાવિષ્ટ થાય છે. વ્યવહાર ભાષામાં એને ગણધર રચિત કહીએ છીએ.

**ઐતિહાસિક વિચારણા :** અનુમાન અથવા પરિશેષ આદિ નયોની વિચારણાથી આ ઉપલબ્ધ સ્વરૂપવાળું સૂત્ર દેવર્દ્ધિગણિ આચાર્યના લેખન સમયમાં નિર્ધારિત કરવામાં આવ્યું છે અને તે સર્વ બહુશ્રુત સંમત શાસ્ત્ર છે. એમાં વર્ણિત વિષય તથા પ્રત્યેક વાક્ય સમસ્ત જિનવાણી રૂપ ગણધર રચિત અન્ય આગમોથી સંમત અને પૂર્ણ અનુમત છે. તેથી આ ઉપલબ્ધ આગમને એના વિષય સ્વરૂપથી અને બહુશ્રુત આચાર્યોની પ્રબળ શ્રદ્ધાથી દશમા અંગ આગમના રૂપમાં આજના બુદ્ધિવાદી યુગમાં પણ એકમતથી સ્વીકાર કરાયેલ છે. તાત્પર્ય છે કે શ્વેતામ્બર જૈનના બધા ફિરકા પોતાના માન્ય આગમોની સંખ્યામાં આ આગમને આ રૂપમાં વર્તમાનમાં પણ કોઈપણ તર્ક વિના અથવા હિચકિચાટ વિના માન્ય કરી રહ્યા છે. આવી વિચારણાથી આ શાસ્ત્ર ગણધર રચિત છે, એવું વ્યવહારથી પણ સ્વીકાર કરવામાં આવ્યું છે. તેની પુષ્ટી માટે નંદી સૂત્રોક્ત સમુત્થાન સૂત્રમાં પાઠ મળે છે કે પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રથમ અધ્યયનમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન છે.

ગણધર રચિત દ્વાદશાંગીના વિષયનો પરિચય વ્યવસ્થિત રૂપથી સમવાયાંગ સૂત્ર અને નંદીસૂત્રમાં છે. ત્યાં ક્રમ પ્રાપ્ત આ સૂત્રનું પણ દશમા અંગ શાસ્ત્રના રૂપમાં વિષય પરિચય સ્પષ્ટ કરવામાં આવ્યો છે. સ્થાનાંગ સૂત્રના દસમા સ્થાનમાં આ સૂત્રના દશ અધ્યયન કહેવામાં આવ્યા છે. ત્યાં તે અધ્યયનો ના નામ પણ આપ્યા છે. તે નામોના આધારથી જ આ સૂત્ર સંબંધી કેટલાક ઈતિહાસ વિષયોનું પરિજ્ઞાન થાય છે. આ ત્રણ શ્વેતાંબર જૈન સૂત્રો સિવાય દિગંબર જૈનોના પણ બે ગ્રંથોમાં આ સૂત્રના વિષયનો નિર્દેશ મળે છે– (૧) જય ધવલમાં (૨) તત્ત્વાર્થવાર્તિકમાં. આ પ્રકારે ગણધર રચિત પ્રશ્નવ્યાકરણ સૂત્રના વિષયમાં ઉપરોક્ત પાંચ આગમોમાં જે પરિચય મળે છે તે આ પ્રમાણે છે–

**(૧) નંદીસૂત્રમાં :** પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ૧૦૮ પ્રશ્ન છે. ૧૦૮ અપ્રશ્ન.(પ્રશ્ન વિનાના ઉત્તર) છે અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન એટલે વિવિધ પ્રશ્ન અને તે સંબંધી ઉત્તર છે. જેમ કે– અંગુષ્ટ પ્રશ્ન, બાહુ પ્રશ્ન, અદ્દાગ (દર્પણ) પ્રશ્ન એટલે





૧૦૮+ ૧૦૮+૧૦૮= ૩૨૪ પ્રકારની પ્રશ્ન વિદ્યાઓ છે. બીજી પણ વિચિત્ર સેંકડો વિદ્યાઓ છે. એના સિવાય નાગકુમાર અને સુવર્ણકુમાર દેવોની સાથે થયેલા મુનિઓના દિવ્ય સંવાદ પણ છે, આ વિષય નિર્દેશ છે. પછી આગળના વર્ણનમાં આ અંગનો આકાર બતાવતાં કહ્યું છે કે આ એક શ્રુતસ્કંધ છે. અર્થાત્ આમાં મુખ્ય મોટા વિભાગ નથી. આમાં ૪૫ અધ્યયન છે. ૪૫ ઉદ્દેશનકાલ છે. ૪૫ સમુદ્દેશન કાલ છે.

**(૨) સમવાયાંગ સૂત્રમાં :** (૧) પ્રશ્નવ્યાકરણદશા સૂત્રમાં સ્વસમય પર સમય પ્રજ્ઞાપક પ્રત્યેકબુદ્ધોના વિવિધાર્થક(અનેકાર્થવાળી) ભાષા દ્વારા કહેવાયેલા વચન છે. (૨) આચાર્યભાષિત અનેક અતિશય, વિદ્યા, લબ્ધિ વગેરે જ્ઞાનાદિગુણ, ઉપશમ આદિ ભાવોના અનેક પ્રકારથી વિસ્તૃત વર્ણન છે. (૩) જગતનું હિત કરવાવાળા વીરમહર્ષિઓ દ્વારા કહેવાયેલા વિવિધ પ્રકારના વિસ્તૃત સુભાષિત વચન છે. (૪) દર્પણ (૨) અંગુઠા (૩) ભુજા (૬) અસિ (૭) મણિ (૯) વસ્ત્ર અને (૧૦) સૂર્ય આદિને આશ્રય કરીને અનેક મહાપ્રશ્ન વિદ્યાઓનું કથન છે. (૧) મનથી પૂછેલા પ્રશ્નનો ઉત્તર દેવાવાળી વિદ્યા (૨) અધિષ્ઠાયક દેવ સહાયની મુખ્યતાથી અનેક ગુણોને (ઉત્તરોને) પ્રગટ કરવાવાળી વિદ્યા (૩) જે ખુદના વાસ્તવિક અને દ્વિગુણ પ્રભાવક ઉત્તરોથી જગતને વિસ્મિત કરે. આ વિદ્યાઓના ચમત્કારોથી અને સત્યવચનથી લોકોના હૃદયમાં દઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે ભૂતકાળમાં જિનશાસનમાં સંયમ તપના ધારક, ઉત્તમજ્ઞાની તીર્થંકર ભગવંત થયા છે. જેઓએ દુરધિગમ દુરાવગાહ સર્વજ્ઞ સમ્મત અબુધજન પ્રબોધકારક, પ્રત્યક્ષ પ્રતીતિકારક પ્રશ્નોના અનેક ગુણવાળા અને મહાન અર્થવાળા (જિનપ્રણીત) ઉત્તર આ સૂત્રમાં કહ્યા છે. આ શાસ્ત્ર એક શ્રુતસ્કંધ છે.(એમાં ૪૫ અધ્યયન છે.) ૪૫ તેના ઉદ્દેશનકાલ અને ૪૫ સમુદ્દેશન કાલ છે.

**(૩) સ્થાનાંગ સૂત્રમાં :** પ્રશ્નવ્યાકરણ દશા સૂત્રના ૧૦ અધ્યયન છે. જેમ કે– (૧) ઉપમા (૨) સંખ્યા (૩) ઋષિભાષિત (૪) આચાર્ય ભાષિત (૫) મહાવીર ભાષિત (૬) ક્ષોમક પ્રશ્ન (૭) કોમલ પ્રશ્ન (૮) આદર્શ પ્રશ્ન (૯) અંગુષ્ઠ પ્રશ્ન (૧૦) બાહુ પ્રશ્ન.

**(૪) તત્ત્વાર્થ વાર્તિક દિગંબર ગ્રંથમાં :** પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં અનેક આક્ષેપ અને વિક્ષેપ દ્વારા હેતુ અને નયના આશ્રિત પ્રશ્નોનો ઉત્તર આપવામાં આવ્યો છે. લૌકિક, વૈદિક આદિ શબ્દોના અર્થનો નિર્ણય કરવામાં આવ્યો છે. **(આક્ષેપ-વિક્ષેપ હેતુ નયાશ્રિતાનાં પ્રશ્નાનાં વ્યાકરણં. તસ્મિંલ્લૌકિક વૈદિકાનામર્થાનાં નિર્ણય)**

**(૫) જયધવલા દિગંબર ગ્રંથમાં :** પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેગિની અને નિર્વેદની આ ચાર કથાઓનું તથા પ્રશ્નોના આધારથી નષ્ટ, મુષ્ટિ, ચિંતા, લાભ, અલાભ, સુખ-દુઃખ અને જીવન-મરણનું વર્ણન કરવામાં આવ્યું છે.(પણ્હાવાગરણં નામ અંગે અક્ખેવણી, વિક્ખેવણી, સંવેગણી, નિવ્વેદણી નામાઓ ચઉવ્વિહં કહાઓ. પણ્હાદો નટ્ઠિ-મુટ્ઠિ-ચિંતા-લાહાલાહ-સુહદુખ -જીવિય-મરણાણિ ય વણ્ણેતિ.)

**વિચારણા–નિષ્કર્ષ :** આ બધા પરિચયોના આધારથી સ્પષ્ટ થઈ જાય છે કે ગણધર રચિત પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આકર્ષક પ્રશ્ન-ઉત્તર અથવા પ્રશ્નવિદ્યા સંબંધી નિરૂપણ અવશ્ય હતું. તેની પ્રધાનતાથી આ શાસ્ત્રનું નામ પ્રશ્નવ્યાકરણ રાખવામાં આવ્યું છે. તોપણ માત્ર પ્રશ્ન-ઉત્તર જ હતાં, એવું માની શકાતું નથી. કારણ કે તેમાં અન્ય અનેક વિષય પણ હતા. જેમ કે (૧) ઉપમા સંબંધી વર્ણન પણ હતું. (૨) સંખ્યા સંબંધી નિરૂપણ પણ હતું. (૩) આચાર્ય ભાષિત નામક વિષય સંકલન પણ હતું. (૪) પ્રત્યેકબુદ્ધ ઋષિ મહર્ષિ ભાષિત પ્રકરણ પણ હતું અને (૫) મહાવીર ભાષિત નામક પ્રકરણ પણ હતું. આ વાત સ્થાનાંગ અને સમવાયાંગ બંને સૂત્રોથી સંમત અને પુષ્ટ થાય છે. નંદીસૂત્ર અનુસાર પ્રાયઃ પ્રશ્ન-ઉત્તરવાળા વિષય જ હતા. બીજા વિષયોનું તેમાં કોઈ કથન નથી. તોપણ નંદીમાં ૪૫ અધ્યયન અને ૪૫ ઉદ્દેશન સમુદ્દેશન કાળનું કથન થયું છે. તેથી એવું સમજી શકાય છે કે પરિચયના વર્ણનમાં મુખ્યરૂપથી માત્ર પ્રશ્ન નિરૂપક શબ્દ જ આપ્યા છે. બીજા વિષયોને ગૌણ કર્યા છે અને ૪૫ અધ્યયન કહેવાથી ઋષિભાષિત આદિ બીજા વિષયોનું સંકલન પણ થઈ જાય છે.

દિગંબર ગ્રંથ **જયધવલા** અનુસાર આ શાસ્ત્રમાં ચાર પ્રકારની ધર્મ કથાઓનું સંકલન હતું અને અંતમાં કાંઈક પ્રશ્ન અને ઉત્તર નિમિત્ત જ્ઞાન સંબંધી તથા મુષ્ઠિ આદિ રૂપ પ્રશ્નવિદ્યા સંબંધી જ્ઞાન પણ હતું. **જયધવલા**નું આ કથન કાંઈક તર્ક સંગત પણ એટલા માટે છે કે છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, અંગસૂત્ર કથાપ્રધાન છે અને અગિયારમું અંગસૂત્ર પણ કથાપ્રધાન છે. તો વચમાં આ દશમું અંગ પણ કથા–ઉપદેશ પ્રધાન જ રહ્યું હશે. તોપણ પ્રશ્ન વિદ્યાઓ અને ચમત્કારના વિષયની આકર્ષકતાના કારણે તે વિષય વધારે પ્રસિદ્ધિમાં અને ચર્ચામાં રહી ગયો છે અને કથા ઉપદેશ વિષય ચર્ચામાં નહીં રહ્યો હોય તો પણ સ્થાનાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્ર અનુસાર આમાં આચાર્યો, પ્રત્યેક બુદ્ધો, ઋષિઓ મહર્ષિઓના અને મહાવીરના ઉપદેશ વચન પણ ઘણાં છે અને ઉપદેશ વિષય





વિવિધ કથાઓથી પરિપૂર્ણ પણ હોઈ શકે છે. જયધવલા ઘણું પ્રાચીનગ્રંથ છે અને દિગંબરોનો ગ્રંથ છે, તેના કથનમાં પ્રાચીન અને પ્રારંભિક અવસ્થા અંતર્નિહિત હોય એવો વધારે સંભવ લાગે છે.

આ પ્રકારે આ શાસ્ત્ર છઠ્ઠાથી અગિયારમા અંગશાસ્ત્રની સમાન કથા ઉપદેશ પ્રધાન પણ હતું અને અતિ વિશાળ પણ હતું. પરંતુ પ્રશ્ન વિદ્યાઓના ચમત્કાર, દુરૂપયોગ આદિ સંભાવનાઓના કારણે આમાં આવશ્યક સમજીને પૂર્વાચાર્યોએ યથાસમયે પરિવર્તન કર્યુ હશે.

**સંભાવના :** શાસ્ત્ર લેખન સમયમાં દેવર્ધિગણિની પ્રમુખતામાં આ સૂત્રના પ્રથમ અધ્યયનમાં રહેલ પાંચ આશ્રવ પાંચ સંવરના વિષયને જ્યાંના ત્યાં રાખી દીધા હશે. પ્રશ્ન વિદ્યાઓ સંબંધી વિષયને લિપિબદ્ધ નહીં કર્યો હોય. પ્રત્યેકબુદ્ધ ઋષિભાષિત પ્રકરણને ઋષિભાષિત શાસ્ત્રના રૂપમાં અલગ રાખી દીધું છે અને તેનું નામ પણ નંદીસૂત્રમાં આપી દીધું છે. **મહાવીર ભાષિત** પ્રકરણને ઉત્તરાધ્યયન સૂત્ર રૂપમાં રાખી દેવામાં આવ્યું છે અને પાછળથી પરંપરામાં કલ્પના દ્વારા તે મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપમાં કોઈએ પ્રસિદ્ધ કરી દીધું. વાસ્તવમાં તે પ્રશ્નવ્યાકરણનો જ વિભાગ હોઈ શકે છે. અને તેનાથી મુક્ત કરી સ્વતંત્ર શાસ્ત્ર કરી દીધું હોય છે. પ્રશ્નવ્યાકરણમાં **મહાવીર ભાસિયાઈ** અધ્યનના ૩૬ ઉદ્દેશક રૂપમાં વિભાગ હશે. સ્વતંત્ર શાસ્ત્ર થઈ જવાથી તે ૩૬ અધ્યયન રૂપે પ્રકાશમાં આવ્યા. જેમ કે **નિશીથ અધ્યયન** આચારાંગ સૂત્રનું એક અધ્યયન હતું. જ્યારે તેને અલગ શાસ્ત્ર રૂપમાં રાખી દીધું અથવા લખી દીધું તો તે ૨૦ અધ્યયન અથવા ઉદ્દેશક યુક્ત શાસ્ત્ર થઈ ગયું છે. પૂર્વમાં તે એક અધ્યયન જ હતું. આવી રીતે ઋષિભાષિત પ્રકરણમાં ૪૫ વિષય વિભાગ હતા જે આજે ઋષિભાષિત ઉપલબ્ધ શાસ્ત્રમાં ૪૫ અધ્યયનના રૂપમાં છે.

**વર્તમાન :** ઉપરોક્ત વિચારણા સંકલના અનુસાર અને ઈતિહાસ વેત્તા પૂજ્ય પુણ્યવિજયજી મ.સા. આચાર્ય તુલસી અને યુવાચાર્ય મહાપ્રજ્ઞ આદિ ચિંતકોના અનુસાર આજે પ્રશ્ન વ્યાકરણ સૂત્ર વિભિન્ન રૂપમાં ઉપલબ્ધ છે. જેમ કે – (૧) ઋષિભાષિત કાલિક આગમ, નંદીમાં જેનું નામ છે. (૨) ઉત્તરાધ્યયન સૂત્ર કાલિક આગમ. આ બંને સૂત્રો કાલિક સૂત્રોની સૂચિમાં નંદીસૂત્રમાં છે અને આ બંનેના કર્તાના નામ આજ સુધી પણ મળતા નથી. એનાથી પણ આ બંને પ્રશ્ન વ્યાકરણ કાલિક સૂત્રના જ વિભાગ છે, તેમ માનવું દોષ રહિત થાય છે. (૩) વર્તમાન

સમયે પ્રશ્નવ્યાકરણમાં ઉપલબ્ધ ૫ આશ્રવ, ૫ સંવર વિષય પણ આ પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પ્રથમ અધ્યયનમાં અથવા આચાર્યભાષિત પ્રકરણરૂપ ચોથા અધ્યયનમાં હતો તે જ રાખી દીધો હોવાથી તે પ્રશ્નવ્યાકરણ સૂત્ર નાના રૂપમાં થઈ ગયું છે, એવું સ્વીકારવું ઉપયુક્ત છે. આ વાતને **આચાર્ય તુલસી** એ પણ લાડનૂંથી પ્રકાશિત પ્રશ્નવ્યાકરણ સૂત્ર મૂળપાઠની ભૂમિકામાં સંભાવના રૂપથી સ્વીકાર કર્યો છે. **નંદી સૂત્રોક્ત સમુત્થાનસૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રથમ અધ્યયનના પાંચઆશ્રવ પાંચસંવર રૂપ દશ અધ્યયનો હોવાનું કથન છે.** (૪) દેવર્ધિગણિના લેખન પછી અંગુષ્ઠ વિદ્યા આદિનો વિષય મૌખિક રૂપમાં કંઈક સમય શિષ્ય પ્રશિષ્યોમાં ચાલતો રહ્યો હશે. કાલાન્તરથી કોઈએ જયપાહુડ નામના વ્યાખ્યા ગ્રંથની રચના કરીને તેમાં તે વિદ્યાઓના અંશનો સમાવેશ કર્યો. તે ગ્રંથ પણ હસ્ત લિખિત રૂપમાં અમદાવાદની એલ.ડી. ઈન્સ્ટીટયુટમાં સુરક્ષિત છે અને પ્રકાશિત પણ થયો છે.

આ આધારે પ્રાચીન ગણધર રચિત આ પ્રશ્નવ્યાકરણ આગમના આજ ચાર પ્રારૂપ(પ્રકાર) ઉપલબ્ધ છે– **(૧)** પ્રશ્નવ્યાકરણ સૂત્ર આશ્રવ સંવરમય વર્ણનવાળું **(૨)** ૠષિભાષિત સૂત્ર. આ પણ પ્રકાશિત અર્થ સહિત ઉપલબ્ધ છે. **(૩)** ઉત્તરાધ્યયન સૂત્ર **(૪)** જયપાહુડ–પ્રશ્નવ્યાકરણ.

**જયપાહુડ–પ્રશ્નવ્યાકરણ :** દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે શાસ્ત્ર લેખનમાં પ્રશ્નવિદ્યાઓને લિપિબદ્ધ કર્યું ન હતું તોપણ કંઠસ્થ જ્ઞાનરૂપમાં જેને પણ સ્મૃતિમાં હતું તે પરંપરામાં કાંઈ ને કાંઈ ચાલતું જ રહે છે. તેને ભૂલી તો શકાતું જ નથી. તથા કોઈ કોઈ પોતાના કોઈક શિષ્યને સંક્ષિપ્ત વિસ્તૃત રૂપમાં આપતા રહ્યા હોય એ પણ અસંભવ નથી, સંભવ છે. તેથી કાલાન્તરથી કોઈએ તે વિષયને લિપિબદ્ધ પણ પોતાની રીતે કર્યું હશે. જે સ્વતંત્ર ગ્રંથરૂપમાં લિપિબદ્ધ થતાં થતાં પરંપરાથી શ્રમણોની પાસે અને ફરી ભંડારોમાં સુરક્ષિત રહ્યું હશે. આના ફળ સ્વરૂપે ગ્રંથ ભંડારોમાં તેની પ્રતિઓ ઉપલબ્ધ થાય છે. જેસલમેરના ખરતર ગચ્છના આચાર્ય શાખાના ભંડારમાં **જય પાહુડ પ્રશ્નવ્યાકરણ** નામના ગ્રંથની એક તાડપત્રીય પ્રતિ હતી. જે સંવત ૧૩૩૬ની ચૈત્રવદી એકમની લખેલી હતી. મુનિશ્રી જિન-વિજયજીએ તે સંપાદિત કરી સંવત ૨૦૧૫માં સિંઘી જૈન ગ્રંથમાળા અમદાવાદના ગ્રંથાંક ૪૩ના રૂપમાં પ્રકાશિત કરાવ્યું. તેની પ્રસ્તાવનામાં તેઓએ આ ભાવાંશ લખ્યો છે. ''પ્રસ્તુત ગ્રંથ અજ્ઞાત તત્ત્વ અને ભાવિનું જ્ઞાન પ્રાપ્ત કરવા કરાવવાનું વિશેષ રહસ્યમય શાસ્ત્ર છે. આ શાસ્ત્ર જે મનીષી અથવા વિદ્વાનને સારી રીતથી





ઉપલબ્ધ થઈ જાય તો તે તેના આધારથી કોઈપણ પ્રશ્નકર્તાના લાભ-અલાભ, શુભ-અશુભ, સુખ-દુખ અને જીવન-મરણ આદિ વાતોનું ઘણા નિશ્ચયરૂપે અને તથ્યપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.''

મૂળ ગ્રંથકારે શરૂઆતમાં તો આ ગ્રંથનું નામ **જયપાહુડ** આપ્યું છે. અને અંતમાં તેઓએ **પ્રશ્નવ્યાકરણં સમાપ્તમ્** લખ્યું છે. તેના વ્યાખ્યાકારે શરૂઆતમાં આ રીતે લખ્યુ છે– **મહાવીરરાખ્યં સિરસા પ્રણમ્ય, પ્રશ્નવ્યાકરણં શાસ્ત્રં વ્યાખ્યામિ,** તથા વ્યાખ્યાના અંતમાં લખ્યું છે**– ઇતિ જિનેન્દ્ર કથિતં પ્રશ્ન ચૂડામણિ સારશાસ્ત્રં સમાપ્તમ્.**

**જિનરત્ન કોશ**ના ૧૩૩માં પાનામાં પણ આ નામવાળી પ્રતિનો ઉલ્લેખ છે. તથા ત્યાં એ પણ સૂચિત કર્યું છે કે ખંભાતના શાંતિનાથ ભંડારમાં આ (જયપાહુડ પ્રશ્નવ્યાકરણ) શાસ્ત્રની અનેક પ્રતિઓ છે. **(જિન રત્ન કોશ– પ્રાચીન ગ્રંથ ભંડારોના પુસ્તકોની સૂચિનો પ્રકાશિત ગ્રંથ છે.)**

આ બધા ઉલ્લેખો અને વિચારણાઓથી આ નિષ્કર્ષ નીકળે છે કે પ્રાચીન પ્રશ્નવ્યાકરણ શાસ્ત્ર અલગ-અલગ વિભાગોમાં વહેંચાઈ ગયું અને પૃથક-પૃથક નામવાળા ચાર ગ્રંથ(શાસ્ત્ર) બની ગયા. આજનું ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્ર પણ તેમાંનો જ એક વિભાગ છે. નંદીસૂત્ર આગમ સૂચિના **સમુત્થાન સૂત્ર** નામના શાસ્ત્રમાં પ્રાચીન પ્રશ્નવ્યાકરણ સૂત્રના પ્રથમ અધ્યયનમાં ૫ આશ્રવ, ૫ સંવરના ૧૦ અધ્યયન સૂચિત કર્યા છે. તે શાસ્ત્ર **સમુત્થાન સૂત્ર** પણ આજે પ્રકાશિત ઉપલબ્ધ છે.

એક વિચારણા અનુસાર શરૂઆતમાં આ શાસ્ત્ર બધા સંત-સતીઓના અધ્યયનવાળું હોવાથી, જ્ઞાતાધર્મ કથા સૂત્રથી લઈને વિપાકસૂત્ર સુધી બધા કથા શાસ્ત્ર જ હોવાથી આ શાસ્ત્ર પણ ધર્મ બુદ્ધિ–પ્રજ્ઞાનો વિકાસ વિસ્તાર કરનારી વિવિધ કથાઓનો ભંડાર જ રહ્યો હશે. વીર નિર્વાણની અમુક શતાબ્દિ પછી જ્યારે વિદ્યા ચમત્કારનો યુગ અથવા તેની બોલબાલાનો સમય આવ્યો હશે, ત્યારે કોઈ પૂર્વજ્ઞાની બહુશ્રુતે પણ્ણાવાગરણં નામ સામ્યતા રૂપમાં કાંઈક પ્રશ્નવિદ્યાઓના વિષયને અંતમાં રાખ્યો હશે, જે કોઈ સમયે મહત્ત્વશીલ રહ્યો હશે અને પછી લિપિબદ્ધ કરવાના સમયે અનાવશ્યક લાગવાથી સર્વ સંમતિથી તેને લેખનમાં નહીં રખાયું હોય. તથા ૧૦ અધ્યયનો વાળા શાસ્ત્રોની વચ્ચે હોવાથી એને પણ પ્રશ્નવ્યાકરણ દશા નામકરણ કરવાના હેતુ માત્રથી ૧૦ અધ્યયન રૂપ ૧૦ વિભાગવાળા આશ્રવ-સંવરના વિષયને રાખી, ઉપદેશી વિષયવાળા

ઉત્તરાધ્યયન અને ઋષિભાષિતને અલગ કરીને નંદીસૂત્રમાં તેનું સ્વતંત્ર નામ પણ આપવામાં આવ્યું હોય. લેખનયુગ હોવા છતાં પણ પ્રારંભિક હોવાથી આ બધા નિર્ણયોનો ઈતિહાસ લેખનનું વાતાવરણ નહીં હોવાથી આ પરિવર્તનનો કાંઈપણ લેખિત સંકેત કર્યો નથી. ઈતિહાસ સંબંધી પ્રાપ્ત બધી સંભાવનાઓ ઘણાં પછીના ઈતિહાસ યુગની કલ્પનાઓ છે. જે પ્રાપ્ત સામગ્રીના આધારે માત્ર બુદ્ધિથી કરવામાં આવી છે. તેની સત્યતા સમજમાં આવવી તે તો પાઠકોની પોત-પોતાની બુદ્ધિ અને અનુભવ તથા ગ્રહણ શક્તિ ઉપર આધારિત છે.

**મહાવીર ભાષિત ઉત્તરાધ્યયન :** ભગવાને અંતિમ આરાધનારૂપ સંથારા સમયે સુખવિપાક અને દુઃખવિપાકના ૫૫–૫૫ અધ્યયન ફરમાવ્યા હતાં. એવો ઉલ્લેખ સમવાયાંગ સૂત્રના ૫૫મા સમવાયમાં ઉપલબ્ધ છે. પરંતુ ૩૬મા સમવાયમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયન ભગવાન મોક્ષે જતાં સંથારાના સમયે ફરમાવ્યા એવા કથનવાળો પાઠ ત્યાં નથી. માત્ર ૩૬ અધ્યયનોનાં નામ કહ્યાં છે તથા આચારાંગ-સૂયગડાંગ સૂત્રમાં જ્યાં ભગવાનની સાધના સંબંધી વર્ણન છે, ત્યાં પણ આ ઉત્તરાધ્યયન ફરમાવ્યાની વાત નથી અને આપણા ૩૨ આગમના મૂલપાઠમાં ક્યાંય પણ એવી વાત નથી પરંતુ પ્રશ્નવ્યાકરણ સૂત્રના અધ્યયનોના ૧૦ નામોમાં સ્થાનાંગ સૂત્રમાં મહાવીર ભાસિયાઈ અધ્યયનનું સ્પષ્ટ કથન છે.

જો મહાવીર સ્વામીએ અંતિમ દેશનામાં અર્થરૂપમાં ફરમાવ્યું હોય તો તેનું સૂત્રરૂપમાં ગુંથન તો ગણધર જ કરે. કારણ કે તે સમયે બે ગણધર હાજર હતા. ગણધરોની હાજરીમાં બીજા કોઈને સૂત્ર ગુંથનનો પ્રસંગ ઉપસ્થિત કેમ થશે ? અને ઉત્તરાધ્યયન માટે આજ સુધી કોઈએ ગણધર રચિત કહ્યું પણ નથી અને બીજા કોઈ સાધુએ સૂત્ર રૂપમાં રચ્યું છે, એ પણ નામ મળતું નથી.

જો કે પ્રશ્નવ્યાકરણમાં મહાવીર ભાસિયાઈના નામથી અધ્યાય હોવો સ્થાનાંગ સૂત્રથી સ્પષ્ટ છે. આજ તે અધ્યાય છે નહીં. તો પરિશેષ ન્યાયથી તે અધ્યાય ઉત્તરાધ્યયન રૂપ જ છે, એવું માનવામાં કોઈ બાધા કેમ હોય ? જો કે નંદીસૂત્રમાં તેને કાલિક સૂત્ર કહેવામાં આવ્યું છે. દેવર્ધિગણિના લેખન સમયમાં તેને અંગસૂત્રથી જુદું કરીને અલગ રાખી દીધું છે. તેથી તેને અંગ આગમરૂપમાં ન બતાવીને અંગબાહ્ય કાલિક આગમમાં બતાવ્યું છે. કારણ કે અંગઆગમથી તેનું નિર્યુહણ (તે જ રૂપે ઉદ્ધૃત) કરી દેવામાં આવ્યું છે.





આચાર્ય ભદ્રબાહુ સ્વામીના વ્યવહાર સૂત્રમાં અનેક સૂત્રોની વાચના અધ્યયન સંબંધી કથન છે. જો ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાનના નિર્વાણ સમયમાં બની ગયું હોત તો તેનું નામ આચાર્ય ભદ્રબાહુસ્વામી શાસ્ત્રના અધ્યયનમાં કેમ છોડે ? અર્થાત્ બધાથી પહેલા તેને જ દેવું જોઈએ પરંતુ એવું નથી. આ ઉત્તરાધ્યયન સૂત્રનું રૂપ ભદ્રબાહુ સ્વામીના સમય પહેલાં હોવાનો કોઈ આધાર ઉપલબ્ધ થતો નથી. ઈતિહાસ પરંપરામાં તો આધાર વિના કલ્પના માત્રથી કોઈએ અંતિમ દેશના રૂપ ચલાવી દીધું. પરંતુ તેનો મૌલિક કાંઈ પણ આધાર નથી કે કોઈએ સૂત્રરૂપમાં ગુંથન કર્યું હતું. કલ્પસૂત્રમાં આ વિષયનું કથન હોય તો તે શાસ્ત્રરૂપમાં ૧૩ મી/૧૪મી શતાબ્દિની પહેલાં અસ્તિત્વમાં હતું નહીં. આ વાત અનેક પ્રમાણોથી સ્પષ્ટ થઈ ચૂકી છે. કારણ કે ત્યાં સુધી તેના પર કોઈપણ વ્યાખ્યાકારે કલમ ચલાવી નથી. અને તેમાં કેટલીક સુમેળ વગરની વાતો પણ છે. માટે ૩૨ અથવા ૪૫ આગમમાં તેને પૂર્વાચાર્યોએ ગણ્યું પણ નથી.

માટે પ્રશ્નવ્યાકરણના બાકી રહેલા ૪ રૂપોમાંથી જ એક રૂપ ઉત્તરાધ્યયન સૂત્ર હોવું જોઈએ. જે ગણધર રચિત આગમમાંથી આચાર્યો દ્વારા સંકલિત કરાયેલ હોવાથી કાલિક પણ છે. એવું માનવામાં ઉત્તરાધ્યયન સૂત્રનું કાંઈપણ સન્માન ઘટતું નથી અને તેને મહાવીરભાષિત કહેવામાં પણ કોઈ બાધા નથી. કારણ કે તેજ નામના અધ્યયન રૂપમાં હતું. જેમ નિશીથ અધ્યયનથી નિશીથસૂત્ર કહેવાયું તેમ આ પણ મહાવીર ભાષિત સૂત્ર કહી શકાય છે. પરંતુ પૂવાચાર્યોએ ઉચિત સમજીને તેનું નવું નામકરણ ઉત્તરાધ્યયન સૂત્ર કરેલ છે. તો તે નામ પણ શ્રેષ્ઠ અધ્યયનોના સંકલનરૂપ હોવાથી સાર્થક જ છે.

**ઋષિભાષિત સૂત્ર :** આજના ઉપલબ્ધ ઋષિભાષિતમાં ૪૫ અધ્યયન છે. જે ક્યારે ય પ્રશ્નવ્યાકરણનો પ્રથમ વિભાગ રહ્યો હશે. તે કારણથી નંદી આદિ સૂત્રોમાં પ્રશ્નવ્યાકરણના ૪૫ અધ્યયન ૪૫ ઉદ્દેશન-સમુદ્દેશકાળ કહેવામાં આવ્યા છે. તે પ્રમુખ અને પ્રારંભના વિભાગની અપેક્ષાએ થઈ શકે છે. માટે ઋષિમહર્ષિ અથવા પ્રત્યેકબુદ્ધ ભાષિત નામના ૪૫ અધ્યયોના સંગ્રહરૂપ આ ઋષિભાષિત સૂત્ર છે. તેમાં ત્યાગ-વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, સદુપદેશ સિવાય બીજો કોઈપણ વિષય નથી. પરંતુ જ્યારે પ્રશ્નવ્યાકરણ સૂત્ર વિભાગોમાં વિભાજિત થઈ ગયું ત્યારે, એક પ્રશ્નવ્યાકરણરૂપમાં આશ્રવ સંવરમય શાસ્ત્ર પ્રચલિત રહ્યું. બીજા ઉપદેશી શ્રેષ્ઠ અધ્યયન રૂપે ઉત્તરાધ્યયન સૂત્ર પણ કંઠસ્થ પરંપરામાં પ્રચલિત રહ્યું. ત્રીજું આ ઋષિભાષિત વિભાગ કંઠસ્થ પરંપરાથી છૂટીને લેખન માત્રમાં રહી

ગયું. જેનાથી લેખનકાળમાં આ તકાર ધકારમય રૂપ ક્લિષ્ટ ઉચ્ચારણવાળું બનતું ગયું અને તેનું ઉચ્ચારણ ઉત્તરાધ્યયન જેવું મૃદુ-લઘુ રહ્યું નહીં. જેનાથી તે નંદીસૂત્રની આગમ સૂચિ રૂપ અને હસ્તપ્રત રૂપે જ વિશેષ રૂપથી ભંડારોમાં રહ્યું. કંઠસ્થ પરંપરાથી પ્રાયઃ છૂટી ગયું હોવાથી પ્રસિદ્ધિમાં પરિચયમાં ન રહ્યું. આ કારણે સ્થાનકવાસી પરંપરામાં કંઠસ્થ ન હોવાથી અને લોકાશાહના સમયે તે અપ્રસિદ્ધ આગમપ્રત પ્રાપ્ત ન હોવાથી બત્રીસની ઉપલબ્ધ સંખ્યામાં તેને નહીં સ્વીકાર્યુ હોય.

શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયમાં જ્યારે ૪૫ આગમની સંખ્યા કાયમ કરવામાં આવી હતી. ત્યારે કેટલાક સમય સુધી ઋષિભાષિત અને સમુત્થાન સૂત્રને ૪૫ની સંખ્યામાં કાલિકસૂત્ર હોવાથી અને ઉપલબ્ધ હોવાથી સ્વીકારવામાં આવ્યું હતું. પરંતુ પછીના આચાર્યો દ્વારા પ્રકીર્ણકો ગણવાના આગ્રહમાં નાના-નાના આગમને ગણવાની રૂચિથી આ મોટા બંને આગમને ૪૫માં ગણવું નકારી દેવામાં આવ્યું. જેનાથી વર્તમાનમાં તેઓની ૪૫ ની ગણતરીમાં આ આગમ ભલે ન ગણ્યું, પરંતુ મુનિશ્રી પુણ્યવિજયજીએ એક આચાર્યના ગ્રંથમાં ૪૫ આગમની ગણતરી તે આચાર્યના નામથી બતાવી છે. તેમાં ઋષિભાષિત સૂત્રનો ૪૫માં સ્પષ્ટ ઉલ્લેખ છે. તે ગણતરીમાં આવેલા ૧–૨ બીજા પણ આગમને વર્તમાનના મૂર્તિપૂજક લોકોએ ગણવાનું છોડી દીધું છે. તેને છોડીને બીજાને લેવાનું કોઈ કારણ દેખાતું નથી.

આ પ્રકારે પોતાની જ પૂર્વ પરંપરામાં ગણાયેલા આગમને મૂર્તિપૂજકોએ મનમાની છોડવો અને બીજાને ગણી લેવાનો રિવાજ રાખ્યો છે. માટે કોઈ તેના જ વિદ્વાન સંત લખે છે કે– ૪૫ આગમનું એક સાચું નિશ્ચિયરૂપ કહી શકવા માટે કોઈ ઠોસ આધાર મળતો નથી. આવી રીતે સંખ્યામાં ૪૫ કહેવામાં મૂર્તિપૂજકોમાં અનેક મતમતાંતર મળી આવે છે. એવું મૂર્તિપૂજક વિદ્વાન સ્વયં સ્વીકારે છે કે આ ઋષિભાષિત સૂત્ર એક સમયે ૪૫ આગમોમાં ગણવામાં આવી રહ્યું હતું. અને નંદીની કાલિકસૂત્ર સૂચીમાં એનું નામ છે. તેમજ તેના બીજા કોઈ રચનાકારનું નામ મળતું નથી. એનાથી પણ પ્રશ્નવ્યાકરના ૪ રૂપોમાંથી એક વિભાગના રૂપમાં આને માન્ય કરવામાં અયોગ્ય કે વિરોધજનક જણાતું નથી. અને તે શાસ્ત્ર પોતે જ આગમ પાઠ આધારિત છે. આચાર્ય ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્રમાં તથા જયધવલા દિગંબર ગ્રંથમાં પણ ઉત્તરાધ્યયન અને ઋષિભાષિત બંન્નેના નામ એક સાથે મળે છે. જેનાથી જયધવલાના કર્તા વીરસેન આચાર્ય તથા તત્ત્વાર્થના





કર્તા ઉમાસ્વાતિ આચાર્યની સમક્ષ આ બંને શાસ્ત્ર હોવા સંભવ છે.

**તેરાપંથી આચાર્યશ્રી તુલસીના વાક્યોનું અવતરણ :** ''ઉપરના આગમ ગ્રંથોમાં પ્રસ્તુત સૂત્રનો જે વિષય વર્ણિત છે તે આજ ઉપલબ્ધ નથી. આજ જે ઉપલબ્ધ છે તેમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનું વર્ણન છે. જેનો નંદીમાં કોઈ ઉલ્લેખ નથી. સ્થાનાંગ સમવાયાંગમાં આચાર્યભાષિત આદિ અધ્યયનોનો ઉલ્લેખ છે. એનાથી અનુમાન કરી શકાય છે કે પ્રસ્તુત આગમમાં ઉપલબ્ધ આશ્રવ-સંવરરૂપ વિષય પણ પ્રશ્નોની સાથે પ્રાચીન સમયમાં રહ્યો હોય અને પ્રશ્ન આદિને લિપિબદ્ધ ન કર્યો હોય ત્યારે આશ્રવ સંવરનો આ વિષય પ્રસ્તુત આગમરૂપમાં રાખ્યો હોય. નંદી ચૂર્ણિકારે પણ ઉપલબ્ધ આશ્રવ-સંવરના વિષયનો ઉલ્લેખ કર્યો છે.'' **આગમ પ્રભાવક પૂજ્યશ્રી પુણ્યવિજયજી મ.સા.ના સંપાદિત નંદીસૂત્રની પ્રસ્તાવનાના વાક્ય આ પ્રમાણે છે.(પ્રકીર્ણક સંબંધી)–** ''અહીં પહેલાં જણાવ્યા મુજબ ૧૦ પ્રકીર્ણક સૂત્રોના નિશ્ચિત નામની કોઈ પરંપરા મળતી નથી.''.... ''બાકી ઉપર જણાવ્યા મુજબ ૧૦ પ્રકીર્ણકોના નામનો કોઈ નિશ્ચિત આધાર આજ સુધી મળ્યો નથી. આ એક હકીકત છે.''

**વિક્રમના ૧૪માં શતકમાં થયેલા આચાર્ય શ્રી પ્રદ્યુમન–સૂરીશ્વરજી રચેલા–** વિચારસાર પ્રકરણમાં આગમોના ૪૫ નામ જણાવ્યા છે. તેમાં પણ ૧૦ પ્રકીર્ણકોનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. પ્રકાશિત વિચારસાર પ્રકરણ ગ્રંથમાં ૪૫ આગમોનો ઉલ્લેખ આ પ્રકારે છે. –(૧) આચારાંગથી લઈને (૧૧) વિપાકસૂત્ર (૧૨) ઉવવાઈથી લઈને (૨૩) વન્હિદશા. (૧૧ અંગ+૧૨ઉપાંગ) સુધી (૨૪) દ્વીપ–સાગર પ્રજ્ઞપ્તિ (૨૫) બૃહત્કલ્પ (૨૬) નિશીથ (૨૭) દશાશ્રુતસ્કંધ (૨૮) વ્યવહાર સૂત્ર (૨૯) ઉત્તરાયધ્યયન (૩૦) ઋષિભાષિત (૩૧) દશવૈકાલિક (૩૨) આવશ્યક સૂત્ર (૩૩) તંદુલ વૈતાલિક (૩૪) ચંદ્રવૈદ્યક (૩૫) ગણિ વિદ્યા (૩૬) નરક વિભક્તિ (૩૭) આતુર પ્રત્યાખ્યાન (૩૮) ગણધરાવલી (૩૯) સમુત્થાનસૂત્ર–દેવેન્દ્ર નરેન્દ્રા (૪૦) મરણ વિભક્તિ (૪૧) ધ્યાન વિભક્તિ (૪૨) પાક્ષિક સૂત્ર (૪૩) નંદીસૂત્ર (૪૪) અનુયોગ દ્વાર સૂત્ર (૪૫) દેવેન્દ્ર સંસ્તવ. આ ૪૫ સૂત્ર છે.

આ ૪૫ આગમના નામ ઉક્ત ગ્રંથની સંસ્કૃત ગાથા – ૩૩૪ થી ૩૫૧ સુધીમાં આપ્યા છે. જૈને આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી ઈ.સ. ૧૯૮૪માં પ્રકાશિત પ્રકીર્ણક સૂત્ર મૂળ પાઠના પુસ્તકની પ્રસ્તાવના પૃષ્ઠ–૨૧માં જોઈ શકાય છે.

આ ઉપરોક્ત વિચારણા થી સ્પષ્ટ છે કે ૠષિભાષિત સૂત્ર વિક્રમની ૧૪મી શતાબ્દિમાં(અર્થાત્ લોકાશાહની પૂર્વ પણ) ૪૫ આગમમાં ગણાતું હતું. વર્તમાનમાં ૪૫ આગમોના નામ સંકલન પણ ભિન્ન થઈ ગયા છે. અને પ્રકીર્ણકના નામોની પરંપરા નિશ્ચિત તો ક્યારે ય થઈ જ નથી. એવું ઉક્ત પ્રસ્તાવનામાં સ્વીકારવામાં આવ્યું છે. **સંક્ષેપમાં** ૠષિભાષિત સૂત્રનું આગમિક મહત્વ સ્પષ્ટ કરવા માટે ઉપરોકત વિષય વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## વિપાક સૂત્ર ૧૧

આ વિપાકસૂત્ર કથાપ્રધાન ૧૧મું અંગશાસ્ત્ર છે. પૂર્વકાળમાં વીર નિર્વાણથી લગભગ ૧ હજાર વર્ષ સુધી ૧૨ અંગશાસ્ત્ર પ્રાપ્ત થયા હતા. આચાર્ય દેવર્ધિગણી ક્ષમાશ્રમણના લેખનકાળના સમયમાં ૧૧ અંગશાસ્ત્ર જ લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યારથી આ વિપાકસૂત્ર અંતિમ અંગશાસ્ત્ર ગણાય છે.

**રચનાકાર :** સમવાયાંગ સૂત્ર અનુસાર પ્રભુ મહાવીર સ્વામીએ મોક્ષ પધારવાની અંતિમ વેળામાં પણ ભવી જીવોના ઉદ્ધારને માટે ૫૫+૫૫=૧૧૦ અધ્યયન દુઃખ અને સુખવિપાકના ફરમાવ્યા હતાં. પ્રસ્તુત ૧૦–૧૦ અધ્યયન તેના પરિશેષ છે કે તેનાથી પૂર્વ રચેલા છે ? આ વિષયમાં કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. ગણધર ભગવંત શાસનના પ્રારંભમાં જ દ્વાદશાંગીની રચનામાં આ અંગસૂત્રની રચના કરે છે. તેમાં જે કથા પ્રસંગ ઉપયુક્ત હોય તો પછી પણ અન્ય સંપાદિત કરી શકાય છે. વીર નિર્વાણના સમયે ગૌતમ અને સુધર્મા બે ગણધર હતા. તેઓ ૫૫–૫૫ અધ્યયન સાંભળીને આ શાસ્ત્રમાં કંઈ ફેરફાર કર્યો કે ન કર્યો ? આ વિષયમાં કોઈ આધાર પ્રાપ્ત થતો નથી.

**વિભાગ અને પરિમાણ :** આ શાસ્ત્રના મુખ્ય બે વિભાગરૂપ બે શ્રુતસ્કંધ છે. પ્રથમ વિભાગ દુઃખવિપાકસૂત્ર અને બીજો વિભાગ સુખવિપાકસૂત્ર છે. આ બંનેમાં ૧૦–૧૦ અધ્યયન છે. વર્તમાનમાં આ શાસ્ત્ર ૧૨૧૬ શ્લોક પ્રમાણ સ્વીકારવામાં આવ્યું છે. જેમાં દુઃખ વિપાક સૂત્ર વિશાળ છે અને સુખવિપાક સૂત્ર નાનું છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર ઉપર પણ પ્રાચીન ટીકા આચાર્ય અભયદેવ સૂરિની સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. અર્વાચીન વ્યાખ્યા સાહિત્ય સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિ ભાષાઓમાં ઉપલબ્ધ છે. સંક્ષિપ્તીકરણ પદ્ધતિમાં આ શાસ્ત્રનો સારાંશ હિન્દી-ગુજરાતી બંને ભાષામાં તથા પ્રશ્નોત્તર શૈલીમાં હિન્દી-ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ પ્રકાશિત ઉપલબ્ધ છે.





**નામકરણ :** પ્રસ્તુત સૂત્રમાં બે પ્રકારના આત્માઓના જીવન વૃતાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે. શુભ કર્મોના સંયોગથી જીવ સાંસારિક સુખમય અવસ્થાને પ્રાપ્ત કરે છે અને અશુભ પાપમય કર્મોથી મહાન દુઃખમય અવસ્થાઓમાં ભ્રમણ કરતાં રહે છે. આ પ્રકારના કર્મવિપાકનું વર્ણન હોવાના કારણે આ સૂત્રનું વિપાક સૂત્ર નામ સાર્થક છે.

**વિષય વર્ણન :** આ સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં પુનર્જન્મની ચર્ચા છે. જે વ્યક્તિ દુઃખથી સતપ્ત થઈ રહ્યા છે અને જે સુખના સાગર પર તરી રહ્યા છે, તે બધાના સંબંધમાં ગૌતમ સ્વામી દ્વારા આ જિજ્ઞાસા વ્યક્ત કરવામાં આવી છે કે આ જીવ આવા કેમ થયા છે ? ભગવાન તેનો પૂર્વભવ સંભળાવીને એનું સમાધાન આપે છે કે જેનાથી તેનું રહસ્ય સમજમાં આવી જાય છે. દુઃખવિપાક સૂત્રમાં અન્યાય, અત્યાચાર, વૈશ્યાગમન, પ્રજાપીડન, હિંસા, નરમેઘયજ્ઞ, માંસભક્ષણ આદિ દુષ્કૃત્યોના કારણે વિવિધ પ્રકારની યાતનાઓ અને મહાન દુઃખ ભોગવવાનો ઉલ્લેખ છે. સુખવિપાક સૂત્રમાં સુપાત્રદાન આદિનું પ્રતિફળ અપાર સુખમય બતાવવામાં આવ્યું છે.

પ્રથમ વિભાગના પ્રસંગોને વાંચીને જાણી શકાય છે કે કેટલાક દુરાચારી વ્યક્તિ પ્રત્યેક યુગમાં હોય છે, જે પોતાની ક્રૂર અને હિંસક મનોવૃતિના કારણે ભયંકરથી ભયંકર અપરાધ કરે છે અને પોતાના દુષ્કર્મોના કારણે તેને અનેક યાતનાઓ સહન કરવી પડે છે. બીજા વિભાગમાં સુકૃત્ય કરવાવાળા વ્યક્તિઓના જીવન પ્રસંગ છે. જે પ્રકારે ક્રૂર કૃત્ય કરનારા વ્યક્તિ પ્રત્યેક યુગમાં મળે છે. તેવી જ રીતે સુકૃત કરનારા વ્યક્તિ પણ દરેક યુગમાં મળે છે. ભલાઈ અને બુરાઈ એકાંતરૂપથી કોઈ યુગની દેન નથી. ભલા અને બુરા વ્યક્તિ અને વ્યક્તિત્વ પ્રત્યેક યુગમાં મળે છે.

**અધ્યયન નામ વિચારણા :** વિપાક સૂત્રનો પરિચય નંદીસૂત્ર, સમવાયાંગ સૂત્ર સ્થાનાંગ સૂત્રમાં પ્રાપ્ત થાય છે. સમવાયાંગ સૂત્ર અને નંદીસૂત્રમાં અધ્યયનોની સંખ્યા ૧૦+૧૦=૨૦ કહી છે. પરંતુ અધ્યયનોના નામ ત્યાં આપ્યા નથી. ઠાણાંગ સૂત્રમાં આને 'કર્મ વિપાક દશા શાસ્ત્ર' નામથી કહીને તેમાં દુઃખ વિપાકના ૧૦ અધ્યયનોના નામ કહ્યા છે. સુખવિપાકના અધ્યયનોના નામ ત્યાં કહ્યા નથી.આ નામોમાં કેટલાંક નામ ઘટના ઉપરથી છે, કેટલાંક નામ વ્યક્તિના આધારે છે અને કોઈક પૂર્વભવ સંબંધી છે. સાતમા આઠમા અધ્યયનમાં ક્રમભેદ માત્ર છે.

સ્થાનાંગમાં જે સાતમા આઠમાનાં નામ છે. પ્રસ્તુતમાં તે ક્રમશઃ આઠમા સાતમાના છે. અધ્યયનોનાં આ નામોમાં સમાનતા નહીં હોવાના કારણોમાં લિપિદોષનું કારણ હોઈ શકે છે અથવા નામકરણના સમયની ભિન્નતાના કારણે પણ હોઈ શકે છે. નામભેદ હોવા છતાં પણ બંને પ્રકારના નામોનો પરસ્પર સુમેળ, અપેક્ષાથી થઈ જાય છે. અર્થાત્ કોઈ પૂર્વભવની અપેક્ષા છે, કોઈ વર્તમાન ભવની અપેક્ષા છે, કોઈ વ્યક્તિની અપેક્ષા છે, કોઈ વસ્તુ કે ઘટનાની અપેક્ષા છે. વાસ્તવમાં આમાં સૈદ્ધાંતિક મતભેદ જેવું અથવા અઘટિત જેવું કંઈ નથી. દસમા અધ્યયનના નામનો સમન્વય કઠિન છે. લચ્છિકુમારોનો સંબંધ પૂર્વભવમાં વેશ્યાની સાથે અધિક રહ્યો હોય એવું અન્ય વાચના કે કથામાં હોઈ શકે છે, બીજું કોઈ સમાધાન નહીં મળવાથી એવી સંભાવના કરી શકાય છે.

**વિશેષ :** મૌલિક રચનામાં અધ્યયનોના નામ પ્રાયઃ હોતા નથી. પછીના યુગમાં ક્યારેક સાધકોની પોતાની અમુક સુવિધા(સ્મૃતિમાં રાખવાની અથવા પરિચય જાણવા) હેતુ અધ્યયનનો નામ રાખવાની પરંપરા વત્તા ઓછા પ્રમાણમાં ચાલતી હોય છે અને તેમાં પણ પોત-પોતાના દષ્ટિકોણની ભિન્નતા હોય છે. તેથી વર્તમાને નામોની ભિન્નતા જોવા મળે છે. માટે આને વધારે મહત્ત્વ દઈને આગમની મૌલિકતા સંબંધી ઉહાપોહમાં ન પડવું જોઈએ. પ્રસ્તુત સૂત્ર અને સ્થાનાંગ સૂત્રમાં પ્રાપ્ત દુઃખવિપાક સૂત્રના અધ્યયનોના નામ આ પ્રકારે છે—

| **સ્થાનાંગ સૂત્રોક્ત નામ** | **પ્રસ્તુત સૂત્રોક્ત નામ** |
|---|---|
| ૦૧. મૃગાપુત્ર | ૦૧. મૃગાપુત્ર |
| ૦૨. ગોત્રાસક | ૦૨. ઉજ્ઝિતક |
| ૦૩. અંડ | ૦૩. અભગ્નસેન |
| ૦૪. શકટ | ૦૪. શકટ |
| ૦૫. બ્રાહ્મણ | ૦૫. બૃહસ્પતિદત્ત |
| ૦૬. નંદીષેણ | ૦૬. નંદીવર્ધન |
| ૦૭. શૌરિક | ૦૭. ઉંબરદત્ત |
| ૦૮. ઉદુંબર | ૦૮. શૌરિકદત્ત |
| ૦૯. સહસ્રોદાહ | ૦૯. દેવદત્તા |
| ૧૦. કુમાર લેચ્છઈ | ૧૦. અંજુ |





## ઔપપાતિક સૂત્ર ૧૨

સ્થાનકવાસી જૈનો દ્વારા માન્ય આગમોનું વિભાજન ચાર ભાગોમાં કરવામાં આવ્યું છે. અંગશાસ્ત્ર, ઉપાંગશાસ્ત્ર, છેદશાસ્ત્ર અને મૂળશાસ્ત્ર જેમાં આ પ્રસ્તુત આગમ ઉપાંગશાસ્ત્ર વિભાગના ૧૨ સૂત્રોમાંથી પ્રથમસૂત્ર છે. ૧૨ શાસ્ત્રોને ઉપાંગસૂત્ર હોવા માટે અનેક પ્રકારે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. છતાં પણ આ દ્વિતીય વિભાજનના શાસ્ત્રોમાં **અંતિમ શાસ્ત્રનું નામ ઉપાંગસૂત્ર** છે, આવું ઉપાંગસૂત્ર જે વિભાજિત આગમોના અંતમાં છે, તે કારણથી તે વિભાગના બધા આગમ ઉપાંગસૂત્ર સંજ્ઞક કહેવાયા છે. પ્રસિદ્ધિમાં જે નિરયાવલિકાદિ પાંચ સૂત્ર છે, તેના પ્રારંભના મૂળપાઠમાં જ તે શાસ્ત્રનું નામ ઉપાંગસૂત્ર કહેવામાં આવ્યું છે અને નિરયાવલિકાદિ પાંચ વિભાગ તે શાસ્ત્રની અંતર્ગતના પાંચ વર્ગ છે. પરંતુ કોઈ સમયે કોઈના મતિભ્રમથી અથવા બીજા ઉદ્દેશ્યથી પાંચવર્ગ જ પાંચ સૂત્રરૂપમાં પ્રચલિત થઈ ગયા છે. જેને ગતાનુગતિક શ્રદ્ધાથી સમસ્ત શ્વેતાંબર જૈન લોકો પાંચ આગમ, તર્ક કે દલીલ વિના જ ૩૨ અથવા ૪૫ સંખ્યાની આગમ ગણતરીમાં પાંચ શાસ્ત્ર ગણતા આવ્યા છે. હકીકતમાં આગમ પ્રમાણથી તે એક જ શાસ્ત્ર છે. આગમ પ્રમાણને માન્ય કરવાવાળા વિદ્વાન જેને કોઈપણ શરતથી નકારી શકતા નથી.

**રચનાકાર :** પ્રસ્તુત આગમ પ્રચલિત પરંપરાના ૧૨ ઉપાંગ સૂત્રોમાં પોતાની વિશિષ્ટતાથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સૂત્રના રચનાકાલની અને રચનાકારની જાણકારી પ્રાપ્ત થતી નથી. માટે આને આગમ લેખનના સમયે દેવર્ધિગણી આદિ સ્થવિર ભગવંતોની રચના સ્વીકાર કરવી જ શ્રેષ્ઠ માર્ગ છે. કારણ કે દેવવાચક શ્રી દેવર્ધિગણિ દ્વારા રચિત શ્રી નંદીસૂત્રના અંગબાહ્ય, ઉત્કાલિક સૂત્રોમાં આ આગમનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. માટે સમસ્ત શ્વેતાંબર જૈનોને આ સ્વીકાર્ય શાસ્ત્ર છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર પ્રાચીન સંસ્કૃત ટીકા વ્યાખ્યા નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિની છે. અર્વાચીન સંસ્કૃત ટીકા આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.ની છે. હિન્દી-ગુજરાતી આદિ જનભાષામાં અર્થ અને વિવેચક અનેક જગ્યાએથી પ્રકાશિત થયા છે. આગમમનીષી શ્રી ત્રિલોકમુનિ મ.સા. દ્વારા સંપાદિત આગમોના સારાંશ પ્રાવધાનના ૩૨ ભાગોમાં આ શાસ્ત્રનો શારાંશ ૨૩મા પુષ્પમાં હિન્દી-ગુજરાતી બંને ભાષામાં અલગ અલગ આપવામાં આવ્યો

છે. જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરના પ્રાવધાનમાં આ આગમ છઠ્ઠા ભાગની અંતર્ગત હિન્દી-ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ પ્રકાશિત ઉપલબ્ધ છે.

**પરિમાણ અને વિભાગ :** આ શાસ્ત્ર મૌલિકરૂપથી ૧૨૦૦ શ્લોક પ્રમાણ સ્વીકારવામાં આવ્યું છે. જે મુખ્ય બે વિભાગોમાં વિભક્ત છે– (૧) સમવસરણ (૨) ઉપપાત. બીજા ઉપપાત વિભાગની મુખ્યતાથી જ આ શાસ્ત્રનું નામકરણ **ઔપપાતિક સૂત્ર** કરવામાં આવ્યું છે.

પ્રસિદ્ધ ૧૨ ઉપાંગ સૂત્ર આ પ્રકારે છે. (૧) ઔપપાતિક સૂત્ર (૨) રાજ-પ્રશ્નીય સૂત્ર (૩) જીવાભિગમ સૂત્ર (૪) પ્રજ્ઞાપના સૂત્ર (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર(૮ થી ૧૨) નિરયાવલિકા આદિ પાંચ સૂત્ર અર્થાત્ ઉપાંગસૂત્ર.

**ઐતિહાસિક વિચારણા :** નંદીસૂત્રની આગમસૂચિના અંગબાહ્ય કાલિક આગમ સૂત્રોમાં જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર તથા ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્રનું નામ છે. તેમજ પાંચ નિરયાવલિકાદિનું નામ પણ છે. શેષ ૫ ઉપાંગ સૂત્રોનો નિર્દેશ ત્યાં ઉત્કાલિક સૂત્રોની સૂચિમાં પ્રાપ્ત થાય છે. તેથી સ્પષ્ટ થાય છે કે તે બધા ૧૨ ઉપાંગ આગમ પ્રાચીન કાળથી છે. આ ૧૨માંથી પ્રજ્ઞાપના સૂત્રના રચનાકારનું નામ શ્યામાચાર્ય પ્રાપ્ત થાય છે. આ સૂત્રની રચના આચાર્ય દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયના કાલકાચાર્ય દ્વારા થઈ હતી અથવા કરાવાઈ ગઈ હતી, તે હકીકત છે. પરંતુ કંઈપણ લિખિત ઈતિહાસ ન મળવાથી દેવર્ધિગણી પૂર્વે થયેલા શ્યામાચાર્યથી આ સૂત્રની રચનાનો સંબંધ સ્થાપિત કરી કલ્પિત મહાવિદેહ ક્ષેત્રની ઘટના પણ જોડી દેવામાં આવી છે. વાસ્તવમાં શાસ્ત્ર લેખનની પહેલાં અને દષ્ટિવાદ અંગની હાજરીમાં એવા તત્ત્વ શાસ્ત્રની રચનાનું કોઈ કારણ હતું નહીં. શેષ ઉપાંગસૂત્રના રચનાકારનું નામ અપ્રાપ્ત છે. માટે આ સ્વીકારવું સહજ યોગ્ય છે કે દષ્ટિવાદનું લેખન નહીં કરવાના નિર્ણયમાં એવા અનેક શાસ્ત્રોનું સંકલન લેખન દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ આદિની દેખરેખમાં થયું છે. અને તે સામુહિક આગમ લેખન સંકલન માત્ર હોવાથી તેમાં કોઈના નામકરણની આવશ્યકતા રહી નહીં. માટે નંદીસૂત્ર આદિ અનેક આગમોના રચનાકાર આજ સુધી અજ્ઞાત છે. પ્રજ્ઞાપના સૂત્રના રચનાકારનું નામ પણ પછીની પ્રક્ષિપ્ત ગાથાઓમાં છે. પરંતુ મૂળરચનાની ગાથાઓમાં નથી. તેથી આ નામકરણ વિનાના બધા શાસ્ત્રો જે નંદીસૂત્રની સૂચિમાં છે તે એક પૂર્વધરોની(દેવર્ધિગણી આદિની) ઉપસ્થિતિ, સંરક્ષણમાં સંકલિત, સંપાદિત લિખિત છે. એવું શ્રદ્ધાની સાથે સ્વીકારવું ઉચિત છે.





**વિષય વસ્તુ :** આ ઔપપાતિક સૂત્રનો વિષય બે અધ્યાયના રૂપમાં માનવામાં આવે છે. પ્રથમનું નામ **સમવસરણ** છે. બીજાનું **ઉપપાત** છે. પ્રથમ અધ્યાયમાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વૃક્ષ, રાજા, ભગવાન મહાવીરનું શરીર, તેમની શિષ્ય સંપદા, પરિષદમાં મનુષ્ય અને દેવોનું આગમન, મૌલિક ઉપદેશ, વ્રત ધારણ, પરિષદ વિસર્જન આદિ વર્ણન છે. બીજા અધ્યાયમાં અસંયત જીવોનું, પરિવ્રાજકોનું અને કુશ્રમણોનું દેવોમાં ઉત્પન્ન થવાનું વર્ણન છે. સુશ્રમણો અને સુશ્રાવકોના આચાર, ગુણો તથા આરાધનાઓનું વર્ણન છે. અંતમાં આરાધક સુવ્રતી જીવોની દેવગતિ અને સિદ્ધગતિ, કેવલીસમુદ્ઘાત, સિદ્ધ સ્વરૂપ અને તેના સુખોનું વર્ણન છે.

**વિશેષતાઓ :** આમાં એક તરફ જ્યાં સામાજિક, રાજનૈતિક, નાગરિક ચર્ચા છે તો બીજી બાજુ ધાર્મિક, દાર્શનિક, સાંસ્કૃતિક તથ્યોનું સુંદર પ્રતિપાદન છે. આ સૂત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે ભગવતી આદિ અંગ આગમોમાં પણ આ સૂત્રને જોવાનો સંકેત કર્યો છે. એનું કારણ એ છે કે અહીં અનેક વિષયોનું વિસ્તારથી વર્ણન ઉપલબ્ધ છે. જેનું બીજા સૂત્રોમાં સંક્ષિપ્ત કથન છે. તે સિવાય આમાં શ્રમણ ભગવાન મહાવીરના સમસ્ત અંગોપાંગોનું ઉપમાયુક્ત વર્ણન છે. સમવસરણનું પણ જીવતું જાગતું ચિત્રણ થયું છે. ભગવાનની ઉપદેશ વિધિ પણ અહીંયા સુરક્ષિત છે. તપનું સુંદર વિશ્લેષણ ભેદ-પ્રભેદ દ્વારા કરવામાં આવ્યું છે. આમા વૈદિક અને શ્રમણ પરંપરાના પરિવ્રાજકો, તાપસો અને શ્રમણોની આચાર સંહિતા પણ દર્શાવવામાં આવી છે. તેની વચ્ચે અંબડ સંન્યાસીનું રોચક કથાનક છે. અંતમાં સિદ્ધાવસ્થાનું સાંગોપાંગ સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

## રાજપ્રશ્નીય સૂત્ર ૧૩

પ્રસ્તુત આગમ એક કથાપ્રધાન શાસ્ત્ર છે. બીજા કથાશાસ્ત્રોથી આમાં એક વિલક્ષણતા છે કે આમાં મુખ્યતઃ માત્ર એક જ આત્માનું કથાનક છે.

**નામકરણ :** આમાં રાજા પરદેશી દ્વારા કરેલી આત્માના અસ્તિત્વ નાસ્તિત્વ સંબંધી પ્રશ્ન ચર્ચાનું વર્ણન છે. જેમાં કેશીસ્વામી દ્વારા અપાયેલ ઉત્તર અનેક ભવ્યાત્માઓના સંશયોનું ઉન્મૂલન કરવામાં ઘણાં જ સક્ષમ છે. અધ્યાત્મની અપેક્ષા તે પ્રશ્નોત્તરીની પ્રધાનતાવાળા આ શાસ્ત્રનું સાર્થક નામ રાજપ્રશ્નીય સૂત્ર રાખવામાં આવ્યું છે.

**રચનાકાર :** ઔપપાતિક સૂત્રની સમાન આ પણ ૧૨ ઉપાંગ સૂત્રોમાંથી બીજું ઉપાંગ સૂત્ર છે. નંદીસૂત્રની સૂચિમાં ઉત્કાલિક અંગ બાહ્ય આગમોમાં આનું નામ

સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે. આ સૂત્રના રચનાકાર અથવા રચના સમય ઔપપાતિક સૂત્રની સમાન જ અજ્ઞાત છે. તો પણ નંદીસૂત્રમાં એનું નામ હોવાથી આ શાસ્ત્ર સમસ્ત શ્વેતાંબર જૈન સમાજમાં આગમ સંખ્યા ૩૨ અથવા ૪૫ માં સ્વીકાર્યું છે. રચનાકાર અજ્ઞાત હોવાથી પરિશેષ ન્યાયથી દેવર્ધિગણિના આગમ લેખનના સમયમાં જ સંપાદિત આ શાસ્ત્ર છે, એવું સમજવું જ સમુચિત રહે છે.

**વિભાગ :** આ એક શ્રુતસ્કંધ રૂપ શાસ્ત્ર છે. આમાં અધ્યયન, ઉદ્દેશક જેવો કોઈ વિભાગ નથી. વિષયની અપેક્ષાએ માત્ર બે વિભાગોની કલ્પના કરવામાં આવી છે. જેમ કે (૧) સૂર્યાભદેવનું વર્ણન (૨) પરદેશી રાજાનું વર્ણન.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા સંસ્કૃત ભાષામાં મલયગિરિ આચાર્યની ટીકા રૂપમાં છે. અર્વાચીન સંસ્કૃત હિન્દી ગુજરાતીમાં વ્યાખ્યા અનેક આચાર્યોની-શ્રમણોની થઈ છે. જેમાં શ્વેતાંબર સ્થાનકવાસીમાં અમલોકઋષિજીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ. નું યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતથી ગુરૂપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળનું સંપાદિત અને પ્રકાશિત આ શાસ્ત્ર ઉપલબ્ધ છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર પણ હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં પ્રકાશિત છે. આ શાસ્ત્રના મૂળપાઠનું પરિમાણ ૨૦૭૮ શ્લોક પ્રમાણે માનવામાં આવ્યું છે.

**વિષય વર્ણન :** આ સૂત્રના પ્રથમ વિભાગમાં સૂર્યાભદેવનું, તેની સંપૂર્ણ ઋદ્ધિ સંપદાનું, દેવવિમાનનું, ભગવાનના દર્શન કરવા આવવાનું, નાટક દેખાડવાનું અને ઋદ્ધિવાન દેવના જન્મ સમયમાં કરેલા મહોત્સવનું વિસ્તારથી વર્ણન છે. સાથે જ સૂર્યાભવિમાનનું સાંગોપાંગ વર્ણન છે. દ્વિતીય વિભાગમાં સૂર્યાભદેવના પૂર્વભવ રૂપ પરદેશી રાજાના સાંસારિક અને અધાર્મિક જીવનનું તથા ચિત્તસારથીના પ્રયત્નોથી કેશીશ્રમણના સત્સંગથી થયેલ ધાર્મિક જીવનનું અને આરાધનાનું સુંદર વર્ણન છે. આ પ્રકારે કથાશાસ્ત્ર હોવા છતાં પણ આત્મવિકાસના માટે પરિપૂર્ણ અને સચોટ પ્રેરણાવાળું આ શાસ્ત્ર આબાલ-વૃદ્ધ બધાને માટે રૂચિકર શાસ્ત્ર છે.

**(૩)** ધર્મની સાચી સમજ હૃદયમાં ઉતરી ગયા પછી રાજા હોય કે પ્રધાન, શ્રાવકના બાર વ્રત ધારણ કરવામાં ક્યાંય પણ બાધા આવતી નથી. તેથી ધર્મપ્રેમી જે પણ આત્માઓ સંયમ સ્વીકાર કરી શકતા નથી, તેને શ્રાવક વ્રત ધારણ કરવામાં જરા





માત્ર પણ આળસ, પ્રમાદ, લાપરવાહી, ઉપેક્ષાવૃત્તિ ન કરવી જોઈએ. આપણી સામે ચિત્તસારથી અને રાજા પરદેશીનો મહાન આદર્શ ઉપસ્થિત છે. જેમાં ચિત્ત સારથી તો બીજા રાજ્યમાં રાજ્ય વ્યવસ્થાને માટે ગયા હતાં ત્યાં જ ૧૨ વ્રત ધારી બન્યા અને રાજા ઘોડાની પરીક્ષા અર્થે નીકળેલા પણ મુનિના સત્સંગથી તે જ દિવસે ૧૨ વ્રતધારી શ્રાવક બન્યા. આજના સમયના ધર્મિષ્ઠ લોકો જે ૧૨ વ્રતધારી નથી બની શકતા તેણે આ સૂત્રના સ્વાધ્યાયથી પ્રેરણા પ્રાપ્ત કરીને અવશ્ય ૧૨ વ્રત ધારણ કરવા જોઈએ. શ્રાવક વ્રત ધારણ કરવામાં બાધા ઉત્પન્ન કરનારી માનસિક જિજ્ઞાસાઓના સમાધાન માટે ઉપાસકદશા સૂત્રના પરિચયમાં સૂચિત સંપાદનોના, ઉપાસકદશા સૂત્ર વિવેચન, સારાંશ, પ્રશ્નોત્તર અને પરિશિષ્ટોનું અધ્યયન મનન કરવું જોઈએ.

**(૪)** આધ્યાત્મ ધર્મની સાથે સાથે ગૃહસ્થ જીવનમાં અનુકંપાદાન અને માનવ સેવાનું અનુપમ સ્થાન છે. તે આપણને આ સૂત્રના અંતિમ શિક્ષાવચન પ્રકરણમાં જોવા મળે છે. પરદેશી શ્રમણોપાસકે પોતાના ધર્મગુઢ આચાર્ય શ્રી કેશી શ્રમણ દ્વારા રમણીય રહેવાની પ્રેરણાના જવાબમાં જે સંકલ્પ પ્રગટ કર્યો હતો, કથની અને કરણીને એક સાકાર રૂપ આપ્યું હતું. તે હતું, આધ્યાત્મક જીવનની સાથે શ્રમણોપાસકની અનુકંપા અને માનવસેવા અથવા જનસેવા ભાવના.

અનેકાન્તવાદમય આ નિગ્રંથ પ્રવચન એક આંખથી ચાલતું નથી પરંતુ આ ઉભય ચક્ષુ પ્રવર્તક છે. કેટલાક લોકો ધર્મનું રૂપ માત્ર માનવસેવા જ માને છે. વ્રત-નિયમ, બારવ્રત, પૌષધ આદિની ઉપેક્ષા કરે છે. તે એક ચક્ષુમાન માનવની કોટિમાં આવીને નિર્ગ્રંથ ધર્મથી દૂર થાય છે અને કેટલાક શ્રાવક આધ્યાત્મ ધર્મમાં અગ્રેસર હોવા છતાં સંકુચિત દિલ અથવા સંકુચિત દરજ્જાના થઈને રહે છે. શ્રમણ અથવા શ્રમણભૂત ન હોવા છતાં, તેમજ ગૃહસ્થ ધર્મમાં અને સંસાર વ્યવહારમાં રહેવા છતાં પણ દયા, દાન, માનવસેવા, જનસેવા કે ઉદારતાના ભાવોથી ઉપેક્ષિત રહે છે. તેઓની ગૃહસ્થ જીવનની સાધના એકાંગી દષ્ટિકોણ રૂપ બની રહે છે. આ કારણથી તે છતી શક્તિ (પ્રાપ્ત સંપત્તિથી) ધર્મની પ્રભાવનામાં સહાયભૂત બની શકતા નથી અને દીન દુ:ખી પ્રાણીઓને ઉપયોગી કે સહયોગી બની શકતા નથી. જો કે તે પણ માનવનું એક કર્તવ્ય છે કે પોતાનાથી પામર પ્રાણીઓના દુ:ખમાં કાંઈક સહયોગી અને સહાનુભૂતિ વાળા બનવું. જેનાથી આત્માનો અથવા સમકિતનો અનુકંપા ધર્મ પુષ્ટ થાય છે. આ પ્રકારે આ સૂત્રના અંતિમ પ્રકરણથી

શ્રાવકોને **ઉભય ચક્ષુ** બનવાની પ્રેરણા લેવી જોઈએ અર્થાત્ આધ્યાત્મ ધર્મની સાધનાની સાથે છતી શક્તિ અનુકંપા દાન આદિની ઉપેક્ષા ન કરવી જોઈએ. પરંતુ પોતાની ક્ષમતા સુવિધા અનુસાર દાન ધર્મમાં પ્રવૃત્ત થવું જોઈએ. જેમ કે પરદેશી રાજાએ ધર્મી થતાની સાથે જ રાજ્યની આવકનો ચોથો ભાગ, દયા, દાન-ધર્મમાં ફાળવ્યો હતો. એટલે કે તે પ્રમાણેની સંપત્તિને દાન શાળા માટે નક્કી કરીને રાખી હતી.

**(૫)** શ્રમણ વર્ગને કેશી શ્રમણની આ ચર્ચા-વ્યવહાર અને દક્ષતાથી અનુપમ પ્રેરણા લેવી જોઈએ કે કેવી રીતે એક દુરાગ્રહી અને હઠીલા પ્રશ્નકર્તાઓને પણ સંતુષ્ટ કરી શકાય છે. હૃદયની અને ભાવોની પવિત્રતા રાખવી જ આમાં અમોઘ શક્તિ રૂપ છે. આવા પ્રકરણોને વારંવાર સ્વાધ્યાય, મનન કરવાથી બુદ્ધિ કૌશલ અને તર્ક શકિતનો વિકાસ થાય છે.

**(૬)** કેવળજ્ઞાની ભગવંત પણ અંતિમ સમયમાં સંથારો પચ્ચક્ખાણ સહિત કરે છે. આ પણ પરદેશીના ભાવી ભવ દઢ પ્રતિજ્ઞના વર્ણનથી સ્પષ્ટ થાય છે.

**(૭)** કથાગ્રંથો અને વ્યાખ્યા ગ્રંથોમાં પરેદેશી શ્રમણોપાસક માટે છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને ૪૦ દિવસની શ્રમણોપાસક પર્યાયમાં આરાધના થવાનું વર્ણન મળે છે. આ સ્પષ્ટીકરણ સૂત્રમાં ઉપલબ્ધ નથી. માત્ર વિષ પ્રયોગ જાણીને સમાધિ ભાવોથી સંથારો કરવાનું વર્ણન તો મૂલ પાઠમાં છે જ.

**(૮)** પાપકર્મનો ઉદય થવાથી પોતાની કહેવાતા વ્યક્તિ પણ વૈરી બની જાય છે. માટે સંસારમાં કોઈની સાથે મોહ પ્રતિબંધ કરવો યોગ્ય નથી. અપરાધ વગર પણ પ્રાણઘાત કરી દેનારા પ્રત્યે પણ દ્વેષભાવ કરવાથી સ્વયંનો તો કર્મ બંધ થાય જ છે અને સમભાવ રાખી લેવા પર આપણું કોઈપણ અહિત થતું નથી. આવા અભ્યંતર પ્રેરણા વાક્યોથી પરદેશીએ પોતાના ધર્મનું આરાધન કરી દેવભવ પ્રાપ્ત કર્યો અને સાથે જ સદાને માટે સંસાર ભ્રમણથી મુક્ત થવાનું સર્ટીફીકેટ (પ્રમાણપત્ર) પણ પ્રાપ્ત કરી લીધું. એક કવિના શબ્દોમાં–

**જહર દિયા મહારાણી, રાજા પરદેશી પી ગયા,**<br>
**વિઘટન પાપ કા કિયા, રોષકો નિવારા હૈ ।**<br>
**વિપદાઓકે માધ્યમ સે, કર્મોકા કિનરા હૈ,**<br>
**ડરના ભી ક્યા કષ્ટો સે, મહાપુઢષો કા નારા હૈ ॥**





**(૯)** આત્મા જેવા અરૂપી તત્ત્વોને શ્રદ્ધાથી સમજવો અને સ્વીકાર કરવો જોઈએ. પ્રત્યક્ષનો આગ્રહ સૂક્ષ્મતમ તત્ત્વોને માટે ન કરવો જોઈએ. એવી જ રીતે તર્કના અવિષયભૂત કોઈ બીજા તત્ત્વોને પણ શ્રદ્ધાથી જ સ્વીકાર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાથે જ પરંપરાથી પ્રાપ્ત કોઈ પણ સિદ્ધાંત અથવા રૂઢિઓ હોય તેના વિષયમાં વાસ્તવિકતાનો બોધ થયા પછી પૂર્વજોના નામથી પોતાની હેય વૃત્તિઓનું પોષણ ન કરવું જોઈએ એટલે કે તે કોઈપણ પરંપરા હોય, સિદ્ધાંતનું રૂપ લઈ લીધું હોય, આચારનો વિષય હોય અથવા કોઈપણ પ્રકારના ઈતિહાસનો વિષય હોય, તોપણ જો તે સ્પષ્ટ રીતે અસત્ય, કલ્પિત, અનાગમિક, અસંગત છે; તેમ સિદ્ધ થઈ જાય કે સમજમાં આવી જાય તો એવી કોઈ ભ્રમથી ચાલેલી વાતોનો, તત્ત્વોનો, આચારોનો અથવા પરંપરાઓનો દુરાગ્રહ ન રાખવો જોઈએ અને તે દુરાગ્રહને રાખવાને માટે સંબલરૂપમાં પૂર્વજોના નામને આગળ કરીને સાચી બુધ્ધિથી નિર્ણય તથા પરિવર્તન કરવામાં ઉપેક્ષા ન કરવી જોઈએ. આ વાતની શિક્ષા પ્રેરણા કેશીસ્વામીએ પરદેશી રાજાને લોહવણિકના દષ્ટાંત વડે કરી હતી અને પરદેશીએ પણ તેનો સ્વીકાર કર્યો હતો, હવે હું એવું કરીશ જેનાથી મને લોહવણિકની સમાન પશ્ચાત્તાપ કરવું ન પડે.

**(૧૦)** પરદેશીરાજા અને ચિત્તસારથીના ધાર્મિક શ્રમણોપાસક જીવનના વર્ણનમાં મુનિદર્શન, સેવાભક્તિ, વ્યાખ્યાન શ્રવણ, પાંચ અભિગમ, વંદન વિધિ, ક્ષેત્ર સ્પર્શવાની આગ્રહ ભરી વિનંતી, સાધુભાષામાં સ્વીકૃતિ, શ્રાવકના ૧૨ વ્રત ધારણ, પૌષધ સ્વીકાર, શ્રમણ નિર્ગ્રંથોની સાથે વ્યવહાર, બીજા ક્ષેત્રમાં રહેલ શ્રમણોને વંદન વિધિ, બગીચામાં પધારવા પર પણ ચિત્તના દ્વારા પહેલાં તત્કાલ ઘરમાં વંદનવિધિ, પરદેશીનો સંથારો ગ્રહણ અને તે સમયે પણ સિદ્ધોને અને ગુઢને વંદન, પોતાની મેળે જ સંથારો લેવો આદિ ધાર્મિક કૃત્યોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ શ્રાવક જીવનના શ્રેષ્ઠ આચારોનું સંકલન છે. સાથે જ જનસેવાની ભાવનામય રાજ્ય આવકનો ચોથો ભાગ દાનશાળા માટે ફાળવવા રૂપ આચાર-વિધિનું વર્ણન પણ ધાર્મિક જીવનના અંગરૂપ કરવામાં આવ્યું છે.

**(૧૧)** ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે આ શ્રાવક જીવનના ત્યાગ તપોમય વર્ણનમાં ક્યાંય પણ મંદિર મૂર્તિ બનાવવાનું કે તેની પૂજા વિધિ કરવાનું અથવા અનેક મંગલ મનાવવા સંબંધી અંશમાત્ર પણ વર્ણન નથી. આવા વિષયોને શ્રાવક જીવનથી ન જોડતાં સૂત્રના પૂર્વ વિભાગમાં દેવભવથી જોડવામાં આવ્યો છે. મનુષ્યલોક અને રાજધાની અથવા નગરીમાં એવા શ્રાવકોના પરિગ્રહ ઉપકરણ

અને આધિપત્યની સામગ્રીમાં અને જીવનચર્ચામાં મંદિર આદિના વિસ્તૃત વિષયોને નહીં જોડીને દેવલોકના વિમાનોથી જોડવામાં આવ્યા છે. એનાથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા વગેરે બીનાઓ શ્રાવકાચાર અને શ્રમણાચારમાં હોતી નથી.

દેવલોકના બધા સ્થાન શાશ્વત છે. તેને ક્યારે ય કોઈએ બનાવ્યા નથી, તેથી ત્યાં કોઈની પણ વ્યક્તિગત મૂર્તિ હોવી સંભવિત નથી. કારણ કે અનાદિ વસ્તુમાં કોઈ વર્તમાન વ્યક્તિના નામની કલ્પના કરવી અસંગત છે અને કોઈ વ્યક્તિ અનાદિ હોતા નથી. તેથી અનાદિ સ્થાનમાં દેવ પોતાના જન્મ સમયમાં લોક વ્યવહાર આચારના પાલન કરવાના હેતુથી પૂજા આદિ કૃત્ય કરે છે. કારણ કે એક જ સૂત્રના બે પ્રકરણોમાંથી શ્રાવક આચાર યુક્ત વર્ણનમાં મંદિરમૂર્તિ અને મૂર્તિપૂજાને નિર્ગ્રંથ ધર્મના આચારમાં સ્થાન ન દેતાં જીતાચારથી દેવલોકના બધા નાના મોટા સ્થાનોની અને યક્ષ, ભૂત આદિ પોતાનાથી હલકા સામાન્ય દેવોના બિંબોની પૂજા, અર્ચના, પાણી, ફૂલ આદિથી કરે છે. ચંદનની છાપ આદિ લગાવે છે. મૂર્તિઓ સિવાય પણ સૂર્યાભ દેવે ઉપરોક્ત સંપૂર્ણ પૂજા વિધિ દ્વારા પૂજા કરી અને પૂજા કરાવી તે સ્થાનોના નામનું વર્ણન આ પ્રકારે છે. ફરી વંદન નમસ્કાર કરીને મોર પિંછીથી અનેક સ્થાનોનું પ્રમાર્જન, પાણીથી પ્રક્ષાલન અને ચંદનના હાથથી છાપ લગાવે છે **તથા ધૂપ કરે છે, ફૂલ ચડાવે છે. તે સ્થાન આ પ્રકારે છે—**

સિદ્ધાયતનનો મધ્યભાગ, દક્ષિણદ્વાર, દ્વારશાખા, પૂતળીઓ, વ્યાલરૂપ મુખમંડપનો મધ્યભાગ, મુખમંડપનું પશ્ચિમદ્વાર, દ્વારશાખા, પૂતળીઓ આદિ આમ મુખમંડપની ચારે દિશાઓમાં, ફરી આ જ પ્રકારે પ્રેક્ષાગૃહ મંડપના દરેક ઉક્ત સ્થાન, ચૈત્ય સ્તૂપના દરેક સ્થાન, ચૈત્ય વૃક્ષના દરેક સ્થાન; ફરી આ જ રીતે ઉત્તરદ્વારના દરેક સ્થાન, પૂર્વ દ્વારના દરેક સ્થાનની પૂજા વિધિ કરે છે. તેના પછી સુધર્મા સભામાં પ્રવેશ કરે છે. ત્યાં પણ જિન દાઢાઓ, સિંહાસન, દેવીશૈય્યા, મહેન્દ્રધ્વજ, આયુધશાળા, ઉપપાતસભા, અભિષેકસભા, અલંકારસભા, વ્યવસાયસભા, પુસ્તકરત્ન, ચબૂતરા, સિંહાસન, નંદા-પુષ્કરણી, સરોવર આદિ સર્વ સ્થાનોની દરેક જગ્યાએ મોરપીંછથી પ્રમાર્જન, પાણીથી પ્રક્ષાલન-સિંચન અને ફૂલ, ધૂપ ક્રિયા કરે છે. અંતમાં બલિપીઠની પાસે આવી બલિ વિસર્જન કરે છે. પછી નોકર દેવો દ્વારા સૂર્યાભવિમાનના દરેક માર્ગ, દ્વાર, વન ઉપવનમાં આ જ પ્રકારે સર્વત્ર અર્ચા પૂજા વિધિ કરાવે છે. પછી નંદા પુષ્કરણીમાં પગનું પક્ષાલન કરી સુધર્મા સભામાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરે છે અને પૂર્વ દિશામાં મુખ રાખી સિંહાસન પર બેસી જાય છે.





આ દરેક સ્થાનોની પૂજા અર્ચના કરવાથી તે સ્વતઃ સ્પષ્ટ થઈ જાય કે દેવ પોતાના મંગલ અને જીતાચારથી જ તે બધા કાર્યો જન્મ સમયે કરે છે. તેને ધર્માચાર કહી શકાય નહીં કારણ કે પડિમા સાથે કેટલાય સ્થળોની પૂજા-અર્ચના વિચાર કરવા લાયક છે. તે દેવ ધર્મદષ્ટિથી મનુષ્ય લોકમાં તીર્થંકરો, શ્રમણોના દર્શન, સેવા વિગેરે કરવા આવે છે પરંતુ કોઈ મંદિર અથવા તીર્થસ્થાનના દર્શન કરવા, સેવાભકિત પૂજા કરવા આવતા નથી અને ધર્મદષ્ટિથી માનવ લોકમાં આવતા સમયે ક્યારે ય પણ દેવલોકમાં રહેલી તે મૂતિઓના દર્શન-પૂજા આદિ કરીને આવતા નથી. માત્ર જન્મ સમયમાં જ તેના જીતાચારની મંગલ કર્તવ્યની વિધિ હોય છે તે માટે જ આ સૂત્રમાં વર્ણિત સર્વ કાર્ય તેઓ કરે છે. આવા દેવતાના માત્ર જન્મ સમયના જીતાચારમય કાર્યોને શ્રાવકાચાર અથવા સાધ્વાચારથી જોડવું ક્યારેય યોગ્ય જણાતું નથી.

**(૧૨)** યુગપ્રધાન ચાર જ્ઞાનથી યુક્ત કેશી શ્રમણ સ્વયં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના હોવા છતાં પણ પરદેશી રાજાને કોઈપણ તીર્થસ્થળના પાર્શ્વનાથ ભગવાનની પૂજા કરવાના અથવા લાખો કરોડોની કિંમતના મંદિર બનાવાનો સંકેત ન આપ્યો. પાર્શ્વનાથના જન્મ પહેલાંના કહેવાતા એવા શંખેશ્વર આદિ કોઈપણ પાર્શ્વનાથ ભગવાનના તીર્થસ્થાનામાં જવાનો સંકલ્પ પણ ન કરાવ્યો, ન પોતે પરદેશીએ એવો સંકલ્પ કર્યો. તેનાથી સ્પષ્ટ થાય છે કે તે જમાનામાં સ્થાવર તીર્થ મંદિર અને મૂર્તિપૂજાનો પ્રચાર તથા તેવી પ્રેરણા જૈન સાધુ અને શ્રાવક સમાજમાં હતી નહીં. આ આગમ વર્ણિત કથાઓના રાજાઓ, શ્રાવકોની સાથે અર્વાચીન ગ્રંથોમાં મૂર્તિ-મંદિરના ઢગલાબંધ વર્ણન જોડી દેવામાં આવ્યા છે જે ખરેખર અતિ પ્રરૂપણાના દોષથી દૂષિત અને મનકલ્પિત છે.

આ પ્રકારે અનેક શિક્ષાઓ પ્રેરણાઓથી અને જાણવાના તત્ત્વોથી પરિપૂર્ણ આ સૂત્ર સાધકોના અનુભવ જ્ઞાન અને શ્રદ્ધાને મજબૂત કરનારૂં છે. માટે તેના અધ્યયન મનન થી યથાશક્તિ આત્મ વિકાસને પ્રાપ્ત કરવો જોઈએ.

## જીવાજીવાભિગમ સૂત્ર ૧૪

આ ત્રીજું ઉપાંગસૂત્ર છે. આ પણ અજ્ઞાત બહુશ્રુત રચિત, નંદીસૂત્રની સૂચિમાં નિર્દિષ્ટ અને સર્વ શ્વેતાંબર માન્ય આગમ છે. ઉવવાઈસૂત્ર આદિની સમાન એનું સંકલન સંપાદન દેવર્ધિગણિના આગમ લેખન સમયમાં જ કરવામાં આવ્યું છે, એવો સ્વીકાર કરવો બધી અપેક્ષાઓથી સમુચિત છે. ૪૭૫૦ શ્લોક પ્રમાણ જેટલો આ શાસ્ત્રનો ગદ્યપદ્યમય મૂળપાઠ સ્વીકારવામાં આવ્યો છે.

**વિષય પરિચય :** આ સૂત્રમાં જીવ-અજીવ બંને તત્ત્વોનું વિસ્તારથી વર્ણન છે. જેમાં જીવતત્ત્વ સંબંધી વર્ણન વધારે છે. એના સિવાય લોક, ત્રણે લોક અને અસંખ્ય દ્વીપ-સમુદ્ર તથા જ્યોતિષી વિમાન અને વૈમાનિક દેવલોકોનું ક્ષેત્રીય વર્ણન છે.

**વિભાગ :** આ સૂત્રમાં મુખ્ય બે વિભાગ છે–(૧) સંસારી જીવોના ભેદ બેથી ૧૦ સુધી અને (૨) સમસ્ત જીવો(સંસારી અને સિદ્ધ)ના ભેદ બેથી ૧૦ સુધી. પ્રથમ વિભાગના ભેદોમાં સિદ્ધોનો સમાવેશ નથી. બીજા વિભાગના બધા ભેદોમાં સિદ્ધોનો સમાવેશ છે. બંને વિભાગોના ૯–૯ અધ્યાયોનું પિડિવત્તિ=પ્રતિપત્તિ એવું નામ રાખવામાં આવ્યું છે. આમ કુલ મળીને આ શાસ્ત્રમાં ૯+૯=૧૮ પ્રતિપત્તિઓ છે. પ્રથમ વિભાગ વિશાળ છે અને બીજો વિભાગ નાનો છે.

**નામ :** શાસ્ત્રગત પ્રથમ પ્રશ્નના આધારથી આનું નામ જીવાજીવાભિગમ રાખવામાં આવ્યું છે. મુખ્ય વિષયની અપેક્ષા અને સંક્ષિપ્ત ઢચિથી એનું પ્રચલિત નામ જીવાભિગમ સૂત્ર છે. કારણ કે શરૂઆતના કેટલાક સૂત્રોમાં અજીવનું સ્વરૂપ, તેના ભેદ-પ્રભેદ દ્વારા બતાવવમાં આવ્યું છે. તેના પછી જીવ અભિગમ પરિજ્ઞાન અને ક્ષેત્રીય વર્ણનનું સાંગોપાંગ પરિજ્ઞાન છે.

**ઉપલબ્ધ સાહિત્ય :** આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય મલયગિરિજીની સંસ્કૃત ભાષામાં છે. બીજી અનેક અર્વાચીન વ્યાખ્યા, વિવેચન, અથવા ભાવાર્થ યુક્ત મૂળપાઠનું પ્રકાશન અનેક સંસ્થાઓથી સમયે સમયે થયું છે. સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમલોકઋષિનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતીમાં શ્રી ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી પ્રકાશિત થયેલ છે. આગમમનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તરી હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં પ્રકાશિત છે.

**રોચક વિષય :** આ સૂત્રમાં ચંદ્ર-સૂર્ય આદિની સંખ્યા અને અઢીદ્વીપની બહારના દ્વીપસમુદ્રોનું અનુપમ વર્ણન છે. જે આ પ્રકારે છે–

**મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્રાદિનું જ્ઞાન :** આ મનુષ્ય ક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય પ્રકાશ કરે છે. ભ્રમણ કરે છે. એક-એક ચંદ્ર-સૂર્ય યુગલની સાથે ૨૮ નક્ષત્ર ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારાગણનો પરિવાર હોય છે.

બે ચંદ્ર અને બે સૂર્ય પરિવારનો એક પિટક–ગોળો (રાઉન્ડ) હોય છે. એવા ૬૬ ગોળા–પિટક મનુષ્ય લોકમાં છે. ચંદ્રની બે અને સૂર્યની બે આમ





ચંદ્ર-સૂર્યની ચાર પંક્તિઓ મનુષ્ય લોકમાં છે. એક પંક્તિમાં ૬૬–૬૬ સંખ્યા હોય છે. એવી પંકિતઓ નક્ષત્રની ૫૬ અને ગ્રહની ૧૭૬ હોય છે. **આમ મનુષ્ય ક્ષેત્રમાં કુલ પિટક–ગોળા(રાઉન્ડ)૬૬ છે અને પંક્તિઓ કુલ ચંદ્રની–૨+સૂર્યની–૨ +ગ્રહની–૧૭૬+નક્ષત્રની–૫૬= ૨૩૬ છે.**

મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્ર-સૂર્ય કે ગ્રહ-નક્ષત્ર યોગ બદલતા રહે છે. તેથી અહીંયા અનવસ્થિત યોગ હોય છે. નક્ષત્ર અને તારાઓના અવસ્થિત મંડલ હોય છે. સૂર્ય-ચંદ્ર બંનેનું મંડલ પરિવર્તન થતું રહે છે. પરંતુ તે ઉપર નીચે હોતા નથી. ચંદ્ર, સૂર્ય, ગ્રહ નક્ષત્રની ચાર(ચાલ)વિશેષથી અને યોગ સંયોગથી મનુષ્યના સુખ-દુઃખનું જ્ઞાન થાય છે. તેને જ્યોતિષ વિદ્યા કહેવાય છે. સૂર્ય બહારથી આભ્યંતર મંડળોમાં જ્યારે ચાલે છે. ત્યારે તાપક્ષેત્ર ક્રમશઃ વધતું જાય છે અને જ્યારે આભ્યંતર મંડલથી બહારના મંડળોની તરફ ચાલે છે ત્યારે ક્રમશઃ તાપક્ષેત્ર ઘટતું રહે છે. ચંદ્રની સાથે ચાર આંગુલ નીચે કૃષ્ણ રાહુ સદા ચાલતો રહે છે. જેનાથી ચંદ્રની કળાઓની હાનિ-વૃદ્ધિ થતી રહે છે.

**અઢીદ્વીપ સંખ્યા પરિજ્ઞાન :** ચંદ્ર-સૂર્ય જંબૂદ્વીપમાં બબ્બે, લવણ સમુદ્રમાં ચાર–ચાર અને ધાતકીખંડમાં ૧૨–૧૨ છે. આગળ કાલોદધિ આદિ સમુદ્રના ચંદ્ર-સૂર્યની સંખ્યા જાણવી હોય તો તેની પૂર્વના અનંતર દ્વીપ-સમુદ્રના ચંદ્ર-સૂર્યની સંખ્યાને ત્રણગુણી કરીને તેની પહેલાંના દ્વીપ-સમુદ્રોના બધા સૂર્ય ચંદ્રોની સંખ્યા જોડવાથી જે સંખ્યા આવશે તે જ તે દ્વીપ સમુદ્રના ચંદ્રોની અથવા સૂર્યોની સંખ્યા થશે. જેમ કે–ઘાતકીખંડના ૧૨ ચંદ્ર છે. તો ૧૨×૩=૩૬+૪+૨=૪૨ કાલોદધિના ચંદ્ર-સૂર્યની સંખ્યા છે. ફરી ૪૨×૩=૧૨૬+૧૨+૪+૨=૧૪૪ પુષ્કરદ્વીપના ચંદ્ર-સૂર્યોની સંખ્યા છે.

આ ગણિત અઢીદ્વીપમાં અને ગતિમાન ચંદ્ર સૂર્યના માટે સમજવું. અઢીદ્વીપની બહાર ચંદ્ર-સૂર્ય સ્થિર છે અને તેનું પરસ્પરનું અંતર પણ સ્થિર છે, તે અંતર પોતાના પિટક(ગોળચક્ર)માં હોય છે. ત્યાં પંક્તિઓ બનતી નથી. પોતાની ગોળાઈમાં ચંદ્રથી સૂર્ય ૫૦ હજાર યોજન દૂર હોય છે અને સૂર્યથી આગલો ચંદ્ર ૫૦ હજાર યોજન દૂર હોય છે. આમ ચંદ્રથી ચંદ્ર અને સૂર્યથી સૂર્ય ૧ લાખ યોજન દૂર હોય છે. પ્રત્યેક ગોળાઈથી આગળનો ગોળાકાર પણ ૧ લાખ યોજન દૂર હોય છે. જેનાથી બાહ્ય અર્ધપુષ્કરદ્વીપમાં આઠ ગોળાચક્ર હોય છે. કારણ કે તેની પહોળાઈ આઠ લાખ યોજનની છે અને એક-એક ગોળ ચક્ર એક લાખ યોજનના અંતરથી હોય છે.

મનુષ્યક્ષેત્રની બહાર દ્વીપ-સમુદ્રની લંબાઈ-પહોળાઈ આદિ સંખ્યાતા યોજન રૂપ કહેવામાં આવી છે. ઢચક દ્વીપથી આગળ લંબાઈ, પહોળાઈ, ઘેરાવો તથા ચંદ્ર અને સૂર્ય આદિ અસંખ્ય કહેવામાં આવ્યા છે. ચાર દ્વાર, પદ્મવર વેદિકા, વનખંડ, બધા દ્વીપ-સમુદ્રોમાં છે. બબ્બે માલિક દેવ છે.

**અઢીદ્વીપની બહાર દ્વીપ–સમુદ્ર :** અઢણદ્વીપ પછી દ્વીપના નામની સાથે **ભદ્ર** અને સમુદ્રના નામથી સાથે **વર** લગાવીને માલિકદેવ કહેવું

| દ્વીપ | માલિક દેવ | સમુદ્ર | માલિક દેવ |
|---|---|---|---|
| ૭.વઢણ દ્વીપ | વઢણ–વઢણપ્રભ | ૮ વઢણ સમુદ્ર | વાદ્રણી–વાઢણીકંતા |
| ૯. ક્ષીર દ્વીપ | પુંડરીક–પુષ્કર દંત | ૧૦ ક્ષીર સમુદ્ર | વિમલ–વિમલપ્રભ |
| ૧૧. ઘૃત દ્વીપ | કનક–કનકપ્રભ | ૧૨ ઘૃત સમુદ્ર | કાંત–સુકાંત |
| ૧૩ .ક્ષોદ્વર દ્વીપ | સુપ્રભ–મહાપ્રભ | ૧૪ ક્ષોદવર સમુદ્ર | પૂર્ણભદ્ર–માણિભદ્ર |
| ૧૫. નંદીશ્વર દ્વીપ | કૈલાસ–હરિવાહન | ૧૬ નંદીશ્વર સમુદ્ર | સુમન–સોમનસ |
| ૧૭. અઢણ દ્વીપ | અશોક–વિતશોક | ૧૮ અઢણ સમુદ્ર | સુભદ્ર–સુમનભદ્ર |
| ૧૯.અઢણવર દ્વીપ | અઢણવર ભદ્ર– અઢણવર મહાભદ્ર | ૨૦ અઢણવર સમુદ્ર | અઢણવર–અઢણમહાવર |

૨૧. અઢણરાવ ભાસ દ્વીપ, ૨૨, અરૂણવરાવભાસ સમુદ્ર, ૨૩, કુંડલ દ્વીપ, ૨૪ કુંડલોદ સમુદ્ર, ૨૫. કુંડલવર દ્વીપ, ૨૬. કંડડલવર સમુદ્ર, ૨૭. કુડલવરાવભાસ દ્વીપ, ૨૮. કુંડલવરાવભાસ સમુદ્ર, ૨૯. ઢચક દ્વીપ (અસંખ્ય યોજનની વિસ્તાર પરિધિ કહેવી) ૩૦. ઢચક સમુદ્ર, ૩૧. ઢચકવર દ્વીપ, ૩૨. ઢચકવર સમુદ્ર, ૩૩. ઢચકવરાવભાસ દ્વીપ, ૩૪. ઢચકવરાવમાસ સમુદ્ર. જેટલા પણ લોકમાં શુભ નામ છે અને શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ છે. આભરણ, વસત્ર, પૃથ્વી, રત્ન, નિધિ, દ્રહ, નદી,પર્વત, વિજય, કલ્પ, આવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય આદિ છે તે નામથી ત્રિપ્રત્યવતાર નામના દ્વીપ સમુદ્ર છે. જેમ કે હાર દ્વીપ, હાર સમુદ્ર, હારવર દ્વીપ, હારવર સમુદ્ર, હારવરાવભાસ દ્વીપ, હારવરાવભાસ સમુદ્ર આવી રીતે કથન કરવું. આમ અંતમાં સુરવરાવભાસ સમુદ્ર; ફરી (૧) દેવદ્વીપ-દેવસમુદ્ર (૨) નાગદ્વીપ-નાગ સમુદ્ર, (૩) યક્ષદ્વીપ-યક્ષસમુદ્ર, (૪) ભૂતદ્વીપ-ભૂતસમુદ્ર (૫) સ્વયંભૂરમણ દ્વીપ-સ્વયંભૂરમણ સમુદ્ર. બધા દ્વીપોમાં વાવડીઓ છે, તેનું પાણી શેરડીના રસના સ્વભાવવાળું છે. ઉત્પાત પર્વત છે. તે સર્વ વજ્રમય છે.

**નંદીશ્વર દ્વીપ :** આ દ્વીપમાં ચારેય દિશાઓમાં પહોળાઈની વચ્ચોવચ્ચમાં ચાર અંજન પર્વત છે. જે ૮૪૦૦૦ યોજનના ઊંચા છે. ૧ હજાર યોજન ભૂમિમાં





છે. ૮૫ હજાર યોજન સર્વાગ્ર છે. ભૂમિ પર ૧૦ હજાર યોજનનો વિસ્તાર છે. તે પર્વત ગાયના પૂંછડાના આકારે છે. પદ્મવર વેદિકા અને વખનંડથી ઘેરાયેલો છે. ઉપરના શિખરના મધ્યભાગમાં સિદ્ધાયતન છે. **(અથવા માલિક દેવના ભવન છે. કારણ કે ગાયના પૂંછડાના આકારના પર્વતોના શિખર પર તેના માલિકદેવના ભવનનું વર્ણન, કંચન પર્વત, યમક પર્વત આદિના મૂળપાઠમાં આવ્યા છે.**

**સિદ્ધાયતન (ભવન):** ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા, ૭૨ યોજન ઊંચા અનેક (સ્તંભો) પર બનેલું છે. તેના ચાર દ્વાર છે. જેમ કે દેવદ્વાર, આસુરદ્વાર, નાગદ્વાર, સુવર્ણદ્વાર. આ દ્વાર ૧૬ યોજન ઊંચા, ૮ યોજન પહોળા છે. દ્વારના તોરણ(મુખ મંડપ)પ્રેક્ષાઘર, સ્તૂપ ચૈત્યવૃક્ષ આદિ વિજયા રાજધાનીના દ્વાર વર્ણન જેવા છે. મહેન્દ્રધ્વજ, નંદા પુષ્કરિણી તેમજ ૪૮૦૦૦ ભદ્રાસન છે. ૧૦૮ જિનપડિમા આદિ સૂર્યાભદેવના વર્ણનની સમાન છે.

**વાવડીઓ : પૂર્વ દિશાના** અંજન પર્વતની ચારેય દિશાઓમાં ચાર નંદા પુષ્કરિણી છે. યથા– નંદુત્તરા, નંદા, આનંદા અને નંદીવર્ધના. તે એક લાખ યોજનની લાંબી પહોળી અને ૧૦ યોજન ઊંડી છે. વેદિકા અને વનખંડ યુક્ત છે.

**દધિમુખા :** આ ચાર-ચાર બાવડીઓની વચ્ચમાં એક એક દધિમુખ પર્વત છે. જે ૬૩ હજાર યોજન ઊંચા, ૧૦ હજાર યોજન લાંબા-પહોળા છે. ૧ હજાર યોજન ભૂમિમાં છે. શિખર પર માલિક દેવનું ભવન છે. પૂર્વદિશાના અંજન પર્વતની સમાન જ ચારેય દિશાના અંજન પર્વતોની ચાર-ચાર બાવડીઓ અને તેમાં દધિમુખ પર્વત છે. આ બાવડીઓના નામ **દક્ષિણી** અંજન પર્વતના– ભદ્રા, વિશાળા, કુમુદા, પુંડરિકિણી; **પશ્ચિમી** અંજન પર્વતના– નંદીસેના, અમોઘા, ગોસ્તુભા, સુદર્શના; **ઊત્તરી** અંજન પર્વતના– વિજય, વૈજયંતી, જયંતિ, અપરાજિતા; અહીં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ ચૌમાસી, સવંત્સરી પર્વોના દિવસે, પ્રતિપદાના દિવસે, તીર્થંકરોના જન્માદિ સમયે અને બીજા અનેક કાર્યોથી આવે છે. અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે અને સુખપૂર્વક આમોદ પ્રમોદ કરે છે.

## પ્રજ્ઞાપના સૂત્ર ૧૫

શ્વેતાંબર જૈનો દ્વારા માન્ય ઉપાંગસૂત્રોમાં આ ચોથું ઉપાંગસૂત્ર છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં આનું નામ અંગબાહ્ય ઉત્કાલિક આગમોમાં ઉપલબ્ધ છે. તેથી સમસ્ત શ્વેતાંબર જૈનોમાં આ સર્વ સંમત શાસ્ત્ર છે. આ શાસ્ત્રના રચનાકારે સ્વયં પોતાના નામનો નિર્દેશ ક્યાંય કર્યો નથી તો પણ સૂત્રની પ્રારંભિક

પ્રાસ્તાવિક ગાથાઓમાં આ શાસ્ત્રના રચનાકારનું નામ ઉપલબ્ધ છે. જેમાં આ શાસ્ત્રના રચયિતા શ્યામાચાર્ય(કાલકાચાર્ય) ને બતાવ્યા છે.

કાલકાચાર્ય નામને બતાવનારી બંને ગાથાઓને પ્રાયઃ બધા વિદ્વાનોએ અને ટીકાકારોએ ઉમેરેલી ગાથાઓ હોવાનું સ્વીકાર્યું છે. અર્થાત્ આગમ રચનાકારની પોતાની રચેલી તે બે ગાથાઓ નથી પરંતુ બીજા કોઈ તેમના શ્રદ્ધેય શિષ્ય-પ્રશિષ્ય દ્વારા પછીના કાલમાં કયારેય રચવામાં આવી છે.

ઉમેરેલી ગાથાઓને એક બાજુ કરીને વિચારણા કરીએ તો આ આગમ પણ અજ્ઞાત કર્તૃક હોવાથી ૧૨ ઉપાંગસૂત્રો સર્વ અજ્ઞાતનામાં બહુશ્રુત રચિત આગમ છે, આ એકરૂપતા સ્પષ્ટ થઈ જાય છે.

શાસ્ત્રની અતિ પ્રાચીનતા બતાવવાના હેતુથી શ્રદ્ધા જગતમાં આને ગ્રંથો, વ્યાખ્યાઓમાં આચાર્ય દેવર્ધિગણિના સમયથી પહેલાંના કાલકાચાર્ય સાથે જોડવામાં આવે છે. વાસ્તવમાં ઈતિહાસના અનુભવ-અનુપ્રેક્ષણથી વિચારતાં આ શાસ્ત્રના રચનાકાર દેવર્ધિગણિના સમયમાં હાજર કાલકાચાર્યને માનવું વધારે યોગ્ય લાગે છે. કારણ કે અંગશાસ્ત્રોના લેખન પછી જ ઉપાંગસૂત્રને લખવાની આવશ્યકતા રહી છે. તેનાથી પહેલાં તાત્વિક વિષય પૂર્વોના જ્ઞાનથી જોડાયેલો હતો. પૂર્વોના જ્ઞાનનું લેખન દેવર્ધિગણિના સમયે સંભવ ન હોવાથી આચાર્યોની પરસ્પર વિચારણાથી અનેક અંગબાહ્ય આગમોનું લેખન સંકલન કરવામાં આવ્યું હોય એવું માનવું વધારે યોગ્ય લાગે છે. માટે ઐતિહાસિક ચિંતનથી આ દેવર્ધિ ગણિના સમયે સંકલિત અનેક આગમોમાંથી જ એક આગમ છે, એવું સ્પષ્ટ થાય છે. અને તે બધા સૂત્રોની સમાન આની પણ પ્રામાણિકતા સર્વ સંમત છે.

**વ્યાખ્યા ગ્રંથ :** પ્રાયઃ સર્વે ઉપાંગસૂત્રો ઉપર પ્રાચીન સંસ્કૃત ટીકા વ્યાખ્યા ઉપલબ્ધ છે. જે મહાન ટીકાકાર આચાર્યશ્રી મલયગિરિ દ્વારા વિક્રમની ૧૩મી, ૧૪મી શતાબ્દિની આસપાસ રચવામાં આવી છે. ઉપાંગસૂત્રોમાં આ બધાથી વિશાળ આગમ છે. જેના મૂળપાઠનું પરિમાણ ૭૮૮૭ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે. આ શાસ્ત્રનો પાઠ પ્રાયઃ ગદ્યમય સંકલન વાળો છે. કદાચિત્ વિષયોની સંકલના રૂપમાં ગાથાઓ પણ આપવામાં આવી છે.

**વિષય :** આ આગમમાં જીવ અને અજીવ બંને તત્ત્વોના ભેદ-પ્રભેદ અને તેની પર્યાયોનું(ગુણોનું) તાત્વિક વિવેચનાત્મક વર્ણન છે. એના અધ્યાયોને પદ સંજ્ઞા આપવામાં આવી છે. તે અનુસાર આ શાસ્ત્રના અધ્યયન રૂપ પદ–૩૬ છે અને





કોઈ પદમાં ઉદ્દેશક રૂપ પ્રતિ વિભાગ પણ કહેવામાં આવ્યા છે. આ શાસ્ત્રની વિશેષતા એ છે કે એના દરેક પદમાં પ્રાયઃ એકેક વિષયની ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. ટૂંકમાં એમ પણ સમજી શકીએ છીએ કે આમાં કથા, ઉપદેશ, આચાર અથવા ખગોળ-ભૂગોળ વગેરે વિષયોનો સંગ્રહ કરવામાં આવ્યો નથી. માત્ર જીવ-અજીવનું તાત્ત્વિક વિવેચનાત્મક વર્ણન છે.

**વ્યાખ્યા સાહિત્ય :** પ્રજ્ઞાપના સૂત્રની આચાર્ય મલયગિરિજી કૃત સંસ્કૃત ટીકા, ટીકાનુવાદ હિન્દી, ગુજરાતીમાં પ્રકાશિત છે. લુધિયાના, સૈલાના, બ્યાવર અને રાજકોટથી આ શાસ્ત્ર વિવેચન સહિત પ્રકાશિત થયું છે. આગમ સારાંશ અને પ્રશ્નોત્તરના પ્રાવધાનમાં આ શાસ્ત્રનું સ્વતંત્ર પુસ્તક હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ છપાયેલ છે. આ સૂત્ર પર આધારિત થોકડાના ત્રણ ભાગ બીકાનેરથી પ્રકાશિત થયા છે. ત્યાર પછી તેની જ આવૃતિ રૂપે બ્યાવરથી પણ તેનું પ્રકાશન થયું છે.

સુંદર ચાર્ટ આદિ માટે નવીનતમ થોકડાની નવીન શૈલીની રૂપમાં વિમલકુમારજી નવલખા દ્વારા લેખિત જૈન તત્વ સંગ્રહ ભાગ–૨ ના નામથી અંબા ગુઢ શોધ સંસ્થાન ઉદયપુરથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ સૂત્રના ૩૬ પદ છે. તેનો ટૂંકમાં પરિચય નીચે પ્રમાણે છે–

**(૧) પ્રજ્ઞાપના પદ** – જીવ અને અજીવના ભેદ-પ્રભેદ કરવામાં આવ્યા છે.

**(૨) સ્થાન પદ** – જીવોના સ્વસ્થાનનું (ઉત્પત્તિ સ્થાનોનું) એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી અને નારકીથી દેવ સુધી તથા સિદ્ધોનું વર્ણન છે.

**(૩) અલ્પબહુત્વપદ** – જીવોના અનેક દ્વારો–અપેક્ષાઓથી તથા દિશા અને ક્ષેત્રથી અલ્પબહુત્વ બતાવ્યો છે. છ દ્રવ્યોની અને તેની પર્યાયની આયુષ્યાદિ ૧૪ બોલની તથા ઉત્કૃષ્ટ ૯૮ બોલોમાં જીવના ભેદોનો અલ્પબહુત્વ દર્શાવ્યો છે.

**(૪) સ્થિતિપદ** – દંડકના ક્રમથી જીવોની ઉંમર–સ્થિતિ બતાવી છે.

**(૫) પર્યવપદ** – જીવ પર્યવમાં અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિ પર્યાયોની છટ્ઠાણ વડિયાથી(છ પ્રકારની ભિન્નતાઓથી)તુલના કરવામાં આવી છે. અજીવ દ્રવ્યના પ્રદેશ,અવગાહના,સ્થિતિ,વર્ણાદથી તુલના કરવામાં આવી છે

**(૬) વ્યુત્ક્રાંતિપદ** – જીવોની ગતાગત, ઉત્પત્તિ અને મરણનો વિરહકાળ અને આયુષ્યબંધ સંબંધી વર્ણન છે. **(૭) ઉચ્છવાસ પદ** – શ્વાસોચ્છ્વાસ કાલમાન સંબંધી વર્ણન ૨૪ દંડકના ક્રમથી છે.

**(૮) સંજ્ઞા પદ–** ૧૦ સંજ્ઞા અને ૪ સંજ્ઞા સંબંધી વર્ણન છે.
**(૯) યોનિપદ –** જીવોની ત્રણ-ત્રણ પ્રકારની યોનિ સંબંધી વર્ણન છે.
**(૧૦) ચરમ પદ –** રત્નપ્રભા આદિ, પરમાણુ આદિ ના ચરમ-અચરમનું વર્ણન ૨૬ ભાંગાની સાથે દર્શાવવામાં આવ્યું છે.
**(૧૧) ભાષાપદ –** વિવિધ પ્રકારની ભાષાનું સ્વરૂપ અને વર્ણન છે.
**(૧૨) શરીરપદ –** બદ્ધેલગા, મુક્કેલગા, શરીરોનું વર્ણન છે. તે પણ ૨૪ દંડકના ક્રમથી નિરૂપણ કરવામાં આવ્યું છે.
**(૧૩) પરિણામ પદ –** જીવ તથા અજીવના પરિણામનું વર્ણન છે.
**(૧૪) કષાય પદ –** ચાર કષાયોનું સ્વરૂપ વિવિધ પ્રકારથી બતાવ્યું છે.
**(૧૫) ઈન્દ્રિય પદ –** ઈન્દ્રિય સંબંધી વર્ણન, દ્રવ્ય અને ભાવના ભેદોથી બે ઉદ્દેશકમાં કરવામાં આવ્યું છે.
**(૧૬) પ્રયોગ પદ –** ૧૫ યોગોને જ 'પ્રયોગ' કહીને ૨૪ દંડકમાં વર્ણન કર્યું છે.
**(૧૭) લેશ્યા પદ –** ઉદ્દેશકો દ્વારા લેશ્યા સંબંધી વિવિધ વર્ણન છે.
**(૧૮) કાયસ્થિતિ પદ –** ૨૨ દ્વારોથી ૧૯૫ બોલોની કાયસ્થિતિ કહી છે.
**(૧૯) સમ્યક્ત્વ પદ –** ૨૪ દંડકમાં ત્રણ દૃષ્ટિ સંબંધી કથન છે.
**(૨૦) અંતક્રિયા પદ –** એક સમયમાં કોણ કેટલી સંખ્યામાં સિદ્ધ થાય છે ? તથા તીર્થંકર, ચક્રવર્તીપદ, ૧૪ રત્ન, ભવીદ્રવ્યદેવ આદિની આગત અને ગત કહેવામાં આવી છે અને અસંજ્ઞી આયુષ્યનું કથન છે.
**(૨૧) અવગાહના સંસ્થાન –** પાંચ શરીરોની દંડકના ક્રમથી અવગાહના આદિનું વર્ણન છે.
**(૨૨) ક્રિયા પદ –** કાયિકી આદિ પાંચ અને આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું અનેક પ્રકારથી નિરૂપણ છે.
**(૨૩ થી ૨૭)** કર્મપદ – કર્મોની પ્રકૃતિના બંધ, ઉદય આદિની વિચારણા વિસ્તારથી કરવામાં આવી છે.
**(૨૮) આહર પદ –** ૨૪ દંડકમાં આહાર સંબંધી વર્ણન પ્રથમ ઉદ્દેશકમાં અને બીજા ઉદ્દેશકમાં આહારક-અનાહારકનું વર્ણન અનેક દ્વારોથી કર્યું છે.
**(૨૯) ઉપયોગ પદ –** ૨૪ દંડકમાં ૧૨ ઉપયોગ સંબંધી વર્ણન છે.
**(૩૦) પશ્યતા પદ –** વિશેષ ઉપયોગરૂપ–૯ પશ્યતાનું વર્ણન છે.
**(૩૧) સંજ્ઞી પદ –** સંજ્ઞી-અસંજ્ઞી સબંધી વર્ણન દંડકના ક્રમથી છે.



જૈન આગમ પરિચય

**(૩૨) સંયત પદ –** સંયત-અસંયત જીવોનું વર્ણન છે.
**(૩૩) અવધિજ્ઞાન પદ –** અવધિજ્ઞાનના ભેદ-પ્રભેદ સંબંધી વર્ણન છે.
**(૩૪) પરિચારણા પદ –** પાંચ પ્રકરની પરિચારણા–મૈથુનભાવ સંબંધી નિરૂપણ છે.
**(૩૫) વેદના પદ –** વેદનાના અનેક પ્રકારથી ભેદ દર્શાવવામાં આવ્યા છે.
**(૩૬) સમુદ્ઘાત પદ –** સાત સમુદ્ઘાતો અને ચાર કષાય સમુદ્ઘાતો સંબંધી વિસ્તારથી વર્ણન છે. અંતમાં મોક્ષતત્ત્વનું વર્ણન કરતાં કેવલી, કેવલી સમુદ્ઘાત અને સિદ્ધોના સ્વરૂપનું નિરૂપણ છે.

## જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર ૧૬

શ્વેતાંબર જૈનો દ્વારા માન્ય બાર ઉપાંગસૂત્રોમાં આ પાંચમું ઉપાંગ સૂત્ર છે. નંદી સૂત્રની શ્રુતસૂચિમાં આ શાસ્ત્રનું નામ અંગ બાહ્ય કાલિક સૂત્રોમાં છે. ઔપપાતિક સૂત્રથી લઈને પ્રજ્ઞાપના સુધીના ચાર ઉપાંગસૂત્રો ઉત્કાલિક છે. જેના મૂળ પાઠનો સ્વાધ્યાય ચારે પ્રહરમાં થઈ શકે છે. પરંતુ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રનો સ્વાધ્યાય રાત્રિ અથવા દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં થઈ શકે છે.

આ શાસ્ત્રમાં મુખ્યતઃ જંબૂદ્વીપના સંબંધમાં ભૌગોલિક અને બીજી જાણકારી હોવાથી આનું સાર્થક નામ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ રાખવામાં આવેલ છે. આમાં વિભાગ રૂપમાં સાત અધ્યાય છે. જેને 'વક્ષસ્કાર' સંજ્ઞા આપવામાં આવેલ છે. તેના સિવાય આમાં કોઈ બીજા વિભાગ નથી. માટે આ સંપૂર્ણ સૂત્ર એક જ શ્રુતસ્કંધના રૂપમાં છે. આ સૂત્રનું પરિમાણ ૪૧૪૬ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

**રચનાકાર-વ્યાખ્યાકાર :** આ સૂત્રના રચનાકારનું નામ સર્વથા અજ્ઞાત છે. તેથી પ્રથમના ઉપાંગ સૂત્રની સમાન આ શાસ્ત્ર પણ દેવર્ધિગણિના લેખનકાળમાં સંકલિત કરવામાં આવેલ છે, એવું સ્વીકારવું સર્વથા ઉચિત છે. કારણ કે નંદીસૂત્રમાં આનું નામ છે અને તેની પહેલાં હોવાનો ક્યાંય નિર્દેશ પ્રાપ્ત થતો નથી.

આ સૂત્ર પર આચાર્યશ્રી મલયગિરીની ટીકા ઉપલબ્ધ નથી અને તેનાથી પૂર્વના આચાર્યોએ ચૂર્ણિ વ્યાખ્યા કરી હતી એવો સંકેત મળે છે. પરંતુ તે વ્યાખ્યા આજે ઉપલબ્ધ નથી. આચાર્ય મલયગિરિજી પછી વિક્રમ સંવત ૧૬૬૦માં શ્રી શાંતિચંદ્ર વાચક દ્વારા આ સૂત્ર પર સંસ્કૃત ટીકા રચવામાં આવેલ છે. જે આજે પ્રકાશિત મળે છે. આચાર્ય પૂજ્ય શ્રી ઘાસીલાલજી મ.સા. રચિત સંસ્કૃત ટીકા

હિન્દી-ગુજરાતીમાં અનુવાદની સાથે પ્રકાશિત ઉપલબ્ધ છે. બીજી અનેક જગ્યાએથી અર્થ, વિવેચન, હિન્દી-ગુજરાતીમાં પ્રકાશિત ઉપલબ્ધ છે. તે સિવાય સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલકઋષિજી આદિ ઉપરોક્ત સર્વેયનું આ શાસ્ત્ર પ્રકાશિત ઉપલબ્ધ છે. આગમ સારાંશ અને પ્રશ્નોત્તરના બંને આયોજનમાં આ શાસ્ત્ર હિન્દી-ગુજરાતી બંને ભાષામાં સંપાદિત અને પ્રકાશિત ઉપલબ્ધ છે. આ ક્રમમાં **જૈન આગમોમાં મધ્યલોક** નામનો ગ્રંથ વિમલકુમારજી નવલખા દ્વારા લેખિત જૈન મુનિ કનૈયાલાલ 'કમલ' ટ્રસ્ટથી પ્રકાશિત થયેલ છે.

**વિષય પરિચય :** આ શાસ્ત્રના સાત વક્ષસ્કારનો વિષય આ પ્રમાણે છે. –

**(૧) પ્રથમ વક્ષસ્કારમાં –** જંબૂદ્વીપના વર્ણનનો પ્રારંભ તેની જગતી(પરકોટા) થી કરવામાં આવેલ છે. ત્યાર પછી જંબૂદ્વીપના વર્ણનમાં દક્ષિણ દિશાવર્તી ભરતક્ષેત્રનું ક્ષેત્રીય-ભૌગોલિક વર્ણન કરેલ છે.

**(૨) બીજા વક્ષસ્કારમાં –** ભરતક્ષેત્રમાં કાળ પરિવર્તન સંબંધી વર્ણન ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ કાળચક્રના ૬–૬ આરાઓના સ્વરૂપ દ્વારા કરેલ છે. તથા પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવનું વિસ્તૃત વર્ણન દીક્ષા એવં મોક્ષ સુધીનું કરેલ છે.

**(૩) ત્રીજા વક્ષસ્કારમાં –** ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થનારા પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાનું વર્ણન, તેની ઋદ્ધિ અને છ ખંડની વિજય યાત્રા તેમજ તેની મુક્તિ સુધીનું વર્ણન કરેલ છે.

**(૪) ચોથા વક્ષસ્કારમાં –** ભરતક્ષેત્રના વર્ણન પછી ક્રમશઃ ઉત્તર દિશા તરફ ચુલ્લહિમવંત પર્વતથી લઈને મહાવિદેહક્ષેત્ર અને મેઢપર્વતનું વર્ણન છે. ફરી ઉત્તરમાં નીલવંત પર્વતથી લઈને ઐરવત ક્ષેત્ર સુધી વર્ણન પૂર્ણ કરેલ છે.

**(૫) પાંચમા વક્ષસ્કારમાં –** તીર્થંકરોના જન્મ સમયે છપ્પન દિશાકુમારીઓ અને ૬૪ ઈન્દ્રો દ્વારા થતાં જન્માભિષેક સંબંધી રોચક અને વિસ્તૃત વર્ણન છે.

**(૬) છઠ્ઠા વક્ષસ્કારમાં –** જંબૂદ્વીપના ક્ષેત્રીય વર્ણન સંબંધી પર્વત, નદી, ક્ષેત્ર, દ્રહ, તીર્થ આદિની કુલ સંખ્યા ગણાવવામાં આવેલ છે.

**(૭) સાતમા વક્ષસ્કારમાં –** સૂર્ય, ચંદ્ર, ગ્રહ નક્ષત્ર અને તારા સંબંધી એટલે જંબૂદ્વીપના જ્યોતિષ મંડલ સંબંધી સંક્ષિપ્ત અને વિવિધ જાણકારી આપેલ છે. જે જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રનો સંક્ષિપ્ત સાર માત્ર છે.

આ રીતે આ સૂત્રમાં તીર્થંકર, ચક્રવર્તી, કાલચક્ર સહિત જંબુદ્વીપ ક્ષેત્રના ભૂગોળ-ખગોળ સંબંધી વિવિધ તત્ત્વોનો વિશેષ બોધ છે.





ચૌદ રાજલોક પ્રમાણ આ લોક છે. તેમાં જીવ પરિભ્રમણ કરતા રહે છે. ઉર્ધ્વલોક, તિર્છાલોક અને અધોલોકમાં પણ જીવ પરિભ્રમણ કરતા રહે છે. તિર્છાલોકમાં પણ અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. તેમાં પણ જીવ જન્મ-મરણ કરતા રહે છે. પરંતુ તે સમુદ્રોના મધ્યમાં અઢી દ્વીપ બે સમુદ્ર છે જેમાં જીવ જન્મ મરણ કરે છે અને મુકત પણ થઈ શકે છે. આ અઢી દ્વીપની વચ્ચોવચ્ચમાં અથવા સર્વે દ્વીપ સમુદ્રોના વચ્ચે કેન્દ્ર સ્થાનમાં જંબૂદ્વીપ છે. આ સંપૂર્ણ તિર્છાલોકના પણ મધ્યમાં છે અને તેમાંજ આપણું નિવાસસ્થાન દક્ષિણ ભરતના પ્રથમ ખંડમાં છે. માટે મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય આ ક્ષેત્ર રૂપ આપણા નિવાસ સ્થાન સંબંધિત ભૌગોલિક જાણકારી પણ આપણને હોવી આવશ્યક છે. આગમોમાં આધ્યાત્મિક જ્ઞાનની સાથે અન્ય વિષય લોક સ્વરૂપ જીવાદિ સ્વરૂપ આદિના જ્ઞાનને પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપેલ છે. તેને પણ અપેક્ષાથી આધ્યાત્મનું સહયોગીજ્ઞાન માનવામાં આવ્યું છે. લોક અલોક ક્ષેત્ર અને જગત પદાર્થોનું સત્યજ્ઞાન પણ આત્મામાં પરમ સંતુષ્ટિ અને આનંદ આપનાર હોય છે તથા સમ્યક શ્રદ્ધાને પુષ્ટ કરનારું પણ હોય છે.

માટે એવો તર્ક કરવો કે 'આધ્યાત્મના ક્ષેત્રમાં દુનિયાના ભૌગોલિક વર્ણનનો વિસ્તાર અનાવશ્યક છે.' આ વ્યક્તિગત અણસમજ છે અને સર્વજ્ઞના વિશાળ હેતુને નહીં સમજવાનું પરિણામ છે. આગમ જિનવાણીના અધ્યયનની ઉપેક્ષા રાખનારા જ એવી અતિ હોંશિયારીની વાતો કરતા રહે છે. તેમણે સાચી શ્રદ્ધા–દષ્ટિકોણ રાખીને આગમ સ્વાધ્યાય કરવો જોઈએ. આ જ અમારા આ સ્પષ્ટીકરણનો ઉદ્દેશ છે.

## જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર(સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ) ૧૭ ૧૮

અંગ બાહ્ય સૂત્રોની રચનાના ક્રમમાં ચૌદ પૂર્વ શાસ્ત્રોના આધારથી આ 'જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ' સૂત્રની સંકલના બહુશ્રુત આચાર્યો દ્વારા કરવામાં આવી છે. આ સૂત્રની પ્રારંભિક ગાથાઓમાં શાસ્ત્રના નામ નિર્દેશપૂર્વક કથન પૃચ્છા કરવામાં આવેલ છે. તેનાથી સુસ્પષ્ટ છે કે આ આગમ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિસૂત્ર અથવા જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિસૂત્રના નામથી જ રચવામાં આવ્યું છે.

જ્યોતિષ મંડળના રાજા અર્થાત્ ઈન્દ્ર રૂપમાં ચંદ્ર અને સૂર્ય બંનેનો સ્વીકાર કરવામાં આવેલ છે. માટે વ્યવહાર અને પરિચયમાં ક્યારેક તેના માટે સૂર્ય પ્રજ્ઞપ્તિ અથવા ચંદ્ર પ્રજ્ઞપ્તિ સંજ્ઞા નામ પણ પ્રયુક્ત થવા લાગ્યું. કારણ કે આ જ્યોતિષ

ગણરાજ પ્રજ્ઞપ્તિમાં ચંદ્ર અને સૂર્ય બંનેથી સંબંધિત પ્રાયઃ સર્વ વિષયોનું સંકલન છે. એક પ્રાપ્ત સંકેત અનુસાર દેવર્ધિગણિ પછી અને આજથી ૭૦૦ વર્ષથી પણ પહેલાં ૧૨ અંગ સૂત્રોના ૧૨ ઉપાંગ સૂત્રોની ગણના કરવા માટેની કલ્પનામાં કોઈએ ઉપાંગ સૂત્ર (નિરયાવલિકા) ને પાંચ સૂત્ર અને આ સૂત્રને બે સૂત્ર ગણવાનો પ્રારંભ કર્યો છે અને તેમણે તેના કારણે **નંદીની આગમ સૂચિમાં પણ ફેરફાર કરેલ છે. આ વાતનું સૂચન પ્રબુદ્ધ જીવનમાસિક મુંબઈ, ઓગષ્ટ ૨૦૧૨માં છે તેમજ પ્રો. વિન્ટર નિટ્જ (અંગ્રેજ)નો અભિપ્રાય પણ આવો જ છે.**

કોઈ વ્યક્તિનું એક કે અનેક નામ હોય છે. તેજ સમય જતાં ભ્રમથી બે વ્યક્તિ માની લેવામાં આવે છે અને ક્યારેક બે સમાન નામવાળા અલગ વ્યક્તિઓને પણ સમય જતાં ભ્રમના કારણે એક માની લેવામાં આવે છે. એવો જ કાંઈક ભ્રમ થયો હોવાનું આ સૂત્ર માટે શક્ય છે. આ પ્રકારે આ આગમ સંમત સુસ્પષ્ટ નામવાળા જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રના પણ સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ આવા નામ પ્રચલિત થયેલ છે. આ પ્રચલનના પ્રવાહમાં આ સૂત્રમાં સ્પષ્ટ ઉપલબ્ધ નામને ભૂલાવી દેવામાં આવ્યું છે. અને પર્યાય રૂપથી પ્રચલિત નામે જ પૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. કાલાન્તરથી સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ બે સૂત્ર પણ માની લીધેલ છે. આ સર્વ પરંપરા પ્રવાહ લિપિ કાળના દોષોના પ્રભાવે છે. વાસ્તવમાં આ સૂત્ર પોતાની પ્રારંભિક ગાથાઓમાં પોતે જ બતાવે છે કે મારું નામ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ છે. ન આમાં સૂર્યપજ્ઞપ્તિ રાખ્યું છે અને ન ચંદ્રપ્રજ્ઞપ્તિ.

જ્યારે એક જ આ આગમમાં પૂર્ણ સમન્વયની સાથે સૂર્ય-ચંદ્ર સંબંધી બંને પ્રકારના વિષયોનું સાંગોપાંગ પ્રસ્તુતીકરણ કરી દેવામાં આવ્યું છે. તો પછી એને માત્ર સૂર્યપ્રજ્ઞપ્તિ માનીને ચંદ્રપ્રજ્ઞપ્તિનું અલગ અસ્તિત્વ કરવું પણ ભ્રમ મૂલ છે. જે પણ આજ અલગ અસ્તિત્વ ૧–૨ પૃષ્ઠનું ઉપલબ્ધ છે. તેમાં માત્ર વિષય પરિચાયક ગાથાઓ અને તેવો જ પાઠ માત્ર છે. અને તે સંપૂર્ણ સૂચિત વિષય આ એક જ સૂત્રમાં વર્ણવેલ છે. તેથી બે સૂત્રની ગણના અને અસ્તિત્વ પર્યાય નામ અથવા મધ્યકાલમાં કરેલા ૧૨ ઉપાંગરૂપ સંખ્યા સંબંધી ખોટી કલ્પનાને કારણે છે. તેથી ખરેખર આ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ એક જ સૂત્ર પૂવાચાર્ય રચિત છે. એને જ ભલેને સૂર્ય પ્રજ્ઞપ્તિ કહેવામાં આવે અથવા ચંદ્ર પ્રજ્ઞપ્તિ. આ પ્રકારે આ ત્રણેય નામ એક જ સૂત્રના પરિચાયક છે.





આ સૂત્રની પહેલાં પાંચ ઉપાંગ સૂત્રોનો પરિચય આપવામાં આવ્યો છે. તે પરિચયના પ્રવાહમાં આ આગમ પણ અજ્ઞાત નામા બહુશ્રુત કૃત છે એટલે લેખનકાળમાં દેવર્ધિગણિના નેતૃત્વમાં એની પણ રચના થઈ છે તેમ સ્વીકારી લેવું તે સહજ સમાધાનને યોગ્ય છે. તે સંબંધી સ્પષ્ટ મંતવ્ય પૂર્વના ઉપાંગોના પરિચયમાં કરી દેવામાં આવ્યું છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં એનું એક મૂળ નામ ન હોવાથી પરંપરામાં પ્રસિદ્ધ બે નામ ઉપલબ્ધ છે. જેમાં પણ એક નામ કાલિક સૂત્રોની સાથે છે અને બીજું નામ ઉત્કાલિક સૂત્રની સાથે છે. આનાથી પણ ખોટા પ્રક્ષેપની સાબિતિ સ્પષ્ટ થાય છે. નંદીસૂત્રની સૂચિમાં આવા ૨–૪ નામ નંદી રચના પછી સમયાંતરે સેંકડો વર્ષ પછી પણ સંપાદિત થયેલ છે. એથી તટસ્થ અનુપ્રેક્ષા કરવા પર સહજ સમજમાં આવી શકે છે. કાંઈ પણ હોય મૂળ પાઠથી એક સ્પષ્ટ નામવાળું આ શાસ્ત્ર પોતાનું એક નામ ગુમાવીને બે નામોથી અથવા બે આગમોના રૂપમાં પ્રચલિત અને પ્રસિદ્ધ એટલું થઈ ચુકયું છે કે આગમ પ્રમાણ હોવા છતાં પણ આ આગમના બે નામને છોડીને એક નામનો સ્વીકાર કરી પરંપરાનું પરિવર્તન કરવું, પ્રાયઃ કોઈપણ સ્વીકાર કરી શકે નહીં. કારણ કે આ ભ્રમિત પરંપરાનો પાયો એટલો દઢ થઈ ગયો છે કે સ્થાનકવાસીના ૩૨ આગમની ગણતરીમાં અને મંદિરમાર્ગીના ૪૫ આગમની ગણતરીમાં આને બે આગમ રૂપમાં ગણી લીધા છે. હવે તે પોતપોતાની પ્રતિષ્ઠાની વાત બની જાય છે ત્યાં આગમ પ્રમાણ એક કે અનેક પણ ઉપસ્થિત કરી દેવામાં આવે તો પણ તેનું કોઈ પરિણામ આવી શકતું નથી.

આજના ધર્મિષ્ઠોની માનસ સ્થિતિ ‘મારું જ સાચું’ એવું માનસ બની ચૂક્યું છે. આગમ પ્રમાણોનું મહત્ત્વ આજના ધર્મિષ્ઠ કહેનારાઓના માનસમાં પરંપરાના મહત્ત્વની આગળ ગૌણ બની ગયું છે. પરંપરાનું મહત્ત્વ આગમ પ્રમાણની ઉપર સવાર થઈ ચૂક્યું છે. ભલેને તેમાં સાધ-સાધ્વી હોય અથવા શ્રાવક-શ્રાવિકા; પ્રાયઃ ૯૯% લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરતાં પરંપરાના રટણથી જ ચાલવું પસંદ કરે છે. અને આ રીતે તેઓ **બાબા વાકયં પ્રમાણંની ઉક્તિને ચરિતાર્થ કરનાર થઈ રહ્યા છે.**

**આકાર સ્વરૂપ :** આ સૂત્ર એક શ્રુતસ્કંધરૂપ છે. એના અધ્યયનરૂપ વિભાગને પાહુડ–પ્રાભૃત સંજ્ઞા આપવામાં આવી છે. આ અધ્યયનોના અવાન્તર વિભાગ પણ છે. તેને પ્રાભૃત-પ્રાભૃત અર્થાત્ પ્રતિપ્રાભૃત કહેવામાં આવે છે. આ શાસ્ત્ર

પૂર્ણરૂપથી પ્રશ્નોત્તર શૈલીમાં છે. પ્રશ્નની ઉત્તરની ભાષા શૈલી પણ એક વિલક્ષણ પ્રકારની એટલે કે તકાર પ્રયોગ પૂર્વક છે. ભાષા અને શૈલી સદા રચનાકારના તે સમયના માનસ પર જ નિર્ભર રહે છે. અનેક પ્રકારની ભાષા શૈલી અને પ્રદ્ધતિઓના જ્ઞાતા વિદ્વાન પણ પોતાના સમયના તાત્કાલિક માનસ અનુસાર જ રચના તૈયાર કરે છે. તેથી વિદ્વાનની આગમ ભાષા શૈલીથી કોઈ પ્રકારની એકાંતિક કલ્પના ન કરવી જોઈએ. કારણ કે પૂર્વાના જ્ઞાતા બહુશ્રુતોની રચનાને માટે એવી કાંઈક કલ્પના કરવી તે નિરર્થક જ પોતાની બુદ્ધિની કસરત કરવાની હોય છે. આજના બહુમુખી પ્રતિભા સંપન્ન વ્યક્તિ પણ સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, પદ્ય, ગદ્ય, શ્લોક, દોહા, કવિતા, ધારાવાહિક, ઉપન્યાસ, રામાયણ, મહાભારતના પદ્યાનુવાદ, સરલ ભાષાના નિબંધ, વક્તવ્ય તથા સાહિત્યિક ભાષામાં વક્તવ્ય લેખન કોઈ પણ કરી શકે છે. તો પછી આપણા પૂર્વજ વિદ્વાન પૂર્વજ્ઞાનના પાઠી બહુશ્રુત વિવિધ રચના કરી શકે, એવું માની લેવામાં શું આપત્તિ છે ? અર્થાત્ તે વિવિધ શક્તિવાળા વ્યક્તિ કોઈ પણ ભાષા શૈલીમાં રચના કરી શકે છે તેમ માન્ય કરવું જોઈએ.

ગણિત વિષય સ્વાભાવિક જ બહુ થોડી વ્યક્તિને રુચિકર હોય છે માટે આ આગમનું અધ્યયન પ્રચલન થોડું જ રહ્યું છે. જેનાથી આ સૂત્રના અર્થ પરમાર્થના જ્ઞાનમાં વધારે મુશ્કેલી થાય છે. સાથે જ આ વિષયનો પરિચય અલ્પ હોવાના કારણે તથા ભાષા પણ વિચિત્ર હોવાના કારણે લિપીકાળમાં કાંઈ ભૂલ થવી પણ સ્વાભાવિક છે. આ કારણે વર્તમાન યુગમાં સંપાદક તેને વ્યવસ્થિત પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરવા છતાં પણ તે પાઠોના સંબંધમાં અનેક શંકાઓને ઉપસ્થિત કરવાનો ઉપક્રમ પણ કરે છે. આટલું થવા છતાં તે દરેક ભૂલો સુસાધ્ય છે અને તે શંકા પણ સમાધાન સંભવિત છે. જેનો ખ્યાલ આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત પુસ્તકથી ઘણું ખરૂ પ્રાપ્ત કરી શકાય છે. જે રૂપમાં આ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર આજે મળે છે, તેનું પરિમાણ ૨૨૦૦ શ્લોક જેટલું માનવામાં આવેલ છે. આ સૂત્રમાં ૨૦ પ્રાભૃત છે, કોઈક પ્રાભૃતમાં પ્રતિ પ્રાભૃત પણ છે. દસમા પ્રાભૃતમાં ૨૨ પ્રતિ પ્રાભૃત છે. ત્યાર પછી ૧૧ થી ૨૦ સુધીમાં પ્રતિ પ્રાભૃત નથી.

**સૂત્ર વિષય :** આ સૂત્રનો વિષય મર્યાદિત છે. જ્યોતિષ મંડળનો ગણિત વિષય અને તેનો પરિચય છે. અર્થાત્ આચાર અને ધર્મકથા તેમાં નથી. આ પ્રસંગથી આ સૂત્રમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, આ પાંચ પ્રકારના જ્યોતિષી ગણનું





વર્ણન છે. સૂર્ય-ચંદ્રની ગતિ, ભ્રમણ મંડળ, દિવસ-રાત્રિનું માપ, તેની વૃદ્ધિ-હાનિ, પ્રકાશક્ષેત્ર, નક્ષત્રોના યોગ, યોગ સમય, પાંચ પ્રકારના સંવત્સર સંબંધી વિવિધ વિચારણાઓ, ચંદ્રની કળા વૃદ્ધિ-હાનિ, રાહુ વિમાન, આ પાંચે જ્યોતિષગણની સંખ્યા અને સમપૃથ્વીથી અંતર આદિ વિષયોનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવેલ છે. વિશેષ માહિતી વિવિધ પ્રકાશિત અર્થ વિવેચન અથવા સારાંશ તથા પ્રશ્નોત્તર પુસ્તકોથી અને જ્ઞાનીઓના સાનિધ્યથી થઈ શકે છે.

આ સૂત્રમાં દસમા પ્રાભૃતનો સતરમો પ્રતિપ્રભૃત જૈન સમાજમાં ચર્ચાનો અને શંકાનો વિષય બનેલ છે. જે આજથી નહીં સેંકડો વર્ષોથી એક પ્રશ્નાર્થરૂપ બનેલ છે. જ્યાં આવીને પ્રત્યેક સંપાદક, વિવેચક કાં તો દ્વિધામાં પડી જાય છે. અથવા તો કલ્પનામાં ઉતરી જાય છે. વાસ્તવિકતા એ છે કે માંસ વગેરે અખાદ્ય પદાર્થોના પ્રેરક વાક્યવાળા પાઠોને સૂત્રકાર કે ગણધર બહુશ્રુત રચનાકાર રચી શકે છે નહીં. આ લિપિકાળમાં ધર્મ દ્વેષી વિકૃત બુદ્ધિવાળા લોકો દ્વારા ઉમેરેલા વિકૃત તત્વ છે. અન્ય સૂત્રોમાં પણ આવા તત્ત્વો કેટલાય રૂપે જોઈ શકાય છે. જૈન શાસ્ત્રોના નિર્માણ કર્તા આવા ભ્રમિત શબ્દોના પ્રયોગ અથવા સાવદ્ય પ્રેરણાત્મક વાક્યોને કોઈપણ અન્ય અર્થના લક્ષ્યથી પણ રાખી શકતા નથી. કારણ કે તેવું કરવું તે બહુશ્રુતો માટે યોગ્ય પણ નથી અને તેના માટે સંયમોચિત પણ નથી.

**વ્યાખ્યા સાહિત્ય :** આ સૂત્ર પર આચાર્ય મલયગિરીની ટીકા ઉપલબ્ધ છે. જે પ્રકાશિત છે. નિર્યુક્તિકાર શ્રી બીજા ભદ્રબાહુ સ્વામીએ પણ આ સૂત્ર પર નિર્યુક્તિ વ્યાખ્યા કરી હતી આવો સંકેત પ્રાપ્ત થાય છે પરંતુ તેની ઉપલબ્ધી ક્યારેય થઈ નથી. આચાર્ય ઘાસીલાલજી મ.સા. પોતાની સમસ્ત આગમોની ટીકા કરવાની પ્રતિજ્ઞા અનુસાર આ સૂત્રની ટીકા પણ લખેલ છે. તે મુદ્રિત હિન્દી, સંસ્કૃત, ગુજરાતી ત્રણે ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ પહેલાંના આચાર્ય શ્રી અમોલક ઋષિજી મ.સા.એ ૩૨ આગમોનું હિન્દી અનુવાદ સાથે પ્રકાશન કરાવેલ છે. તેમાં આ સૂત્ર પણ અનુવાદ સહિત અને જરૂરી ગણિત વિસ્તાર સહિત સંપાદિત પ્રકાશિત છે.

વર્તમાન યુગની આધુનિક આકર્ષક પદ્ધતિના સંસ્કરણ આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી છપાયેલ છે. જે સૂત્રોના અર્થ વિવેચન ટિપ્પણો આદિથી સુસજ્જિત છે. બત્રીસ સૂત્રોના એવા સર્વાંગીણ મુદ્રણ પૂર્ણ થઈ ચૂક્યા છે. જે જૈન સમાજને માટે અસાંપ્રદાયિક રૂપે અનુપમ ઉપલબ્ધિ છે. તે શ્રૃંખલામાં આ સૂત્રનું સંપાદન પૂજ્ય પં. રત્ન શ્રી કન્હૈયાલાલજી મ.સા.એ અર્થ, પરમાર્થ, ટિપ્પણોની

સાથે અથાગ પ્રયત્નથી કર્યું છે. પરંતુ કાંઈક સંકુચિત સંસ્કારોની પ્રમુખતાથી તે સમિતિએ તે શાસ્ત્રને મૂળપાઠના રૂપમાં જ છપાવ્યું છે. તો પણ તેમાં ટિપ્પણ અને પરિશિષ્ટો દ્વારા સૂત્રનો અલ્પાંશ સ્પષ્ટ કર્યો છે. આ બધા સંસ્કરણો, વિચારો અને કલ્પનાઓને સમક્ષ રાખીને આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. એ યથાપ્રસંગ આવશ્યક સમાધાનોથી સંયુક્ત કરીને સહજ સુબોધ ભાષામાં આ શાસ્ત્રનો સારાંશ તથા પ્રશ્નોત્તર હિન્દી, ગુજરાતી બંને ભાષામાં જુદા-જુદા સંપાદિત કર્યા છે. જે નાના પુસ્તકોના રૂપમાં પ્રકાશિત ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ સામાન્ય સ્વાધ્યાયી અને વિદ્વાનમનીષી બંને કરીને સૂત્રાશયને સમજી શકે છે.

આ શાસ્ત્રનું પ્રથમ સૂત્ર (મૂળપાઠ) સમસ્ત વિદ્વાનોને સંદેહાત્મક જણાય છે. તો પણ આગમ મનીષી મુનિરાજે તેનું ચિંતન કરી તે પાઠની સત્યતા અને આગમ આશય જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરના પુસ્તકમાં (ભાગ–૮માં) સ્પષ્ટ કર્યો છે. જે આગમોના વિદ્વાન અને શોધાર્થી સ્વાધ્યાયીઓને માટે અવશ્ય પ્રેક્ષણીય મનનીય છે.

**ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર :** જો કે પૂર્વોક્ત જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિના પરિચય વર્ણનથી પ્રચલિત સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ બંનેનો સામાન્ય પરિચય પૂર્ણ થઈ જાય છે. તો પણ રૂઢ પરંપરાનુસાર તે પરિચયને સૂર્યપ્રજ્ઞપ્તિનો ગણીને ચંદ્રપ્રજ્ઞપ્તિનો પરિચય અલગથી આપવામાં આવ્યો છે.

આ સૂત્રના નામથી એક બે પાના જેટલો જ પાઠ ઉપલબ્ધ થાય છે. તેમાં પણ વિષયોનું સંકલન સૂચન માત્ર છે. અને તે વિષય પ્રાયઃ સૂર્યપ્રજ્ઞપ્તિ રૂપ જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિમાં અંકિત છે. તેથી આ સૂત્ર લિપિકાળમાં દોષથી અને મધ્યકાળના ૧૨ ઉપાંગની સંખ્યા સંબંધી ગોટાળા થી દૂષિત છે. એમાં સૂર્ય પ્રજ્ઞપ્તિના વિષયોનું જ સંકલન માત્ર છે. પાહુડ પ્રતિપાહુડ પણ તેમજ કહેલ છે. તેથી ખોટી ઘડેલી પરંપરાનું સંશોધન ઈતિહાસજ્ઞોને માટે વિચારણીય છે.

વાસ્તવમાં આજે આ સૂત્ર કિંચિત પણ સ્વતંત્ર રૂપે ઉપલબ્ધ નથી. તેથી આને સૂત્ર કહેવું અને ગણતરીમાં ગણવું આદિ પણ એક પ્રવાહ પરંપરા માત્ર છે. સાચી રીતે તો ૩૨માં અથવા ૪૫માં આને આગમ ગણવાની પણ કોઈ ઉચિતતા નથી. જો આમ ગણવામાં આવે તો નંદીસૂત્ર કથિત અનેક આગમ પણ ગણી શકાય છે. તેથી બંને સૂત્રોને એક જ સૂત્ર ગણવું જોઈએ. ઉપલબ્ધ બંને સૂત્રોના પ્રારંભની સૂચક ગાથાઓમાં ક્યાંય પણ સૂર્યપ્રજ્ઞપ્તિ અથવા ચંદ્રપ્રજ્ઞપ્તિનું નામ





જ નથી. બંને જગ્યાએ જ્યોતિષ રાજ પ્રજ્ઞપ્તિ જ નામ અંકિત છે. જેમ કે–

**णामेण इंदभूईति, गोयमो वंदिउण तिविहेण ॥**
**पुच्छई जिणवर वसहं, जोइस रायस्स पण्णत्तिं** ॥ सूर्य.गा. ४ ॥
**एवं जोइस गण राय पण्णत्तिं** ॥ चन्द्रप्रज्ञप्ति गाथा- ४ ॥

નિષ્કર્ષ એ છે કે આજે ન તો સૂર્યપ્રજ્ઞપ્તિ નામનું કોઈ શાસ્ત્ર ઉપલબ્ધ છે, અને ન તો ચંદ્રપ્રજ્ઞપ્તિ નામનું. આ નામથી પ્રચલિત આ બંને સૂત્રોમાં જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ આ નામ મૂળપાઠની ત્રીજી ચોથી ગાથાઓમાં અંકિત છે. માટે આ સૂત્ર જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સંજ્ઞાવાળું છે અને એક જ છે. મધ્યકાલમાં એટલે વિક્રમની તેરમી સદીમાં ૧૨ અંગના ૧૨ ઉપાંગ સંખ્યા માટે થયેલ આ ગડબડ છે. આના કારણે જ નંદીમાં નામ વધારવાનો પ્રયત્ન થયો છે. આ પ્રકારના પરિવર્તનમાં નિરયાવલિકા ઉપાંગ સૂત્રને પણ સામેલ કરવામાં આવ્યું છે. જેમાં તે શાસ્ત્રને પાંચ શાસ્ત્ર માની નંદીમાં ૫–૬ નામ લખવામાં આવ્યા છે. એ જ હેતુથી ઠાણાંગ સૂત્રમાં પણ ૧–૨ જગ્યાએ ચંદ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિના નામે પાઠ ઉમેરવામાં આવ્યા છે.

## ઉપાંગ સૂત્ર (નિરયાવલિકાદિ પાંચ શાસ્ત્ર) ૧૯ થી ૨૩

શ્વેતાંબર સ્થાનકવાસી જૈનો દ્વારા માન્ય ૩૨ આગમોમાં ૧૨ ઉપાંગ સૂત્ર છે. ખાસ વાત તો એ છે કે આ સૂત્રનું નામ પણ ઉપાંગસૂત્ર છે. આ નામથી અંગસૂત્રો પછી બીજું આગમ વિભાજન ઉપાંગ સૂત્ર કહેવાયું.

આ સૂત્રનું પ્રસિદ્ધ નામ નિરયાવલિકા છે. આ શાસ્ત્રના વિભાગો ને વર્ગ કહ્યા છે. તે પાંચ છે. વર્ગના પ્રતિ વિભાગોને અધ્યયન કહ્યા છે. તે અધ્યયન બાવન છે. આઠમા અંગશાસ્ત્ર અંતગડ સૂત્રમાં પણ આવું જ વિભાજન છે એટલે ત્યાં પણ આઠ વર્ગ અને ૯૦ અધ્યયન છે. પ્રસ્તુત શાસ્ત્રને ૧૧૦૯ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે. બત્રીસ અક્ષરનો એક શ્લોક હોય છે.

**રચનાકાર :** પૂર્વ વર્ણિત ઔપપાતિક સૂત્રથી લઈ સૂર્યપ્રજ્ઞપ્તિ સુધીના શાસ્ત્રોની સમાન આ શાસ્ત્ર પણ અજ્ઞાત રચનાકારવાળું છે. વાસ્તવમાં આ શાસ્ત્ર પણ દેવર્ધિગણિના શાસ્ત્ર લેખન સમયનું સંકલિત લેખિત શાસ્ત્ર છે. એમ માનવું સ્વીકારવું જ શ્રેષ્ઠ અને નિર્વિવાદ છે અર્થાત્ દેવર્ધિગણિએ અંગશાસ્ત્રના લેખનની સાથે નવાશાસ્ત્રની રચના અને સંપાદન પણ કરાવ્યું. તે સમયે ૧ પૂર્વધર શ્રુતજ્ઞાની બહુશ્રુત આચાર્ય આદિ સાધુઓ તેમની સાથે હતા.

**વ્યાખ્યા સાહિત્ય :** આ શાસ્ત્ર પર પ્રાચીન ટીકા નામની સંસ્કૃત વ્યાખ્યા આચાર્ય ચંદ્રસૂરિની ઉપલબ્ધ છે. કથાશાસ્ત્ર અને સરલ આગમ હોવાથી તેની વ્યાખ્યા પણ સંક્ષેપમાં કરેલ છે.

વર્તમાનમાં આ કથાપ્રધાન શાસ્ત્ર અનેક જગ્યાએથી પ્રકાશિત થયેલ છે. સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલકઋષિજીનું, ઘાસીલાલજી મ.સા.નું, મધુકર મુનિજી મ.સા.નું ગુજરાતથી ગુરૂપ્રાણ ફાઉન્ડેશનનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી પ્રકાશિત પ્રાપ્ત થાય છે. આગમ મનીષી શ્રી ત્રિકલોમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં પ્રકાશિત છે.

આ શાસ્ત્રમાં કથાઓના માધ્યમથી આલોક, પરલોક, સ્વર્ગ-નરક કર્મ આદિ સિદ્ધાંતોનું, સાંસારિક મોહદશા અને દુર્ગતિ, વૈરાગ્ય અને મુક્તિ, રાજનીતિ અને તત્કાલીન ઐતિહાસિક તત્ત્વોનું નિરૂપણ છે.

**ઐતિહાસિક વિચારણા :** આ શાસ્ત્રના પાંચ વર્ગો છે– (૧) નિરયાવલિકા (૨) કપ્પવડિંસિયા (૩) પુપ્ફિયા (૪) પુપ્ફ ચૂલિયા (૫) વહ્નિદશા. પ્રથમ વર્ગની મુખ્યતાથી આનું નામ નિરયાવલિકા પ્રસિદ્ધ થયું છે. તે ઉપરાંત આ શાસ્ત્રના પાંચ વર્ગ વિભાગ જ પાંચ શાસ્ત્રના નામથી પ્રસિદ્ધ છે. જો કે આ એક જ શાસ્ત્ર છે અને તેના મૂળપાઠની પ્રસ્તાવનામાં આ શાસ્ત્રનું નામ ઉપાંગ સૂત્ર કહેવામાં આવ્યું છે અને આ શાસ્ત્રના પાંચ વર્ગ કહ્યા છે. આવો મૂળપાઠ સ્પષ્ટ હોવા છતાં પણ પાંચવર્ગોને પાંચ શાસ્ત્ર કહેવાની પરંપરા ક્યારથી અને કેમ ચાલી છે, તેનું કારણ અજ્ઞાત છે. કોઈક ઈતિહાસ વેત્તાઓનું કહેવું છે કે ૧૨ અંગ સૂત્રો સાથે ૧૨ ઉપાંગ શાસ્ત્રોનો મેળ બેસાડવા માટે આ શાસ્ત્રના ૫ વર્ગરૂપ વિભાજનને પાંચ શાસ્ત્રની કલ્પનામાં રાખીને ૧૨ અંગના ૧૨ ઉપાંગ હોવાનું જોડી દેવામાં આવ્યું અને **એવું કથન પ્રચલિત થયું કે અમુક અંગનું અમુક ઉપાંગ છે તેમાં દષ્ટિવાદ અંગનું ઉપાંગ વૃષ્ણિદશાને માનવામાં આવ્યું. આ રીતની ખોટી કલ્પનાઓ પણ કોઈ ચલાવી દે છે અને આપણો ઉન્નત સમાજ તેને ચલાવી પણ લે છે તેમજ એવી કલ્પિત વાત ચાલી જવાથી નંદીસૂત્ર જેવા પ્રમાણિક આગમમાં એક શાસ્ત્રના ૫ વર્ગના નામે શાસ્ત્ર પણ પ્રાચીન હસ્તપ્રતોમાં લખવામાં આવ્યા. આજે જેને સંપૂર્ણ મૂર્તિપૂજક સામાન અને સ્થાનવાસી સમાજ એક મતથી આંખ મીંચીને માની રહ્યા છે. બુદ્ધિમાનોના આ જૈનસમાજમાં એવા કેટલાક વિષયો એમજ ચાલી રહ્યા છે. જે ઘણી અફસોસની વાત છે. આના પર વિચારકોએ ધ્યાન દેવું જોઈએ.** સરવાળે એક





શાસ્ત્રને પાંચ આગમ કહેવાની પરંપરા શુદ્ધ તો નથી. આ વિષયમાં કોઈપણ વિદ્વાન પાઠક આ શાસ્ત્રના મૂળપાઠની પ્રારંભિક ઉત્થાનિકા વાંચીને સમજી શકે છે. પરંપરાના કારણે નંદીસૂત્રની આગમ સૂચિમાં એના પાંચ નામ પણ અજ્ઞાત સમયથી લખાવા લાગ્યા છે. જેનાથી આ અશુદ્ધ પરંપરાને વધારે બળ મળ્યું છે. અને સમસ્ત શ્વેતાંબર જૈન સમાજ એને પાંચ શાસ્ત્ર શ્રદ્ધાથી માની રહ્યા છે. તે હિસાબથી જ ૩૨ આગમ અને ૪૫ આગમની સંખ્યા પણ બંને સમાજમાં માન્યતા પ્રાપ્ત છે. અશુદ્ધ માન્યતાઓ પણ ક્યારેક દઢ પરંપરા બની જાય છે. આ લોક પ્રવાહ સ્વાભાવિક છે.

**સાર :** આ ઉપાંગસૂત્ર નામવાળું એક જ શાસ્ત્ર છે. આ વાત આગમ પ્રમાણથી સ્પષ્ટ સિદ્ધ થાય છે અને પરંપરામાં આને પાંચ શાસ્ત્ર માનવાની પ્રથા રૂઢ થઈ ચુકી છે એને સુધારવાની ક્ષમતા કોઈ ક્રાંતિકારી વક્તા અથવા લેખનકર્તાના હાથમાં આવશે ત્યારે આ પ્રથામાં સુધારો સંભવ થઈ શકે. અન્યથા ત્યાં સુધી ૩૨ અને ૪૫ ની સંખ્યાનું રટણ ચાલતું રહેશે. જો કે નંદીસૂત્રના મૂળપાઠમાં ૭૩ આગમોના નામ સ્પષ્ટ છે. અને તેમાંથી લગભગ ૪૫ આગમ આજ પ્રકાશિત ઉપલબ્ધ પણ છે. એની (૪૫ની) સૂચિ પણ આ પુસ્તકમાં આગળ પાછળના નિબંધોમાં પાઠક ધ્યાનથી જોઈ શકશે.

## ચાર છેદ સૂત્ર નો પરિચય :–

સામાયિક આદિ પાંચ ચારિત્ર છે. જેમાં વર્તમાનમાં ભગવાન મહાવીર સ્વામીના શાશનમાં છેદોપસ્થાપનીય ચારિત્ર મુખ્ય હોય છે અને આ ચારેય છેદ શાસ્ત્રોમાં છેદોપસ્થાપનીય ચારિત્ર સંબંધી વિધિ નિષેધ અને પ્રાયશ્ચિત્ત વિશેષ છે. તેથી આ ચારેય શાસ્ત્ર છેદસૂત્ર રૂપમાં પ્રચારિત થયા છે. ચાર છેદ સૂત્રોનો ક્રમ આ પ્રકારે છે–(૧) નિશીથ સૂત્ર (૨) દશાશ્રુતસ્કંધ સૂત્ર (૩) બૃહત્કલ્પસૂત્ર અને (૪) વ્યવહાર સૂત્ર. આ ક્રમનો મુખ્ય આધાર આ પ્રકારે છે– પ્રથમ નિશીથસૂત્ર ગણધર રચિત આચારાંગ સૂત્રનું જ(નિસીહજ્જયણં) પચીસમું અધ્યયન હતું. આ કથન સમવાયાંગ સૂત્રમાં છે. દશાશ્રુત સ્કંધ આદિ ત્રણ સૂત્ર ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વીકૃત છે. જેનું કથન અનેક ગ્રંથોમાં અને વ્યાખ્યાઓમાં છે અને જે સર્વ માન્ય છે.

તેથી ગણધર રચિત આચારાંગ સૂત્રનું અધ્યયન હોવાથી નિશીથ સૂત્રનો ક્રમ સર્વપ્રથમ રાખ્યો છે. શેષ ત્રણેયનો ક્રમ યથાવત્ નિશીથના પછી રાખવામાં

આવ્યો છે. આ ત્રણેયનું નામ શાસ્ત્ર પાઠમાં દસા-કપ્પ-વ્યવહારો આ રીતે આવે છે. માટે ચારેયનું એક નિશ્ચિત આગમ સંમત ક્રમ આ પ્રકારે સિદ્ધ થાય છે. (૧) નિશીથ સૂત્ર (૨) દશાશ્રુત સ્કંધ સૂત્ર (૩) બૃહત્કલ્પ સૂત્ર (૪) વ્યહવાર સૂત્ર.

વ્યવહાર સૂત્રના ૧૦મા ઉદ્દેશકમાં સાધુ-સાધ્વી માટે શાસ્ત્ર અધ્યયનનો ક્રમ બતાવ્યો છે, ત્યાં ૨૩માં સૂત્રમાં સર્વપ્રથમ આચારાંગ અને નિશીથસૂત્રનું અધ્યયન(આચાર પ્રકલ્પ અધ્યયન) કરવાનું કહેવામાં આવ્યું છે. ત્યાર પછી સૂત્રકૃતાંગ સૂત્રના અધ્યયન પછી દસા-કપ્પ-વ્યહવારના અધ્યયનનું કથન છે. આ અપેક્ષાને ધ્યાનમાં રાખીને પણ ચાર છેદ સૂત્રોનો ઉપરોક્ત ક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો છે. જે આગમાધાર યુક્ત અને સહજ સ્વીકાર કરવા યોગ્ય છે. તેમજ સંદેહ રહિત છે. છતાં સમાજમાં અન્યાન્ય ક્રમથી આ છેદસૂત્રોને અનાગ્રહ ભાવથી વિચારણા વિના સ્વીકારવામાં આવે છે. ખરેખર વિચાર કરવા અને ઉપરોક્ત આશય સમજમાં આવી જાય તેમ છે.

## નિશીથ સૂત્ર ૨૪

**રચનાકાર :** ઈતિહાસની વિવિધ ભ્રામકતાથી નિશીથસૂત્રના રચનાકાર રૂપે ત્રણ નામ આવે છે. (૧) આચાર્ય ભદ્રબાહુસ્વામી (૨) વિશાખાગણિ (૩) આર્ય રક્ષિત. પરંતુ આગમ પ્રમાણથી આ સૂત્ર આચારાંગનું ૨૫મું અધ્યયન હોવું અને વાંચના ક્રમમાં સર્વપ્રથમ હોવાથી વિશાખાગણિ અને આર્યરક્ષિત નામથી સમજૂતિ થઈ શક્તી નથી. કારણ કે વ્યવહાર સૂત્રમાં ભદ્રબાહુ સ્વામીએ આના અધ્યયનને પ્રાથમિકતા આપી છે. અને તે બંને આચાર્ય ભદ્રબાહુ સ્વામી પછી થયા છે. ભદ્રબાહુ સ્વામીએ ત્રણ સૂત્ર દશાકપ્પ-વ્યવહારની રચના કરી હતી. આ વાત પ્રમાણયુક્ત અને સર્વસમ્મત છે. તેથી નિશીથસૂત્ર ગણધર રચિત આચારાંગનું ૨૫મું અધ્યયન હતું. જેને કોઈપણ સમયે સ્વતંત્ર કરીને નિશીથસૂત્ર નામકરણ કરી દેવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય :** દેવર્ધિગણિના આગમ લેખનકાળ પછી જ વ્યાખ્યાઓનો રચનાકાળ પ્રારંભ થયો છે. સર્વપ્રથમ વરાહમિહિરના ભાઈ બીજા ભદ્રબાહુ સ્વામીએ ચારેય છેદસૂત્રો પર નિર્યુક્તિ નામની વ્યાખ્યા પ્રાકૃત પદ્યમાં લખી. પછી આચાર્ય સિદ્ધસેનગણિએ ભાષ્ય રૂપ વ્યાખ્યા પદ્યમાં લખી. મતાંતરથી આચાર્ય સંઘદાસગણિ એ ભાષ્ય વ્યાખ્યા કરી, એવો ઉલ્લેખ મળે છે. પરંતુ તે વધારે મહત્ત્વશીલ નથી. નિર્યુક્તિ ભાષ્યના આધારે ચૂર્ણિ નામની વ્યાખ્યા આચાર્ય





જિનદાસગણિ મહત્તરે નિશીથસૂત્ર પર વિસ્તારથી લખી. જેને આગ્રાથી ઉપાધ્યાય શ્રી અમરમુનિજીએ સર્વપ્રથમ પ્રકાશિત કરાવી. જેમાં પંડિત રત્ન શ્રી કન્હૈયાલાલજી 'કમલ' મ.સા. પણ પૂર્ણ સહયોગી થયા.

આ પ્રકારે નિશીથસૂત્રનું નામ નિર્દેશ દેવર્ધિગણિ દ્વારા નંદીસૂત્રમાં થયું. વિક્રમની છટ્ઠી શતાબ્દિમાં નિયુર્કિત, ૭મી સદીમાં ભાષ્ય અને ૮મી સદીમાં ચૂર્ણિની રચના થઈ. પ્રાચીન વ્યાખ્યા બધી પ્રાકૃત સંસ્કૃતમાં પ્રકાશિત ઉપલબ્ધ છે. સર્વ પ્રથમ હિન્દીમાં એનું વિવેચન આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી અને ગુજરાતીમાં રાજકોટથી ગુરૂપ્રાણ ફાઉન્ડેશનથી થયું છે. અનેક પરિશિષ્ટ નિબંધો સહિત સારાંશ અને પ્રશ્નોત્તર શૈલીમાં આ શાસ્ત્ર આગમ મનીષી શ્રી ત્રિલોક મુનિજી મ.સા. દ્વારા સંપાદિત હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં ઉપલબ્ધ છે. બ્યાવર અને રાજકોટથી છેદસૂત્રોનું જે વિવેચન પ્રકાશિત થયું છે તેનું પણ મૂલતઃ લેખન અને સંપાદન આગમમનીષી મુનિરાજે જ કર્યું છે.

**ગોપનીયતાની વિચારણા :** નિશીથ સૂત્રમાં સાધ્વાચાર સંબંધી દોષોના અતિચાર અને અનાચારોના પ્રાયશ્ચિત્તનું વિધાન છે. માટે પાત્ર-અપાત્રની અપેક્ષાએ કેટલાક લેખક વિચારક આને ગોપનીયસૂત્ર કહે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રાચીન કાળથી શાસ્ત્રો યોગ્ય અને તૈયાર શિષ્યો (સાધુ-સાધ્વી)ને ભણાવવામાં આવતા અને યોગ્ય શ્રાવકોએ પણ ૧૧ અંગ શાસ્ત્રોના અધ્યયન કર્યાનું વર્ણન મળે છે. આ નિશીથસૂત્ર આચારાંગના અધ્યયનરૂપ હોવાથી યોગ્ય પ્રાયઃ બધા સાધુ-સાધ્વીને આવશ્યક રૂપથી કંઠસ્થ રાખવાની પ્રણાલી શરૂઆતથી હતી. તેથી ગોપનીયતાની એકાંત વાત મહત્ત્વશીલ નથી.

વ્યવહાર સૂત્ર ઉદ્દેશક–૫, સૂત્ર–૧૫, ૧૬ અનુસાર કંઠસ્થ કરી આ શાસ્ત્રને ભૂલી જવું, સાધુ-સાધ્વી બંનેને માટે અપરાધ માનવામાં આવ્યો છે. અને તેનું કઠોર પ્રાયશ્ચિત્ત વિધાન કર્યું છે.

નિશીથસૂત્ર પર ચૂર્ણિ વ્યાખ્યા સંસ્કૃત-પ્રાકૃત મિશ્રભાષામાં આચાર્ય જિનદાસગણિ મહત્તરે લખી. તેમણે આ સૂત્રના પ્રાયશ્ચિત્ત વિધાનોને હેતુ કારણ સહિત સમજાવવાને માટે દોષ સેવનની સામાન્ય પરિસ્થિતિથી લઈને પરાકાષ્ઠા સુધીની સ્થિતિઓને સ્પષ્ટ કરતાં તેના પ્રાયશ્ચિત્તના દરજ્જા કેવી રીતે ઘટે-વધે છે, તે બધા દરજ્જાની સ્થિતિઓનું ઘણું સ્પષ્ટ વર્ણન વિસ્તારથી કર્યું છે. જે માત્ર સાધકોની અનુભવ વૃદ્ધિ માટે અને પ્રાયશ્ચિત્તની તારતમ્યતાને સમજાવવા માટે

કર્યું છે. આટલો મોટો વિસ્તાર અને ખુલ્લા દોષ સેવનના દરજ્જા લખ્યા હોવાથી તેઓએ જ આ વ્યાખ્યાગ્રંથની અતિગોપનીયતા બતાવી છે. જે દોષોના સેવનની સ્પષ્ટતા હોવાથી ઉપયુક્ત પણ છે. પરંતુ નિશીથ આગમ શાસ્ત્ર તો સંક્ષિપ્ત અને મર્યાદિત ભાષામાં હોવાથી અને યોગ્ય ગુઢ-શિષ્યના અધ્યાપનની પરંપરા હોવાથી એને ગોપનીય કોઈ આગમમાં કે નંદીસૂત્રમાં પણ કહેવામાં આવ્યું નથી.

**વ્યાખ્યાકારનો સમય :** નિયુર્કિતકાર બીજા ભદ્રબાહુ વરાહમિહિરના ભાઈ હતા. વરાહમિહિરે વરાહીસંહિતા ગ્રંથની રચના કરી હતી. જેમાં તેનો રચના સમય અંકિત છે. જે વિક્રમ સંવત ૫૬૨ નો સમય છે. તે સમય વીર નિર્વાણની ૧૧મી શતાબ્દિ અર્થાત્ દેવર્ધિગણિના ૩૦-૪૦ વર્ષ પછીનો છે. તેથી ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીનું નામ, સામ્યતાથી ભ્રમિત પણે ચાલી રહ્યું છે. વાસ્તવમાં આગમ લેખન પછી જ વ્યાખ્યાઓ લખવી પ્રાસંગિક હોય છે. અને જે વરાહમિહિરના મળતાં શક સંવતથી સ્પષ્ટ થઈ જાય છે.

**નામકરણ અને વિભાજન :** નિશીથસૂત્ર આ નામકરણ નંદીસૂત્રથી પ્રાપ્ત થાય છે. તેથી સંભવતઃ આ નામ દેવર્ધિગણિના લેખન સમયમાં કાયમ કરવામાં આવ્યું હોય. પૂર્વમાં આ આચારપ્રકલ્પ, આચારાંગ સૂત્ર, આવી રીતથી પ્રસિદ્ધ હતું. વિભાગની અપેક્ષાએ આમાં ૨૦ ઉદ્દેશક(અધ્યાય) છે. જેમાં ૧૯ ઉદ્દેશકોમાં અમુક દોષોનું પ્રાયશ્ચિત્ત કહેલ છે. અંતિમ ઉદ્દેશક(૨૦)માં પ્રાયશ્ચિત્ત ઉતારવા સંબંધી અર્થાત્ વહન કરવા સંબંધી વર્ણન છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રનું પરિમાણ ૧૮૧૫ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે. પ્રાયશ્ચિત્ત વિભાજન પણ ૧૯ ઉદ્દેશકોમાં ૪ પ્રકારથી વિભક્ત કરવામાં આવ્યું છે. (૧) ઉદ્દેશક–૧ માં ગુઢમાસિક પ્રાયશ્ચિત્તનું કથન છે. (૨) ઉદ્દેશક ૨ થી ૫ સુધીમાં લઘુમાસિક પ્રાયશ્ચિત્ત વિધાનના દોષ સ્થાન કહ્યા છે. (૩) ઉદ્દેશક ૬ થી ૧૧ માં ગુઢ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત સ્થાન કહ્યા છે. (૪) ઉદ્દેશક ૧૨ થી ૧૯ સુધી લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત સ્થાન કહ્યા છે.

**પ્રાયશ્ચિત્ત કયારે, કોને, કેટલું :** અનિવાર્ય કારણોથી અથવા વિના કારણ સંયમ મર્યાદામાં ભંગ કરીને જો કોઈ સ્વયં આલોચના કરે ત્યારે આ સૂત્રોક્ત પ્રાયશ્ચિત્ત આવે છે. જેમાં અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારનું પ્રાયશ્ચિત્ત મિચ્છામિ દુક્કડં પ્રતિક્રમણથી થઈ જાય છે. અનાચરણ રૂપે સ્પષ્ટ સેવન થઈ જવા પર આ સૂત્રમાં કહેલા પ્રાયશ્ચિત્તોનું સ્વરૂપ આ પ્રકારે છે–

(૧) લઘુમાસિકમાં જઘન્ય એક એકાસણું, ઉત્કૃષ્ટ ૨૭ ઉપવાસ.





(૨) ગુઢ માસિકમાં જઘન્ય એક નિવી (બે એકાસણા), ઉત્કૃષ્ટ ૩૦ ઉપવાસ

(૩) લઘુ ચૌમાસીમાં જઘન્ય એક આયંબિલ, ઉત્કૃષ્ટ ૧૦૮ ઉપવાસ.

(૪) ગુઢ ચૌમાસીમાં જઘન્ય એક ઉપવાસ, ઉત્કૃષ્ટ ૧૨૦ ઉપવાસ

(૫) આ દોષોનું વારંવાર સેવન કરવા પર અથવા લાંબા સમય સુધી દોષ ચાલતો રહેવા પર પ્રાયશ્ચિત્તની સીમા વધતી જાય છે. તપથી છેદ પ્રાયશ્ચિત્ત સુધી પણ વધી જાય છે.

(૬) કોઈ સાધુ મોટા દોષનું છૂપી રીતે સેવન કરીને પોતાના દોષ છુપાવવા માગે અને ત્યારે કોઈ બીજી વ્યક્તિ દોષને પ્રમાણિત સિદ્ધ કરીને પ્રાયશ્ચિત્ત અપાવે તો દીક્ષા છેદનું પ્રાયશ્ચિત્ત આવે છે.

(૭) બીજા દ્વારા સિદ્ધ કરવા પર ખોટો બચાવ કરવાનો પ્રયત્ન કરે, કપટ કે વિપરીત આચરણ કરે, પછી મજબૂરીથી સ્વીકાર કરે તો નવી દીક્ષાનું પ્રાયશ્ચિત્ત આવે છે.

(૮) જો પ્રમાણિક હોવા પર પણ ખોટો દુરાગ્રહ કરે, દોષ સ્વીકાર ન કરે, પ્રાયશ્ચિત્ત ન લે તો ગચ્છથી મુક્ત(અલગ) કરી દેવામાં આવે છે. આ પગલું સાધુને માટે સમજવું. સાધ્વીને ગચ્છથી અલગ કરવાની સ્થિતિ જિનશાસનના કોઈપણ પદવીધર ક્યારે ય કરતાં નથી અને એવો અધિકાર કોઈને કોઈ શાસ્ત્રમાં આપવામાં આવ્યો નથી. તેમજ એવું કોઈ દષ્ટાંત પણ આગમમાં મળતું નથી. એનાથી વિપરીત સેંકડો સાધ્વીઓનું પોતાની મેળે નીકળવાનું વર્ણન શાસ્ત્રોમાં મળે છે. (છતાં પણ આજના ગચ્છ પ્રમુખ બનેલા શ્રમણ, સાધ્વી માટે વિવેકથી નિર્ણય લેતા નથી તે ધ્યાન આપવા જેવી બાબત છે.)

**પ્રાયશ્ચિત્તની ન્યૂનાધિકતા :** પરિસ્થિતિવશ કારણથી લાગવાવાળા દોષ સ્થાનોના અને શિથિલતાથી લાગવાવાળા તે દોષ સ્થાનોનું પ્રાયશ્ચિત્ત અલગ-અલગ હોય છે, જેને નીચેની તાલિકાથી સમજીએ.

**પરિસ્થિતિ, કારણ વશનું પ્રાયશ્ચિત્ત :–**

| ક્રમ | પ્રાયશ્ચિત્ત નામ | જઘન્ય તપ | ઉત્કૃષ્ટ તપ |
|---|---|---|---|
| ૧ | લઘુમાસી | એક એકાસણું | સત્તાવીસ એકાસના |
| ૨ | ગુઢમાસી | એક | તીસ નિવી |
| ૩ | લઘુ ચૌમાસી | એક આયંબિલ | ૧૦૮ ઉપવાસ |
| ૪ | ગુઢ ચૌમાસી | એક ઉપવાસ | ૧૨૦ ઉપવાસ(પાંચ વર્ષમાં) |

**શિથિલાચાર, આસક્તિ આદિ દોષ ના પ્રાયશ્ચિત્ત :–**

| ક્રમ | પ્રાયશ્ચિત્ત નામ | જઘન્ય તપ | ઉત્કૃષ્ટ તપ |
|---|---|---|---|
| ૧. | લઘુમાસી | એક આયંબિલ | સત્તાવીસ આયંબિલ યા ઉપવાસ |
| ૨. | ગુઢમાસી | એક ઉપવાસ | તીસ આયંબિલ યા ઉપવાસ |
| ૩. | લઘુ ચૌમાસી | ચાર આયંબિલ | ૧૦૮ ઉપવાસ |
| ૪. | ગુઢ ચૌમાસી | ચાર ઉપવાસ | ૧૨૦ ઉપવાસ પાંચ વર્ષમાં અથવા ૪ માસનો દીક્ષા છેદ |

**નિશીથસૂત્રમાં ચાર વિભાજનની ગૂઢતા :** દોષોનું ચાર વિભાગમાં વિભાજન અપેક્ષા વિશેષથી સ્થૂલ દષ્ટિથી કરવામાં આવેલ છે. જેમ કે– (૧) મૂળગુણના દોષ, મૌલિક સ્થૂલ વિરાધના દોષ અને ગૃહસ્થની સેવા યુક્ત દોષ આ ગુઢમાં સમાવિષ્ટ થાય છે. (૨) ઉત્તરગુણના દોષ, સામાન્ય વિરાધનાના દોષ અને અને અલ્પ વિરાધનાવાળી ગૃહસ્થ સેવાના દોષ લઘુમાં સમાવિષ્ટ થાય છે. (૩) આ બંનેમાં પણ તુલનાત્મક દષ્ટિથી અલ્પ અને નાના દોષ માસિકમાં લીધા છે. અને (૪) મોટા અને વિશેષ દોષો ચૌમાસીમાં લીધા છે.

નિશીથ સૂત્રમાં આ ચાર પ્રકારનું વિભાજન ઘણું જ ગૂઢ અને અનેકાંતિક દષ્ટિથી છે. એના માટે એકાંત અને નિશ્ચયાત્મક રૂપથી કાંઈ કહી શકાતું નથી.એક થી ૧૯ ઉદ્દેશકોના વિષયોને જોવાથી, ચિંતન કરવાથી એવો આભાસ થાય છે.

(૧) મૂળ ગુણ, ભારી અને મોટા દોષ–ગુઢ ચૌમાસીમાં
(૨) મૂળગુણ અને નાના દોષ–ગુઢ માસિકમાં
(૩) ઉત્તરગુણના વિશાળ અને અધિક વિરાધના દોષ–લઘુ ચૌમાસીમાં
(૪) ઉત્તરગુણના અલ્પ, મૂળગુણના અત્યલ્પ દોષ–લઘુ માસિકમાં

એના સિવાય સમાચારી, વિનય, અપ્રમાદ, સેવા સંબંધી સામાન્ય ઉપેક્ષામાં પણ લઘુમાસી અથવા લઘુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે. વિશેષ પ્રમાદ, વિશેષ સમાચારી ભંગ, વિશેષ અવિનય અશાતના આદિનું ગુઢમાસી અથવા ગુઢ ચૌમાસી પ્રાયશ્ચિત્ત હોય છે. આ સ્થૂલ અનુભવ અનાગ્રહ ભાવથી ધ્યાનમાં રાખવો જોઈએ. વિશેષ તો ૧૯ ઉદ્દેશકોમાં શાસ્ત્રકારે જે સંકલન આપ્યું છે, તેને તેવી અપેક્ષાથી સમજવાનો પૂર્ણ પ્રયત્ન કરવો જોઈએ.

**દેવસિક પ્રાયશ્ચિત્ત :** (૧) દેવસિય પ્રતિક્રમણમાં અતિચારોનું જે મિચ્છામિ દુક્કડં દેવામાં આવે છે, તેમાં ભૂલથી કોઈ દોષ પ્રવૃતિરૂપના રહી ગયા હોય તેનો





એક ઉપવાસ (૨) કોઈપણ વસ્તુ રાખતાં-ઉઠાવતાં કાયાથી પ્રવૃતિ કરતાં દિવસ ભરમાં જે અયતના થઈ હોય તેનો એક ઉપવાસ (૩) પ્રતિલેખન પ્રમાર્જનમાં વિવેક રહ્યો ન હોય અથવા તો અવિવેક થયો હોય તેનો એક ઉપવાસ (૪) બાદર પાંચ સ્થાવરની સહસા વિરાધના થઈ હોય તો એક-એક ઉપવાસ (૫) અનંતકાય અથવા સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી વિરાધના થઈ હોય તો એક છટ્ઠ.

વરસાદના ગંદા પાણીમાં ચાલવું પડ્યું હોય તો એક ઉપવાસ. સ્વચ્છ પાણીમાં ચાલવું પડ્યું હોય તો એક ઉપવાસ, લીલફુગવાળા પાણીમાં ચાલવું પડે તો છટ્ઠનું પ્રાયશ્ચિત્ત લેવું. આ બે,ચાર,દશ કદમનું પ્રાયશ્ચિત્ત સમજવું. ૪૦,૫૦ પગલા ચાલવું પડે તો ઉપવાસની જગ્યાએ ૪ ઉપવાસ અને ૪ ઉપવાસની જગ્યાએ છટ્ઠ અને છટ્ઠની જગ્યાએ અટ્ઠમનું પ્રાયશ્ચિત્ત લેવું.

વધારે લાંબા સમય સુધી દોષ ચાલું રહેતાં અથવા વિરાધનાની માત્રામાં વૃદ્ધિ થતાં દસમભત્ત દુવાલસભત્ત= ચોલા-પંચોલા તપ કે ૩૦,૪૦,૫૦ ઉપવાસ સુધીની વૃદ્ધિ થાય છે.

વિરાધનાની સાથે ગૃહસ્થ સેવા, ડૉકટર સેવા, આવાગમન, ઓપરેશન આદિ ભેગા થવા પર અને વધુ સમય દોષ ચાલુ રહેતાં ૧૨૦ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવે છે. આ દોષોની સીમા વ્યવહારથી કંઈક આગળ વધતાં અથવા વાહન પ્રયોગ આદિ દોષ સંલગ્ન થતાં ઉત્કૃષ્ટ છમાસી (૧૮૦ ઉપવાસ) નું પ્રાયશ્ચિત્ત પણ આવે છે.

**યોગ્ય પ્રાયશ્ચિત્તના દાતા :** જઘન્યથી ઉત્કૃષ્ટની વચ્ચેના પ્રાયશ્ચિત્તમાં તપ સંખ્યા વધારવાનું સમાચારીથી અથવા બહુશ્રુતની આજ્ઞા અનુભવથી થાય છે. પ્રાયશ્ચિત્ત દાતાનો અનુભવ પ્રાયશ્ચિત્ત દેતાં, સાંભળતાં તેમજ ઔત્પાતિકી બુદ્ધિ આદિથી ચિંતન કરતાં વધતું જાય છે. ત્યાર પછી તે પ્રાયશ્ચિત્ત તપનો સાચો નિર્ણય કરનારા બની જાય છે. બહુશ્રુત અને યોગ્યતા સંપન્ન દ્વારા નિષ્પક્ષ બુદ્ધિથી સમસ્ત મધ્યમ તપ પ્રાયશ્ચિત્ત વિધાનનો નિર્ણય થાય છે. આ અધિકાર, યોગ્યતા સ્વતઃ અભ્યાસ ચિંતન અનુભવથી પ્રાપ્ત થાય છે. અને ગુઢગમથી શ્રવણ, ધારણ, પ્રશ્ન, વાર્તાથી પ્રાપ્ત થાય છે. પ્રાયશ્ચિત્ત નિર્ણાયક થવા માટે સ્વયંની યોગ્યતા વધારાવનો એક સુગમ માર્ગ છે કે છેદસૂત્રોની વ્યાખ્યાઓ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકાઓનું વારંવાર અધ્યયન મનન ચિંતન કરવું.

**દીક્ષા છેદ પ્રાયશ્ચિત્તનું વિધાન :** તપ પ્રાયશ્ચિત્ત ઉત્કૃષ્ટ ૧૮૦ ઉપવાસ સુધી

હોય છે. તેની આગળ દીક્ષા છેદનું પ્રાયશ્ચિત્ત આવે છે. તેમાં દીક્ષાપર્યાય ઓછી થઈ જાય છે. (૧) દોષોની સ્થિતિમાં અત્યધિક લોકાપવાદ લોકનિંદા હોય, દોષ સેવન કરનારના પરિણામ સંયમ શિથિલતાના અને સ્વચ્છંદતાના હોય તો છેદ પ્રાયશ્ચિત્ત આવે છે. (૨) મૂળગુણના દોષોનું વારંવાર સેવન કરવાથી અથવા અત્યધિક લાંબા સમય સુધી દોષ સેવન કરવાથી (૩) અકારણ અપવાદ સેવન કરવાથી (૪) મૂળગુણના દોષ સેવનથી વધારે લોક અપવાદ થવાથી (૫) અનુશાસનનો અત્યધિક ભંગ કરવાથી (૬) સ્વચ્છંદતા અથવા સ્વચ્છંદ પ્રરૂપણા કરવાથી (૯) આચાર્ય આદિની અત્યધિક અવગણના કરવાથી ઈત્યાદિ બધી પરિસ્થિતિઓમાં પ્રાયશ્ચિત્ત દાતાને ઉચિત પ્રતીત થાય તો છેદ પ્રાયશ્ચિત્ત આપી શકાય છે.

## દશા શ્રુતસ્કંધ ૨૫

દશા-કપ્પ-વ્યવહાર આ ત્રણ છેદસૂત્રોની રચના ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીએ કરી હતી. તેમાં આ દશાશ્રુતસ્કંધ પ્રથમ સૂત્ર છે. ત્યાર પછી અજ્ઞાત કાળમાં અથવા તો દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં નિશીથનું આચારાંગથી અલગ સંપાદન થયું હોવાનું માનવું ઉચિત છે. ત્યારથી નિશીથસૂત્રને ત્રણ છેદ સૂત્રોની સાથે ગણવાથી તેનો પ્રથમ નંબર છે. કારણ કે તે ગણધર રચિતનું માત્ર વિભાગીકરણ છે. તેથી ચાર છેદસૂત્રની માન્યતા થઈ જવા પર દશાશ્રુત સ્કંધ સૂત્રનો બીજો નંબર થઈ જાય છે. ત્રીજું 'કપ્પ' સૂત્ર આગળ જઈને બૃહત્કલ્પસૂત્ર કહેવામાં આવ્યું છે. ત્યારે ચોથું છેદસૂત્ર વ્યવહારસૂત્ર છે. આ ક્રમ આગમ પદ્ધતિના ચિંતનથી આપવામાં આવ્યો છે. તો પણ ઊંડા ઉતર્યા વિના પ્રવાહ માત્રથી કોઈ પહેલાં અથવા પછી બોલી દે અથવા લખી દે તો કોઈ દોષનો આક્ષેપ લગાવી શકાતો નથી. કારણ કે ક્રમનો આક્ષેપ મહત્ત્વ પૂર્ણ નથી. તે વિષય તો ઊંડા અનુભવનો પ્રતીક માત્ર છે.

**નામ વિચારણા :** આ સૂત્રના વિવિધ નામ ઉપલબ્ધ છે– (૧) દશા(વ્યવહાર સૂત્રમાં) (૨) આયર દશા(સ્થાનાંગ-સમવાયાંગમાં) (૩) દશાશ્રુતસ્કંધ આ નામ નંદીસૂત્રની રચના પછી ક્યારેક પ્રચલિત થયું છે. નંદીની આગમ સૂચીમાં **દશાઓ** આટલું જ નામ છે. નંદીની રચના પછી નિયુર્ક્તિકારના સમય સુધી **દશા** નામ પ્રચલિત રહ્યું છે અર્થાત્ તેઓએ પણ નિયુર્ક્તિની પ્રથમ ગાથામાં **દસાસુ કપ્પે ય વવહારે** પ્રયોગ કર્યો છે.





દશાશ્રુતસ્કંધનો અર્થ છે– દશ અધ્યયનોનો સ્કંધ–સમૂહ રૂપ શાસ્ત્ર, આ શાસ્ત્ર એક શ્રુતસ્કંધ રૂપ મુખ્ય વિભાગ છે અને દશ એના અધ્યયન રૂપ વિભાગ છે એને **દશા** કહેવામાં આવી છે. **આચારદશા** પણ સ્થાનાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે. તો તેમાં આચાર સંબંધી દશાઓનું અવસ્થાઓનું એટલે કે જેમાં દોષ યુક્ત અને વિશિષ્ટ ગુણ યુક્ત બંને પ્રકારની અવસ્થાઓનું અર્થાત આચારની મુખ્યતાવાળો સંદેશ છે. તેથી એનું **આચારદશા** નામ પણ સ્થાનાંગ કથિત ઉપયુક્ત જ છે. આટલું બધું હોવા છતાં પણ વર્તમાનમાં આપણા ૩ર આગમોમાં પૂર્વાચાર્યોએ આનું નામ દશાશ્રુતસ્કંધ સ્થિર કર્યું છે અને એવું બોલવાની જ આપણી સ્પષ્ટ પરંપરા ચાલી રહી છે.

**વિભાગ અને વિષય :** આ શાસ્ત્રના દસ અધ્યાય છે. તેના નામ પહેલી દશા, બીજી દશા, ત્રીજી દશા આમ યાવત્ દશમી દશા એવા નામ પ્રચલિત છે.

આ દશ દશાઓમાં (૧) ૨૦ અસમાધિ સ્થાન (૨) ૨૧ સબલ દોષ (૩) ૩૩ આશાતના (૪) આચાર્યની આઠ સંપદા, ચાર કર્તવ્ય અને શિષ્યના ચાર કર્તવ્ય (૫) ચિત્ત સમાધિના ૧૦ બોલ (૬) શ્રાવકની ૧૧ પડિમા (૭) સાધુની ૧૨ પડિમા (૮) ચાતુર્માસ સંબંધી વિશિષ્ટ કલ્પ મર્યાદાઓ(આ દશાના સાચા સ્વરૂપને સ્વાર્થી અને સ્વચ્છંદવૃત્તિના અતિ હોશિયાર લોકોએ વિકૃત કરી નાખી છે.) એટલે મૂ.પૂજકોએ મનમાની આગમ છેડછાડ કરી છે. (૯) મહામોહ કર્મબંધના ૩૦ બોલ. (૧૦) શ્રેણિક–ચેલણાના પ્રાસંગિક કથનની સાથે નવ નિયાણાનું વર્ણન અને દશમું અનિદાન સ્વરૂપ.

**રચના વ્યાખ્યા :** આ સૂત્ર ૧૪ પૂર્વી આચાર્ય ભદ્રબાહુ દ્વારા રચિત છે. જે નિર્વિવાદ સર્વસંમત છે. એની વ્યાખ્યા પદ્યમય દેવર્ધિગણિ પછી થયેલા બીજા ભદ્રબાહુ સ્વામીએ કરી છે. જેનું નામ નિર્યુક્તિ વ્યાખ્યા રાખવામાં આવ્યું છે. તેના પછી આગલી શતાબ્દિમાં ભાષ્યોની રચના પદ્યમય પ્રાકૃત ભાષામાં નિર્યુક્તિના આધારે જ કરવામાં આવી છે. તેની આગલી શતાબ્દિમાં આ સૂત્રના નિર્યુક્તિ ભાષ્યના આધારે ચૂર્ણિ વ્યાખ્યા કરવામાં આવી. જે પ્રાકૃત ગદ્યમય શૈલીમાં છે. તે પ્રાચીનતમ વ્યાખ્યા ચૂર્ણિ આજે ભાષ્ય, નિર્યુક્તિ ગાથાઓની સાથે પ્રકાશિત મળે છે.

ભાષ્યકાર અને નિર્યુક્તિકાર બંનેએ એક સરખી પદ્યમય વ્યાખ્યા પદ્ધતિ અપનાવી હતી. તે બંને વ્યાખ્યા સેંકડો વર્ષોનો લેખનકાળ પસાર થતાં આજે પૂર્ણ સ્વતંત્ર જુદી-જુદી રહી નથી અર્થાત્ ભાષ્ય અને નિર્યુક્તિની અનેક ગાથાઓ એકબીજામાં મળી ગયેલ છે. તેનું સ્પષ્ટ જુદા પણું નિશ્ચિત કરવું આજ અશક્ય

જેવું થઈ ગયું છે. તેથી તે વ્યાખ્યાઓને સમાન રૂપથી પ્રમાણિક માનીએ તો પણ કોઈ પ્રકારે વાંધો આવતો નથી.

વર્તમાનમાં આ શાસ્ત્ર હિન્દી-ગુજરાતી વિવેચનની સાથે ઉપલબ્ધ થાય છે. ક્યાંકથી માત્ર મૂળપાઠ રૂપમાં પણ પ્રકાશિત મળે છે. ટીકા ટબ્બા વિશિષ્ટ પદ વ્યાખ્યા રૂપમાં પણ જુદા જુદા સ્થળોથી પ્રકાશિત થયેલ છે. સ્થાનકવાસી સમાજમાં છેદસૂત્ર કંઠસ્થ કરવાની વિશેષ પ્રણાલી હોવાથી મૂળપાઠ પોકેટ બુકના રૂપમાં પણ પ્રકાશિત થયેલ છે. અંતમાં બ્યાવરથી મધુકરમુનિનું અને સુધર્મ પ્રચાર મંડળનું હિન્દીમાં તથા રાજકોટથી ગુઢપ્રાણ ફાઉન્ડેશનનું ગુજરાતી વિવેચન સ્પષ્ટીકરણ સહિત પ્રકાશિત ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. એ આ સૂત્રની વ્યાખ્યા સંસ્કૃત ટીકા રૂપમાં કરી છે, અનુવાદ કર્યો નથી. ૩૨ આગમોના સારાંશ અને પ્રશ્નોત્તર અભિયાનમાં પણ આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા હિન્દી-ગુજરાતી બંને આવૃત્તિઓમાં તૈયાર કરી આ શાસ્ત્રને યથાશકય પ્રચારિત પ્રસારિત કરવામાં આવ્યું છે.

વર્તમાનમાં આ શાસ્ત્ર નાની નાની એક એક વિષયવાળી ૧૦ દશાઓ વાળું છે. મોટી દશાઓ ઉપાસક, જ્ઞાતા આદિમાં છે, એવો નિર્દેશ નિર્યુક્તિકારે નિર્યુક્તિની પાંચમી ગાથામાં કર્યો છે. તેથી વર્તમાનમાં આ શાસ્ત્રનું પરિમાણ ૭૫૦ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે. આ સ્થાનકવાસી પરંપરા છે. જે શુદ્ધ અને તર્કસંગત છે. મંદિરમાર્ગી સમાજે ખોટા ઈતિહાસના ચક્કરમાં આવીને ૭૫૦ શ્લોક પ્રમાણ સંખ્યાને વિકૃત બનાવીને અધિક માનવાની એટલે કે ૨૧૦૦ શ્લોક માનવાની પ્રથા બનાવી લીધી છે. જેનું સ્પષ્ટીકરણ આ પુસ્તકમાં અન્ય આગમના પરિચયમાં કેરલ છે. આ સૂત્ર પર ગણિવર્ય મણીવિજય ગ્રંથમાળા ભાવનગરથી ચૂર્ણિ વ્યાખ્યા વિ.સં. ૨૦૧૧માં પ્રકાશિત થઈ છે.

## બૃહત્કલ્પ સૂત્ર ૨૬

આ સૂત્ર આગમમાં 'કપ્પો' 'કપ્પ' શબ્દથી પ્રચલિત છે. જેનો અર્થ કલ્પસૂત્ર થાય છે. આ ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામીએ બનાવેલું બીજું છેદશાસ્ત્ર છે. નંદીસૂત્રમાં પણ આનો પરિચય 'કપ્પો' શબ્દથી જ આગમ સૂચિમાં કાલિક સૂત્રોમાં આપવામાં આવેલ છે. પરંતુ નંદીમાં ઉત્કાલિક સૂત્રની સૂચિમાં **ચુલ્લકલ્પ સૂત્ર અને મહાકલ્પસૂત્ર** નામના બે સૂત્ર વધારે છે. આવી રીતે નંદીના કાલિક-ઉત્કાલિકમાં 'કલ્પ' સામ્યતાવાળા ત્રણ સૂત્ર થઈ જાય છે– કપ્પો, ચુલ્લકપ્પસુયં,





મહાકપ્પસુયં, એક સૂત્ર એવું જ સરખું અને ઉત્કાલિક સૂત્રમાં છે, જેમ કે કપ્પા-કપ્પિયે(કલ્પ્યાકલ્પ્ય સૂત્ર) આમ ઉત્કાલિકમાં ત્રણ અને કાલિકમાં એક કુલ ચાર સૂત્ર કલ્પ નામની સમાનતાવાળા છે. તો પણ કાલિકનું **કપ્પો** પોતે પોતાનામાં પૂર્ણ સ્વતંત્ર છે. કારણ કે ઉત્કાલિક ત્રણેયની સાથે મહા કે ચુલ્લ આદિ અધિક શબ્દ લાગેલા છે. આવી રીતે નંદીમાં ચાર નામ સમાનતાની નજીક હોવા છતાં પણ નંદી કર્તાએ પ્રસ્તુત છેદસૂત્રને **કપ્પો** નામથી જ કાલિકસૂત્રની સૂચિમાં કહ્યું છે. જેનાથી એની સ્વતંત્રતા જળવાઈ રહી છે. કારણ કે શેષ ત્રણ સમાન હોવા છતાં પણ ઉત્કાલિક છે અને ઉચ્ચારણમાં ભિન્નતા પણ છે.

તેથી નંદી રચના સુધી પ્રસ્તુત સૂત્રનું નામ કલ્પસૂત્ર જ રહ્યું છે એમાં કોઈ શંકા નથી. આગળ ભાષ્ય ચૂર્ણિ ટીકા વ્યાખ્યા કાળમાં પણ આ શાસ્ત્રને માટે **કપ્પો** શબ્દ સૂચિત કરવામાં આવ્યો છે. તેથી વિક્રમની ૧૨મી શતાબ્દિ સુધી પણ તેનું નામ કલ્પસૂત્ર રહ્યું છે. આ ટીકા વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે.

૧૨મી,૧૩મી શતાબ્દિ પછી જ્યારે દેરાવાસી લોકોએ ચુલ્લકલ્પસૂત્ર અને મહાકલ્પસૂત્ર તથા દશાશ્રુતસ્કંધનું ૮મું અધયયન **કપ્પો** જેનું નામ છે. તે ત્રણેયને સાથે જોડીને એક નવું પયુર્ષણાકલ્પ સૂત્ર, જે પયુર્ષણમાં આમ જનતાને સંભળાવવાના ઉદ્દેશ્યથી બનાવ્યું અને તે કલ્પસૂત્ર, પર્યુષણા કલ્પસૂત્ર આદિ કહેવાવા લાગ્યું ત્યારે અજ્ઞાત બહુશ્રુતોએ આ પ્રાચીન આગમ સંમત કપ્પો (કલ્પસૂત્ર) નામવાળા શાસ્ત્રને નવું નામ બૃહત્કલ્પસૂત્ર પ્રચલિત કરી દીધું છે. જે નામ આજે લગભગ ૭૦૦ વર્ષ પ્રાચીન તો છે જ. આ પ્રકારે કુલ પાંચ સૂત્ર એવા છે, જેના નામમાં કલ્પ શબ્દ છે. દેરાવાસીનું બનાવેલું પર્યુષણા કલ્પ સૂત્રનું નામ નંદી સૂચિમાં પણ નથી અને ૩૨ તથા ૪૫ આગમની સંખ્યામાં પણ તેનું નામ નથી. તોપણ ખોટું મહત્ત્વ દેખાડવાને માટે તે લોકો તેને ભદ્રબાહુ ૧૪ પૂર્વીનું બનાવેલું અને દશાશ્રુત સ્કંધનું અધ્યયન કહીને સંતોષ માને છે. પરંતુ નંદીના ૭૩ તથા પરંપરા માન્ય ૪૫–૩૨ આગમની સૂચિમાં તેનું નામ બતાવી શકતા નથી. હમણાં હમણાં ૮૪ આગમની ગણતરીમાં ૪૬ મા આગમનું નામ પર્યુષણ કલ્પસૂત્ર લખવામાં આવ્યું છે.

નિયુર્ક્તિકાર ભદ્રબાહુ સ્વામી પોતાની નિર્યુક્તિગાથા પાંચમીમાં લખે છે કે દશાશ્રુતસ્કંધમાં ૧૦ નાની નાની દશાઓ છે. જેમાં પ્રાયઃ એકેક વિષય છે. દેરાવાસીઓએ બનાવેલ કલ્પસૂત્ર (જેને ૮ મી દશા કહેવામાં આવે છે.) તો અનેક વિષય ચર્ચાઓનો ભંડાર છે. અને ૧૨૦૦ શ્લોક પ્રમાણ એકલું જ છે. તો જેને

નિયુર્ક્તિકાર નાની નાની દશાઓ કહે છે તેમાં આ લોકો ૧૨૦૦ શ્લોક પ્રમાણ પર્યુષણા કલ્પસૂત્રને(ઘુડાસીને) દાખલ કરીને સંતોષ માને છે. અને ખોટી પ્રરૂપણા કરે છે કે પર્યુષણા કલ્પસૂત્ર ૧૨૦૦ શ્લોક પ્રમાણ સંપૂર્ણ ૧૪ પૂર્વી ભદ્રબાહુની રચના છે. માટે આ પ્રમાણિક શાસ્ત્ર છે. જોકે તેમાં અનેક અર્થહીન અને તર્કહીન વાતો છે જે ભદ્રબાહુ સ્વામીને અને તેની રચના તથા યોગ્યતાને પણ બદનામ કરે તેવી છે. તો પણ અંધભક્તિથી સંપૂર્ણ દેરાવાસી સમાજ એકમતથી એવી ખોટી માન્યતા અને પ્રરૂપણામાં ફસાઈને રહે છે. જેની દેખાદેખીમાં કેટલાક ભોળા સ્થાનકવાસી પણ તેની અંધશ્રદ્ધામાં વહી જાય છે. ટૂંકમાં આપણા પ્રસ્તુત કલ્પસૂત્રને બૃહત્કલ્પ સૂત્ર નામકરણ કરવામાં પ્રાચીનતમ તથ્યનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જેથી પાઠક સાચી વાત સમજી શકશે.

**વિષય વિભાગ :** બૃહત્કલ્પ સૂત્રના ૬ ઉદ્દેશક છે. પ્રત્યેક ઉદ્દેશકમાં અલગ અલગ સંખ્યામાં સૂત્ર છે. આ છેદસૂત્ર છે જેમાં છેદોપસ્થાપનીય ચારિત્રવાળાનું જ્ઞાન,દર્શન,ચારિત્ર સંબંધી કલ્પ્યાકલ્પનું અને ઉત્સર્ગ-અપવાદ પરિસ્થિતિના નિયમોપનિયમ મર્યાદાઓનું નિરૂપણ છે.

**બૃહત્કલ્પ-વ્યવહાર સૂત્રનો ઐતિહાસિક પરિચય :** આ સૂત્રદ્વયના રચનાકાર (નિર્યૂહણ કરવાવાળા) આચાર્ય ભદ્રબાહુ સ્વામી છે, જે ૧૪ પૂર્વધારી થયા છે. આ સૂત્રોના નિર્યુક્તિકાર બીજા ભદ્રબાહુસ્વામી વરાહમિહિરના ભાઈ વીરનિર્વાણની ૧૧મી સદીમાં અર્થાત્ વિક્રમની ૬ઠ્ઠી સદી(૫૬૨) માં થયા છે. ભાષ્યકાર આચાર્ય સિદ્ધસેનગણિ થયા છે. જે ભાષ્યકાર જિન ભદ્રગણિના નજીકના જ સંબંધી અર્થાત્ શિષ્ય આદિ હતા. આ સૂત્રો પર આચાર્ય મલયગિરિ દ્વારા કરવામાં આવેલી **ટીકા** નામની વ્યાખ્યા છે. બૃહત્કલ્પ સૂત્ર પર શ્રી મલયગિરિની ટીકા અપૂર્ણ છે. જેને આચાર્યશ્રી ક્ષેમકીર્તિએ ઘણી યોગ્યતાની સાથે પૂર્ણ કરી છે. એની નિર્યુક્તિ અને ભાષ્યકારનો સમય નિશીથસૂત્રની સમાન જાણવો. બંને ટીકાકારોનો સમય વિક્રમની ૧૨મી શતાબ્દિનો છે. બૃહત્કલ્પ સૂત્રનું પ્રાચીન નામ સૂત્રોમાં અને ગ્રંથોને **કપ્પ સુત્ત** છે. બૃહત્કલ્પ ભાષ્ય ટીકાનું પ્રકાશન ભાવનગરથી થયું છે. જેનું સંપાદન કાર્ય મુનિશ્રી ચતરુવિજયજી અને શ્રી પુણ્યવિજયજી ગુઢશિષ્યએ કર્યું છે. વ્યવહાર ભાષ્ય ટીકાનું પ્રકાશન અમદાવાદથી થયું છે. જેનું સંપાદન મુનિ શ્રી માણેક મુનિએ કર્યું છે. આ ચારેય છેદસૂત્રનું હિન્દી વિવેચન યુક્ત પ્રકાશન આગમ પ્રકાશ સમિતિ, બ્યાવરથી થયું છે. તેની





પહેલાં આજ સુધી આ છેદસત્રોના હિન્દી વિવેચનનું પ્રકાશન ક્યાંયથી પણ કરવામાં આવ્યું નથી.

**પરિચય તાલિકા ::**

| સૂત્ર | સૂત્ર કર્તા | નિર્યુક્તિ કર્તા | નિર્યુક્તિ કર્તા નો સમય |
|---|---|---|---|
| નિશીથ સૂત્ર | ગણધર સુધર્મા (આચારાંગનું અધ્યયન હોવાથી) | દ્વિતીય ભદ્રબાહુ (વરાહ મિહિરના ભાઈ) | દેવર્ધિગણી પછી વીર નિર્વાણની ૧૧ મી શતાબ્દિ. વિક્રમની ૬ઠ્ઠી શતાબ્દિ (૫૬૨) |
| ત્રણ છેદ સૂત્ર | ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામી | દ્વિતીય ભદ્રબાહુ (વરાહ મિહિરના ભાઈ) | |

| સૂત્ર | ભાષ્યકર્તા | ભાષ્ય કર્તાનો કાળ |
|---|---|---|
| નિશીથ સૂત્ર | આચાર્ય સિદ્ધસેન ગણિ | વિક્રમની સાતમી શતાબ્દિ |
| બૃહત્કલ્પ સૂત્ર | આચાર્ય સિદ્ધસેન ગણિ | વીર નિર્વાણની બારમી શતાબ્દિ |
| વ્યવહાર સૂત્ર | આચાર્ય સિદ્ધસેન ગણિ | |

| સૂત્ર | ચૂર્ણિકર્તા | ચૂર્ણિકર્તા નો કાલ |
|---|---|---|
| નિશીથ સૂત્ર | જિનદાસ ગણિ મહત્તર | વિક્રમ કી આઠમી શતાબ્દિ |
| દશાશ્રુતસ્કંધ સૂત્ર | જિનદાસ ગણિ મહત્તર | વીર નિર્વાણની ૧૩ મી શતાબ્દિ |

| સૂત્ર | ટીકા કર્તા | ટીકા કર્તા નો સમય |
|---|---|---|
| બૃહત્કલ્પ સૂત્ર | આચાર્ય મલયગિરી અને આચાર્ય ક્ષેમકીર્તિ | વિક્રમની તેરમી શતાબ્દિ |
| વ્યવહાર સૂત્ર | મલયગિરિ આચાર્ય | વિક્રમની તેરમી શતાબ્દિ |

આ સૂત્રનું પરિમાણ ૪૭૩ શ્લોક પ્રમાણ છે. અર્થાત્ આ કદમાં ઘણું નાનું સૂત્ર છે. તથા ભાવ અને વિવેચનમાં અત્યંત વિશાળ શાસ્ત્ર છે. જેની પ્રકાશિત ટીકાના ૬ ભાગ લગભગ ૩૦૦૦ પાનામાં છે. જે આગમ દિવાકર પ.પૂ. શ્રી પુણ્યવિજયજી મ.સા. દ્વારા સંપાદિત અને તેની પ્રેરણાથી પ્રકાશિત ઉપલબ્ધ છે. જેની પ્રસ્તાવના ભૂમિકા આદિમાં તેઓએ ઘણું જ મહત્ત્વપૂર્ણ ચિંતન પ્રસ્તુત કર્યું છે. જે ઈતિહાસના શોધાર્થી વિદ્યાર્થીઓને માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થાય છે વાસ્તવમાં તે છ એ ભાગ ઘણા જ મનનીય અને અધ્યયનીય છે.

જો કે છેદસૂત્ર અને તેનો અનુવાદ ગોપનીય માનવામાં આવ્યો છે. તો પણ પ્રકાશન યુગમાં ધૂલિયાથી અમોલકઋષિજી મ.સ. હિન્દીમાં, ગુજરાતથી જીવરાજ ઘેલાભાઈ શાહે ગુજરાતીમાં છેદસૂત્ર ૫૦ થી પણ વધારે વર્ષ પહેલાં છપાવેલ હતાં. આજે તો છેદસૂત્ર બ્યાવર અને રાજકોટથી પ્રકાશિત વિવેચન યુક્ત મળે છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત હિન્દી ગુજરાતી બંને ભાષાઓમાં સારાંશ અનેક ચર્ચાઓ, નિબંધોની સાથે પ્રકાશિત છે. પ્રશ્નોત્તર શૈલીમાં હિન્દી ગુજરાતી બંને ભાષાઓમાં ચારેય છેદસૂત્રો અનેક અનુભવ પૂર્ણ નિબંધો સાથે પ્રકાશિત છે.

## વ્યવહાર સૂત્ર ૨૭

ચાર છેદસૂત્રના ક્રમમાં આ અંતિમ ચોથું સૂત્ર છે. પ્રારંભમાં આમાં પ્રાયશ્ચિત્તના ઘણાખરા સૂત્ર નિશીથ ઉદ્દેશક ૨૦માંથી પુનરાવર્તન પામેલ છે. આગળ બધા વ્યવહાર સંબંધી અર્થાત્ સંઘ વ્યવસ્થા સંબંધી,સેવા-સ્વાધ્યાય આદિ સંબંધી, ઉત્સર્ગ અપવાદ સંબંધી, પ્રાયશ્ચિત્ત સંબંધી વિષયોનું નિરૂપણ છે. રચનાકાર અને વ્યાખ્યાકાર બૃહત્કલ્પની સમાન જ છે. એનું ટીકા યુક્ત પ્રકાશન અમદાવાદથી થયું છે. જો કે બૃહત્કલ્પનું પ્રકાશન ભાવનગરથી થયું છે.

હિન્દી વિવેચનમાં બ્યાવર મધુકર મુનિના સંપાદનનું **ત્રણ છેદસૂત્રાણિ** શ્રેષ્ઠ છે અને ગુજરાતીમાં ગુઢપ્રાણ ફાઉન્ડેશનથી પણ ન અતિ સંક્ષિપ્ત, ન અતિ વિસ્તૃત વિવેચન પ્રકાશિત થયું છે. સારાંશ પ્રાવધાનમાં આ ચારેય છેદસૂત્રમાં જુદી જુદી નાની પુસ્તકો પણ પ્રકાશિત થઈ છે. ગુજરાતીમાં પણ સારાંશ પ્રકાશિત થયો. પ્રશ્નોત્તર પ્રાવધાનમાં પણ આ ચારેય છેદસૂત્ર હિન્દી, ગુજરાતીમાં ભાગ–૯ના રૂપમાં પ્રકાશિત થયેલ છે.

આ વ્યવહારસૂત્ર પરિમાણથી અપેક્ષાએ ૮૩૫ શ્લોકનું માનવામાં આવ્યું છે. એના ૧૦ અધ્યયન છે, તેને ઉદ્દેશક કહેવામાં આવ્યા છે. સુધર્મ પ્રચાર મંડળ આદિ બીજી પણ અનેક જગ્યાએથી આ છેદ સૂત્ર, અર્થ, વિવેચન અને મૂળ રૂપમાં પ્રકાશિત થયેલ છે.

### ચાર મૂળ સૂત્રનો પરિચય :–

નંદીસૂત્રની આગમ સૂચિમાં અંગબાહ્ય સૂત્રોમાં આ સૂત્રોની ગણના છે. જેમાં એક સૂત્ર કાલિકમાં અને શેષ ત્રણ સૂત્ર ઉત્કાલિક ગણવામાં આવ્યા છે. તે ચાર સૂત્ર આ પ્રકારે છે– (૧) ઉત્તરાધ્યયન સૂત્ર (૨) દશવૈકાલિક સૂત્ર (૩) નંદીસૂત્ર (૪) અનુયોગ દ્વાર સૂત્ર. જેમાં ઉત્તરાધ્યયન સૂત્ર કાલિક સૂત્ર છે. દશવૈકાલિક, નંદી, અનુયોગ, ઉત્કાલિક સૂત્ર છે.



જૈન આગમ પરિચય

**આવશ્યક સૂત્રની વિશેષતા :** આવશ્યક સૂત્ર નોકાલિક નોઉત્કાલિક, અંગ બાહ્ય શાસ્ત્ર કહેવામાં આવ્યું છે. એટલે જેને વાંચવા-બોલવા માટે સમયનું કોઈ બંધન હોતું નથી, સજજાય-અસજ્જાયના નિયમ લાગુ પડતા નથી. જે ગણધર રચિત હોવા છતાં પણ ૨૪ કલાકમાં ગમે ત્યારે બોલી શકાય છે. સાધુ-સાધ્વીને માટે આ યથાસમય પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોય છે. માટે એને આવશ્યક સૂત્ર નામ આપવામાં આવ્યું છે.

**મૂલ સૂત્ર નામ :** જિનશાસનનો વીતરાગ ધર્મ વિનયમૂલ ધર્મ છે, એવું ભગવતી સૂત્રમાં કહેવામાં આવ્યું છે. પ્રસ્તુત આ ચારેય સૂત્રોમાં વિનયમૂલ ધર્મને પ્રધાનતા આપવામાં આવેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રથમ અધ્યયન જ વિનયનું છે. દશવૈકાલિક સૂત્રના પ્રારંભમાં ધર્મી વ્યક્તિને નમસ્કરણીય કહ્યા છે અને નંદીસૂત્રમાં વિનય મૂલક સ્તુતિ પ્રારંભમાં છે. અનુયોગ દ્વાર સૂત્રમાં વિનય મૂલક જ્ઞાનનું પ્રથમ કથન છે.

આ પ્રકારે ચારેય સૂત્રોમાં મૌલિક ગુણ વિનય–જ્ઞાનની મુખ્યતાથી વર્ણન પ્રારંભ થયો છે. આગમોમાં આ સૂત્રોને ક્યાંય પણ મૂળસૂત્ર કહ્યું નથી પરંતુ પોતાના ગુણ અને મહત્તાથી આ શાસ્ત્રો અજ્ઞાતકાલથી મૂલસૂત્રના નામથી પ્રસિદ્ધ છે અને તે વાત સર્વસામાન્ય છે.

## ઉત્તરાધ્યયન સૂત્ર ૨૮

આમાં શ્રેષ્ઠ શ્રેષ્ઠતમ ઉપદેશી, આચાર પ્રધાન, સંયમ પ્રધાન, વૈરાગ્ય પ્રધાન અને તત્ત્વપ્રધાન અધ્યયનો હોવાથી એનું નામ બહુશ્રુત આચાર્યોએ ઉત્તરાધ્યયન સૂત્ર રાખ્યું છે. આ શાસ્ત્રને જૈન જગતમાં ભગવાન મહાવીરની અંતિમવાણી માનવામાં આવી છે. જેનો મૌલિક આધાર આ છે કે આ અધ્યયનોનું પ્રાચીન નામ **મહાવીર ભાસિયાઈ** હતું. તેની સાથે અંતિમ દેશના શ્રદ્ધાથી જોડી દેવાથી ભગવાનની અંતિમવાણી અર્થાત્ મોક્ષ જતાં સમયે ફરમાવેલા અધ્યયન કહેવામાં આવ્યું.

**મૌલિક ઈતિહાસ :** વાસ્તવમાં પ્રશ્નવ્યાકરણ સૂત્ર ગણધર રચિત છે. તેમાં એક અધ્યાય ઋષિભાષિત, એક મહાવીર ભાષિત અને એક આચાર્ય ભાષિત પણ હતો તથા અનેક વિદ્યાઓ પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં હતી. દેવર્ધિગણી આચાર્યના

શાસ્ત્ર લેખન સમયમાં અનેક વિદ્યાઓને ભવિષ્યમાં હાનિકારક સમજીને કાઢવી ઉપયુકત સમજી અને અવશેષ પ્રશ્નવ્યાકરણ સૂત્રનું વિભાજીકરણ થઈ ગયું.

ઠાણાંગ, સમવાયાંગ, નંદી આ ત્રણ સૂત્રોમાં જૂના પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પરિચય મળે છે. તે અનુસાર મહાવીર ભાષિત અને ઋષિભાષિત અધ્યયન તેમાં હતાં. તેને સ્વતંત્ર સૂત્રરૂપે નામ આપી નંદીમાં પણ નામ રાખવામાં આવ્યું છે. ઋષિભાષિતના ૪૫ અધ્યાય હતાં. તે પણ આજે ઉપલબ્ધ છે અને મહાવીર ભાષિતના ૩૬ અધ્યાય હતાં તે આજ ઉત્તરાધ્યયનના નામથી ઉપલબ્ધ છે. તેથી આજનું આપણું ઉત્તરાધ્યયન સૂત્ર ગણધર રચિત આગમમાંથી ઉદ્ધૃત સૂત્ર છે. માટે તેને નંદીમાં કાલિક સૂત્રની સૂચિમાં કહેવામાં આવ્યું છે.

**અંતિમ દેશનાનો ખુલાસો :** સમવાયાંગ સૂત્રમાં એવો પાઠ ઉપલબ્ધ છે કે ભગવાન અંતિમ સમયમાં ૫૫ સુખવિપાકના અને ૫૫ દુઃખવિપાકના અધ્યયનોનું નિરૂપણ કરીને સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા. છત્રીસમા સમવાયમાં ઉત્તરાધ્યયનસૂત્રનાં ૩૬ અધ્યયનોનાં નામ ગણાવવામાં આવ્યા છે. મોક્ષ જતાં સમયે ફરમાવવાનું ત્યાં કોઈપણ કથન નથી. ગ્રંથો, વ્યાખ્યાઓમાં એવું વર્ણન આવે છે કે ભગવાને મોક્ષ જતાં સમયે છત્રીસ અધ્યયન ફરમાવ્યા અને સાડત્રીસમાં અધ્યયનની શરૂઆત કરતાં જ મોક્ષ પધાર્યા પરંતુ ઉક્ત આગમ પ્રમાણ જોતા આ ગ્રંથકારોની અસત્કલ્પના પ્રતીત થાય છે.

**વ્યાખ્યા સાહિત્ય :** સર્વપ્રથમ આ સૂત્ર પર આચાર્ય ભદ્રબાહુ સ્વામી(બીજા) એ નિર્યુક્તિ વ્યાખ્યા કરી છે. તેના પછી નિર્યુક્તિ પર ભાષ્ય વ્યાખ્યાની રચના પણ થઈ પરંતુ બંને વ્યાખ્યા પ્રાકૃત પદ્યમય હોવાથી આજ તે વ્યાખ્યા નિર્યુક્તિના નામથી જ ઉપલબ્ધ છે. ત્યાર પછી પ્રાકૃત ચૂર્ણિ, સંસ્કૃત ટીકા, અવચૂરી આદિ અનેક વ્યાખ્યાઓ આ સૂત્ર પર બનાવવામાં આવી છે. પરંતુ પ્રાચીન ટીકામાં શાંત્યાચાર્ય વૃત્તિ પ્રસિદ્ધ રૂપમાં ઉપલબ્ધ છે. તે પછી પણ અનેક આચાર્યો, વિદ્વાનોએ આ સૂત્ર પર સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વ્યાખ્યાઓ, અનુવાદ, વિવેચન સંપાદિત કર્યા છે. જે આજે અનેક રૂપમાં છપાયેલા ઉપલબ્ધ છે.

સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલકઋષિજીનું આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્યશ્રી મધુકરમુનિ મ.સા.નું ગુજરાતથી શ્રી ગુઢ પ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું. ઉત્તરાધ્યયન સૂત્ર મુખ્ય રૂપથી પ્રસિદ્ધિ પ્રાપ્ત છે. આગમ મનીષી શ્રી ત્રિલોક મુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર હિન્દી





તથા ગુજરાતી સરલ ભાષામાં પ્રકાશિત છે. આ બહુ પ્રચલિત શાસ્ત્ર છે. અનેક સાધુ-સાધ્વીજી આને કંઠસ્થ કરીને સદા સ્વાધ્યાય કરે છે. આ રસપ્રદ, રોચક અને ભાવભર્યું શાસ્ત્ર છે. પ્રવચનમાં પણ સાધુ-સાધ્વી આ શાસ્ત્રનો ઘણો ઉપયોગ કરે છે અને આમ પણ આ શાસ્ત્ર વિવિધ પ્રકારના ઉપદેશોથી ભરેલું સૂત્ર છે. ૩૬ એના અધ્યયન છે. કુલ ૨૧૦૦ શ્લોક પ્રમાણ આ શાસ્ત્ર માનવામાં આવ્યું છે. સ્થૂલ રૂપમાં ૨૦૦૦ શ્લોક પ્રમાણ પણ કહેવાય છે. એના સ્વાધ્યાયથી એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ઉતરે છે, એવું માનવામાં આવે છે.

**વિષય પરિચય :** આના ૩૬ અધ્યયનોમાંથી ૧૩ અધ્યયન ધર્મ કથાત્મક છે. જેમ કે ૭,૮,૯૧૨,૧૩,૧૪,૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૫,૨૭ આઠ અધ્યયન ઉદપેશાત્મક છે. જેમ કે ૧,૩,૪,૫,૬,૧૦,૨૩,૩૨ આઠ અધ્યયન આચારાત્મક છે. જેમ કે ૨,૧૧,૧૫,૧૬,૧૭,૨૪,૨૬,૩૫ સાત સૈદ્ધાંતિક છે. જેમ કે– ૨૮,૨૯,૩૦,૩૧,૩૩,૩૪,૩૬. આ અધ્યયનોનો (૧૩+૮+૮+૭ =૩૬) સંક્ષિપ્ત પરિચય આ પ્રકારે છે–

**(૧) પ્રથમ અધ્યયન :** આ અધ્યયનનું નામ વિનયશ્રુત છે. ૧૨ પ્રકારના તપમાં વિનય આભ્યંતર તપ છે. ઔપપાતિક સૂત્રમાં વિનયના જ્ઞાન, દર્શન આદિ ૭ પ્રકાર કહ્યા છે. દશવૈકાલિક સૂત્રમાં વિનય સમાધિ ચાર પ્રકારની કહી છે. આ પ્રસ્તુત અધ્યયનમાં વિનયના અનેક રૂપોને લક્ષ્યમાં રાખીને જ વિષયનું સંકલન, સંપાદન કરવામાં આવ્યું છે.

**(૨) પરીષહ :** તપ સંયમનું પાલન કરતાં જે મન વચન અને કાયાના પ્રતિકૂળ પ્રસંગ ઉત્પન્ન થાય છે. અથવા સંયમના પ્રતિકૂળ પ્રસંગ ઉપસ્થિત થાય છે, તેને પરીષહ કહ્યા છે. પરીષહની તે પરિસ્થતિઓને ધૈર્યથી અને ઉત્સાહથી પાર કરી લેવી તથા સંયમ તપની મર્યાદાથી વિચલિત ન થવું. તો તે **પરીષહને જીતવું** કહેવાય છે. આ અધ્યયનમાં ભિક્ષુના ૨૨ પરીષહને બતાવીને તેને જીતવાની શિક્ષા આપવામાં આવી છે.

**(૩) ચાઉરંગીય :** સંસારની વિવિધ યોનિઓમાં ભવભ્રમણ કરતાં પ્રાણીઓને મોક્ષ પ્રાપ્ત કરવાના ચાર અંગોની દુર્લભતા સમજાવી છે–(૧) માનવભવ (૨) ધર્મશ્રવણ (૩) ધર્મ શ્રદ્ધા (૪) સંયમમાં પુરુષાર્થ.

**(૪) અસંસ્કૃત :** આ અધ્યયનમાં માનવ જીવનની ક્ષણભંગુરતા બતાવીને ત્યાગ, વૈરાગ્ય અને સંયમ આરાધનાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

**(૫) સકામ-અકામ કરણ :** આ અધ્યયનમાં બાલમરણ અને પંડિતમરણના વિષયમાં સમજાવતાં બતાવવામાં આવ્યું છે કે વિષયાસક્ત જીવોનું બાલમરણ થાય છે અને ધર્માચરણ કરવાવાળા શ્રમણ, શ્રમણોપાસકોમાં કેટલાકનું પંડિત મરણ થાય છે.

**(૬) ક્ષુલ્લક નિર્ગ્રંથીય :** આ અધ્યયનના પ્રારંભમાં અજ્ઞાનને દુઃખનું કારણ બતાવીને જ્ઞાનનું મહાત્મ દર્શાવ્યું છે. સાથે કોરૂ જ્ઞાન અર્થાત્ ક્રિયા વિનાનું જ્ઞાન પણ મુક્તિ આપાનર હોતું નથી, આ કહીને સંયમ-નિર્ગ્રંથ અવસ્થાનું મહત્ત્વ સિદ્ધ કર્યું છે.

**(૭) એલક : (ઉરભ્રીય) :** બકરાના દષ્ટાંત દ્વારા સંસારાસક્ત જીવોની દુર્દશાનું ચિત્રણ કરીને ધર્માચરણ કરનારા અનાસક્ત જીવોની શુભ અવસ્થા બતાવી છે.

**(૮) કાપિલીય :** સંયમ સંબંધી વિવિધ ઉપદેશ વચન કહીને અંતમાં કપિલ મુનિના ઉપદેશનો સંકેત છે. જેમાં સ્ત્રીઓ પ્રતિ વિશેષ વિરક્તિને સૂચિત કરી છે.

**(૯) નમિપ્રવજ્યા :** નમિરાજર્ષિની દીક્ષા તથા તે સંબંધી શકેન્દ્ર અને દીક્ષાર્થી નમિરાજનો સંવાદ પ્રસ્તુત કર્યો છે.

**(૧૦) દ્રુમપત્રક :** વૃક્ષના પીળા પાંદડાના દષ્ટાંતથી મનુષ્ય ભવની અસ્થિરતા બતાવીને ઉપદેશ આપવામાં આવ્યો છે. તથા **સમયં ગોયમ મા પમાયએ.** આ વાક્ય પ્રત્યેક ગાથાઓના અંતમાં કહેલ છે.

**(૧૧) બહુશ્રુત માહાત્મ્ય :** જ્ઞાન, જ્ઞાની અને વિનયભાવનું સ્વરૂપ બતાવીને બહુશ્રુત શ્રમણનું અનેક મહત્ત્વશીલ ઉપમાઓ દ્વારા વર્ણન કર્યું છે.

**(૧૨) હરિકેશીય :** ચાંડાલ કુળમાં જન્મેલ હરિકેશીય મુનિના તપ સંયમનો પ્રભાવ દર્શાવીને સાચા બ્રાહ્મણનું સ્વરૂપ અને યજ્ઞનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

**(૧૩) ચિત્ત સંભૂતીય :** આ અધ્યયનમાં ચિત્તમુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીનો આ ભવ તથા પૂર્વભવનો સંવાદ ઉપસ્થિત કર્યો છે. બંનેનો અનેક ભવોનો સંબંધ હતો. પૂર્વભવમાં નિયાણું કરવાથી બ્રહ્મદત્ત ચક્રવર્તીઆ ભવમાં દીક્ષા લઈ શક્યા નહીં તેથી મરીને નરકમાં ગયા અને ચિત્તમુનિ મોક્ષાધિકારી બની ગયા.

**(૧૪) ઈષુકારીય :** આ અધ્યયનમાં ઈક્ષુકારનગરના છ જીવોના વૈરાગ્યપ્રદ જીવનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજા-રાણી, પુરોહિત તેની પત્નિ તથા બંને પુત્રો, એક બીજાના નિમિત્તથી પ્રતિબોધ પામીને છએ જીવોએ સંયમગ્રહણ કરી આત્મકલ્યાણ સાધી લીધું.





**(૧૫) સભિક્ષુ :** આમાં **તે ભિક્ષુ કહેવાય છે**. આ વાકયના પ્રયોગથી ભિક્ષુના અનેકાનેક સદ્ગુણોનો ગાથાઓમાં સંગ્રહ કર્યો છે.

**(૧૬) બ્રહ્મચર્ય સમાધિ સ્થાન :** બ્રહ્મચર્યની સુરક્ષાને માટે અનેક સ્થાન બતાવ્યા છે. તેમાં નવ વાડ પ્રસિદ્ધ છે. પ્રસ્તુતમાં તે નવ સ્થાનોમાં એક બોલ વધારીને ૧૦ સમાધિસ્થાન રૂપમાં સમજાવ્યા છે. પહેલાં ગદ્યરૂપમાં સમજાવીને પછી ફરી તે જ ભાવ પદ્યમાં પણ દર્શાવવામાં આવ્યા છે.

**(૧૭) પાપ શ્રમણીય :** સંયમની વિધિઓનું યથાવત પાલન નહીં કરનારા શ્રમણને અહીં પ્રત્યેક ગાથામાં પાપી શ્રમણ બતાવ્યા છે અને સુશ્રમણ બનવાની પ્રેરણા આવપામાં આવી છે.

**(૧૮) સંજય :** આ અધ્યયાયમાં શિકારના નિમિત્તથી સંયતિ રાજાનું ગર્દભાલી અણગારની પાસે બોધ પ્રાપ્ત કરી દીક્ષા લેવાનું વર્ણન છે. પછી ક્ષત્રિય રાજર્ષિ દ્વારા વાર્તાલાપમાં અનેક મોક્ષગામી રાજાઓનો ઉલ્લેખ છે.

**(૧૯) મૃગાપુત્રીય :** મૃગાપુત્રને અચાનક મુનિદર્શનથી જાતિ સ્મરણ જ્ઞાન થઈ જવા પર નરક આદિ ભવોને જોઈને દીક્ષા માટે માતા-પિતાની સાથે લાંબો સંવાદ થાય છે. જે અત્યંત વૈરાગ્યપ્રદ અને માર્મિક છે. સાથે જ એકાકી ચર્યાનું મૃગચર્યાની ઉપામાયુક્ત વર્ણન છે.

**(૨૦) મહાનનિર્ગ્રંથીય :** આમાં અનાથી મુનિ અને શ્રેણિક રાજાનો સંવાદ છે. જેમાં મુનિની દીક્ષા લેવાનું કારણ સ્પષ્ટ કર્યું છે. સાથે જ સંમય લીધા પછી જિનાજ્ઞા વિપરીત આચરણ કરનારાને પણ અનેક પ્રકારે અનાથ કહેવામાં આવ્યા છે અર્થાત્ તે પણ પોતાની આત્માની દુર્ગતિથી રક્ષા કરી શકતા નથી.

**(૨૧) સમુદ્રપાલ :** વણિકપુત્ર સમુદ્રપાળને એક ચોરને વધસ્થાન પર લઈ જતાં જોઈને વૈરાગ્ય ઉત્પન્ન થયો. દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું. કથાનકની સાથે આગળની ગાથાઓમાં સંયમ આચારોનું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

**(૨૨) રથનેમિ :** આમાં અરિષ્ઠ નેમિનાથ ભગવાનનું રાજમતીનું અને રથનેમિનું સંક્ષિપ્તમાં જીવન ચરિત્ર અંકિત કરવામાં આવ્યું છે. જેમાં જાનનું પાછું ફરવું, રથનેમિનું સંયમથી વિચલિત થવું અને રાજમતિના ઉપદેશથી સાવધ થઈ જવાનું વર્ણન છે. ત્રણેયની મુક્તિ સુધીનું વર્ણન છે.

**(૨૩) કેશી ગૌતમીય :** આમાં કેશીસ્વામી અને ગૌતમસ્વામીનું શ્રાવસ્તિ નગરીમાં સંમિલન અને પ્રશ્નચર્ચાનું વિસ્તૃત વર્ણન છે. અંતમાં કેશીસ્વામી

પોતાના શિષ્ય સમુદાય સહિત ભગવાન મહાવીરના શાસનમાં સમર્પિત થઈ જાય છે. આ અધ્યયનના વર્ણનથી એ પણ સિદ્ધ થાય છે કે ગૌતમસ્વામી ભગવાનથી અલગ પણ વિચરણ કરતા હતા.

**(૨૪) પ્રવચન માતા :** આમાં ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું અર્થાત્ પ્રમુખ સાધ્વાચારનું વર્ણન છે. એને **અષ્ટ પ્રવચન માતા** સંજ્ઞા આપવામાં આવી છે.

**(૨૫) જયઘોષ-વિજયઘોષ :** આમાં જયઘોષ મુનિનું પોતાના ભાઈ વિજય ઘોષ બ્રાહ્મણની સાથે આહાર નહીં દેવાના નિમિત્તથી થયેલ સૈદ્ધાંતિક સંવાદ વર્ણિત છે. પછી વિજયઘોષની દીક્ષા તથા બંનેની મુક્તિનું વર્ણન છે.

**(૨૬) સમાચારી :** આમાં શ્રમણોની ૧૦ પ્રકારની સમાચારીનું તથા દિવસ રાત્રિની ક્રમિક આવશ્યક ચર્યાનું વર્ણન છે.

**(૨૭) ખલુંકીય :** આમાં ગર્ગાચાર્ય અને તેના અવિનીત શિષ્યોનું સ્પષ્ટ ચિત્રણ કરવામાં આવ્યું છે. આમ આ અધ્યયન દ્વારા પોતાના અશુભ કર્મ, અનાદેય નામકર્મ આદિ કારણોથી એક આચાર્યની સપરિસ્થિતિક એકલ વિહારચર્યા દ્વારા ભગવાન મહાવીરના શાસનમાં સંયમ આરાધના કરવાનું વર્ણન છે. આ સૂત્રની વ્યાખ્યામાં તે એકલવિહારી આચાર્યને તે ભવમાં મોક્ષ જવાનું કથન પણ છે. આ રીતે એકલવિહાર સંબંધી એકાંતિક અને ખોટી ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારાઓને ગહન વિચારણા આ અધ્યયનમાં આપી છે. તોપણ દુરાગ્રહી અને પોતાને પંડિત માનનારાઓને ક્યારે ય સાચી સમજ આવવાવાળી નથી.

**(૨૮) મોક્ષમાર્ગ :** આમાં જ્ઞાન,દર્શન,ચારિત્ર અને તપ ધર્મરૂપ ચતુર્વિધ મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

**(૨૯) સમ્યક્ પરાક્રમ :** આમાં ૭૩ પ્રશ્નોત્તરના માધ્યમથી મોક્ષમાર્ગમાં સમ્યક્ પુઢષાર્થનો બોધ આપવામાં આવ્યો છે.

**(૩૦) તપોમાર્ગ :** આમાં તપનું સ્વરૂપ બતાવીને તેના ભેદ-પ્રભેદોનું વર્ણન કરી તપાચરણની પ્રેરણા આપવામાં આવી છે.

**(૩૧) ચરણ વિધિ :** આમાં સંયમ સંબંધી ૧ થી ૩૩ બોલોનું સંક્ષિપ્ત કથન કર્યું છે. જેમાં કોઈ જ્ઞેય છે, કોઈ હેય છે અને કોઈ ઉપાદેય છે.

**(૩૨) પ્રમાદ સ્થાનીય :** આ અધ્યયનમાં બ્રહ્મચર્યના પ્રમાદ સ્થાનોનું નિરૂપણ કરીને સાધકને તેનાથી સુરક્ષિત રહેવાને માટે સાવધાન કર્યા છે. તેના પછી પાંચ ઈન્દ્રિય વિજય અને મનોવિકારોનું સાંગોપાંગ નિરૂપણ કરીને તેનાથી મુક્ત રહેવાની પ્રેરણા કરવામાં આવી છે.





**(૩૩) કર્મ પ્રકૃતિ :** આમાં આઠ કર્મ પ્રકૃતિ સંબંધી નિરૂપણ ભેદ-પ્રભેદની સાથે કરવામાં આવ્યું છે તથા આઠે ય કર્મની બંધસ્થિતિ દર્શાવવામાં આવી છે.

**(૩૪) લેશ્યા :** આમાં છ લેશ્યા સંબંધી વિવિધ વર્ણન છે. જેમાં તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પરિણામ, સ્થાન, ગતિ અને આયુબંધ આદિનું વર્ણન છે. જે પ્રજ્ઞાપના સૂત્રના ૧૭માં પદમાં પણ વિસ્તારથી આપેલ છે. વિશેષમાં અહીંયા છ ભાવ લેશ્યાઓના લક્ષણ સ્પષ્ટ કર્યા છે. જેમાં તે તે લેશ્યાવાળાની પ્રકૃતિ, સ્વભાવ અને ગુણ અવગુણોનું યથાર્થ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

**(૩૫) અણગાર :** આમાં મુનિ ધર્મના યથાર્થ પાલનની પ્રેરણા કરતાં કેટલીક વિશેષ સાવધાનીઓ દર્શાવી છે.

**(૩૬) જીવાજીવ વિભક્તિ :** આમાં પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદના અનુરૂપ જીવ અને અજીવના ભેદ-પ્રભેદ વિસ્તારથી કહ્યા છે. અંતમાં પંડિતમરણ રૂપ સંલેખના(સંથારા)ની વિધિ તપસ્યાના ક્રમ સાથે દર્શાવી છે.

આ પ્રકારે આ ૩૬ અધ્યયનોમાં ધર્મકથા, ઉપદેશ, તત્ત્વ, સિદ્ધાંત, વાદ-વિવાદ, દીક્ષા સંબંધી સંવાદ, વિનય, સંયમ, તપ અને મોક્ષમાર્ગ આદિ વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## દશવૈકાલિક સૂત્ર ૨૯

આ સૂત્ર પૂર્ણતયા સાધ્વાચારથી સંબંધિત છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં આનું નામ અંગ બાહ્ય ઉત્કાલિક સૂત્રોમાં છે. આમાં ૧૦ અધ્યયન છે. અને ઉત્કાલિક શબ્દનો પર્યાય શબ્દ વૈકાલિક થાય છે. તેથી આ શાસ્ત્રનું નામ દશવૈકાલિક રાખવામાં આવ્યું છે. અંતમાં બે ચૂલિકા છે. તેને અધ્યયન સંખ્યામાં ગણવામાં આવ્યું નથી. આ શાસ્ત્ર પદ્યમય છે પરંતુ ચોથા અને નવમા અધ્યયનમાં કંઈક ગદ્યપાઠ પણ છે. પાંચમા અધ્યયનમાં બે અને નવમા અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે, શેષ કોઈમાં ઉદ્દેશક નથી.

**ચૂલિકાઓની મૌલિકતા :** ચૂલિકા પર્વત પર પણ હોય છે, પરંતુ પર્વતની ઊંચાઈમાં તેની ગણતરી થતી નથી. જેમ કે વૈતાઢ્ય પર્વત ૨૫ યોજન કહ્યો છે. મેઢપર્વત ૧ લાખ યોજન ઊંચો કહેવામાં આવ્યો છે. એમાં કૂટ અને ચૂલિકા પર્વતની ઊંચાઈમાં ગણી નથી. આ પ્રકારે દશવૈકાલિક સૂત્રના ૧૦ અધ્યયન ગણવામાં આવ્યા છે, ચૂલિકા બે અલગ છે. તોપણ કૂટ અને ચૂલિકા પણ પર્વતનું અંગ જ હોય છે. એવી જ રીતે ચૂલિકા સહિત જ દશવૈકાલિકની રચના મૌલિક

છે. મહાવિદેહક્ષેત્રથી ચૂલિકા લાવવાનું ઐતિહાસિક કથન કલ્પિત માત્ર છે. કારણ કે દશવૈકાલિકના ચૂર્ણિકાર શ્રી અગસ્ત્યસિંહ સૂરિએ ચૂલિકા શય્યંભવાચાર્ય કૃત સ્વકારી છે. મહાવિદેહથી લાવવાની વાત તેઓએ કરી નથી. અગસ્ત્યસિંહ સૂરિ વીર નિર્વાણની ૧૩મી શતાબ્દિમાં થયા છે. ચૂલિકા મહાવિદેહથી લાવવાની કલ્પના તેના ઘણાં પછીના વિદ્વાનોએ ગ્રંથોમાં ખોટી ઘટનાઓ ઘડીને લખવું શરૂ કર્યું છે. વાસ્તવમાં મહાવિદેહ ક્ષેત્રમાં કોઈને જવાની વાત કોઈ જમાનામાં અતિશયોક્તિથી પ્રારંભ થઈ હતી. આજની સદીમાં દાદા ભગવાનના નામથી તેના ભક્તોએ પણ એવી ખોટી અને કારણ વગરની દલીલ ચાલુ કરી છે. પરંતુ એવી વાતો ભોળા, અજ્ઞાની લોકોને ભ્રમિત કરી પોતાની ખ્યાતિ જમાવવાની સ્વાર્થ બુદ્ધિ માત્ર જ સમજવી જોઈએ. સચ્ચાઈ તેમાં એક પૈસો પણ નથી.

ઉત્તરાધ્યયન સૂત્રની સમાન દશવૈકાલિક સૂત્ર પણ જૈનસંઘમાં ઘણું પ્રચલિત શાસ્ત્ર છે. કારણ કે સાધુ-સાધ્વીને માટે પ્રારંભિક અને અતિ ઉપયોગી હોવાથી ઘણું કરીને પ્રત્યેક સાધક આ સૂત્રને કંઠસ્થ કરે છે. એની ગાથાઓ પણ ઘણું કરીને સરલ-સુગમ શૈલીમાં છે. ઉત્તરાધ્યયન સૂત્રની અપેક્ષાએ આ ઘણું નાનું શાસ્ત્ર છે. એને ૭૦૦ શ્લોક પરિમાણ માનવામાં આવ્યું છે.

**વ્યાખ્યા સાહિત્ય :** આ શાસ્ત્ર પર અગત્યસિંહ સૂરિની અને જિનદાસગણિ આચાર્યની આમ બે ચૂર્ણિ પ્રકાશિત ઉપલબ્ધ છે. હરિભદ્રસૂરિની પ્રાચીન ટીકા ઉપલબ્ધ છે. ત્યાર પછી આ સૂત્ર પર અનેક ટીકાઓ અને વ્યાખ્યાઓ રચવામાં આવી છે. આ સૂત્રનું મુદ્રણ પણ અનેક સ્થળોથી થયું છે. જે આજે હજારોની સંખ્યામાં ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલક ઋષિજીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતથી શ્રી ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી પ્રસિદ્ધિ પ્રાપ્ત છે. આગમમનીષી શ્રી ત્રિલોક મુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તરી હિન્દી તથા ગુજરાતી સરલ–સુગમ ભાષામાં છે જેમાં આ શાસ્ત્ર પ્રકાશિત છે. લાડનૂંથી તેરાપંથી આચાર્ય તુલસી અને યુવાચાર્ય મહાપ્રજ્ઞજી દ્વારા સંપાદિત આ શાસ્ત્ર પ્રકાશિત થયું છે.

**ઐતિહાસિક વિચારણા :** ઈતિહાસમાં એવું કહેવાય છે કે શય્યંભવસ્વામીએ પોતાના આઠ વર્ષના પુત્ર **મનક** ને દીક્ષા આપી હતી. અને પોતાના વિશેષ જ્ઞાનથી તેનું છ મહિનાનું આયુષ્ય જાણીને તેના માટે દશવૈકાલિક સૂત્રની રચના કરી





હતી. પછી તેનો સ્વર્ગવાસ થઈ જવા પર તે સૂત્રને ફરી નષ્ટ કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે સંઘનો અતિઆગ્રહ હોવાથી તેને રહેવા દીધું. તેના ફળ સ્વરૂપે આજે આ દશવૈકાલિક સૂત્ર ઉપલબ્ધ થઈ રહ્યું છે.

**સમીક્ષા–મનન :** પુત્ર ગર્ભમાં હતો ત્યારે પિતા શય્યંભવ સ્વામીએ દીક્ષા લીધી હતી. પછી મનક આઠ વર્ષની ઉમ્રમાં દીક્ષિત થયો ત્યારે શય્યંભવ સ્વામીની દીક્ષાપર્યાય ૮ વર્ષની થઈ હતી. તે સમયે પ્રભવ આચાર્ય હાજર હતાં. ત્યારે આઠ વર્ષની દીક્ષામાં શાસ્ત્ર બનાવવાની અને નષ્ટ કરવાની સત્તા બધી શય્યંભવ સ્વામીના હાથમાં માનવી યોગ્ય લાગતી નથી. કારણ કે એવું માનવાથી શાસ્ત્ર બનાવવું અને નષ્ટ કરી દેવું આ તો એક છોકરાના ખેલ જેવું થઈ જાય છે. બીજી વાત એ છે કે આઠ વર્ષના મનક મુનિને માટે બનાવવામાં આવેલા શાસ્ત્રમાં રથનેમી-રાજમતીની ઘટનાનો વિષય તથા મધ સેવન કરનારા કપટી સાધુઓનું વર્ણન(પાંચમા અધ્યયનમાં) આદિ પણ પ્રસંગ વગરનું જ લાગે છે. તેથી મનક સંબંધી કથાનક નિર્યુક્તિ ભાષ્યોની રચનાના સેંકડો વર્ષ પછી ઈતિહાસની કલ્પનાઓ કરનારા વિદ્વાનોની ઉપજ જ વધારે લાગે છે.

નિર્યુક્તિ ભાષ્યો આદિ વ્યાખ્યાઓમાં જ્યાં નવદીક્ષિત સાધુના અધ્યયન ક્રમનું વર્ણન છે. ત્યાં બતાવવામાં આવ્યું છે કે આચારાંગ નિશીથની પહેલાં જ દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્રને ભણાવવાનો ક્રમ છે. અને તેનાથી પહેલાં આવશ્યક સૂત્ર ભણાવવાનો ક્રમ છે. તેથી એ સ્પષ્ટ છે કે આ બંને સૂત્ર દીક્ષાર્થી અને નવદીક્ષિતના પ્રારંભિક અધ્યયન માટે ઉપયોગી સૂત્ર છે અને વ્યાખ્યાકારોએ એને અધ્યયન ક્રમમાં નિયુક્ત પણ કર્યું છે.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ વ્યવહારસૂત્રમાં સાધુઓના અધ્યયનનો જે ક્રમ બતાવ્યો છે. તેમાં આ ઉપયોગી અતિ ઉપયોગી શસ્ત્રોનું કથન કરવામાં આવ્યું નથી. એનું કારણ એ હોઈ શકે કે આ બંને સૂત્ર વ્યવહાર સૂત્રની રચનાની પહેલાં નહીં બન્યા હોય. જેમાં ઉત્તરાધ્યયન સૂત્ર નહીં બનવાની વાત તો સ્પષ્ટ થઈ ચુકી છે કે તે પ્રશ્નવ્યાકરણ સૂત્રનું એક અધ્યયનના વિભાજનથી બન્યું છે. પરંતુ દશવૈકાલિક સૂત્રના રચનાકારના રૂપમાં જે શય્યંભવાચાર્યનું નામ મળે છે. તેઓ ભદ્રબાહુ સ્વામીની બે પાટ પહેલાં થઈ ચૂક્યા છે.

આ ઉપલબ્ધ વર્ણન ધારણ અનુસાર દશવૈકાલિક સૂત્ર ભદ્રબાહુના સમયે ઉપલબધ હતું. તો પણ એટલા ઉપયોગી, પોતાના જ પૂર્વજ ૧૪ પૂર્વી પ્રામાણ્ય પુઢષો દ્વારા રચિત અને સંઘના આગ્રહથી જે સૂત્ર રાખવામાં આવ્યું હતું, એવા

વિશિષ્ટ શાસ્ત્રનો ઉલ્લેખ અધ્યયન ક્રમમાં ભદ્રબાહુ સ્વામી દ્વારા ન રાખવો. તથા પોતાના રચેલા ત્રણ છેદસૂત્રોને અધ્યયન ક્રમમાં રાખી દેવા. આ એક અત્યંત વિચારણીય પ્રશ્ન છે.

આની વિચારણાથી જ એ ફલિત થાય છે કે દશવૈકાલિક સૂત્ર પણ ભદ્રબાહુ સ્વામી પછી અને નંદીસૂત્રની રચનાની આસપાસ કોઈના દ્વારા બનાવેલું હશે પરંતુ કથાઓમાં ક્યારેક કોઈએ શય્યંભવ સ્વામી અને મનકમુનિની સાથે જોડી દીધું. એમ પણ હોઈ શકે છે કે શય્યંભવ નામના બીજા આચાર્ય થયા હોય, જેઓએ દશવૈકાલિકની રચના કરી હોય અને નામ સામ્યતાથી કથાનકોમાં તેને પ્રાચીન ૧૪ પૂર્વી શય્યંભવાચાર્યથી જોડી દેવામાં આવ્યું હોય. એમ થવું અસંભવ પણ નથી. કારણ કે ૧૧મી શતાબ્દિમાં થયેલા બીજા ભદ્રબાહુ અને વરાહમિહિરનું કથાનક તેમજ નિર્યુક્તિઓની રચનાને પ્રથમ ભદ્રબાહુ(બીજી શતાબ્દિથી) થી જોડી દેવામાં આવ્યું. આ વાતને મંદિરમાર્ગી ધુરંધર વિદ્વાન આગમોદ્ધારક અન્વેષક શ્રમણ શ્રીપુણ્યવિજયજી મ.સા. પોતાના બૃહત્કલ્પ ભાષ્યની પ્રસ્તાવનમાં સ્વીકાર કર્યો છે કે, **નામ સામ્યતાથી કથાનક ઘટનાઓ મિશ્રિત થઈ છે. ૧૪ પૂર્વી ભદ્રબાહુ સ્વામી ત્રણ છેદસૂત્રોના કર્તા અલગ છે. અને નિર્યુક્તિઓની રચના કરનારા બીજા ભદ્રબાહુસ્વામી અલગ છે. તે વીર નિર્વાણની ૧૧મી શતાબ્દિમાં થયા છે.** પ્રજ્ઞાપના સૂત્રના રચનાકાર ૧ પૂર્વી કાલકાચાર્યને પણ ૯ પૂર્વીથી જોડવામાં આવ્યા છે અને તેની સાથે પણ મહાવિદેહ ક્ષેત્ર સંબંધી ઘટના ઘડીને જોડી છે. તે કોઈ હોશિયાર વ્યક્તિની બુદ્ધિની કરામત જેવી જ છે. સત્યતા તેમાં પણ નથી.

તેથી ઐતિહાસિક કથા વર્ણનોના સંબંધમાં અનુપ્રેક્ષણને સ્થાન રાખવું જોઈએ. પરંતુ કોઈ ઘટના ઈતિહાસના વિષયમાં આગ્રહ અથવા દુરાગ્રહ રાખવો જોઈએ નહીં. સાર એ છે કે ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્ર ૧૪ પૂર્વી ભદ્રબાહુના સમયે અને વ્યવહાર સૂત્રની રચનાના સમયે ઉપલબ્ધ ન હતા. પછી જ એની રચના થઈ છે. તે જ વધારે યોગ્ય લાગે છે. તથા શય્યંભવ નામ સમાનતાથી ઈતિહાસમાં એવો કોઈ સંબંધ જોડાઈ ગયો હોય અથવા જાણીને પણ જોડવામાં આવ્યો હોય.

**વિષય પરિચય :** (૧) પહેલા અધ્યયનમાં ધર્મનું સ્વરૂપ અને મહાત્મ્ય બતાવીને ભિક્ષુની ભિક્ષાવૃત્તિને ભ્રમરવૃત્તિની ઉપમા આપવામાં આવી છે. (૨) બીજા અધ્યયનમાં સ્ત્રી પરીષહમાં નહીં હારવાની પ્રેરણા રથનેમિ અને રાજમતિની ઘટના દ્વારા કરવામાં આવી છે. (૩) ત્રીજા અધ્યયનમાં શ્રમણોના અનાચરણીય





સ્થાનોનું નિરૂપણ છે. (૪) ચોથા અધ્યયનમાં છ જીવનિકાયની હિંસા ત્યાગની સંક્ષિપ્ત પ્રતિજ્ઞાનું કથન છે. તથા પાંચ મહાવ્રતારોપણ છઠ્ઠા રાત્રિભોજન વ્રત સહિત છે. (૫) પાંચમા પિંડેષણા અધ્યયનમાં ગૌચરી સંબંધી વિધિ નિયમો અને દોષોને છોડવાનું વિસ્તારથી બે ઉદ્દેશકની ૧૫૦ ગાથાઓમાં કથન છે. (૬) છઠ્ઠા અધ્યયનમાં સંયમના ૧૮ સ્થાનોના નાના-મોટા નિયમોના પાલનની પ્રેરણા કરવામાં આવી છે. (૭) સાતમા અધ્યયનમાં ભાષાના દોષોને સ્પષ્ટ કરીને ભાષાવિવેક શીખવવામાં આવ્યો છે. (૮) આઠમા અધ્યયન આચાર પ્રણિધિમાં સંયમ ખજાનાના અનેક મહત્ત્વપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડ્યો છે. (૯) નવમા અધ્યયનમાં ચાર ઉદ્દેશકના વિભાજનપૂર્વક શ્રમણના વિનયધર્મને વિસ્તૃત વિવિધ પ્રકારથી સમજાવ્યો છે. (૧૦) દશમા અધ્યયનમાં ભિક્ષુના વિશિષ્ટ ગુણોનો નિર્દેશ કરતાં આદર્શ ભિક્ષુ બનવાની પ્રેરણા આપવામાં આવી છે. ત્યાર પછી પ્રથમ ચૂલિકામાં સંયમ ભાવોની સ્થિરતા રાખવાનું અને બીજી ચૂલિકામાં પરિસ્થિતિવશ એકલવિહાર ચર્યા સ્વીકાર કરવાનું અને તે ચર્યામાં સતર્ક થઈને રહેવાનું એટલે સંયમ વિધિઓનું યથાર્થ પાલન કરવા માટે સાવધાની સંકેત કરવામાં આવ્યો છે. આ રીતે વિવિધ સંયમ વિષયોની વિશ્લેષણા સાથે સૂત્ર પૂર્ણ થાય છે.

## નંદીસૂત્ર ૩૦

સ્થાનકવાસી જૈનો દ્વારા માન્ય ૩૨ આગમોમાં આ શાસ્ત્ર ચાર મૂળ સૂત્રોમાં ત્રીજું આગમ છે. નંદીસૂત્રની આગમ સૂચિની અંદર પણ નંદીસૂત્રનું નામ ઉત્કાલિક સૂત્રોમાં ગણાવવામાં આવ્યું છે. આગમકારોની આ પદ્ધતિ વ્યવહાર સૂત્રમાં પણ જોવા મળે છે. તેના રચનાકર ૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી છે. તેઓએ વ્યવહાર સૂત્રના ૧૦મા અધ્યયનમાં સાધુ-સાધ્વીના અધયયનનો ક્રમ આપ્યો છે. તેમાં વ્યવહાર સૂત્રનું નામ પણ પાંચ વર્ષની દીક્ષા પર્યાય સુધીના અધ્યયન સંબંધી કથનમાં આપ્યું છે. તેથી આ પદ્ધતિ પૂર્વાચાર્યો દ્વારા સંમત છે.

**વિષય :** નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનના વિષયનું વર્ણન પોતાની વિશિષ્ટ પદ્ધતિક્રમથી કરવામાં આવ્યું છે. તે સિવાય આ સૂત્રના પ્રારંભમાં ૫૦ ગાથાઓ દ્વારા તીર્થંકર ગણધર અને બીજા પણ બહુશ્રુત અનુયોગધર મહાન આચાર્યોની સ્તુતિ ગુણગાન પૂર્વક ભક્તિ પ્રગટ કરી છે. અંતિમ ગાથા ૫૦મીમાં નંદીસૂત્ર ગત જ્ઞાનના વિષયની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞાનું વચન ઉત્થનિકા રૂપમાં છે.

**પરિમાણ :** આ સૂત્રમાં અધ્યયન ઉદ્દેશક આદિ કોઈ વિભાગ નથી. આ એની

પોતાની અલગ વિશેષતા છે. ઉપલબ્ધ આ સૂત્રને ૭૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે. વાસ્તવમાં ગણતરી કરતા ૨૦૬૮૬ અક્ષર હોય છે. જેના ૩૨ અક્ષરના પ્રમાણથી ૬૪૬ શ્લોક હોય છે. ૧૪ અક્ષર શેષ રહે છે. એનાથી જાણી શકાય છે કે લેખનકાળમાં અપેક્ષાથી અને પરંપરાથી અથવા અનુમાનથી શ્લોક સંખ્યા અંકિત કરવામાં આવી છે. જે આજ સુધી એવી જ માન્ય કરવામાં આવી રહી છે. પ્રકાશન યુગમાં કોઈ સંપાદક સંપૂર્ણ શાસ્ત્રના અક્ષરોની ગણતરી કરીને લખવાનો પ્રયાસ કરવા લાગ્યા છે.

**નામકરણ :** આ શાસ્ત્રમાં મુખ્યતઃ જ્ઞાનનું વર્ણન છે. જ્ઞાન, આત્માને વાસ્તવિક આનંદ આપનારું હોય છે. તેથી આ સૂત્રનું નંદી–આનંદ દેવાવાળું શાસ્ત્ર, આ નામ પણ સાર્થક રાખવામાં આવ્યું છે.

**સંસ્કરણ :** નંદીસૂત્ર પર પ્રાચીન ચૂર્ણિ-ટીકાઓ પ્રકાશિત છે. બીજા પણ મૂળ અર્થ વિવેચન યુક્ત અને સંસ્કરણ પ્રકાશિત થયા છે. મંગલરૂપમાં સમજીને પણ સાધુ-સાધ્વી એનો સમયે સમયે સ્વાધ્યાય કરે છે અને વ્યાખ્યાનમાં વાંચન પણ કરે છે. એનાથી પણ એના સંસ્કરણોની પ્રચુરતા છે. ૩૨ આગમ સારાંશના પુસ્તકોમાં પણ એનું સ્વતંત્ર પુસ્તક છપાયું છે. જૈનાગમ નવનીત (ગુજરાતી) આઠ ભાગોમાં સાતમા ભાગમાં આ સૂત્ર છે તથા ૩૨ આગમ પ્રશ્નોત્તરની પુસ્તકોના પ્રાવધાનમાં પણ દશમા ભાગમાં નંદીસૂત્રના પ્રશ્નોત્તર છે.

**રચનાકાર :** આ સૂત્રની રચના દેવવાચક શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કરી છે જે આચાર્ય શ્રી દુષ્યગણિના શિષ્ય હતા. જેઓ દ્વારા સમસ્ત આગમોને વીર નિર્વાણ ૯૮૦મા લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. નંદીસૂત્રની રચનાના સમયે તે ઉપાધ્યાય પદ પર હતા. શાસ્ત્ર લેખનના સમયે તે આચાર્ય પદ પર હતાં. તે સમયે ભાષા શૈલીમાં ઉપાધ્યાય પદ માટેવાચક શબ્દનો પ્રયોગ થતો હતો અને આચાર્ય પદ માટે ગણિ શબ્દનો પ્રયોગ થતો હતો. તથા યુગપ્રધાન માટે ક્ષમાશ્રમણ લાગતું હતું. તેથી નંદીસૂત્રના રચયિતા દેવવાચક જ સૂત્ર લેખન કરાવનારા દેવર્ધિ ગણિ ક્ષમાશ્રમણ હતા. જેમ કે વર્તમાનમાં આચાર્ય શ્રી આત્મારામજી મ.સા. પહેલા ઉપાધ્યાય પદથી પ્રસિદ્ધ હતા અને પછી આચાર્ય પદથી, નંદી સૂત્રના એક સંપાદનમાં ભૂમિકા લેખન રૂપે ઉપાધ્યાય શ્રી આત્મારામજી મ.સા. લખ્યું છે અને બીજી કોઈ જગ્યાએ આચાર્ય શ્રીઆત્મારામજી મ.સા. એવો લેખ મળે છે. કાલાતંરમાં આ બે નામોથી ભિન્નતાનો ભ્રમ હોવું સહજ છે. તોપણ વાસ્તવમાં બંને નામવાળા વ્યક્તિ એક જ છે.





આ જ રીતે વર્તમાનમાં આચાર્યશ્રી હસ્તીમલજી મ.સા. પૂર્વમાં આચાર્ય પદે રહ્યા. વચ્ચમાં ઉપાધ્યાય પદ પર અને પાછલા વર્ષોમાં ફરી આચાર્ય પદ પર રહ્યા. એની વચ્ચે તેઓએ કોઈ આગમનું સંપાદન કોઈ સંવતમાં ઉપાધ્યાય પદમાં કર્યું કોઈ આગમ અથવા ગ્રંથનું સંપાદન કોઈ સંવતમાં આચાર્યપદમાં કર્યું. આ પ્રસંગને લઈને ભવિષ્યમાં નામ ભિન્નતા અથવા વ્યકિત ભિન્નતાનો ભ્રમ થઈ જવો સહજ સંભવ છે. તો પણ વાસ્તવમાં આચાર્ય હસ્તીમલ અથવા ઉપાધ્યાય હસ્તીમલ પ્રયોગથી વ્યક્તિ અલગ થતી નથી. એક જ વ્યક્તિની બે અવસ્થાઓ છે. તે જ રીતે દેવર્ધિગણિનો પણ દીર્ઘસંયમ કાલ હતો. તેમાં પદ વિશેષની વિવિધતા અને તેનાથી નામની વિવિધતા સંભવ છે. સાર એ છે કે દુષ્યગણિના શિષ્ય શ્રી દેવવાચક બીજું નામ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ જ નંદી સૂત્રના રચયિતા છે. કલ્પસૂત્રમાં દેવર્ધિગણિનો કંઈક પરિચય મળે છે. તેનાથી પણ ભ્રમ ઉત્પન્ન થાય છે. પરંતુ તે સૂત્રની પ્રામાણિકતા જ પૂર્ણ સંદેહ યુક્ત છે. તેના રચયિતા પણ દેવર્ધિગણિને માનવામાં આવે છે અને તેમાં દેવર્ધિની સ્તુતિ ગુણગ્રામ યુક્ત વંદના પણ કરેલી છે. એવા જ કેટલાક કારણોથી કલ્પસૂત્રની ગણના ૩૨ અથવા ૪૫ પ્રામાણિક આગમોમાં કરવામાં આવતી નથી.

વાસ્તવમાં ૧૧ અંગસૂત્ર તથા ચાર છેદસૂત્ર સિવાય બધા અંગબાહ્ય શાસ્ત્રોની સંકલના દેવર્ધિગણિના શાસ્ત્ર લેખન કાળની માનવી જોઈએ. તે સમયે જ આચાર્યો અથવા બહુશ્રુતો દ્વારા વિભિન્ન શાસ્ત્રોનું સંકલન સંપાદન અથવા રચના કરવામાં આવી હતી. તેમાં પ્રજ્ઞાપના દશવૈકાલિકને અનુયોગદ્વારસૂત્ર પણ સમજી લેવું વિવાદ રહિત હોય છે. તેમજ ઉત્તરાધ્યયન, નંદી, ઋષિભાષિત આદિ બધા સમજી લેવા જોઈએ. તે સમયે રચનાકારનું નામ લખવાની પરંપરા રાખવામાં ન આવી હતી. કારણ કે સામુહિક સંઘ હિતમાં કાર્ય કરવામાં આવ્યું હતું. દેવર્ધિગણિ અથવા દેવવાચક નામ પણ નંદીસૂત્રમાં મળતું નથી. પ્રજ્ઞાપનાના મૂળમાં અથવા દશવૈકાલિકના મૂળમાં પણ કોઈનું નામ નથી. નામ તો જે પણ ઉપલબ્ધ છે તે પાછળથી કોઈ વિનીત શિષ્યોએ કે પ્રશિષ્યોએ પ્રારંભમાં સ્તુતિ રૂપે અથવા મૌખિક પ્રચાર રૂપે ચલાવ્યું હશે. જે આગળ જઈને લિખિત ગ્રંથોમાં કે વ્યાખ્યાઓમાં મળવા લાગ્યું છે.

**સૂત્રનો વિષય :** બીજા સૂત્રોમાં પાંચ જ્ઞાનનો ક્રમ આ પ્રકારે છે– મતિજ્ઞાન, શ્રુત જ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. પ્રસ્તુત સૂત્રમાં પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાન એવા બે ભેદ કર્યા છે. પ્રત્યક્ષમાં આત્મપ્રત્યક્ષીભૂત જ્ઞાનની અપેક્ષા

રાખવામાં આવી છે. ચક્ષુ પ્રત્યક્ષીભૂત જ્ઞાનની નહીં, તેથી આત્મ પ્રત્યક્ષીભૂત જ્ઞાન એટલે અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનનું સ્વરૂપ ક્રમશઃ પ્રથમ બતાવવામાં આવ્યું છે અને પછી પરોક્ષજ્ઞાનમાં મતિ-શ્રુતજ્ઞાનને કહીને તેનું ભેદ-પ્રભેદના ક્રમથી સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આવી રીતે આ શાસ્ત્રમાં જ્ઞાનનો બીજા આગમ પ્રચલિત ક્રમથી અલગ ક્રમ આ પ્રકારે છે– (૧) અવધિજ્ઞાન (૨) મનઃ પર્યવજ્ઞાન (૩) કેવળજ્ઞાન (૪) મતિજ્ઞાન (૫) શ્રુતજ્ઞાન. આ ક્રમથી લેવાની જે અપેક્ષા છે તે મૂળપાઠથી સ્પષ્ટ થઈ જાય છે. આમ સ્વતંત્ર અપેક્ષા ભેદ હોવાથી વર્ણન ક્રમ ભિન્ન છે. અપેક્ષા શબ્દ ઘણી વિશાળતાને પોતાની અંદર સમાવિષ્ટ કરીને બન્યો છે. જીવાભિગમમાં આ અપેક્ષા શબ્દ પ્રયોગથી જીવના ૨ થી લઈને ૧૦ ભેદો હોવાનો પણ સ્વીકાર કરવામાં આવે છે. શ્રુતજ્ઞાનથી લોકનું ઘણું અલ્પજ્ઞાન થાય છે, કેવળજ્ઞાનની તુલનામાં આ સિંધુમાં બિંદુ જેટલું પણ નથી, તોપણ અપેક્ષા શબ્દ લગાવીને શાસ્ત્રકારે એના માટે કેવળજ્ઞાનના વિષય જેટલા ભાવોનું કથન કરી દીધું છે. જેમ કે અપેક્ષાથી શ્રુતજ્ઞાની સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ, સર્વભાવ જાણે અને જુએ છે– **ભગવતી સૂત્ર.** માટે આ શાસ્ત્રમાં પ્રત્યક્ષ-પરોક્ષ જ્ઞાનની અપેક્ષાથી જ્ઞાનનો વર્ણન ક્રમ અલગ થયો છે. તે તર્ક અબાધિત સમજવો જોઈએ.

આ ક્રમથી પાંચે જ્ઞાનના ભેદ-પ્રભેદ યુક્ત સ્પષ્ટ વર્ણન કરીને અંતમાં દ્વાદશાંગીના આભ્યંતર વિષયનો પરિચય આપ્યો છે. એવોને એવો જ પરિચય સમવાયાંગ સૂત્રના પાછલા વિભાગમાં આપવામાં આવ્યો છે. બંને સૂત્રોના આ વર્ણનમાં પ્રાયઃ સમાનતા છે, કાંઈક ભિન્નતા છે. કારણ કે નંદીસૂત્ર આચાર્યની રચનાનું ઉત્કાલિક સૂત્ર છે અને સમવાયાંગ સૂત્ર ગણધર રચિત કાલિકસૂત્ર છે.

**કાલિક-ઉત્કાલિકનો રહસ્યાર્થ :** જે શાસ્ત્રોની શબ્દ રચના ગણધર સિવાય બીજા બહુશ્રુત આચાર્ય કરે છે, તેને ઉત્કાલિક કહેવામાં આવે છે. જે શાસ્ત્ર ગણધર રચિત શાસ્ત્રમાંથી ઉદ્ધૃત કરવામાં આવે છે, મૌલિક રચના ગણધરોની રહે છે, તેને કાલિક સૂત્ર કહેવામાં આવે છે. એટલે કે ગણધર દ્વાદશાંગીની રચના કરે છે, તેમાંથી જ કોઈ શાસ્ત્ર ઉદ્ધૃત કરવામાં આવે છે તથા શબ્દ અધ્યયન તે જ રાખવામાં આવે છે તેને કાલિક કહેવામાં આવે છે. ગણધર રચિત તીર્થંકર ભાષિત ભાવોને જે આચાર્ય પોતાની નૂતન શૈલીમાં રચના કરે છે, તેને ઉત્કાલિક શાસ્ત્ર કહેવામાં આવે છે. ૩૨ સૂત્રોમાં આઠ સૂત્ર ઉત્કાલિક છે. જેમકે–(૧) ઉવવાઈ (૨) રાજપ્રશ્નીય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના સૂત્ર (૫) નંદી સૂત્ર (૬) અનુયોગ (૭) દશવૈકાલિક સૂત્ર (૮) સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર.





## અનુયોગદ્વાર સૂત્ર 31

સૂત્રને અનુરૂપ અર્થ અને વ્યાખ્યાને યોજિત કરવી **અનુયોગ** કહેવાય છે. સૂત્રના તે અર્થો, વ્યાખ્યાઓ અને વિશ્લેષણ રૂપ અનુયોગને કહેવાની, સમજવાની જે પદ્ધતિ હોય છે, પ્રકાર હોય છે અર્થાત્ જે ભંગ, ભેદ, ક્રમોનું અવલંબન લઈને આગમ શબ્દો અને સૂત્રોની વ્યાખ્યા અનુયોગ કરવામાં આવે છે, તેને **અનુયોગ પદ્ધતિ** કહે છે. આ પદ્ધતિમાં જે ભંગ ભેદોનું અવલંબન લેવામાં આવે, તેના મુખ્ય ભેદોને **દ્વાર** કહેવામાં આવે છે. દ્વારનો અર્થ છે– સૂત્ર વ્યાખ્યામાં પ્રવેશ કરવાના મુખ્યમાર્ગ, પછી જે ભેદાનુભેદ કરવામાં આવે છે તે 'ઉપદ્વાર' કહેવામાં આવે છે. તેને ભંગ, ભેદાનુભેદ, વિકલ્પ, ઉપદ્વાર કોઈપણ શબ્દથી કહી શકાય છે. પ્રસ્તુત સૂત્રમાં શબ્દોના અર્થ વ્યાખ્યાનની પદ્ધતિ ચાર મુખ્યદ્વારોથી બતાવવામાં આવી છે. માટે તેનું સાર્થક નામ અનુયોગદ્વાર સૂત્ર રાખ્યું છે. આ સૂત્ર સમગ્ર આગમોને અને તેની વ્યાખ્યાઓને સમજવાની ચાવી સમાન છે.

**સૂત્રનો વિષય :** આ સૂત્રમાં પાંચ જ્ઞાનોથી મંગલાચરણ કરવામાં આવ્યું છે. પછી આવશ્યક, શ્રુત, સ્કંધ, અધ્યયન અને સામાયિક આ પાંચ શબ્દોને ઉદાહરણ રૂપે લઈને વ્યાખ્યા પદ્ધતિને ક્રિયાન્વિત કરવામાં આવી છે.

વ્યાખ્યા પદ્ધતિના ભેદ-પ્રભેદની પ્રચુરતાના કારણે જ આ સૂત્રને સમજવું કઠિન છે. માટે આ સૂત્ર સર્વ સામાન્યને માટે સુરૂચિપૂર્ણ નથી. તો પણ જૈનદર્શનને અને પ્રાચીન વ્યાખ્યાઓને સમજવામાં, ગતિ કરવામાં મેધાવી શિષ્યોને માટે આ અતીવ ઉપયોગી ઘણું જ મહત્ત્વપૂર્ણ શાસ્ત્ર છે. કારણ કે પ્રાચીન ચૂર્ણિ,નિર્યુક્તિ, ટીકાઓ આદિના અધ્યયનથી એ જાણી શકાય છે કે તેના પ્રારંભમાં વિવેચન કરવાની તે જ પદ્ધતિ અપનાવી છે જે આ સૂત્રમાં ભેદ-પ્રભેદ દ્વારા બતાવાવમાં આવી છે. વ્યાખ્યાઓમાં આ પદ્ધતિ શ્વેતાંબર જૈન આગમો સિવાય દિગંબર જૈન આગમ 'ષટખંડાગમ' આદિની ટીકાઓમાં પણ જોવા મળે છે. એનાથી પણ આ સૂત્રોક્ત અનુયોગપદ્ધતિની મહત્તા અને આવશ્યકતાનું અનુમાન કરી શકાય છે.

**અનુયોગદ્વાર સૂત્રનું વિષય સંકલન :** (૧) જ્ઞાનના ભેદ (૨) શ્રુત જ્ઞાનનો ઉદ્દેશ આદિ (૩) આવશ્યક સૂત્રનું, શ્રુતનું, સ્કંધનું નિક્ષેપ દ્વારા પ્રરૂપણ (૪) અનુયોગના ચાર દ્વાર અને પ્રથમ ઉપક્રમ દ્વારનું વિભાગ વર્ણન (૫) આનુપૂર્વિ વિસ્તાર (૬) એક થી દશ નામના વર્ણનથી વિવિધ ભાવોનું નિરૂપણ (૭) ચાર પ્રમાણ સ્વરૂપ (૮) માન ઉન્માનના ભેદ અને સ્વરૂપ (૯) ત્રણ પ્રકારના અંગુલ

(૧૦) જીવોની અગવાહના (૧૧) સ્થિતિઓ (૧૨) પાંચ શરીરોના બદ્ધ મુક્તનું વર્ણન (૧૩) પ્રત્યક્ષ પ્રમાણ આદિ ભાવ પ્રમાણ (૧૪) શંખ વર્ણન (૧૫) ચાર પલ્યના માધ્યમથી ઉત્કૃષ્ટ સંખ્યાતાની ઉપમા ગણના(ડાલા-પાલાનું વર્ણન) (૧૩) અર્થાધિકાર (૧૭) સમવતાર (૧૮) ચાર નિક્ષેપ દ્વાર (૧૯) અનુગમદ્વાર (૨૦) નિરૂપણ (૨૧) સામાયિક સ્વરૂપ (૨૨) નય પ્રરૂપણા.

આ અનુયોગદ્વાર સૂત્રમાં વર્ણિત વિષય છે. જીવોની અવગાહનાઓ, સ્થિતિઓ, બદ્ધ મુક્ત શરીરોનું વર્ણન પન્નવણા સૂત્રમાં હોવા છતાં પણ અહીંયા વિસ્તારથી કરવામાં આવ્યું છે.

**આ સૂત્રનું સ્થાન આગમોમાં :** વ્યાખ્યા પદ્ધતિનું સૂચક આ અનુયોગ દ્વાર સૂત્ર અંગબાહ્ય ઉત્કાલિક સૂત્ર છે. એવું નંદીસૂત્રની સૂચિમાં બતાવવામાં આવ્યું છે. વર્તમાનમાં શ્વેતાંબર સ્થાનકવાસી પરંપરામાં આને મૂળસૂત્રોમાં ગણવામાં આવ્યું છે અને મૂર્તિપૂજક પરંપરામાં ચૂલિકાસૂત્ર કહેવામાં આવે છે. આ સૂત્રમાં મુખ્ય રૂપથી 'આવશ્યક સૂત્ર' અને 'સામાયિક આવશ્યક' પર અનુયોગ પદ્ધતિથી વ્યાખ્યાનું કથન ચાર મુખ્ય દ્વારોથી કરવામાં આવ્યું છે. તેની સાથે સાથે જ પ્રસંગ અનુસાર બીજા પણ જ્ઞાતવ્ય વિષયો તત્ત્વોનું કથન કરવામાં આવ્યું છે. જેમાં સાંસ્કૃતિક સામગ્રીનું પણ વર્ણન છે. જેમ કે સંગીતના સાત સ્વર, સ્વર સ્થાન, ગાયકના લક્ષણ, ગ્રામ, મૂર્છનાઓ, સંગીતના ગુણ અને દોષ, નવરસ, સામુદ્રિક લક્ષણ, ઉત્તમ પુઢષના લક્ષણ, ચિન્હ આદિ નિમિત્તના સંબંધમાં પણ કાંઈક પ્રકાશ પાડ્યો છે, જેમ કે આકાશદર્શન અને નક્ષત્રાદિના પ્રશસ્ત હોવા પર સુવૃષ્ટિ થાય છે અને અપ્રશસ્ત હોવા પર દુર્ભિક્ષ આદિ હોય છે.

**રચનાકાર અને રચનાઓ :** આના રચયિતા આર્યરક્ષિત માનવામાં આવ્યા છે. તે અનુસાર આ સૂત્રની રચના વીર નિર્વાણ સંવંત ૫૯૨માં અને વિક્રમ સંવત ૧૨૨ની માનવામાં આવે છે. આગમ પ્રભાવક શ્રી પુણ્યવિજયજી મ.સા.નું એ મંતવ્ય છે કે અનુયોગ દ્વાર સૂત્રની રચના આર્યરક્ષિતે જ કરી હોય એવું નિશ્ચિત કહી શકાય નહિ. તેમજ ઉપાચાર્યશ્રી દેવન્દ્રમુનિજીએ વીર નિર્વાણ ૮૨૭ વર્ષના પૂર્વની રચના હોવાનું મંતવ્ય પ્રગટ પણ કર્યું છે. પૂર્ણ નિર્ણયના અભાવમાં પણ એટલું તો અવશ્ય છે કે નંદીસૂત્રની રચનાના પૂર્વે આ સૂત્રની રચના થઈ ગઈ હતી. આ સૂત્ર એક શ્રુતસ્કંધ છે, તેમાં અધ્યયન ઉદ્દેશા નથી એનું ગ્રંથ પરિમાણ ૧૮૯૯ શ્લોકનું માનવામાં આવે છે.

આ સૂત્ર પર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અને જિનદાસગણિ મહત્તર





આમ બે પ્રાચીન આચાર્યોની ચૂર્ણિ નામની વ્યાખ્યા ઉપલબ્ધ છે. આચાર્ય હરિભદ્ર સૂરિ અને હેમચંદ્રાચાર્યની પ્રાચીન ટીકાઓ ઉપલબ્ધ છે. ૨૦મી સદીમાં ૩૨ સૂત્રો પર સંસ્કૃત વ્યાખ્યા સ્થાનકવાસી આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. એ કરી છે. તે બધા પ્રકાશન ઉપલબ્ધ છે. આચાર્યશ્રી અમોલકઋષિજી મ.સા. ૩૨ સૂત્રોનો હિન્દી અનુવાદ પ્રકાશિત કરાવ્યો છે. અને હિન્દી વિવેચન સહિત ૩૨ શાસ્ત્ર આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત થયા છે. **શ્વે. મૂ.પૂ. સંઘમાંથી મુનિ શ્રી દીપરત્ન સાગર દ્વારા** તમામ (૪૫) આગમોના મૂલ પાઠ, હિન્દી અનુવાદ, ગુજરાતી અનુવાદ, પ્રાચીન વ્યાખ્યાઓ અને તેના ગુજરાતી અનુવાદ પરિપૂર્ણ સિરીજ રૂપે પ્રકાશિત થયેલ છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત ૩૨ આગમોનું નવનીત(સારાંશ) ૩૨ ભાગોમાં તથા ૮ ભાગોમાં પ્રકાશિત થયેલ છે તથા ૩૨ આગમના પ્રશ્નોત્તર ૧૦ ભાગોમાં પ્રકાશિત છે જેમાં આ સૂત્રના જટિલ અને રૂક્ષ વિષયને યથાસંભવ સરલ અને સુગમ બનાવીને પ્રશ્નોત્તર રૂપે અને સારાંશ રૂપે હિન્દી-ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ પુસ્તકોમાં આપવામાં આવેલ છે. નય-નિક્ષેપનું વર્ણન પણ સુસ્પષ્ટ કરવામાં આવ્યું છે. વાસ્તવમાં સારાંશ અને પ્રશ્નોત્તરના માધ્યમથી આ કઠિન આગમને સામાન્ય પાઠક પણ સહજ સમજી શકે છે. માટે ૩૨ આગમના સારાંશ અને પ્રશ્નોત્તરના પુસ્તકોનો આગમ જિજ્ઞાસુ સુશ્રાવકોએ તથા શ્રમણોએ અવશ્ય સ્વાધ્યાય કરવો જોઈએ. આ પુસ્તકોમાં મૂળપાઠ ન હોવાથી વાંચન માટે સ્વાધ્યાય-અસ્વાધ્યાય કાળનો કોઈ નિયમ લાગુ પડતો નથી. તેથી સાધ્વીઓ અને શ્રાવિકાઓ પણ સારાંશ અને પ્રશ્નોત્તરના પુસ્તકોનો સ્વાધ્યાય ક્યાંય પણ, ક્યારે ય પણ કરી શકે છે.

## આવશ્યક સૂત્ર ૩૨

સંસાર પ્રવાહમાં પરિભ્રમણ કરતાં પ્રાણીને માનવદેહ થવો અત્યંત દુર્લભ છે. એવા માનવદેહને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ ફળ છે– વ્રત-પ્રત્યાખ્યાન ધારણ કરવા. કહ્યું પણ છે– **દેહસ્ય સારં વ્રત ધારણં ચ.** વ્રતને ધારણ કર્યા પછી તેનું શુદ્ધ રૂપથી પાલન અને આરાધન કરવું પણ સાધકનું પરમ કર્તવ્ય થઈ જાય છે. જીવનની સામાન્ય વિશેષ વિવિધ પરિસ્થિતિઓમાં સૂક્ષ્મ-સ્થૂલ અતિચાર પણ જાણતા-અજાણતા લાગતા રહે છે. તેની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું આવશ્યક થાય છે. પ્રતિક્રમણ માટે અવલંબનભૂત આગમ 'આવશ્યક સૂત્ર' છે.

**નામકરણ :** અનુયોગદ્વાર સૂત્રમાં શ્રાવક અને શ્રમણ બંને માટે ઉભય સંધ્યા અવશ્ય કરણીયતા કહી હોવાથી એને આવશ્યક સૂત્ર કહેવામાં આવ્યું છે.

**આગમોમાં સ્થાન :** પ્રતિક્રમણ કરવું બધા શ્રમણોનો પ્રમુખ આચાર હોવાથી શાસ્ત્રોમાં આ આવશ્યક સૂત્રનું અંગ આગમ અને અંગબાહ્ય આગમોથી જુદુ જ મહત્ત્વ બતાવેલ છે. જ્યાં શ્રમણોના શાસ્ત્ર અધ્યયનની જાણકારી આગમોમાં આપવામાં આવી છે ત્યાં અંગશાસ્ત્રોથી પણ આવશ્યક સૂત્રના અધ્યયનનો નિર્દેશ પહેલાં કરવામાં આવ્યો છે. નંદીસૂત્રમાં અંગબાહ્ય આગમોમાં આવશ્યકને પહેલાં અલગ કહેવામાં આવ્યું છે. પછી બધા અંગ બાહ્ય આગમોને બે વિભાગોથી એક સાથે કહેવામાં આવેલ છે. આ પ્રકારે આ આવશ્યક સૂત્રનું બધા આગમોથી એક વિશેષ અને જુદું જ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. એને કંઠસ્થ કરવું દરેક સાધુ અને શ્રાવકોને માટે આવશ્યક હોય છે.

**વિશેષતા :** સમસ્ત જૈન આગમ કાં તો કાલિક હોય છે, અથવા તો ઉત્કાલિક હોય છે અને તેના ઉચ્ચારણનો કાલ અકાલ બંને હોય છે, તેનું અસ્વાધ્યાના સમયે ઉચ્ચારણ કરી શકાતું નથી પરંતુ આવશ્યક સૂત્રનો કાળ અકાળ હોતો નથી એટલે સદાકાળ આ સૂત્રનું ઉચ્ચારણ કરી શકાય છે. ૩૨ અસ્વાધ્યાયના સમયે એનું ઉચ્ચારણ કરવું પણ નિષિદ્ધ હોતું નથી બલ્કે સવાર સાંજની સંધ્યા કાલરૂપ અસ્વાધ્યાયના સમયે જ આ સૂત્રના અવલંબનભૂત પ્રતિક્રમણ કરવાનો વિશિષ્ટ સમય આગમ ઉત્તરાધ્યયન અને અનુયોગદ્વાર સૂત્રમાં બતાવવામાં આવ્યો છે. નિષ્કર્ષ એ છે કે આ આગમના ઉચ્ચારણમાં શુચિ, અશુચિ, સમય, અસમય આદિ કોઈપણ પ્રતિબંધ નથી.

**રચના અને રચનાકાર :** આવશ્યક સૂત્રની રચના ગણધર કરે છે અને બધા તીર્થંકરોના શાસનના પ્રારંભમાં જ આ સૂત્રની રચના કરવામાં આવે છે. કારણ કે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ તીર્થ સ્થાપનાથી તીર્થંકરના શાસનનો પ્રારંભ થાય છે. અને સાધુ-સાધ્વીને માટે પ્રતિક્રમણ કરવું આવશ્યક હોય છે. પ્રતિક્રમણ આવશ્યક સૂત્રના આધારથી જ કરવામાં આવે છે. તેથી આ સૂત્ર ગણધર રચિત આગમ છે. એમાં છ અધ્યાય છે. જેને છ આવશ્યક કહેવાય છે. છ આવશ્યકોમાં કુલ ૧+૧+૧+૯+૧+૧૦=૨૩ આદિ મંગલ અને અંતિમ મંગલ પાઠ જોડતાં કુલ ૨૩+૨=૨૫ પાઠ છે. જેનું પરિમાણ ૧૨૫ શ્લોકનું માનવામાં આવે છે. ક્યાંક ૧૦૦ અથવા ૨૦૦ શ્લોક પરિમાણ પણ કહેવામાં આવ્યું છે.

**વ્યાખ્યા અને સંસ્કરણ :** આ આવશ્યક સૂત્ર નામના આગમ પર નિર્યુક્તિ,





ભાષ્ય, ચૂર્ણિ, ટીકાઓ(હરિભદ્રીય, મલયગિરી આદિ) અને વિવિધ હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત વ્યાખ્યાઓ મુદ્રિત ઉપલબ્ધ થાય છે. આ સૂત્રનો મૂળપાઠ પણ સુત્તાગમ આદિના રૂપમાં પ્રકાશિત થયેલ છે. આધુનિક ઢંગથી લાડનૂંથી આચાર્ય તુલસી દ્વારા સંપાદિત અને મુંબઈ વિદ્યાપીઠથી પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી દ્વારા સંપાદિત પ્રકાશિત થયેલ છે.

આ સૂત્રના આધારથી વિવિધ પાઠો સહિત તથા અનેક હિન્દી, ગુજરાતી ગદ્ય પદ્યના રચિત પાઠો સહિત પ્રતિક્રમણ સૂત્ર શ્વેતાંબર સમાજમાં પ્રચલિત છે. તેની જ પ્રમુખતાથી સમાજમાં પ્રતિક્રમણ કરવામાં આવે છે. એના અનેક સંસ્કરણ પ્રકાશિત છે અને તે અનેક વિવિધતાવાળા છે. જેનું પરિમાણ ૧૦૦૦ શ્લોકથી લઈને ૫–૭ હજાર શ્લોક જેટલું પણ થઈ જાય છે. જો કે આવશ્યક સૂત્ર તો માત્ર ૧૨૫ શ્લોક પ્રમાણ છે.

કોઈ લોકો પ્રતિક્રમણ સૂત્ર(વિધિ સહિત) ને જ આવશ્યક સૂત્ર માની બેઠા છે પરંતુ આવશ્યક સૂત્ર ૧૨૫ શ્લોક પ્રમાણ આજ પણ સ્વતંત્ર છે. જે ઉપરોક્ત લાડનૂં મુંબઈના સંસ્કરણમાં જોઈ શકાય છે. તેમાં માત્ર અર્ધમાગધી ભાષાના જ પાઠો છે, જો કે તે આવશ્યક સૂત્રના આધારથી પ્રચલિત પ્રતિક્રમણ સૂત્રમાં બીજા શાસ્ત્રના ઉદ્ધરિત મૂળપાઠ પણ છે, બીજા નવ રચિત મૂળપાઠ પણ છે, સાથે જ હિન્દી-ગુજરાતીના અથવા મિશ્રિત ભાષાના કેટલાક પાઠ અને દુહા, સવૈયા, ભજન, સ્તુતિ આદિ પણ સમાવિષ્ટ છે.

મૌલિક આવશ્યક સૂત્રમાં માત્ર શ્રમણોચિત પાઠ જ છએ અધ્યાયોમાં ઉપલબ્ધ હોય છે. શ્રાવક પ્રતિક્રમણના અન્યાન્ય પાઠોનું સંકલન ભાષ્ય ટીકામાં આવશ્યક સૂત્રના અંતમાં ચૂલિકારૂપમાં આપવામાં આવ્યા છે. અનુયોગદ્વાર સૂત્રમાં શ્રાવકને પણ પ્રતિક્રમણ કરવું આવશ્યક કહેવામાં આવ્યું છે. તેથી શ્રાવક પ્રતિક્રમણના મૂળપાઠોને આવશ્યક સૂત્રની ચૂલિકારૂપમાં સ્વીકાર કરવો જોઈએ. આ પ્રકારે આવશ્યક સૂત્ર પ્રક્ષેપો રહિત શુદ્ધરૂપમાં આજ પણ ઉપલબ્ધ છે. પ્રક્ષેપ વૃદ્ધિ આદિ બધા સ્વતંત્ર પ્રતિક્રમણ સૂત્રોમાં હોય છે. તે સ્વતંત્ર વિધિ સૂત્ર છે. જે આવશ્યકના આધારથી તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રતિક્રમણ સૂત્રની સમાન જ સામાયિક સૂત્ર પણ પ્રચલિત છે. તેમાં પણ આવશ્યક સૂત્રના અન્યાન્ય અધ્યાયોમાં આવેલા પાઠોનું અને બીજા સૂત્રથી લાવવામાં આવેલ પાઠનું તથા નવ રચિત પાઠનું સંકલન કરવામાં આવ્યું છે. આ સામાયિક સૂત્રના આધારથી સામાયિક વ્રત લેવાની અને પાળવાની પૂર્ણ વિધિ

કરવામાં આવે છે. ઉપાધ્યાય કવિ શ્રી અમરમુનિજી દ્વારા સંપાદિત શ્રમણસૂત્ર અને સામાયિક સૂત્ર વિવેચન ચિંતન સહિત પ્રકાશિત થયું છે. બીજા પણ અનેક મહત્ત્વશીલ સંરક્ષણ આ સૂત્રના પ્રકાશમાં આવ્યા છે. સ્થાનકવાસી પરંપરામાં આચાર્યશ્રી અમોલકઋષિજીનું, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.નું, યુવાચાર્યશ્રી મધુકરમુનિજી મ.સા.નું, ગુજરાતથી ગુઢપ્રાણ ફાઉન્ડેશન રાજકોટનું અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેનું મુખ્યરૂપથી પ્રસિદ્ધિપ્રાપ્ત છે.

આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી મ.સા. દ્વારા સંપાદિત આગમ સારાંશ અને આગમ પ્રશ્નોત્તર હિન્દી તથા ગુજરાતી સરલ ભાષામાં આ શાસ્ત્ર ૯ પરિશિષ્ટોની સાથે પ્રકાશિત છે. જેમાં આવશ્યક સૂત્ર અથવા પ્રતિક્રમણ સૂત્ર સંબંધી પરંપરાઓના નિમિત્તથી ઉત્પન્ન થનારી અનેક શંકાઓના સમાધાન સ્વતઃ થઈ જાય છે.

પ્રચલિત શ્વેતાંબર પરંપરામાં આ સૂત્રને અંતિમ સૂત્ર ગણવામાં આવ્યું છે. અર્થાત્ ૪૫ કે ૩૨ આગમમાં આ પીસ્તાલીસમું અને બત્રીસમું સૂત્ર ગણવામાં આવે છે. પરંતુ સમસ્ત આગમોમાં આ સૂત્રની પ્રાથમિકતા ઉપર સ્પષ્ટ કરવામાં આવી છે, માટે આ સૂત્રને વ્યવહારમાં પણ પ્રથમ નંબરમાં રાખવું જોઈએ.

## અંતિમ સમયની આરાધનાનું જૈન સાહિત્ય

પ્રભુ મહાવીરે માનવ જીવનના સદુપયોગ માટે બે પ્રકારના ધર્મનું નિરૂપણ કર્યુ છે—શ્રાવકધર્મ તથા શ્રમણ ધર્મ. જિન શાસનમાં યથાશક્તિ કોઈ શ્રમણ ધર્મ સ્વીકાર કરે છે. કોઈ શ્રાવકધર્મ, બંને પ્રકારના સાધકો માટે સાધનાની અંતિમ સફળતા અર્થે પંડિતમરણ, સંલેખના-સંથારાની આરાધના એક મહત્વપૂર્ણ કર્તવ્ય છે. આ કર્તવ્યની પરિપૂર્ણતાને માટે જૈનાચાર્યોએ જુદી જુદી રીતથી અંતિમ આરાધના પ્રદાયક ઉપદેશોનું ગ્રંથરૂપે સંકલન કર્યું છે. તે ગ્રંથ પ્રાકૃત સાહિત્યના રૂપમાં ઉપલબ્ધ છે. તેનો (૨૨ નો) પરિચય આ પ્રકારે છે—

**(૧) સમાધિમરણ :** સંલેખના આરાધના સંબંધી ઉપલબ્ધ ગ્રંથોમાં આ ઘણો મોટો પ્રાકૃત ગ્રંથ છે. એમાં ૬૬૧ ગાથાઓ છે. આ ગ્રંથની રચનામાં (૧) મરણ વિભકિત (૨) મરણ વિશોધી (૩) મરણ સમાધિ (૪) સંલેખનાશ્રુત (૫) ભક્ત પરિજ્ઞા (૬) આતુર પ્રત્યાખ્યાન (૭) મહા પ્રત્યાખ્યાન (૮) આરાધના. આ પ્રાચીન ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્વયં ગ્રંથકારે એનો ઉલ્લેખ કરેલ છે. આ ગ્રંથમાં અંત સમયની આરાધનાનું વર્ણન છે. રચનાકાર અજ્ઞાત છે. નંદીમાં





નામ નથી. પાક્ષિક સૂત્રમાં નામ છે. આમાં મરણ સિવાય આચાર્યના ૩૬ ગુણ, આલોચનાના દોષોના નામ સહિત વર્ણન કર્યું છે. મૂર્તિપૂજક ૬–૭ સંઘ સંસ્થાઓ દ્વારા પ્રકાશિત છે. હિન્દી અનુવાદ નથી.

**(૨ થી ૪) આતુર પ્રત્યાખ્યાન :** આ ગદ્ય-પદ્ય મિશ્રિત ગ્રંથ છે. આ નામના ત્રણ ગ્રંથ મળે છે. તેમાં ૩૦, ૩૪ અને ૭૧ ગાથાઓ છે. (૧) શરીર મમત્વ ત્યાગ, સાગાર-નિરાગાર પ્રત્યાખ્યાનનું વર્ણન અને બધા જીવો પ્રતિ ક્ષમાપના કરવામાં આવી છે. લેખક અજ્ઞાત છે. (૨) ઉપોદ્‌ઘાત, અવિરતિ, પ્રત્યાખ્યાન, મિથ્યા દુષ્કૃત, મમત્વ ત્યાગ, શરીરને માટે ઉપાલંભ, શુભભાવના, અરિહંતાદિ સ્મરણ, પાપસ્થાન ત્યાગ આદિ શીર્ષકોથી વિષય વર્ણિત છે. કર્તા અજ્ઞાત છે. (૩) આ ૭૧ ગાથામય વીરભદ્ર આચાર્ય કૃત ગ્રંથ છે. નંદી સૂત્રમાં નામ છે. આમાં બાલ પંડિત આદિ ત્રણ મરણનું પ્રતિપાદન છે. ૬–૭ જગ્યાએથી પ્રકાશિત છે. હિન્દી અનુવાદ સહિત પણ ઉદયપુરથી પ્રકાશિત છે.

**(૫) મહાપ્રત્યાખ્યાન :** નંદીસૂત્ર અને પાક્ષિક સૂત્રમાં આનું નામ છે. નંદી ચૂર્ણિ હરીભદ્રીયવૃતિ તથા પાક્ષિકસૂત્ર વૃત્તિમાં આના વિષયમાં સૂચન છે. એમાં જિનકલ્પી અને સ્થવિરકલ્પી બંનેની અંતિમ આરાધના સંલેખનાનું નિરૂપણ છે. એમાં ૧૪૨ ગાથાઓ છે. એમાં મંગલ કથન કર્યા પછી વ્યુત્સર્જના, સર્વજીવ ક્ષમણા, નિંદા ગર્હા આલોચના, મમત્વ છેદન, આત્મ સ્વરૂપ, મૂળ અને અને ઉત્તર ગુણોમાં પ્રમાદની નિંદા, એકત્વ ભાવના, સંયોગ સંબંધી વ્યુત્સર્જના, અસંયમ આદિની નિંદા, મિથ્યાત્વનો ત્યાગ, અજ્ઞાત અપરાધની આલોચનાનું સ્વરૂપ, શલ્યોદ્ધરણ નિરૂપણ, આલોચનાનું ફળ, નિર્વેદ ભાવ ઉપદેશ, પંડિત મરણનું પ્રરૂપણ, પંચ મહાવ્રતની રક્ષા, તપનું મહાત્મ્ય, અનારાધકનું સ્વરૂપ, આરાધનાનું મહાત્મ્ય, પાપ આદિના પ્રત્યાખ્યાન, બધા જીવો પ્રતિ ક્ષમાભાવ, પ્રત્યાખ્યાન પાલનના ફળ આદિનો વિસ્તાર છે. એના કર્તા અજ્ઞાત છે. હિન્દી અનુવાદ સહિત પ્રકાશિત છે.

**(૬) સંસ્તારક :** આમાં ૧૨૨ ગાથાઓ છે. કર્તા અજ્ઞાત છે. નંદીમાં નામ નથી. સંસ્તારકના ગુણ, સ્વરૂપ, લાભ અને સુખનું વર્ણન છે. સંસ્તારક ગ્રહણ કરનારા પુણ્યાત્માઓનો નામોલ્લેખ છે. અંતમાં ક્ષમાપના અને ભાવનાનું નિરૂપણ છે. સાત જગ્યાએથી સંસ્કરણ પ્રકાશિત છે. મુર્શિદાબાદ, અહમદાબાદ, આગમોદય સમિતિ, હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, જૈન ધર્મ પ્રસારક સભાથી મૂળ, આગમ સંસ્થાન ઉદયપુરથી અર્થ સહિત.

**(૭) ચતુઃ શરણ :** કર્તા અજ્ઞાત, નંદીમાં નામ નથી. આમાં ૨૭ ગાથાઓ છે. દુષ્કૃત ગર્હા,. સકૃત અનુમોદના અને ચાર શરણા ગમન આ ત્રણ વિષય છે. આ ગ્રંથ કેવલ મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી જ પ્રકાશિત છે.

**(૮) ભક્ત પરિજ્ઞા :** નંદીમાં નામ નથી. ૧૭૨ ગાથાઓ છે. વીરભદ્રાચાર્ય કૃત, આમાં મંગલ કથન કર્યા પછી જ્ઞાનનું મહાત્મ્ય, આશાશ્વત સુખની નિષ્ફળતા, જિનારાધનમાં શાશ્વત સુખ, અભ્યુદય મરણના ત્રણ ભેદ, ભક્ત પરિજ્ઞા મરણના બે ભેદ, આલોચના, પ્રાયશ્ચિત્ત, મહાવ્રતારોપણ, સામાયિક આરોપણા, ક્ષમાપના ઉપદેશ આદિ. અંતમાં ભક્ત પરિજ્ઞાનું મહાત્મ્ય વર્ણન છે. અનેક મૂર્તિપૂજક સંઘ સંસ્થાઓથી પ્રકાશિત છે.

**(૯) ચતુઃ શરણ પ્રકીર્ણકમ્ (કુશલાનુંબંધી) :** આચાર્ય વીર ભદ્રકૃત આ શાસ્ત્રમાં ૬૩ ગાથા છે, છ મુખ્ય વિષય છે–(૧) સાવધ યોગ વિરતિ (૨) ઉત્કીર્તન (૩) ગુણીઓ પ્રતિ વિનય (૪) ક્ષતિ નિંદા (૫) દોષોની ચિકિત્સા (૬) ગુણારાધના. એના સિવાય ૧૪ સ્વપ્નનું વર્ણન છે. ચાર શરણ ગ્રહણ, દુષ્કૃત નિંદા, અનેક જગ્યાએથી પ્રકાશિત છે. સન્માર્ગ પ્રકાશન અમદાવાદથી ટીકા અનુવાદ સહિત સન્–૨૦૦૮માં પ્રકાશિત છે. સંપાદક વિજય કીર્તિયશસૂરિ છે. ૩૦૦ પાનાથી વધારે અને ૨૦૦ રૂપિયાની કિંમતનું સંગ્રહણીય અને અનેક પ્રકીર્ણકોની જાણકારીના ભંડાર સ્વરૂપ ગ્રંથ છે.

**(૧૦) આરાધના પતાકા :** આમાં ૯૩૨ ગાથાઓ છે. પ્રાચીન આચાર્યકૃત છે. ૩૨ વિષય વિભાજનથી વર્ણન છે મહાવીર વિદ્યાલય મુંબઈથી પ્રકાશિત છે.

**(૧૧) આરાધના પતાકા :** આમાં ૯૮૯ ગાથાઓ છે. વીર ભદ્રાચાર્ય કૃત છે. આમાં મરણનું સાંગોપાંગ વર્ણન છે. સવિચાર અવિચાર બે ભેદ કરીને સવિચાર ભક્ત પરિજ્ઞાનું વિસ્તૃત વિવેચન છે. પછી ત્રણેય પંડિત મરણનું વર્ણન છે. માત્ર મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયથી મૂળ પ્રકાશિત છે.

**(૧૨) પર્યંતારાધના :** અજ્ઞાત કર્તા, એમાં ૨૬૩ ગાથાઓ છે. અપરનામ આરાધના સાર છે. એમાં વિષય વર્ણન ૨૪ દ્વારોથી વિભાજિત છે. અનેક જગ્યાએથી પ્રકાશિત છે. હિન્દી અનુવાદ પણ છે.

**(૧૩) આરાધના પંચક :** આમાં ૩૩૪ ગાથાઓ છે. આ સ્વતંત્ર ગ્રંથ ન હોઈ ઉદ્યોતન સૂરિના કુવલયમાલા ગ્રંથથી ઉદ્ધૃત અંશવાળો ગ્રંથ છે. અંતકૃત કેવલીઓના નામ નિર્દેશ પૂર્વક કર્મક્ષયનું નિરૂપણ છે. તેના પછી ભગવાન મહાવીરની પ્રેરણાથી મણિરથમુનિ, કામજિતેન્દ્રમુનિ, વજ્ર ગુપ્ત મુનિ અને





સ્વયંભૂદેવ મુનિનું સંલેખના ગ્રહણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યની આરાધના, પાંચ મહાવ્રત રક્ષા, મમત્વ ત્યાગ, સર્વજીવ ક્ષમાપના, દોષપ્રતિક્રમણ, પંડિત મરણની પ્રેરણા અને તેની આરાધના તથા તેનું સિદ્ધિ ગમનનું વર્ણન છે.

**(૧૪) આરાધના પ્રકરણ :** એના કર્તા અભયદેવસૂરિ છે. આમાં ૮૫ ગાથાઓ છે. છ દ્વારોથી મરણવિધિનું વર્ણન છે. આ મુંબઈથી પ્રકાશિત થયેલ છે.

**(૧૫) આરાધના :** આ ગ્રંથમાં જિનેશ્વર શ્રાવકના પ્રતિ સુલસા શ્રાવિકા દ્વારા પ્રેરિત આરાધના સંદેશ છે. એમાં ૭૪ ગાથાઓ છે. એમાં અંત નિકટ હોવા પર અનશનની પ્રેરણા, પંચ પરમેષ્ઠી સ્વરૂપ નિરૂપણ અને તેની વંદના, નમસ્કાર મહાત્મ્ય, ચારમંગલ, ચાર ઉત્તમ, ચાર શરણ, આલોચના, વ્રતોચ્ચાર, ક્ષમાપના, વેદના સહન અને અનશન ઉપદેશ છે. મુંબઈ થી પ્રકાશિત છે.

**(૧૬) નન્દન મુનિ આધારિત આરાધના :** આમાં ૪૦ ગાથાઓ છે. આ સંસ્કૃત ભાષામાં લખવામાં આવ્યું છે. એમાં નંદનમુનિ કૃત દુષ્કૃત ગર્હા, ક્ષમાપના, શુભભાવના, ચાર શરણ ગ્રહણ, પંચ પરમેષ્ઠી નમસ્કાર અને અનશન પ્રતિપત્તિ રૂપ છ પ્રકારની આરાધનાનું વર્ણન છે. મુંબઈથી પ્રકાશિત છે.

**(૧૭) આરાધના કુલક :** આમાં ૮ ગાથા છે. સૌથી નાનો ગ્રંથ છે. આમાં વ્રતોચ્ચાર, જીવક્ષમાપના, પાપસ્થાન ત્યાગ, દુષ્કૃત નિંદા, સુકૃત અનુમોદન, ચાર શરણા ગ્રહણ, એકત્વ ભાવના નિર્દેશ છે. અજ્ઞાત કર્તા, મુંબઈથી પ્રકાશિત છે.

**(૧૮) મિથ્યા દુષ્કૃત કુલક :** આ નામથી બે ગ્રંથ ઉપલબ્ધ છે. (૧) એમાં ૧૫ ગાથા છે. ચાર ગતિના જીવો સાથે અલગ-અલગ ક્ષમાપના છે. પરમેષ્ઠીની નિંદા, જ્ઞાનાદિ ની વિરાધના, ચતુર્વિધ સંઘની અવમાનના અને મહાવ્રત-અણુવ્રત પ્રતિ સ્ખલના આદિની નિંદા છે. (૨) બીજામાં આરાધક દ્વારા ચારે ગતિના પ્રાણીઓને અપાતા દુઃખનું સ્મરણ કરી ક્ષમાપના, વિભિન્ન ભવોમાં પરિજનોનો ત્યાગ, રાગ-દ્વેષ વશ હિંસા, અસત્ય ભાષણ, પરિગ્રહ, મિથ્યાત્વ મોહથી મૂઢ થઈને અસેવા-અભકિત પ્રતિ મિથ્યા-દુષ્કૃત આપ્યું છે. મુંબઈથી પ્રકાશિત છે.

**(૨૦) આલોચના કુલક :** આમાં ૧૨ ગાથાઓ છે. કર્તા અજ્ઞાત છે. એમાં વિવિધ પ્રકારના દુષ્કૃત્યોની આલોચના અને તેનું મહાત્મ્ય છે. મુંબઈથી પ્રકાશિત છે.

**(૨૧) આત્મ વિશોધિ કુલક :** એમાં પણ સમસ્ત લોકના જીવોના પ્રતિ થયેલા દુષ્કૃત્યોની નિંદા છે. એમાં આહારનો અને સમસ્ત શારીરિક ક્રિયાઓના ત્યાગનો નિર્દેશ છે. અંતમાં આલોચના દ્વારા આત્મ વિશોધિનું મહાત્મ્ય બતાવ્યું છે. આમાં

કુલ ૪૪ ગાથાઓ છે. મુંબઈથી છપાયેલું છે. નંદીસૂત્રમાં નામ છે– આત્મ વિશોધિ.

**(૨૨) કવચ :** એના કર્તા જિનચન્દ્ર સૂરિ. પ્રાચીન આગમોના પાઠોનું સંકલન થવાથી પ્રામાણિક ગ્રંથ છે. અપ્રકાશિત છે. એમાં પંડિત મરણ સંબંધિત વિષયનું પ્રતિપાદન છે. ૧૨૯ ગાથાઓ છે.

આમાં ક્રમાંક ૪,૫,૨૧ના નામ નંદીમાં છે. શેષ ગ્રંથ નંદીરચના પછીના મધ્યકાલમાં સમય-સમય પર વિદ્વાન મુનિ પુંગવો દ્વારા રચિત પ્રાકૃત ગ્રંથ છે. ક્રમાંક ૧૬ સંસ્કૃત ભાષામાં છે. ૨૧ પ્રકાશિત છે. ૧ બાવીશમું અપ્રકાશિત છે. કેટલાકોનો હિન્દી અનુવાદ પણ આગમ સંસ્થાન ઉદયપુરથી થયો છે. **(આચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિયશ સૂરીશ્વર દ્વારા સંપાદિત શ્રી ચતુઃશરણ પ્રકીર્ણકમ્ માંથી સાભાર ઉદ્ધૃત।)**

## ભાષા વિવેક શું છે ? આગમિક વિચારણા

ખોટા માર્ગના પ્રેરક અથવા ખોટું આચરણ કરવાવાળાને તથા ખોટા તર્ક કરવાવાળાને અને હઠાગ્રહી વૃત્તિવાળાને શિક્ષિત કરવામાં ભાષાની એકાંત મૃદુતાની વાતો કરવી ક્યારેક અત્યંત ભૂલ ભરેલું કર્તવ્ય હોઈ શકે છે. એના માટે કેટલાક આગમ સ્થળોનું નિરીક્ષણ કરીએ. જેમ કે– (૧) દશવૈકાલિક સૂત્રમાં (રાત્રિમાં) આહારનો સંગ્રહ કરનારા શ્રમણોને માટે મૃદુ સંકેત નહીં પરંતુ તીક્ષ્ણ શબ્દ પ્રયોગ કરીને કહેવામાં આવ્યું છે કે તે **શ્રમણ ગૃહસ્થ છે. પ્રવર્જિત નથી.** (૨) ઉત્તરાધ્યયન અધ્યયન ૧૭માં કહ્યું છે કે જે શ્રમણ પ્રતિલેખનમાં પ્રમાદ કરે છે, વિગયોનું સેવન કરી તપસ્યા કરતા નથી, તે પાપીશ્રમણ છે. આ કેવો કોમળ શબ્દ પ્રયોગ છે ? જુઓ. (૩) મહાનિશીથ સૂત્રમાં તે મિથ્યાદષ્ટિ કુલિંગી (જૈન યતિઓની સમક્ષ) તે આચાર્ય કુવલય પ્રભએ સ્પષ્ટ નિડર કથન કરીને તીર્થંકર નામકર્મ બાંધ્યું. (૪) દશવૈકાલિકમાં– ધિક્કાર છે, હે અપયશના કામી ! આ શબ્દ એક સાધ્વી દ્વારા એક ચરમ શરીરી ભૂલપાત્ર શ્રમણને માટે કહેલ છે. જેને શસ્ત્રકારે સંકલિત કર્યો અને સાધ્વીના તે વચનોને સુભાષિત વચન કહ્યું. (૫) ભગવતીમાં– હે ગૌતમ ! મારો કુશિષ્ય ગોશાલક મરીને બારમાં દેવલોકમાં ગયો. ભગવાને પોતે ગૌશાલકના માટે કડવા સત્યનો શબ્દ પ્રયોગ કર્યો. (૬) રેવતિ પત્નિને મરીને નરકમાં જવાનું કહેવા પર મહાશતકને પ્રાયશ્ચિત્ત કરાવવા માટે ભગાવને ગૌતમને તેના ઘરે મોકલ્યા હતા. તો પણ ગોશાલક જેવા વિધર્મીને પ્રત્યક્ષમાં ભગાવને કહ્યું કે તું ખુદ સાત દિવસમાં મરી જાઈશ (૭) પરદેશી





રાજાને માટે કેશી સ્વામીએ દાણની ચોરી આદિ અનેક કડવી તીક્ષ્ણ ઉપમાઓથી આક્ષેપની ભાષાનો પ્રયોગ કર્યો હતો. જુઓ– રાજપ્રશ્નીય સૂત્ર. સાર એ છે કે ભાષા વિવેકના વિષયમાં પણ જિનશાસનમાં એકાંતિકતા નહીં પરંતુ અનેકાંતિકતા છે. તેથી ક્યારેક ક્યાંક તીક્ષ્ણ ભાષા પ્રયોગ પણ અનુચિત હોતો નથી. આ સત્યને પણ સમજવાની જરૂરત છે. શાસ્ત્રોમાં એવા જ અનેક દષ્ટાંત જોવાથી શોધવાથી મળી શકે છે.

નિષ્કર્ષ એ થયો કે ખોટી પરંપરાઓ, ખોટા ધર્મ માર્ગ, ખોટા ઈતિહાસ, ખોટા આચાર ઢોંગ, ખોટી પ્રરૂપણાઓ, આગમોમાં ખોટું ઉમેરવાવાળા, અતિ હોશિયારી કરનારા, ઈત્યાદિ પ્રસંગોપાત જે ભાષામાં તીક્ષ્ણતા થઈ જાય તો તેને ગૌણ કરીને લેખક કે વક્તાના જિનશાસન પ્રત્યે હાર્દિક ભાવ તથા શોધપૂર્વક સત્ય જ્ઞાનના શ્રમને આદર દેવાનું કર્તવ્ય પાલન કરવું શ્રેયસ્કર હોય છે પરંતુ લેખકના આશયની ઉપેક્ષા કરીને તેના ભાષા પ્રયોગની નિંદા કરી કર્મબંધ ન કરવો જોઈએ. એ જ પાઠકોને હિતાવહ સૂચન કરવું છે. સુજ્ઞેસુ કિં બહુના. અર્થાત્ સમજદારને ઈશારો જ બસ છે. વધારે એને શું કહેવું.

## ૩૨ સૂત્રોનું શ્લોક પ્રમાણ અને ઉપધાન તપ :–

| ક્રમાંક | આગમનું નામ | શ્લોક | ઉપધાન તપ |
|---|---|---|---|
| ૧ | આચારાંગ સૂત્ર | ૨૫૦૦ | ૫૦ આયંબિલ |
| ૨ | સૂયગડાંગ સૂત્ર | ૨૧૦૦ | ૩૦ |
| ૩ | ઠાણાંગ સૂત્ર | ૩૭૭૦ | ૧૮ |
| ૪ | સમવાયાંગ સૂત્ર | ૧૬૬૭ | ૩ |
| ૫ | ભગવતી સૂત્ર | ૧૫૭૫૨ | ૧૮૬ |
| ૬ | જ્ઞાતાધર્મકથા સૂત્ર | ૫૫૦૦ | ૩૩ |
| ૭ | ઉપાસકદા સૂત્ર | ૮૧૨ | ૧૪ |
| ૮ | અંતગડદશા સૂત્ર | ૯૦૦ | ૧૨ |
| ૯ | અનુત્તરોપપાતિક સૂત્ર | ૨૯૨ | ૭ |
| ૧૦ | પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ૧૨૫૦ | ૧૪ |
| ૧૧ | વિપાક સૂત્ર | ૧૨૧૬ | ૨૪ |
| ૧૨ | ઉવવાઈ સૂત્ર | ૧૨૦૦ | ૩ |
| ૧૩ | રાયપ્પસેણીય સૂત્ર | ૨૦૭૮ | ૩ |
| ૧૪ | જીવાભિગમ સૂત્ર | ૪૭૦૦ | ૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | પન્નવણા સૂત્ર | ૭૭૮૭ | ૩૮ |
| ૧૬ | જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર | ૪૧૪૬ | ૧૦ |
| ૧૭-૧૮ | ચંદ્ર–સૂર્ય–પ્રજ્ઞપ્તિ સૂત્ર | ૨૨૦૦ | ૩ |
| ૧૯-૨૩ | ઉપાંગસૂત્ર(નિયાવલિકાદિ) | ૧૧૦૯ | ૭ |
| ૨૪ | નિશીથસૂત્ર | ૧૪૧૫ | ૧૦ |
| ૨૫ | દશાશ્રુત સ્કંધ સૂત્ર | ૭૫૦ | |
| ૨૬ | દશાશ્રુત સ્કંધ સૂત્ર | ૪૭૩ | ૨૦ |
| ૨૭ | વ્યવહાર સૂત્ર | ૮૩૫ | |
| ૨૮ | ઉત્તરાધ્યન સૂત્ર | ૨૦૦૦ | ૨૯ |
| ૨૯ | દશવૈકાલિક સૂત્ર | ૭૦૦ | ૧૫ |
| ૩૦ | નંદી સૂત્ર | ૭૦૦ | ૩ |
| ૩૧ | અનુયોગદ્વાર સૂત્ર | ૧૮૯૯ | ૧૦ |
| ૩૨ | આવશ્યક સૂત્ર | ૧૨૫ | ૮ |
| | **યોગ** | **૬૮૩૭૯** | **૫૫૩** |

**જ્ઞાતવ્ય :** આ બત્રીસ સૂત્રોના મૂળપાઠનું પરિમાણ બતાવવામાં આવ્યું છે. ૩૨ અક્ષરોનો એક શ્લોક થાય છે. આચારાંગ સૂત્રનો મૂળપાઠ આવા ૨૫૦૦ શ્લોક જેટલો છે. આ પ્રમાણે બધા સૂત્રોના શ્લોક પ્રમાણ કહેવામાં આવ્યા છે.

આ પરિમાણ કોઈ સમયે માપ કરીને આંકવામાં આવ્યું છે. એમાં કાલક્રમથી હીનાધિક થવું. પાઠોને ટૂંકમાં વિસ્તારમાં લખવાના કારણથી પણ સંભવ છે. તેથી જ્યારે પણ સૂત્રનું શ્લોક પરિમાણ બતાવાવમાં આવે ત્યાં એવું સૂચિત કરવું જોઈએ આટલા શ્લોક પરિમાણ આ સૂત્ર માનવામાં આવેલ છે. એના સિવાય કોઈને કોઈપણ સંખ્યામાં વિશ્વાસ ન આવે(કન્ફયુઝન થાય) તો અક્ષર ગણીને ૩૨ અક્ષરનો એક શ્લોક સમજીને સ્વયં શ્લોક સંખ્યાનો નિર્ણય-નિર્ધારણ કરી લેવું જોઈએ.

**ઉપધાન :** પ્રત્યેક સૂત્રનું ગુઢગમ વાંચણીની સાથે અથવા પછી પણ કાંઈક તપ કરવું આવશ્યક હોય છે. કારણ કે જ્ઞાનની આરાધનામાં ઉપધાન કરવું આવશ્યક માનવામાં આવે છે. આગમોમાં સાધુ અને શ્રાવક બંને માટે શ્રુત અધ્યયન અને તેના ઉપધાનનું વિધાન આવે છે. પ્રમાણ માટે જુઓ નંદીસૂત્ર.

આ જે ઉપધાન તપની સંખ્યા બતાવવામાં આવી છે, તે આયંબિલ કરવાની સંખ્યા છે. જો ઉપવાસ કરવા હોય તો ૨ આયંબિલ=૧ ઉપવાસ થાય છે.





**નોટ :** ઉપરનું શ્લોક પરિમાણ અને ઉપધાન સંખ્યામાં કંઈક મતાંતર પ્રાપ્ત થાય છે. છતાં પણ પરિશ્રમ કરીને અર્થાત્ અભિધાન રાજેન્દ્ર કોષ આદિ જોઈને શુદ્ધ સંખ્યા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## ૩૨ આગમ સિવાય અન્યત્ર સૂચિત શ્વેતાંબર ગ્રંથ

**(૧) મહાનિશીથ સૂત્ર–** ૭ અધ્યયન, ૨ ચૂલિકા, પરિમાણ–૪૫૫૪ (૪૫૦૦) નંદીમાં નામ છે પણ સંભવતઃ તે નામ પ્રક્ષિપ્ત છે.

**(૨) યતિ જીત કલ્પ**–૧૦૮ . ટીકા–૧૨૦૦, ચૂર્ણિ–૧૦૦૦, ભાષ્ય–૩૧૨૪, સોમસૂરિકૃત, નંદીમાં નામ નથી.

**(૩) શ્રાદ્ધ જીતકલ્પ સૂત્ર–** મૂળ–૩૭૫, ધર્મઘોષ સૂરિ ટીકા–૨૬૫૦, નિર્યુક્તિ ગાથા – ૧૬૮, નંદીમાં નામ નથી.

**(૪) પંચકલ્પ સૂત્ર–** અધ્યયન–૧૬, મૂળ પરિમાણ–૧૧૩૩, ભાષ્ય–૩૧૨૫, ચૂર્ણિ–૨૧૩૦, નંદીમાં નામ નથી.

**(૫) પિંડનિર્યુક્તિ–** મૂળ–૭૦૦, ટીકા મલયગિરિ–૭૦૦૦, નંદીમાં નામ નથી.

**(૬) ઓઘ નિર્યુક્તિ**– મૂળ ૧૧૭૦, દ્રોણાચાર્ય ટીકા– ૭૦૦૦, ભાષ્ય–૩૦૦૦, ચૂર્ણિ–૭૦૦૦, નંદીમાં નામ નથી.

**(૭) પાક્ષિક સૂત્ર–** સૂત્ર–૩૬૦, ટીકા–૨૭૦૦(યશોદેવસૂરિ સંવત–૧૧૮૦), ચૂર્ણિ–૪૦૦. નંદીમાં નામ નથી.

**(૮) યતિ પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ–** ૬૦૦ પરિમાણ છે. નંદીમાં નામ નથી.

**(૯) વિશેષાવશ્યક ભાષ્ય–** સામાયિક અધ્યયનનું ભાષ્ય–૫૦૦૦ શ્લોક જિનભદ્રગણિ,લઘુવૃત્તિ–કોટ્યાચાર્ય અથવા દ્રોણાચાર્ય–૧૪૦૦૦, બૃહદવૃત્તિ–૧૮૦૦૦ મલધારી હેમચંદ્રાચાર્ય. નંદીમાં નામ નથી.

**(૧૦) ચઉસરણ પઈણ્ણા–** ૬૩ ગાથા, નંદીમાં નામ નથી.

**(૧૧) આતુર પ્રત્યાખ્યાન–** ૮૪ ગાથા, નંદીમાં છે.

**(૧૨) ભક્ત પ્રત્યાખ્યાન–** ૧૭૨ ગાથા. નંદીમાં નથી.

**(૧૩) સંસ્તારક પઈણ્ણા–** ૧૨૨ ગાથા. નંદીમાં નથી.

**(૧૪) તંદુલ વૈતાલિક પઈણ્ણા–** ૪૦૦ ગાથા. નંદીમાં છે.

**(૧૫) ચંદ્રાવૈદ્યક પઈણ્ણા–** ૩૧૦ ગાથા. નંદીમાં છે. **અથવા**

**(૧૬) ગચ્છાચાર પઈણ્ણા–** ૪ અધિકાર. ટીકા–વિમલવિજય ગણિ–૫૮૫૦. નંદીમાં નામ નથી. આ બે માંથી કોઈને ૪૫માં છોડે અથવા ગણે.

**(૧૭) દેવેન્દ્રસ્તવ પઈણ્ણા–** ૨૦૦ ગાથા. નંદીમાં છે.
**(૧૮) ગણિ વિદ્યા પઈણ્ણા–** ૧૦૦ ગાથા. નંદીમાં છે.
**(૧૯) મહાપ્રત્યાખ્યાન પઈણ્ણા–** ૧૩૪ ગાથા. નંદીમાં છે. **અથવા**
**(૨૦) વીર સ્તવ પઈણ્ણા–** ૪૩ ગાથા. આની ૪૫ આગમમાં ગણવાની આવશ્યકતા નથી, એવું **રાજેન્દ્રકોષમાં** લખ્યું છે. આ ૧૦ પઈણ્ણાથી વધારે છે. નંદીમાં નામ નથી. તો પણ આ બેમાં એકને છોડે છે અથવા ગણે છે.
**(૨૧) સમાધિ મરણ પઈણ્ણા–** ૭૨૦ ગાથા. નંદીમાં નથી.
**(૨૨) ઋષિભાષિત સૂત્ર–** ૭૫૦ ગાથા પ્રમાણ. નંદીમાં કાલિક સૂત્રમાં છે.
**(૨૩) સિદ્ધપાહુડ સૂત્ર–** ૧૫૦ સૂત્ર. ટીકા–૭૫૦. નંદીમાં નથી. આમાં સિદ્ધોનું વર્ણન છે. ભાવનગરથી પ્રકાશિત છે.
**(૨૪) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ–** સંગ્રહણી સંખ્યા–૨૫૦ ગાથા . ટીકા–૨૫૦૦, નંદીમાં છે.
**(૨૫) અંગવિદ્યા પ્રકીર્ણક–** ૮૮૦૦ શ્લોક. નંદીમાં નથી.
**(૨૬) જ્યોતિષ કરંડ પઈણ્ણા–** ૫૦૦ ગાથા. ટીકા મલયગિરિ– ૫૪૦૦. પાહુડ–૩૧. નંદીમાં નથી.
**(૨૭) અંગ ચૂલિકા ગ્રંથ–** ૮૦૦ ગાથા. નંદીમાં છે.
**(૨૮) ઉવંગ ચૂલિકા(વર્ગ ચૂલિકા)** – ૧૦૯ ગાથા. યશોભદ્ર કૃત,નંદીમાં છે.

––––––––––––––––––––––

**(૨૯) નરક વિભક્તિ–** નંદીમાં નામ નથી.
**(૩૦) ગણધરાવલી–** નંદીમાં નામ નથી.
**(૩૧) સમુત્થાન સૂત્ર*(દેવેન્દ્ર–નરેન્દ્રા)*–** નંદીમાં નામ કાલિક સૂત્રોમાં છે.
**(૩૨) ધ્યાન વિભક્તિ–** નંદીમાં નામ છે.
**(૩૩) મરણવિભક્તિ–** નંદીમાં નામ છે.

––––––––––––––––––––––

**(૩૪)** કલ્પ્યા કલ્પ સૂત્ર
**(૩૫)** ચુલ્લ કલ્પ સૂત્ર
**(૩૬)** મહાકલ્પ સૂત્ર
**(૩૭)** મહાપ્રજ્ઞાપના સૂત્ર
**(૩૮)** પ્રમાદાપ્રમાદ સૂત્ર





**(૩૯)** ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ
**(૪૦)** મહલ્લિકાવિમાન પ્રવિભક્તિ
**(૪૧)** પોરિષી મંડલ
**(૪૨)** વિયાહ ચૂલિકા
**(૪૩)** મંડલપ્રવેશ
**(૪૪)** વિદ્યાચરણ વિનિશ્ચય
**(૪૫)** આત્મવિશોધિ
**(૪૬)** વીતરાગશ્રુત
**(૪૭)** સંલેખનાશ્રુત
**(૪૮)** ઉત્થાન સૂત્ર
**(૪૯)** સમુત્થાન સૂત્ર
**(૫૦)** વિહારકલ્પ
**(૫૧)** ચરણવિધિ
**(૫૨)** નાગપરિયાવણિયા
**(૫૩)** અઢણોવવાએ
**(૫૪)** વઢણોવવાએ
**(૫૫)** ગઢલોવવાએ
**(૫૬)** ધરણોવવાએ
**(૫૭)** વેસમણોવવાએ
**(૫૮)** વેલંધરોવવાએ
**(૫૯)** દેવિંદોવવાએ

––––––––––––––––––––––

**(૬૦)** પર્યુષણા કલ્પ સૂત્ર
**(૬૧)** ક્ષમાપના સૂત્ર
**(૬૨)** વંદિતુ સૂત્ર
**(૬૩)** અજીવકલ્પ
**(૬૪)** સિદ્ધપ્રાભૃત–એક ભવાવતારી શ્રમણોની સૂચિવાળો ગ્રંથ અપ્રકાશિત છે.
**(૬૫)** તિત્થોગાલિય પઈણ્ણા
**(૬૬)** આરાધના પતાકા. વીર ભદ્રાચાર્ય કૃત. ૯૮૯ ગાથા.

**(૬૭)** તિથિ પ્રકીર્ણક
**(૬૮)** યોનિપ્રાભૃત
**(૬૯)** પિંડવિશુદ્ધિ
**(૭૦)** સારાવલી
**(૭૧)** પર્યંતારાધના
**(૭૨)** જીવ વિભક્તિ
**(૭૩)** કવચપ્રકરણ
**(૭૪)** વૃદ્ધચતુઃશરણ
**(૭૫)** જંબૂ પયણ્ણા
**(૭૬ સે ૮૩)** નિર્યુક્તિ વ્યાખ્યાઓ–૮ (આઠ) ૨ અંગસૂત્ર પ્રારંભના, ૨ મૂળ સૂત્ર–ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, ૩ છેદ સૂત્ર, (નિશીથ છોડીને) ૧ આવશ્યક.
**(૮૪)** ઋષિભાષિત નિર્યુક્તિ
**(૮૫)** સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ
**(૮૬)** સંસક્ત નિર્યુક્તિ

---

**(૮૭)** આરાધના પંચક
**(૮૮)** આરાધના પ્રકરણ
**(૮૯)** આરાધના સુલસાશ્રાવિકા રચિત
**(૯૦)** આરાધના નંદનમુનિ આરાધિત
**(૯૧)** આરાધના કુલક
**(૯૨)** મિથ્યાદુષ્કૃત કુલક
**(૯૩)** આલોચના કુલક
**(૯૪)** આત્મવિભક્તિ
**(૯૫)** કૃતિકર્મ
**(૯૬)** ચારણસ્વપ્ન ભાવના.
**(૯૭)** તેજો નિસર્ગ
**(૯૮)** દીર્ઘદશા
**(૯૯)** દૃષ્ટિવિષ ભાવના
**(૧૦૦)** દોગિદ્ધિ દશા





**(૧૦૧)** પુંડરિક
**(૧૦૨)** બંધદશા
**(૧૦૩)** મરણવિશોધિ
**(૧૦૪)** મહાપુંડરિક
**(૧૦૫)** મહાસ્વપ્ન ભાવના
**(૧૦૬)** વૈનયિક
**(૧૦૭)** સંક્ષેપિક દશા
**(૧૦૮)** સંગ્રહણી
**(૧૦૯)** આશીવિષ ભાવના
**(૧૧૦)** નિશીથ સૂત્ર : નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ ।

## ૧૧૦ નો પરિચય અને નિષ્કર્ષ :–

(૧) ક્રમાંક ૧ થી ૨૮ સુધી અભિધાન રાજેન્દ્ર કોશમાંથી સંગ્રહિત કરેલ છે. ભાગ–૧, પાના નં. ૩૧ થી ૩૫ સુધી

(૨) ક્રમાંક ૨૯ થી ૩૩ સુધી શ્વે.મૂ.પૂ. **આચાર્ય પ્રદ્યુમ્નસૂરી કૃત વિચાર સાર પ્રકરણ** ગ્રંથમાંથી સંગ્રહિત કરેલ છે. જે લોકાશાહની પૂર્વ વિ.સં. ૧૪મી સદીનો રચિત ગ્રંથ છે. શ્લોક નં. ૩૪૪ થી ૩૫૧ સુધી. તેમાં ૪૫ આગમના નામ છે.

(૩) ક્રમાંક ૩૪ થી ૫૯ સુધી નંદીસૂત્રની આગમ સૂચિથી સંકલિત કરવામાં આવેલ છે.

(૪) ક્રમાંક ૬૦ થી ૮૬ સુધી આચાર્ય દેવેન્દ્રમુનિજી ગ્રંથ જૈન આગમ સાહિત્ય મનન અને મીમાંસા, પૃષ્ઠ–૩૨ ચોરાશી આગમ સૂચિથી સંકલિત કરેલ છે. તથા પ્રબુદ્ધ જીવન મુંબઈ માસિક થી.

(૫) ક્રમાંક ૮૭ થી ૧૦૯ સુધી શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરિ સંપાદિત ચતુઃશરણ પ્રકીર્ણક ગ્રંથથી સંગ્રહિત કરેલ છે. પ્રસ્તાવના પૃષ્ઠ– ૩૩ થી ૪૬ સુધી.

(૬) ક્રમાંક ૧૧૦ નિશીથ સૂત્ર નિર્યુક્તિનું નામ ઉપરના પાંચેય સ્થળોની સૂચિમાં આવેલ નથી. આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ ૧૦ સૂત્રો પર નિર્યુક્તિની રચના કરી છે. તેમાંથી ૯ નિર્યુક્તિનું નામ ઉપરની સૂચિમાં આવી ગયેલ હોવાથી ૧૧૦મું નામ આ નિશીથ નિર્યુક્તિ-ચૂર્ણિનું રાખવું આવશ્યક હોવાથી ઉમેર્યું છે.

(૭) આ ૧૧૦+૩૨ આગમ= ૧૪૨ શ્વે. જૈન આગમ-ગ્રંથ(સાહિત્ય) હોય છે.

(૧) એમાંથી નંદી સૂત્રોક્ત ૨૪ શાસ્ત્ર અનુપલબ્ધ છે. જેની સૂચિ આ પુસ્તકમાં

આપી છે. તથા (૨) ઉક્ત સૂચિના ક્રમાંક–૯૪ થી ૧૦૯ સુધી ૧૬ આગમ– ગ્રંથ અનુપલબ્ધ છે. તેથી કુલ ૨૪+૧૬=૪૦ આગમ–ગ્રંથ અનુપલબ્ધ છે. જેનાથી ૧૪૨–૪૦=૧૦૨ આગમ ગ્રંથ(જૈન સાહિત્ય) ઉપલબ્ધ છે. આમાં ૩૨ આગમ સર્વ શ્વેતાંબર સમાજને એક મતથી માન્ય છે. શેષ ૧૦૨–૩૨=૭૦ ની માન્યતામાં અનેક વિકલ્પ મતભેદ છે અર્થાત્ શેષ ૭૦ ને સ્થાનકવાસી જૈનોએ આગમ રૂપમાં માન્ય કર્યા નથી. આ તેની પોતાની પરંપરા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની આ ૭૦ ના વિષયમાં આગમ માનવાની પરંપરા નિશ્ચિત નથી. ક્યાંય ક્યારેય કોઈ કોઈને ૪૫ આગમમાં રાખે છે, કોઈ તેને જ કાઢીને કોઈ બીજાને ૪૫ આગમમાં ગણી લે છે. આમ ૪૫ આગમના નિર્ણયમાં તેઓની અસ્થિર માનસિકતા પ્રગટ થાય છે અર્થાત્ સ્થા. માન્ય ૩૨ આગમ તો તે સ્થિર રૂપથી માને જ છે, શેષ ૧૩ ને ગણવામાં તે અસ્થિર ચિત્ત અને વિવિધતાવાળા છે. એવું સ્વયં મૂર્તિપૂજક વિદ્વાન શ્રમણ આદિ પોતાના લેખનમાં સ્વીકાર કરે છે. તેના લેખનનું ઉદ્ધરણ(વાક્યાંશ) પણ આ પુસ્તકમાં સંકલિત છે. પાઠક આગળ પાછળ ધ્યાનથી જોશે તો વાંચી શકશે.

## નિષ્કર્ષ (તુલના–વિચારણા ) :–

**(૧) અભિધાન રાજેન્દ્ર કોશ :** રાજેન્દ્ર કોશમાં શીર્ષક રૂપે ૪૫ આગમ સંખ્યા લખવા છતાં પણ કુલ ૫૧/૬૦ આગમ નામ ત્યાં લખીને તેનો પરિચય,ગ્રંથ પ્રમાણ વગેરે દર્શાવ્યા છે અર્થાત્ ૪૫ ની સંખ્યામાં સ્થિરતા રાખી નથી.

**(૨) વિચાર સાર ગ્રંથ :** લોકાશાહની પહેલાં વિક્રમની ૧૪મી શતાબ્દિમાં શ્વેતાંબર મૂર્તિપૂજક અચાર્ય પ્રદ્યુમ્નસૂરિએ આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં બનાવ્યો છે. જેની ગાથા–૩૪૪ થી ૩૫૧ સુધીમાં ૪૫ આગમના નામ ગણાવ્યા છે. જેમાં ૪૫–૩૨ = ૧૩ વિશેષ આગમ આ પ્રકારે કહ્યા છે– (૧) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ (૨) ઋષિભાષિત (૩) તંદુલ વૈતાલિક (૪) ચંદ્રવેધક (૫) ગણિવિદ્યા (૬) નરક વિભક્તિ (૭) આતુર પ્રત્યાખ્યાન (૮) ગણધરાવલી (૯) સમુત્થાન સૂત્ર–દેવેન્દ્ર નરેન્દ્ર (૧૦) મરણ વિભક્તિ (૧૧) ધ્યાન વિભક્તિ (૧૨) પાક્ષિક સૂત્ર (૧૩) દેવેન્દ્ર સંસ્તવ આ ગ્રંથમાં દર્શાવેલ ૪૫ આગમ નામ આગળ પ્રશ્નવ્યાકરણ સૂત્રના પરિચયમાં આપેલ છે.

**વિચારણા :** (૧) આ વિચારસાર ગ્રંથમાં ૧૪મી સદીના આચાર્યએ ૧. મહા નિશીથ ૨.જીતકલ્પ ભાષ્ય ૩.પંચકલ્પ ભાષ્ય ૪. ઓઘ નિર્યુક્તિ ૫. પિંડ નિર્યુક્તિ, આ પાંચેયને(૩ છેદ સૂત્રો+૨ નિર્યુક્તિને) ૪૫ આગમમાં ગણ્યા નથી. કારણ કે





વાસ્તવમાં તે આગમની પરિભાષામાં આવતા નથી. વર્તમાનમાં આ પાંચેયને આગમમાં ગણવા લાગ્યા છે તેનું શું કારણ છે તે પાછળના બદલા બદલી કરનારા મૂતિપૂજક વિદ્વાન વિચારે.

**(૨)** વિક્રમની ૧૪મી સદીના વિદ્વાન આચાર્ય દ્વારા ગણવામાં આવેલા ૧૩ આગમ નામોમાં અને વર્તમાનમાં ગણવામાં આવેલા ૧૩ આગમ નામોમાં ઘણી ભિન્નતા છે. રાજેન્દ્ર કોશ ૨૦મી સદીનો છે અને વિચારસાર ગ્રંથ ૧૪મી સદીનો છે તોપણ ઉપરોક્ત પ્રાચીન ૧૩માંથી નીચેના ૭ ને ૪૫ આગમમાં ગણવાનું છોડી દીધું. જેમ કે– (૧)દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ (૨)ઋષિભાષિત સૂત્ર (૩)નરક વિભક્તિ (૪) ગણધરાવલી (૫)સમુત્થાન સૂત્ર(દેવેન્દ્ર નરેન્દ્ર) (૬)ધ્યાન વિભક્તિ (૭)મરણ વિભક્તિ.

**(૩)** વિચારસાર ગ્રંથના ૧૩ આગમ નામોમાં દેવેન્દ્રસ્તવ અને દેવેન્દ્ર નરેન્દ્ર આ બે નામ છે. જેમાં દેવેન્દ્ર સ્તવનું નામ નંદીસૂત્ર આદિ અનેક સૂચિઓમાં આવે છે. દેવેન્દ્ર નરેન્દ્ર નામ તેનો પર્યાય શબ્દ ભ્રમથી અલગ નામ રૂપમાં સમુત્થાન સૂત્ર (જેનું નામ નંદીસૂત્રની મૌલિક સૂચિમાં કાલિક આગમમાં છે.) ની જગ્યાએ લખાઈ ગયું હોય એવું પ્રતીત થાય છે. તેથી દેવેન્દ્ર નરેન્દ્ર બદલેલું નામ સમજવું જોઈએ. કારણ કે આચાર્ય કીર્તિયશસૂરિ દ્વારા સંપાદિત ચતુઃશરણ પ્રકીર્ણક ગ્રંથની પ્રસ્તાવનામાં સમસ્ત પ્રકીર્ણકોનો સંગ્રહ કરીને ૪૫ આગમના સિવાય કુલ ૮૮ પ્રકીર્ણક નામ પરિચય સહિત ગણાવ્યા છે. તેમાં દેવેન્દ્રસ્તવનો પરિચય અને નામ આવ્યું છે. પરંતુ આટલી મોટી પ્રકીર્ણકોની સૂચિમાં દેવેન્દ્ર નરેન્દ્ર નામનું કોઈ કથન નથી. તેથી તે નામ ઘણા પછીથી કોઈએ સમુત્થાન સૂત્રને હટાવીને તેની જગ્યાએ રાખ્યું છે. માટે એનું નામ ૮૮ પ્રકીર્ણક સંકલનમાં પણ નહીં આવ્યું હોય. જો કે સમુત્થાન સૂત્રનું નામ તો નંદીસૂત્રની આગમ સૂચિના કાલિક વિભાગમાં છે, આ વાત જગ જાહેર છે અર્થાત્ પૂર્ણ પ્રમાણિત છે. માટે તેનું નામ આટલી લાંબી સૂચિમાં આવવું જ જોઈએ.

**નિષ્કર્ષ – ૧ :** મહત્ત્વની વાત એ છે કે ૭૦૦ વર્ષ પહેલાંના મૂર્તિપૂજક આચાર્યએ પોતાના ગ્રંથમાં ૪૫ આગમમાં ૧૩ આગમ સીધા જ ગણાવી દીધા છે ઉપર પ્રમાણે. પરંતુ તેમાંથી તેઓએ કોઈને **પ્રકીર્ણક** કહ્યા નથી અને કોઈના નામની સાથે **પ્રકીર્ણક શબ્દ** લગાવ્યો નથી. **એનું તાત્પર્ય એ હોય છે કે તે સમય સુધી પ્રકીર્ણક વિભાગનું પ્રચલન નહીં થયું હોય.** એના સિવાય ૧૪મી સદીના તે ૪૫ આગમમાં મૂળસૂત્ર છેદસૂત્ર વગેરે વિભાજન પણ નથી પરંતુ ક્રમ વિના અને

છેદ, મૂલ, પ્રકીર્ણક એવા સૂચન વિના વ્યુત્ક્રમથી ૨૨ નામ દીધા છે. કોઈપણ પાઠક પ્રશ્નવ્યાકરણ સૂત્રના પરિચયમાં લખેલા તે નામોને આ પુસ્તકમાં જોઈને જાણી શકે છે.

**નિષ્કર્ષ– ૨ :** આચાર્ય કીર્તિયશસૂરિ સંપાદિત ચતુઃશરણ ગ્રંથની પ્રસ્તાવનામાં આવી રીતે લખ્યુ છે– 'પ્રાચીન આગમ ગ્રંથોમાં એવો ક્યાંય પણ સ્પષ્ટ ઉલ્લેખ નથી કે અમુક ગ્રંથ પ્રકીર્ણકની અંતર્ગત છે. નંદીસૂત્ર અને પાક્ષિક સૂત્ર બંનેમાં આગમોના વિભિન્ન વર્ગોમાં પ્રકીર્ણક વર્ગનો ઉલ્લેખ નથી. તોપણ આ બંને ગ્રંથોમાં આજ અમે જેને પ્રકીર્ણક(૧૦) માનીએ છીએ. તેમાંથી ૯ ગ્રંથોનો ઉલ્લેખ કાલિક અને ઉત્કાલિક આગમોની અંદર આવે છે. કાલિક ની અંદર ઋષિભાષિત અને દ્વીપસાગર પ્રજ્ઞપ્તિનો તથા ઉત્કાલિકની અંદર દેવેન્દ્રસ્તવ, તંદુલ વૈચારિક, ચંદ્રાવેધ્યક, ગણિવિદ્યા, આતુર પ્રત્યાખ્યાન, મહા પ્રત્યાખ્યાન અને મરણ વિભક્તિ આવે છે. આગમોના અંગ, ઉપાંગ, છેદ સૂત્ર, મૂલ સૂત્ર, ચૂલિકા સૂત્ર અને પ્રકીર્ણક સૂત્રના રૂપમાં વિભાજન **સર્વ પ્રથમ આચાર્ય જિનપ્રભના (વિધિમાર્ગપ્રપા) ગ્રંથમાં મળે છે. જે ઈ.સ. ૧૪ મી શતાબ્દિમાં (વિક્રમની ૧૫ મી શતાબ્દિમાં) રચવામાં આવ્યું છે.**

પ્રકીર્ણક ગ્રંથના ઉક્ત લેખનનું તાત્પર્ય પણ એ હોય છે કે ૧૪મી ૧૫મી શતાબ્દિની પહેલાં મૂળ, છેદ, પ્રકીર્ણક, ચૂલિકા આદિ આગમોના વિભાજન અને નામકરણ થયા જ ન હતા. અર્થાત્ એ બધા વિભાજન પછીના છે. મૌલિક વિભાજન તો નંદીસૂત્ર, પાક્ષિક સૂત્ર, અનુયોગ દ્વાર સૂત્રમાં– અંગ પ્રવિષ્ટ, અંગ બાહ્ય, કાલિક, ઉત્કાલિક અને આવશ્યક સૂત્ર રૂપે જે મળે છે, તે પ્રાચીન વિભાજન રહ્યું છે. તેથી વર્તમાનના આગમ વિભાજનરૂપ મૂલ, છેદ, પ્રકીર્ણક આદિના વિવાદમાં ન પડવું જોઈએ. તેથી પ્રકીર્ણકોને આગમ માનવા, મનાવવા સંબંધી આગ્રહ અને વિધાનોની ચર્ચા નિરર્થક જ બુદ્ધિની કસરત કરવા જેવું છે.

સીધી સરલ વાત તો એ છે કે નંદીસૂત્રની રચના પછી વિદ્વાન શ્રમણો આદિ દ્વારા બનાવેલા બધા ગ્રંથોને જૈન સાહિત્ય માનવા છતાં અનુકૂળતા અનુસાર સાદર સ્વાધ્યાય કરી જ્ઞાન લાભ પ્રાપ્ત કરવું જોઈએ પરંતુ આગમ ગણવા ગણાવવાનું અને નંદી સૂત્રોક્ત આગમની સમકક્ષ માનવા મનાવવાનો ખોટો પ્રયાસ કરવામાં ન પડવું જોઈએ.

**નિષ્કર્ષ–૩ :** નંદીસૂત્રની સૂચિમાં જેટલા કાલિક અને ઉત્કાલિક અંગબાહ્ય આગમ કહ્યા છે, તેના સિવાય આજે જે પણ ગ્રંથ મળે છે, તેનો કાલિક ઉત્કાલિક





રૂપ કોઈ ભેદ હોતો નથી અને તેને આગમ પણ કહી શકાતું નથી. કારણ કે નંદીસૂત્રની આગમસૂચિમાં તેનું નામ ગણાવવામાં આવ્યું નથી. નંદીસૂત્ર પછી બનેલા તે બધા ગ્રંથ સામાન્ય રૂપથી જૈન સાહિત્ય છે પરંતુ આગમ નથી કહેવાતા.

તે જૈન સાહિત્ય કહેવાતા ગ્રંથોમાં હિંસા આદિ પાપોની અને આગમ વિપરીત તત્ત્વોની પ્રરૂપણા ન હોય તો તે બધા જૈનાચાર્યો અથવા જૈન શ્રમણો દ્વારા રચવામાં આવેલા ગ્રંથો જૈન સાહિત્યના રૂપમાં સદા સાદર સન્માનનીય જ છે. સાથે જ એને નંદી સૂત્રોક્ત આ આગમોની કોટીમાં સમાન અથવા વધારીને કહેવું સમજદારી નથી પરંતુ વ્યામોહ અથવા ખોટા હઠાગ્રહ રૂપ બને છે અને એવું કરવાથી નિરર્થકનો અતિ પ્રરૂપણ દોષ પણ લાગે છે. તે અતિ પ્રરૂપણ દોષના કારણે તે જૈન સાહિત્યનું જેટલું સન્માન સ્વાભાવિક હોવું જોઈએ તે પણ ઉપેક્ષિત થઈને નિંદાપાત્ર થાય છે અને સત્યાગ્રહી સામાન્ય જન તથા વિદ્વાનોમાં તે સાહિત્ય ઉપેક્ષિત અને તિરસ્કૃત બનતું જાય છે. તે દોષ–અંતરાયના ભાગી પણ તે અતિપ્રરૂપણ કરી અતિશયોક્તિમાં આવીને આ જૈન સાહિત્યને જૈન સાહિત્ય ન રહેવા દેતાં આગમ કહેવાનો દુરાગ્રહ કરનારા હોય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જૈન સાહિત્યનું સિદ્ધાંતથી જેટલું મહત્ત્વ છે તેટલું જ રાખવું જોઈએ. અતિ મહત્ત્વ બતાવવામાં લાભની જગ્યાએ હાનિ જ વધારે થાય છે. અંતરાય પણ થાય છે અને ઉત્સૂત્ર પ્રરૂપણ તથા જૂઠનો દોષ લગાડીને સત્ય મહાવ્રત દૂષિત થાય છે. સરલતા, નિષ્કપટતા નહીં રહેવાથી નૈતિકતા પણ નષ્ટ થાય છે. આ બધાનો ફળ સ્વરૂપે **ધર્મ સ્થાને કૃતં પાપં** નો દોષ પણ લાગે છ. જેનાથી કર્મનિર્જરાની જગ્યાએ કર્મબંધ જ વિશેષ થાય છે. આમ અતિશયોક્તિના કારણે અનેક પાપોનું સેવન પણ થાય છે.

સાર એ છે કે પ્રકીર્ણક પણ સમાદરણીય જૈન સાહિત્ય છે પરંતુ તેને આગમરૂપમાં કહેવું સર્વથા અનુચિત હોય છે કે જેનું નામ નંદી સૂત્રોક્ત આગમ સૂચિમાં નથી. તે ઉપરાંત જે કોઈ જૈન સાહિત્યમાં વીતરાગમાર્ગ કે આગમ વિપરીત તેમજ સાવદ્ય પ્રેરક પ્રરૂપણ, નિરૂપણ હોય તો તે સાહિત્ય–ગ્રંથ પણ ગંભીરતાથી વિચારણા યોગ્ય હોય છે.

## જૈન ધર્મના સિદ્ધાંત અને ક્રિયાઓના પ્રતિ વૈજ્ઞાનિકતા વિજ્ઞાન-મનોવિજ્ઞાન-શરીર વિજ્ઞાન

આ જગતના મનુષ્યને રોગ,પીડા,વ્યાધિ ઘણી દુઃખકારી લાગે છે. તોપણ ઔદારિક શરીરી માનવ પ્રાયઃ કોઈને કોઈ રોગથી ઘેરાયેલો રહે છે અને તે રોગથી મુક્ત થવાને માટે તે વૈદ્ય, ડૉકટર આદિના શરણમાં જતો રહે છે. ચિકિત્સક વૈદ્ય દૈહિક અને મનોદૈહિક રોગોની પોતાની કાર્ય પદ્ધતિના દ્વારા ચિકિત્સા કરતા રહે છે. તે શારીરિક માનસિક કોઈ પણ બિમારીનો ઉપચાર કરીને રોગીને રોગમુક્ત કરવામાં સફળ પ્રયત્ન કરે છે. તોપણ તેનો ઉપચાર શરીર સુધી જ સીમિત હોય છે. જો કે જૈન દાર્શનિક મહાદાર્શનિક તીર્થંકર પ્રભુ વીતરાગ પરમાત્મા શારીરિક ઉપચારથી પણ આગળ વધીને આત્મશુદ્ધિની ચિકિત્સાને માનવ જીવન દ્વારા જોડીને જન્મ-મરણ આદિ મહારોગો તથા ભવભ્રમણના ચક્કરથી છોડાવનારા પરમ ચિકિત્સક વૈદ્યરાજ છે. તે આ જગતના પ્રત્યેક પ્રાણીની વિના મૂલ્યે ચિકિત્સા કરે છે. પરમ દયાળુ પરમ વૈદ્ય તીર્થંકર અને તેના શિષ્ય પ્રશિષ્યાદિ ગુઢ ભગવંતોના દ્વાર બધાને માટે ખુલ્લા રહે છે. તે જીવનભર આ ઉપકારી પ્રવૃત્તિ હેતુ ગ્રામાનુગ્રામ વિચરણ કરતા રહે છે. તેમનું ઔષધ પણ ક્યાંયથી ક્રયવિક્રય કર્યા વિના સીધા જ રોગીને તેની પાસેથી જ મળી જાય છે. તે એક પરમાત્માની પરંપરામાં સેંકડો હજારો ચિકિત્સક તૈયાર થઈને આગળને આગળ આ જ ઉપકારી પ્રવૃતિ કરતાં સ્વ–પર બંનેના આત્માનું પરમ કલ્યાણ નિઃસ્વાર્થ ભાવથી કરતા રહે છે.

ફ્રોઈડવાદમાં જેવી રીતે શુભ વિચાર વગેરેને શુભ સંકલ્પોમાં પરિવર્તન કરવામાં આવે છે. એવી રીતે જૈનદર્શનમાં ભાવના અને લેશ્યાઓનું વર્ણન અને તેના પરિવર્તનની કળા સ્વયં માનવના અધિકારમાં બતાવવામાં આવી છે એટલે પોતાના પરિણામો લેશ્યાઓના અધિકારી માનવ સ્વયં હોય છે.

કર્મવાદના ચિંતનમાં ઉદ્વર્તના ઉદીરણા, સંક્રમણ વગેરે અવસ્થાઓમાં કર્મક્ષય થતો રહે છે. જેનાથી આત્મા હળુકર્મી અને પવિત્ર બનતો રહે છે. આત્માને પ્રાપ્ત મનરૂપી ઉચ્ચ સાધન દ્વારા તેની મુખ્યતાથી પ્રાણીને જાણતાં અજાણતાં અથવા જાગૃત અવસ્થા કે સ્વપ્ન અવસ્થામાં પણ પાપોનું સેવન થઈ જાય છે. તે સૂક્ષ્મ પાપોનું પ્રાયશ્ચિત્ત અથવા પ્રતિક્રમણ માટે પણ જૈનાગમોમાં આવશ્યક સૂત્રમાં વિસ્તારથી વિશ્લેષણ પ્રાપ્ત થાય છે. તે સૂત્રના માર્ગદર્શનનું પવિત્ર હૃદયથી





આચરણ ક્રિયાન્વિત કરવાથી માનવ કર્મ મુક્ત થઈને સિદ્ધાવસ્થા સુધી પહોંચી શકે છે. ફ્રોઈડવાદના અચેતન મનની તુલના પોતાના કાર્મણ શરીરની સાથે કરી શકાય છે. પોતાના વશમાં કરેલા વચન અને કાયાની પ્રવૃતિઓનો સંબંધ કાર્મણ શરીરની સાથે હોય છે. આજ મનોવૈજ્ઞાનિક ક્ષેત્રમાં જેટલા પણ શોધકાર્ય કરવામાં આવ્યા છે, તે આપણા કાર્મણ શરીર સુધી જ સીમિત છે. જો કે જૈનદર્શનના સૂત્રાનુસાર આ શોધ તેજસ, કાર્મણ અથવા ઔદારિક શરીરથી પણ આગળ છે. અર્થાત્ જીવાત્મા અને શુદ્ધાત્મા તથા સિદ્ધાત્મા સુધી પહોંચવાની સફળ પ્રક્રિયા–સાધના આગમોમાં બતાવી છે.

જૈન દર્શનમાં સંમોહનની વાત પણ આવે છે. પરંતુ તે આદર્શભૂત સંમોહનના રૂપમાં હોય છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરીને અચેતનમાં વ્યાપ્ત ચિંતા અને વિકારના મૂળિયા સુધી પહોંચે છે. એવી જ રીતે જૈન આગમમાં આવશ્યક અને અંતર તપમાં કાયોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે. કાયોત્સર્ગ અર્થાત્ શરીરને શિથિલ કરવું, આ આત્મ સંમોહન ક્રિયા છે. ધ્યાન યુક્ત કાયોત્સર્ગની ક્રિયાથી નીડરતા, વ્યસનમુક્તિ, એકાગ્રતા તથા નિર્ણય શક્તિનો વિકાસ થાય છે.

લોગસ્સ પણ એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે. જે આત્માથી પરમાત્મા સુધી પહોંચાડવામાં આત્મ શુદ્ધિકરણની પ્રક્રિયા બતાવે છે. લોગસ્સ પરમ પુઢષોની સ્તુતિ દ્વારા પોતાના અજાગૃત મનની શક્તિઓને જાગૃત કરી આત્માને આધ્યાત્મિક ઊંચાઈઓમાં પહોંચાડવામાં મદદ કરે છે. જૈનોના અનુષ્ઠાનોમાં વંદનની પ્રક્રિયા આવે છે. જૈનાચાર્યોએ નમન કરવાનું કહ્યું છે. તેમાં પણ શરીર વિજ્ઞાન, યોગ વિજ્ઞાન તથા મનોવિજ્ઞાનના પરિબળ કામ કરે છે. ઝુકવાથી પોતાનું પેટ દબાય છે. અને પેટની નીચેની પેન્કિયાસ માંથી રસ ઝરે છે. તે તામસી તત્ત્વોને શાંત કરે છે. આ શરીરની પ્રક્રિયા થઈ. પંચાગ પ્રણામ અથવા સાષ્ટાંગ પ્રમાણની ક્રિયામાં હાથ, પગ, મસ્તક અથવા સંપૂર્ણ શરીર પૃથ્વીની નજીક અથવા સંસ્પર્શમાં જવાથી વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન હોવાથી જગતની અનેક શક્તિઓનો પોતાનામાં સહજ પ્રવેશ થાય છે. બાહ્યપ્રવૃત્તિની સાથે અંતર પરિણામોમાં પરિવર્તન થવાથી પ્રણામ અથવા વંદનને માટે જ્યારે ઝુકાય છે ત્યારે આપણી ભીતરનો અહંકાર પણ ઝુકે છે. પોતાની અંદરથી આપણી ચોમેર સતત નિકળતા અને બનતા અહંની સુરક્ષાનો ઘેરાવો તૂટવા માંડે છે. આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી પોતાના વડે રચિત અહં અને મમની દીવાલોમાં (હું

અને મારાપણાના ઘોષમાં) તિરાડો પડવા મંડે છે. જેનાથી શરણાગતિના આભ્યંતર ભાવો ને પ્રવેશ મેળવામાં સહાયતા થાય છે. આમ ભાવનાના અભિપ્રેત હોવાથી લોકાત્તર વંદનની યાત્રા દેવગુઢની શરણાગતિમાં પરિણમે છે. આગમ આવશયક સૂત્ર તથા બીજા શાસ્ત્ર ઉત્તરાધ્યયન આદિમાં વંદનાના વિષયમાં પ્રેરણા મળે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પરિક્ષણ અનુસાર કોઈપણ વ્યક્તિના ચિત્તની એકાગ્રતા સામાન્યતઃ ૪૮ મિનિટથી વધારે રહી શકતી નથી. જૈનધર્મના આચરણોમાં પ્રમુખ સામાયિક સાધનાનો સમય પ્રાચીન સમયથી ૪૮ મિનિટનો જ રાખ્યો છે. અને ધ્યાન શતકની રચના કરનારા જૈન મહાત્માએ પણ ધ્યાનની પરિભાષામાં એક મુહૂર્ત માત્ર ચિત્તનું અવસ્થિત હોવું બતાવ્યું છે.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામનો અધ્યાય છે. જેમાં હસ્તી તાપસોનું એવું કથન દર્શાવયું છે કે આહારને માટે અનેક વનસ્પતિ એકેન્દ્રિય જીવોની હિંસા કરવાની અપેક્ષાએ તો એક હાથી મારીને ૫–૬ મહીના જીવન વ્યતીત કરવું અલ્પ હિંસા છે. આ પ્રકારે કરીને તે હસ્તી તાપસ સ્વયંને અધિક અહિંસક સિદ્ધ કરે છે. પરંતુ જૈનમતાનુસાર હિંસા અહિંસાના વિવેકમાં કેટલાક પ્રાણીઓની હિંસા થઈ એ મહત્ત્વનું નથી. પરંતુ કયા પ્રાણીની હિંસા થઈ છે તે વધારે મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્નના વિષયમાં ચિંતન કરતાં દર્શાવ્યું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસ જીવોની વધારે, ત્રસ જીવોમાં મનુષ્યની તથા મનુષ્યોમાં પણ ઋષિમહર્ષિની હિંસા વિશેષ નિકૃષ્ટ માનવામાં આવી છે. આગમ મનીષી લોકોએ પ્રાણીઓની પ્રાણ સંખ્યા અર્થાત્ જૈવિક શક્તિના વિકાસનું વિશિષ્ટ સંશોધન પ્રસ્તુત કરીને હિંસા આત્માની અથવા જીવોની નહીં પરંતુ પ્રાણીઓના પ્રાણોની હોય છે, એવું પ્રતિપાદન કર્યું છે. તેથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નહીં પરંતુ પ્રાણીઓની ઐન્દ્રિક(ઇન્દ્રિય)શક્તિ અને આત્મશક્તિનું મહત્ત્વ છે. તે ઉપરાંત હિંસા અહિંસાના વિવેકપૂર્ણ વ્યવહારમાં હિંસકભાવ, કષાયોની તીવ્રતા અને બાહ્ય ઘટના સિવાય કર્તાની મનોવૃતિ પર હિંસાનો મુખ્ય આધાર રહ્યો છે. આ વિશ્લેષણમાં જૈન આગમોમાં સમાજ ચિંતન તથા અનેકાંત વાદ અભિપ્રેત છે.

જૈનસૂત્રોમાં તપને કર્મનિર્જરાના સાધનરૂપ ગણ્યું છે તોપણ બાહ્ય અને અભ્યંતર તપમાં વૈજ્ઞાનિક અભિગમની અવગણના થઈ નથી. કેમ કે ઉપવાસ, ઊણોદરી અથવા આયંબિલ આરોગ્યને માટે એટલે શરીર સ્વાસ્થ્યને માટે પણ ઉત્તમ છે. ઉપવાસમાં ભોજન નહીં કરવાથી સમગ્ર પાચનતંત્રને પાચન ક્રિયાના





કાર્યમાં વિશ્રામ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. જે સંપૂર્ણ શરીર વ્યાપી થાય છે. શરીરમાં ક્યાંય પણ વિષાક્ત દ્રવ્યોનો જમાવ થયો હોય તો તે ઉપવાસના સમયે ઓટોલિસિસની પ્રક્રિયા દ્વારા ક્ષીણ થાય છે અને તેમાં રહેલા ઉપયોગી તત્ત્વ શરીરના મહત્ત્વપૂર્ણ અંગ– હૃદય, મગજ વગેરેને પોષણ આપવાના કામમાં આવે છે અને માત્ર વિષ તત્ત્વ જ શરીરની બહાર કાઢી નાંખવામાં આવે છે. શરીરની ગાંઠોનું અને અલ્પ ઉપયોગી પેશિયોનું પણ વિસર્જન થાય છે. જેનાથી શરીર નિર્મળ અને નિરોગી બને છે.

જૈનધર્મના અનુષ્ઠાનોમાં પ્રતિક્રમણ, ધ્યાન આદિમાં કરવામાં આવતાં આસન અથવા મુદ્રાઓ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી યુક્ત છે. નમોત્થુણં, ઇચ્છામિ ખમાસમણો, ચત્તારિ મંગલ અને પાંચ પદની ભાવવંદના આદિના સમયે કરવામાં આવતી મુદ્રાઓ અને આસનોમાં એક્યુપ્રેસરની ક્રિયાઓ સહજ થઈ જાય છે. નમોત્થુણં આદિના સમયે કરવામાં આવતી મુદ્રા અથવા આસનના કારણે થવા વાળી શારીરીક ક્રિયાઓ બ્રહ્મચર્ય પાનલમાં વિકારવૃત્તિની ઉપશાંતિમાં મદદગાર બને છે. દંડાસન, લકુટાસન, ઉત્તાનાસન, અવમાસન, ગોદોહિકાસન ધ્યાન કે નિર્જરામાં સહાયક હોવાની સાથે સાથે અંતશ્રાવી ગ્રંથીઓનું સંતુલન અને ઢધિરાભિષણને માટે પણ ઉપકારી થાય છે.

કંદમૂળમાં અનંત જીવ હોય છે, આ વર્તમાન વૈજ્ઞાનિકોએ શોધ કરી છે. પરંતુ જૈનાગમોમાં તો હજારો વર્ષ પહેલાંથી બતાવી દીધું છે અને શ્રાવકાચારના વર્ણન પ્રસંગમાં તે કંદમૂળના આહાર ત્યાગ કરવાની પણ શ્રાવકોને માટે પ્રેરણા ભગવતી સૂત્રમાં આપી છે.

જૈન ધર્મ સિદ્ધાંતાનુસાર જીવોના જન્મ ત્રણ પ્રકારમાંથી કોઈ એક પ્રકારથી થાય છે– (૧) **સમુચ્છિર્મ જન્મ :** સ્ત્રી-પુરૂષના સંયોગ વિના જ ઉત્પત્તિ સ્થાનમાં જીવોની ઉત્પત્તિ થાય છે. જેને વૈજ્ઞાનિકોએ ઇ.સ.ની ૧૮મી, ૧૯મી સદીની આસપાસ શોધ કરીને બતાવ્યું કે સ્ત્રી-પુરૂષના સંયોગ વિના પણ જીવ ઉત્પન્ન થઈ શકે છે. વંશવૃદ્ધિ થઈ શકે છે. આ જન્મને વૈજ્ઞાનિકોએ અજાતીય પ્રજનન કહ્યું છે. પ્રજનનનો અર્થ તો સજીવમાંથી સજીવનું ઉત્પન્ન થવું છે. જો કે જૈન સિદ્ધાંતાનુસાર તો કર્મ ફિલોસોફી પ્રમાણે જ જીવ ઉત્પન્ન થાય છે. પ્રજનન તો તેના પછીની પ્રક્રિયા છે. **(૨) ગર્ભ જન્મ :** આમાં સ્ત્રી-પુરૂષના સંયોગ પછી શુક્ર-શોણિતના મિશ્રિત પુદ્ગલોમાં જીવ ઉત્પન્ન થઈ જાય છે. છતાં પણ તે વિભિન્ન પ્રાણીઓના ગર્ભમાં જુદા જુદા સમય પ્રમાણે રહીને વિકસિત થઈને

ફરી યોનિ દ્વારા તેનો જન્મ થાય છે. એને વૈજ્ઞાનિક સજાતીય પ્રજનન કહે છે. **(૩) ઉપપાત જન્મ :** નારકી દેવતાઓમાં આ જન્મ ઉપપાત શય્યામાં સ્વતઃ થઈ જાય છે. આ જન્મ સુધી વૈજ્ઞાનિકોની કોઈ પહોંચ કે કલ્પના થઈ નથી. સમુચ્છિર્મ જન્મ એકેન્દ્રિય–પાંચ સ્થાવર જીવોમાં તથા હાલતા-ચાલતા ત્રસજીવ–બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય પશુ-પક્ષી તેમજ મનુષ્યોમાં પણ સમુચ્છિર્મ મનુષ્યોની અપેક્ષા હોય છે.

બ્રહ્મચર્ય પાલનને માટે જૈનાગમોમાં નિયમ બતાવ્યા છે કે સાધુને, સ્ત્રી-નપુંસક, અથવા તિર્યંચ-પશુ રહિત મકાન-ઉપાશ્રયમાં રહેવું જોઈએ. આ નિયમ પણ મોટી મહત્ત્વની વૈજ્ઞાનિકતા અને રહસ્યથી ભરપૂર છે. પ્રત્યેક જીવમાં સૂક્ષ્મ પ્રમાણમાં વિદ્યુત શક્તિ(ઇલેક્ટ્રીસીટી) રહેલી હોય છે. જેમ કે સમુદ્રમાં ઈલેક્ટ્રીકલ નામની માછલી હોય છે. તે પોતાના શરીરથી અત્યધિક પ્રમાણમાં વિદ્યુત પેદા કરે છે. જ્યાં વિદ્યુત શક્તિ હોય છે. ત્યાં ચુંબકીયશક્તિ પણ હોય છે. આમ બધામાં જૈવિક વિદ્યુત ચુંબકીય શક્તિ હોય છે. એનાથી પ્રત્યેક જીવને પોતાના જૈવિક વિદ્યુત ચુંબકીય ક્ષેત્ર પણ હોય છે. આ વાત પશ્ચિમના વૈજ્ઞાનિકોએ પ્રમાણિત કરી છે. ચુંબકમાં સામાન્યતઃ સમાન ધ્રુવોના પ્રતિ અપાકર્ષણ અને અસમાન ધ્રુવોના પ્રતિ આકર્ષણ હોય છે. જો તે બંને ધ્રુવો એક બીજાની ક્ષેત્ર સીમામાં હોય તો જ આકર્ષણ થાય છે. એ કારણથી બ્રહ્મચર્યના નિયમમાં કહેવાયું કે સ્ત્રી,પુરુષની તથા પુરુષ,સ્ત્રીની આંખ, મુખ આદિ અંગોપાંગોને સ્થિર દષ્ટિથી જુવે નહીં. તથા સ્ત્રી-પુરુષ એક આસન પર બાજુ બાજુમાં ન બેસે. તથા એ પણ નિયમ છે કે જ્યાં વધારે સમય સ્ત્રી બેસીને ઊભી થઈ હોય ત્યાં પુરુષ તુરંત બેસે નહીં અને જ્યાં પુરુષ બેસીને ઊભા થયા હોય ત્યાં બ્રહ્મચારિણી સ્ત્રી તત્કાલ બેસે નહીં. પણ કાંઈક સમય પસાર થયા પછી બેસી શકે છે. આ નિયમમાં પણ ચુંબકીય શક્તિની મહત્તા સ્વીકારી છે. જે સર્વથા વૈજ્ઞાનિક મનોવૈજ્ઞાનિક સ્તરનો નિયમ છે.

જૈન આગમોમાં પર્યાવરણ સંબંધી સીધો ઉલ્લેખ મળતો નથી. તોપણ આગમોમાં જે શ્રમણ-શ્રમણોપાસકોની જીવન શૈલીનું વર્ણન છે તે પર્યાવરણ સંતુલનનું પોષક છે. આગમોમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાં જીવ હોવાનો સ્વીકાર કરી તેનો ખોટો દુરુપયોગ, અતિ ઉપયોગ નહીં કરવાનો નિર્દેશ–નિરૂપણ છે. જૈનધર્મનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત અહિંસા, અપરિગ્રહ અને સંયમને માટે છે. તેના માટે જે નિયમોનું સૂચન છે તે સર્વે નિયમો પર્યાવરણ





સંતુલનના પોષક છે. તત્વાર્થ સૂત્રમાં– **પરસ્પરોપગ્રહો જીવાનામ્** આ સૂત્ર પણ જીવોને જીવવા માટે પરસ્પર એક બીજાના આવલંબનની જરૂરત સૂચિત કરે છે. તે કથન પણ પર્યાવરણની રક્ષા માટે ઉપયોગી થાય છે. ઈરિયાવહિસૂત્ર જીવ વિરાધનાનું સૂત્ર છે અર્થાત્ તેમાં જાણતા-અજાણતા કોઈ જીવને પીડા પહોંચાડી હોય તો તેની માફી માગવામાં આવી છે.

વધારે પડતાં ભોગ-ઉપભોગ અને અસંયમ વિશ્વની કુદરતી સંપત્તિનો દુર્વ્યય કરનારું હોય છે. માટે જૈનાગમ ઉપયોગથી ઉપયોગની સંસ્કૃતિ તરફ વાળવાની પ્રેરણા કરે છે. અમર્યાદિત ભોગ-ઉપભોગ જગતમાં નિરર્થક કચરો વધારે છે. જેનાથી વેસ્ટ મેનેજમેન્ટ પૂરા વિશ્વને માટે દુઃખદાયી બન્યો છે. જૈન આગમોમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાનું કથન છે. જેમાં પરિષ્ઠાપનિકા સમિતિ આજના સંદર્ભમાં સમજવા યોગ્ય છે, જે એ શિખવાડે છે કે કારણ વગરની અનુપયોગી વસ્તુ કે કચરાનો નિકાલ કેવી રીતે કરવો જોઈએ.

આજ વ્યક્તિ, માનવ પ્રકૃતિથી ઘણો દૂર જઈ રહ્યો છે. જેનાથી કુદરતના સંદેશાને તે સમજી શકતાં નથી. કેટલાક સમય પહેલાં આવેલાં વિનાશકારી સુનામીના મોજાનું ઉત્પત્તિ સ્થળના કંપન્નનો સંદેશ થાઈલેન્ડના હાથીઓએ કયા ઈલેક્ટ્રીક સાધનોથી સાંભળ્યો હશે ? પ્રકૃતિના સંદેશાને સમજવા માટે પ્રકૃતિને જીવનની સાથે શરીરમાં ચેતના અથવા પ્રકૃતિના તાર જોડેલા છે. ફોટો રિસેપ્નીશ ગ્રંથિઓ મનુષ્યમાં નિર્બળ થતી જઈ રહી છે.

ઉપાશ્રયની કોઈ એક નાની રૂમમાં એકાંતમાં અથવા પર્વતની ગુફામાં અથવા પર્વતના શિખર પર એકાંતમાં સાધના કરવાવાળા સંતોની પાસે કોઈ લાઈબ્રેરી અથવા પ્રયોગશાળાઓ ન હતી. તેઓએ કોઈ ગ્રંથ ખોલ્યા નહોતાં અને ક્યારેય પ્રયોગશાળામાં પ્રયોગ કર્યા ન હતાં, તોપણ તેઓએ સૃષ્ટિના કેટલાક રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે. જો આગમોનો ઊંડો અભ્યાસ કરવામાં આવે તો વિશ્વની કોઈપણ સમસ્યાનું સમાધાન આ આગમ ગ્રંથોમાંથી મળી શકે છે. જ્ઞાનની અંતર્ચેતના દ્વારા જ પ્રકૃતિના રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે.

ભગવાન મહાવીરના આપેલા જ્ઞાનને આજ વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિક પણ આદર કરે છે. આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિક પણ એટલા માટે કહે છે કે જો મારો પુનર્જન્મ હોય તો ભારતમાં સંત બનીને આત્મ તત્ત્વનું સંશોધન કરીશ.

જૈન આગમોમાં ૫ ભરત, ૫ ઐરવત તથા ૫ મહાવિદેહ ક્ષેત્ર આમ ૧૫ કર્મભૂમિના ક્ષેત્રોનું વર્ણન આવે છે. હિંદુસ્તાન ટાઈમ્સના ૨૦૧૧ના ઓક્ટોબરના

અંકમાં એક રશિયન વૈજ્ઞાનિકે લખ્યું હતું કે અમારી જ્ઞાત પૃથ્વીથી કરોડગણી પૃથ્વી બીજી પણ છે. ઈ. સ. ૧૯૬૫માં યુનાઈટેડ ઈન્ફર્મેશનમાં કેટલાક વૈજ્ઞાનિકોએ બતાવ્યું હતું કે આપણા આ બ્રહ્માંડ જેવા અન્ય બ્રહ્માંડ પણ છે જ્યાં અબજો લોકો રહે છે. એક રશિયન ખગોળશાસ્ત્રીનું મંતવ્ય છે કે હમણાના પરિચિત ગ્રહો સિવાય બીજા **સાત હજાર ગ્રહો** પર બુદ્ધિશાળી માનવ રહે છે.

ટૂંકમાં વિજ્ઞાનની જુદી-જુદી શાખાઓ જેમ કે ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, જીવન વિજ્ઞાન, પરમાણુ વિજ્ઞાન, ભૂગોળ, ખગોળના ભારતીય વૈજ્ઞાનિક લોકો દ્વારા ભારતીય પ્રાચીન દાર્શનિક ગ્રંથો તથા બીજા ગ્રંથોનું ઊંડાઈથી અધ્યયન કરીને તેના આધારથી યોગ્ય સંશોધન કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. જો એવું કરવામાં આવે તો ભારત વિજ્ઞાનના ક્ષેત્રમાં અમૂલ્ય ભેટ દેવાવાળો દેશ ગણી શકાશે.

૨૦ મી સદીના અંતમાં રશિયાના કિર્લીયન દંપતિ અને ભારતના ડૉ. દત્તે **ઓરા**ના વિષયમાં ફોટોગ્રાફ અને સંશોધન દ્વારા સમજાવ્યું હતું કે ૨૫૦૦ વર્ષ પહેલાં આભામંડળની વાતો આગમોમાં કરવામાં આવી હતી. જેનાથી પ્રત્યેક પ્રાણી અથવા પદાર્થનું પોતાનું આભામંડળ હોય છે.

આજકાલ સામાન્ય જનતા ભલે ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓને જોઈને વિજ્ઞાનથી પ્રભાવિત થઈ રહી છે. અને બધા વિષયોમાં વિજ્ઞાનને જ પ્રમાણભૂત અધિકૃત ગણીને પોતાના મંતવ્યોને સ્થિર કરતા હશે. પરંતુ વૈજ્ઞાનિક સ્વયં તો આધ્યાત્મિક જગતના પ્રતિ જિજ્ઞાસુ ભાવથી દષ્ટિ ટકાવીને આધ્યાત્મિક જગતના જ્યોર્તિધરોના કથનોને પોતાની વિજ્ઞાનશાળામાં પ્રયોગાત્મક વિધિથી પરીક્ષણ કરવાને ઉત્સુક થઈ રહ્યા છે અને જિજ્ઞાસામાંથી ઉત્પન્ન સંશોધન આજ આ વાતને સ્પષ્ટતઃ કહી રહ્યા છે કે શરીરના નાશ પછી પણ કોઈને કોઈ તત્ત્વ અવશેષ રહે છે, કાયમ રહે છે.

**દિ ફાઈન્ડિગ ઓફ દિ થર્ડ આઈ** માં **વેરા સ્ટેન્લી એલ્ડર** લખે છે કે કાંઈક સંશોધનોએ આ સંભાવના ઊભી કરી દીધી છે કે એક દિવસ વિજ્ઞાનની શોધો અને પ્રાચીન કાળમાં જ્ઞાની પુઢષોના વચન એકબીજામાં સમાવિષ્ટ થઈ જાશે. આ બંનેમાં જે ફરક દેખાય છે તે શબ્દ માત્રનું અથવા કથન કરવાની પદ્ધતિ માત્રનું જ છે.

પ્રાકૃતિક જગતના રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેના ઉપર મનુષ્યનું પ્રભુત્વ સ્થાપિત કરવામાં વિજ્ઞાનની નિત નવી શોધોથી પ્રભાવિત થઈને આજના





ભણેલા ગણેલા મનુષ્ય જ્યારે આધ્યાત્મિક જગતથી દૂર થઈ રહ્યા છે, એવા સમયમાં ઉપરના વૈજ્ઞાનિકોના ઉદ્ગાર કેટલા ચિંતન કરવા યોગ્ય છે, એ સહજ સમજવું જોઈએ. દાર્શનિકો કે તીર્થંકરો દ્વારા લખાયેલા કે કહેવાયેલા સત્ય તત્ત્વોને વૈજ્ઞાનિક કસોટીએ ચઢાવીને પાર ઉતારવાથી જ નવી પેઢીની ધર્મમાં શ્રદ્ધા ટકાવી શકાય છે. વિજ્ઞાનને એક ચિરમી–ચણોઠી જેટલું ગણીએ તો ધર્મ સિદ્ધાંત એક સોનૈયા જેટલું મહત્ત્વ રાખે છે. તોપણ પહેલાંના સમયમાં સોનાનું વજન કરવાને માટે ચિરમીની મદદ લેવામાં આવતી હતી. એવી જ રીતે આજે ધર્મદર્શનને સમજવાને અને આગમ શ્રદ્ધાને વધારવાને માટે વૈજ્ઞાનિકોના મંતવ્યોની મદદ લેવી જરૂરી થઈ ગઈ છે. ત્યારે જ શિક્ષિત વર્ગ સમજી શકશે.

વિનોબા ભાવે પણ કહેતા હતા કે વિજ્ઞાન જીવનની પ્રાણ શક્તિ છે. અધ્યાત્મ આ જીવનનું ચિત્ત છે. આ બંનેનો સમન્વય જ માનવ જાતિનું કલ્યાણ કરી શકે છે. અંધશ્રદ્ધાને દૂર કરીને વિવેક પૂર્ણ શ્રદ્ધાની સાથે ધર્મનું આચરણ જ કલ્યાણકારી બની શકશે.

ઉપરોક્ત લેખનમાં ભાવુકતાથી કાંઈપણ જિનાજ્ઞા વિપરીત ભાવોનું લેખન થઈ ગયું હોય અથવા ઉત્સૂત્ર પ્રરૂપણ કાંઈપણ થઈ ગયું હોય તો નમ્રભાવોથી તથા સમર્પણ ભાવથી ત્રિવિધ–ત્રિવિધે મિચ્છામિ દુકકડં કરૂ છું.

**લેખક : ગુણવંત બરવાળીયા મુંબઈ**

• • • • • • • • • • • • • • • • •

## ભગવાન મહાવીરના ઉપદેશી ગ્રંથ : આગમ

અપાર કઢણાના અવતાર પ્રભુ મહાવીર સ્વામીએ ભવ્ય જીવોના બોધ માટે ઉપદેશ ફરમાવ્યો. જે ગૌતમ આદિ ગણધર ભગવંતો દ્વારા આગમોના રૂપમાં ગુંથેલા આપણને આજે પરંપરાથી પ્રાપ્ત છે.

તીર્થંકર ભગવંતને કેવળજ્ઞાન કેવળદર્શન ઉત્પન્ન થવા પર યથાસંયોગ, યથાવિધિ દેવ, મનુષ્ય અને તિર્યંચ પ્રાણી ભગવાનની વાણી શ્રવણ કરવાના હેતુથી સમવસરણમાં પહોંચીને પોતપોતાના યોગ્ય આસન પર સ્થિત થઈ જાય છે.

પ્રાપ્ત પરંપરાનુસાર ભગવાન ૧૨ પ્રકારની પરિષદમાં માલકોશ રાગના ઉચ્ચારણ(લય)માં અર્ધમાગધી ભાષામાં ઔપપાતિક સૂત્રાનુસાર યથાક્રમથી પહેલાં નવ તત્ત્વો, છ દ્રવ્યોનું નિરૂપણ કરી પછી સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મનું નિરૂપણ કરે છે. સર્વ જીવ ભગવાનના તીર્થંકર નામકર્મના અસ્તિત્વ અને

પ્રભાવથી પોતપોતાની ભાષામાં સમજે છે. ઔપપાતિક સૂત્રનો ઉપરોક્ત ઉપદેશ વિષય એક ઉદાહરણ રૂપ સમજવો.

જેનું ઉપાદાન ઉત્કૃષ્ટ છે, જેનામાં ગણધર બનવાની યોગ્યતા છે, તે ભગવાનનો ઉપદેશ સાંભળીને ત્યાંજ દીક્ષિત થાય છે. અને દીક્ષા અંગીકાર કરતા જ જ્ઞાનાવરણીય કર્મોનો અદ્‌ભુત ક્ષયોપશમ થતાં તેમને પૂર્વભવમાં પ્રાપ્ત દ્વાદશાંગી શ્રુત ઉપસ્થિત(પ્રગટ) થઈ જાય છે. તે સર્વ ગણધરો શાસનની સ્થાપનાના પ્રથમ દિવસે જ દ્વાદશાંગીની રચના કરે છે. તે આગમ જ્ઞાનનો અમૂલ્ય વારસો આપણને મળે છે.

વીર નિર્વાણ ૯૮૦ વર્ષ પછી આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને અનુભૂતિ થઈ કે મૌખિક આગમ પરંપરા હવે કાયમ ચાલવાની નથી, માનવની સ્મરણ શક્તિ ઘટતી જઈ રહી છે. માટે વલ્લભીપુરમાં સંત મહાત્માઓના સહયોગથી લગાતાર ૧૩ વર્ષોના શ્રમથી આગમોને લિપિબદ્ધ કર્યાં.

ત્યારપછી અનેક પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની આ જ્ઞાનધારાને ગતિમાન રાખવા માટે સમયે-સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન તથા લેખન કરીને અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવ જાતિના કલ્યાણની હિતચિંતારૂપ તીર્થંકર નામ કર્મનો ઉદય કરુણાના સાગર પ્રભુ મહાવીર સ્વામીને સતત ઉપદેશ આપવા પ્રેરે છે.જેના ફળ સ્વરૂપે માત્ર જૈન સાહિત્યને જ નહિં પરંતુ વિશ્વના દર્શન સાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમોનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાન અંધકારને દૂર કરીને જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ પ્રગટ કરે છે. જૈન તત્વજ્ઞાન, આચાર શાસ્ત્ર તથા વિચાર દર્શનના સુભગ સમન્વયની સાથે સંતુલિત અને માર્મિક વિવેચન આગમોમાં છે. જેનાથી તે આગમોને જૈન પરંપરાનું જીવન દર્શન કહી શકાય છે.

પાપવૃત્તિ અને કર્મબંધનથી મુક્ત થઈને સંયમ ગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણનું પરિણામ દેખાડીને અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા અનેક સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ આગમ શાસ્ત્રોમાં કરી છે. આગમના નૈસર્ગિક તેજપુંજમાંથી એક નાનકડુ કિરણ મળી જાય તો પણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આ આગમસૂત્રો આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.





ગણધર ભગવંત દ્વારા ભગવાનની વાણીને લઈને સૂત્રબદ્ધ કરેલા આ આગમો જીવોના કલ્યાણ માટે અને વ્યક્તિને ઉર્ધ્વગતિના પથિક બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા પર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મ સુધારણા, આત્મા પર કર્મો દ્વારા વિકૃતિ તથા મલિનતાના થર જામ્યા છે. જેથી આપણે આપણા આત્માના સાચા સ્વરૂપને જોઈ-સમજી શકતા નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય અર્થાત્ આત્મ સ્વરૂપનું જ્ઞાન થઈ જાય તો સંસારના દુઃખ રૂપ જન્મ-મરણની શ્રૃંખલાથી મુક્તિ મળી જાય.

શ્વે. જૈનોએ ભગવાન મહાવીર સ્વામીના વચન અને ગણધરો દ્વારા ગુંથન કરેલા આગમ જે આપણને પરંપરાથી પ્રાપ્ત થઈ રહ્યા છે, તેનો સ્વીકાર કર્યો છે. પરંતુ દિગંબર સાધુ પોતાની એવી માન્યતા ધરાવે છે કે ભગવાનના ૯૮૦ વર્ષ પછી શાસ્ત્રોનું લેખન થયું તેથી એ ભગવાનની વાણી રૂપે સ્વીકાર કહી શકાય નહીં.

તે લોકોના મતાનુસાર એવા સમયમાં કુંદકુંદાચાર્ય થઈ ગયા. તે પોતાની લબ્ધિથી મહાવિદેહ ક્ષેત્રમાંથી સીમંધર સ્વામીની પાસે ગયા. જ્ઞાન સમાધાન લઈને આવ્યા. પછી તામિલનાડુમાં ગુફામાં બેસીને સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્ર રચ્યા. તેને જ દિગંબર લોકો પરમાગમ શાસ્ત્ર રૂપે સ્વીકારે છે. આ મહાવિદેહ સંબંધી ઘટના કલ્પિત કરેલી હોય તેવી સંભાવના વિશેષ છે.

વર્તમાનમાં શ્વે. જૈન આગમોના તત્ત્વજ્ઞાનના ઉત્કૃષ્ટ સાહિત્યને વિશ્વના વિદ્વાનોએ પણ સ્વીકાર કર્યો જ છે. આ આગમ ગ્રંથોમાં ચાર અનુયોગમય બધા વિષયોમાં જગ્યાએ-જગ્યાએ જીવમાંથી સિદ્ધ બનવાની પ્રક્રિયાનો નિર્દેશ, સંકેત મળે છે. આ આગમ શાસ્ત્ર જૈનશાસનના પાયારૂપ છે. એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આ રત્નત્રયની માલિકી પ્રાપ્ત કરાવવાના નિયમ આચારોનું વિસ્તૃત વિવેચન રૂપ દસ્તાવેજ છે. એમાં જણાવેલ આચાર પાલન અવશ્ય માનવની આત્મોન્નતિ કરાવી શકે છે.

આ આગમો આપણા માટે ઉન્નતિમાં કયા પ્રકારે પ્રેરક બની રહ્યાં છે. તેની આંતર વિષય વિચારણા આ પ્રકારે છે –

**(૧) આચારાંગ સૂત્ર :** આચાર, આ આપણો પ્રથમ ધર્મ છે. જીવન સૂત્રને અપનાવવાનો સફળ ઉપાય આચારાંગ સૂત્રમાં છે. આમાં આચાર શુદ્ધિપૂર્વક, જીવન શુદ્ધિના સ્તરને ઊંચુ લાવવા માટે છ પ્રકારના જીવોની જયણા–યતના

અને આચાર શુદ્ધિનો માર્ગ દર્શાવ્યો છે. વળી, આત્મ સુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઈન્દ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગસૂત્રમાં કહ્યું છે કે– **જે ગુણે સે મૂલઠાણે, જે મૂલઠાણે સે ગુણે ॥–** જે પાંચ ઈન્દ્રિયોના વિષયો છે તે જ સંસારનું મૂળ કારણ છે.

આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન આ સૂત્રમાં આપવાની સાથે એ પણ જણાવાયું છે કે આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈપણ જ્ઞાન અજ્ઞાન છે, માટે આત્મજ્ઞાન પામવા ઈચ્છુક સાધકોએ નવદીક્ષિતોએ આ સૂત્રનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી પરંતુ શ્રીઆચારાંગમાં તેનાથી આગળ વધીને પૃથ્વી, પ્રાણી, અગ્નિ, હવા અને વનસ્પતિમાં પણ જીવ કહ્યાં છે. વનસ્પતિ અને ત્રસપ્રાણીઓમાં સંવેદના છે. વિદેશી **ફોરનટ** નામના મેગેઝીનમાં **"Mountain are Grow"** નિબંધમાં– પર્વતની અંદર અને બહાર બંનેમાં વૃદ્ધિની વાત પ્રગટ થયેલી છે અર્થાત્ પૃથ્વીની સચેતના સ્વીકારી છે. કારણ કે જીવ જ્યાં હોય ત્યાં જ વૃદ્ધિ સંભવી શકે છે.

આચારાંગમાં ભગવાન કહે છે કે માનવને ભોગોમાં સુખનો અનુભવ થાય છે પરંતુ જ્ઞાની જનોને યોગમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

**(૨) સૂયગડાંગ સૂત્ર :** આ શાસ્ત્રમાં જગતના એનક દાર્શનિકોના વિચારોનું તુલનાત્મક અધ્યયન કરતાં પરસ્પર એકતા અને ભિન્નતા વડે તેની અપૂર્ણતા પ્રતિ અંગુલિ દર્શન કરેલ છે. તથા સાધુના આચાર, વૈરાગ્ય અને સંયમના કષ્ટોનું તથા સંસારના દુઃખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્યભાવ તરફ વધવાની પ્રેરણા પણ આ સૂયગડાંગ સૂત્રમાં છે. આ સૂત્રમાં જૈન દર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન કરેલ છે. જગતના અન્ય દર્શન, જૈન દર્શનથી કઈ રીતે અલગ પડે છે તેના કારણો અને વિશેષતાઓ આ સૂત્રમાં મળે છે.

ભગવાન મહાવીરના વચનોને જો તાર્કિક રીતે જોઈએ કે જો ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેનારી બધીજ માછલીઓને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન, આ માત્ર બાહ્ય શુદ્ધિનું જ કારણ છે, આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. બાહ્ય શુદ્ધિનું મહત્ત્વ ગૌણ હોય છે. મોક્ષમાર્ગમાં આત્મ શુદ્ધિનું જ મહત્ત્વ છે.

**(૩) સ્થાનાંગ સૂત્ર :** વિવેક બુદ્ધિના વ્યવસ્થિત ઉપયોગ માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ શ્રી ઠાણંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. આત્મ સુધારણા





માટે દસ સંજ્ઞાઓ ને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કેવી રીતે સંસ્કારિત કરી શકાય છે તેનું સુંદર નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવેલ છે. વરસાદ ન આવે તો કેમ લાવવો અને કઈ નદીમાં કેટલા સમય સુધી કેટલું પાણી રહેશે, ઈત્યાદિ હજારો વર્ષના ભવિષ્યની વાત પણ આ સૂત્રમાં છે. આ શાસ્ત્રમાં ભગવાને જ્ઞાનની વૃદ્ધિના દશ નક્ષત્રોનું કથન કરેલ છે જેમ કે– મૃગશીર્ષ, આદ્રા, પુષ્ય, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, પૂર્વાફાલ્ગુની, મૂળ, અશ્લેષા, હસ્ત, ચિત્રા. આ દશ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પ્રબળ પુરૂષાર્થ કરવાનું કહેલ છે. નક્ષત્રોમાંથી જે કિરણો નીકળે છે તે આપણા મસ્તક ઉપર અસર કરે છે. આ નક્ષત્રોના સમયે ખુલ્લી જગ્યા પર અગાસી પર વિદ્યા પ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે. પ્રાચીન કાલમાં ગુઢકુળમાં, તપોવનમાં વૃક્ષ નીચે વિદ્યાભ્યાસ કરવામાં આવતો હતો. ભૂકંપના કારણો પણ આ સૂત્રમાં બતાવ્યા છે.

**(૪) સમવાયાંગ સૂત્ર :** જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારથી વિશિષ્ટ જ્ઞાન આ સૂત્રમાં આપ્યું છે. આ શાસ્ત્ર અનેક પ્રકારોનાં વિષયોનું સમન્વય કરી વિશિષ્ટ દષ્ટિબિંદુ ને પ્રગટ કરે છે. વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તે આ સૂત્રના અભ્યાસથી જાણી શકાશે.

**(૫) ભગવતી સૂત્ર :** એકતાલીશ વિભાગોમાં બે હજાર જેટલા (૧૯૨૫) ઉદ્દેશક તથા પંદર હજાર સાતસો બાવન શ્લોક પ્રમાણ, દ્વાદશાંગીનું વર્તમાનમાં સર્વથી મોટુ મહાસાગર સમાન ગંભીર તથા ગૂઢાર્થવાળું આગમ એટલે **ભગવતી સૂત્ર.** શ્રી ગૌતમ સ્વામી તથા અન્ય સાધકો દ્વારા પૂછાયેલા અનેક હજારો(પરંપરાએ ૩૬૦૦૦)પ્રશ્નોના સુંદર સમાધાનરૂપ આ આગમનો એકપણ ભાવ જો જીવનમાં ઉતરી જાય તો માનવ જીવન સાર્થક બની જાય.

સાધુ જીવનની ચર્ચાની સાથે–પરમાણુનું વર્ણન વૈજ્ઞાનિક પદ્ધતિથી પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીર સ્વામીએ કરેલ છે. કોઈના શરીરમાં કોઈ દેવ પ્રવેશ કરી શકે છે અને તે દેવ દેવી વ્યક્તિને વશમાં કરી શકે છે એવું વર્ણન છે. હવામાન તથા ચોમાસાના વર્તનની વાત કરી છે. ૬ મહિનાથી વધારે વાદળ રહી શકતા નથી, ઉત્કૃષ્ટ છ મહિનામાં વિખેરાઈ જાય છે. ઘોડાના કલેજા(લીવર)ની વચ્ચે કરકર નામનો વાયુ ઉત્પન્ન થાય છે, જ્યારે ઘોડો દોડે છે ત્યારે તે વાયુ બહાર નીકળે છે, જેનાથી તે અવાજ ઉત્પન્ન થાય છે. આનાથી પણ સ્પષ્ટ થાય છે કે ભગવાને પ્રાણી જગતના શરીરની રચનાનું પણ સૂક્ષ્મતમ જ્ઞાન આપેલ છે.

તીર્થંકર ભગવાને સાધુઓને માટે શ્વેતવસ્ત્ર પહેરવાની વાત કરેલ છે.

ગર્મી અને તડકામાં રંગીન વસ્ત્રોથી વધારે ગર્મી લાગે છે. શ્વેત વસ્ત્રોમાં ઓછી લાગે છે.

**(૬) જ્ઞાતા ધર્મ કથા સૂત્ર :** આ આગમમમાં મહાપુઢષોના જીવનની સત્ય ઘટનાઓ નો તથા ઉપદેશી કથાઓનો વિપુલ સંગ્રહ છે. ધર્મ કથાઓનું શ્રવણ બાળ જીવો માટે ધર્મપ્રીતિ ઉત્પન્ન કરનાર બને છે. ધર્મ માર્ગમાં સ્થિર કરાવનાર બને છે. કથાઓના માધ્યમથી ધર્મતત્ત્વના રહસ્ય સરળતાથી સમજવામાં આવી શકે છે. પોઝિટીવ વિચારો કેવી રીતે રાખવો તથા સામુહિક જીવનમાં સમુદાય ધર્મ કેવી રીતે નિભાવવો ઈત્યાદિ વાતો આ સૂત્રમા કરી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા તથા જીવનશૈલીમાંથી ઉત્પન્ન થનારા પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત થાય તેવા જ્ઞાનની ઈચ્છા રાખનારાઓ માટે આ સૂત્રનું અધ્યયન ઉપયોગી થાશે.

**(૭) ઉપાસક દશાંગ સૂત્ર :** આ સૂત્રમાં વીર પ્રભુના શાસનમાં થયેલ દશ મહાશ્રાવકોનું દેશ વિરતિ રૂપ ઉત્કૃષ્ટ જીવન વર્ણન આપણને પ્રેરણા અમૃતપાન કરાવનાર છે.

શ્રાવકોની જીવન શૈલી, વ્યાપારની પદ્ધતિ, સંગ્રહ પદ્ધતિ, ક્ષેત્ર, સાધન અને ન્યાય સંપન્ન વૈભવ તથા શ્રાવકોના આવક-જાવક અને સદ્વ્યવહારનું વર્ણન આ સૂત્રમાં છે. ભગવાન મહાવીરના શ્રાવકોની પાસે ગાયોના વિશાળ ગોકુળ હતા. જે ઘરમાં ગાય છે તે ઘરમાં આસુરી સંપતિનો પ્રવેશ થતો નથી. આ વાત આ સૂત્રથી પુરવાર થાય છે. પરિવારમાં પત્નિ,માતા અને પુત્રીના સ્થાનનું તથા પાછલી ઉંમરે પ્રૌઢ અને વાનપ્રસ્થાશ્રમના કર્તવ્યનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરસ્વામીએ પોતાના શ્રાવક જે સંસારમાં રહી આત્મ સાધના કરે છે તેવા શ્રાવકોના જીવનનું વર્ણન પોતાના શ્રીમુખેથી કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપેલ છે. આ ઉપાસક દશાંગ સૂત્રથી સ્પષ્ટ થાય છે.

**(૮) અંતગડશાંગ સૂત્ર :** કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરી તે જ અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ કર્મ ક્ષય કરી મોક્ષે જનારા ૯૦ મહાન પુણ્યાત્માઓનું વર્ણન આ શાસ્ત્રમાં છે. તે આરાધક આત્માઓનું જીવન શ્રાવકોને માટે પોતાના બીજા મનોરથને સફળ કરવા એટલે કે દીક્ષા લેવામાં પ્રબળ પ્રેરક બને છે.

આ સૂત્રમાં સહનશીલતાથી સફળતા સુધીની યાત્રાનું વર્ણન છે. શ્રાવક સુદર્શન જ્યારે નમો જિણાણં જીયભયાણંનો જાપ અને ધ્યાન કરે ત્યારે સેંકડો કિલોના વજનનું શસ્ત્ર તેના ઉપર ફેંકવામાં આવે છતા પણ તે શસ્ત્ર તેને લાગતું





નથી. જપ સાધનાથી તેની આસપાસ સુરક્ષા કવચ રચાય છે. જેનાથી તેનો બચાવ થાય છે. આ ઘટનાને વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવાથી જ્ઞાત થાય છે કે અદશ્યપદાર્થ (શક્તિ) દશ્ય પદાર્થ(સ્થૂળ પદાર્થ) ને રોકી શકે છે. સુરક્ષાનો એક અદશ્ય ફોર્સ (શક્તિ) પોતાની આસપાસ ઉત્પન્ન થાય છે જે ઘાતુને પણ રોકી શકે છે. ગોશાલક દ્વારા ભગવાન ઉપર ફેંકેલી તેજો લેશ્યાના સમયે પણ આવું થયેલ.

ગજસુકુમારના માથે અંગારા મૂક્યા ત્યારે તેને દુઃખ અથવા પીડા ન થઈ, સાધુ લોચ કરે છે ત્યારે શરૂઆતમાં પીડા થાય છે, પછી તેનો અભ્યાસ થઈ જવા પર પીડા ઓછી થઈ જાય છે. તેનો અર્થ એ થયો કે પોતાની અંદર એનેસ્થેસિયા સક્રિય થઈ જાય છે. અર્થાત્ આપણીઅંદર પીડા શામક રસાયણ સર્જાય છે, જે કુદરતી એનેસ્થેસિયા છે. તાત્પર્ય એ છે કે અંદરમાં આવું કોઈ તત્ત્વ ઉત્પન્ન થાય છે જે આપણી સહનશીલતાને વિકસિત કરે છે. આ શોધનો વિષય છે સંશોધનનો વિષય છે.

**(૯) અનુત્તરોપપાતિક સૂત્ર :** આ આગમમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા મહાત્માઓનું જીવન વર્ણન આપણા આધ્યાત્મ જીવનને એક નવી દિશા આપે છે. ભગવાન મહાવીરની ઉપદેશ ધારા વડે પોતાના શરીર પરથી મમત્વ ઘટાડતા અતિશય તપસ્વી સાધકો જેવા કે ધન્નાઅણગાર વિગેરેની સાધના અને તેનાથી હાડપિંજર બનેલ શરીરની અવસ્થાનું વર્ણન આ શાસ્ત્રમાં છે.

આ સૂત્ર વર્ણનથી આ પણ સ્પષ્ટ થાય છે કે મનુષ્યમાત્ર આહાર થી જ જીવી શકે છે તેવું નથી પરંતુ હવા, પ્રકાશ આદિથી પણ જીવી શકે છે. સૂર્ય પ્રકાશથી પણ જીવી શકે છે તેવું દષ્ટાંત છે. દરરોજ એક ચોખાનો દાણો ખાઈને પણ વ્યક્તિ લાંબા સમય સુધી જીવિત રહી શકે છે. તાત્પર્ય એ છે કે સાધક માનવ કેટલા ય દિવસો, મહિનાઓ સુધી આહાર વિના અને વર્ષો સુધી અલ્પ આહારથી જીવી શકે છે. શરીર વિજ્ઞાનના સંશોધનનો આ વિષય છે.

**(૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર :** મંત્રનો ઉપયોગ અને લબ્ધિઓને પ્રગટ કરાવનાર આ શાસ્ત્ર છે. આ સૂત્રના પાંચ પાપોનું વર્ણન વાંચીને તો પાપથી પાછા ફરવાની પ્રબળ પ્રેરણા આપણા આત્માને પણ મળે છે. સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા હકારાત્મક શક્તિની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય તેનું વર્ણન આ શાસ્ત્રમાં છે. અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ, લબ્ધિઓ તથા ઉર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી તે પણ આ સૂત્રમાં દર્શાવેલ છે.

પ્રાચીનકાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓ, મંત્રો તથા યંત્રોની વાત હતી, પરંતુ એ વિદ્યાઓનો ભવિષ્યમાં કોઈ ખોટા હેતુ માટે ઉપયોગ ન કરે તેવા આશયથી દેવર્ધિગણી આચાર્યએ આગમ લેખન સમયમાં તેનું સંકલન-લેખન કર્યું નહિં. અનધિકારી શિષ્યોને એવા જ્ઞાનનો પરિચય ન મળે તેના માટે જૈન શાસનની આ વિશેષ પદ્ધતિ અભિનંદનીય છે. અર્થાત આ કારણોથી પૂર્વાચાર્યોએ આ આગમના વિષયને કાંઈક બદલી લેખનમાં આવા વિષયો રાખ્યા નથી.

**(૧૧) વિપાક સૂત્ર :** આ સૂત્રમાં વર્ણિત અજ્ઞાન દશામાં બાંધેલા કર્મોનું ભયંકર ફળ, વ્યક્તિને પાપ કર્મોથી દૂર રહેવાની પ્રબળ પ્રેરણા આપે છે. દુષ્કૃત્યથી દુઃખ વિપાક થાય છે, અને સત્કાર્યથી સુખ વિપાક થાય છે, આ જાણીને પોતાની વૃત્તિઓ સત્કાર્ય તરફ પ્રયાણ કરે તે આ શાસ્ત્રનો હેતુ છે. જીવન શૈલીમાં પાપથી બચવું છે. સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે. તેવા પ્રકારની વિચારસરણી ધરાવતા સાધકો માટે આ વિપાક સૂત્રનું અધ્યયન વિશેષ ઉપકારક છે.

આગમોમાં ૧૧ અંગ આગમના વર્ગીકરણ પછી ૧૨ ઉપાંગ સૂત્રોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧૨) ઉવવાઈ સૂત્ર :** આ સૂત્રમાં ભગવાનના ગુણો, વૈભવ અને શરીર સૌંદર્યનું તથા ગણધર આદિ શ્રમણોની સંયમ-તપ સાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરમાં આગમ થતાં ત્યાંના રાજા આનંદ ઉલ્લાસથી તથા ભક્તિભાવથી દેવાધિદેવ તીર્થંકર પ્રભુના દર્શને જાય છે. આમાં સંતો પાસે જવાની, વંદન કરવાની વિધિનો બોધ થાય છે.

આપણા કર્મ જ આપણી સદ્ગતિ કે દુર્ગતિનું કારણ છે. કયા પ્રકારના કર્મોથી જીવ કયા સ્થાનોમાં ઉત્પત્તિ પામે છે, તેનું વર્ણન આ સૂત્રમાં કરેલ છે. તમારા કર્મ જ તમારી ગતિનું કારણ બને તેવા દષ્ટિકોણથી ભગવાન મહાવીરે, ઈશ્વર કર્તા હર્તા નહિં પરંતુ પોતાના આત્મા અને આત્માથી બાંધેલા કર્મો જ પોતાના ભાગ્યવિધાતા છે અને આત્માની વિભાવદશા રાગ દ્વેષના અધ્યવસાય, કર્મોના જનક છે, આવી વિશિષ્ટ દષ્ટિ આ આગમમાં પ્રગટ કરેલ છે.

**(૧૩) શ્રી રાયપ્પસેણીય સૂત્ર :** ગુરૂના સાનિધ્યને પ્રાપ્ત કરી પ્રદેશી રાજાના જીવન પરિવર્તનનું વર્ણન વાચી ગમે તેવા પાપી થી પાપી પ્રાણી પણ અધ્યાત્મની ઊંચી દશા સુધી પહોંચી શકે છે, તેની આત્મામાં પ્રતીતિ અને પુષ્ટી થાય છે.

સંત સમાગમ વ્યક્તિ પર કેવો ઉપકાર કરે છે અને તેને દેવલોકના સુખ પ્રાપ્ત કરાવી શકે તેમજ પરમપદ પણ પ્રાપ્ત કરાવી શકે તેવી પ્રેરણાદાયી





હકીકતનું આલેખન આ સૂત્રમાં થયેલ છે. પોતાની રાઈટ આઈડેન્ટી જાણવા ઈચ્છુક સાધકો માટે આ સૂત્રનો સ્વાધ્યાય ઘણો જ ઉપકારી બની રહેશે.

**(૧૪) શ્રી જીવજીવાભિગમ સૂત્ર :** આ સૂત્રને વાંચવાથી જીવ અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને યતના ધર્મનું પાલન કરી શકાય છે. ભગવાન મહાવીરે સ્વામી તથા ગણધર પ્રભુએ જીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ તથા જુદી જુદી પ્રકૃતિને જાણી, ધ્યાનમાં રાખી, જ્ઞાન ભાવોનું વર્ણન આ સૂત્રમાં કરેલ છે. આ શાસ્ત્ર જીવ તથા સમસ્ત ક્ષેત્ર લોકનો ગહન અભ્યાસકારક ગ્રંથ છે. જે સાધકોને જીવવિજ્ઞાન અને ક્ષેત્ર લોકની વિવિધ અવસ્થાઓને સમજવાની જિજ્ઞાસા હોય તેને આ શાસ્ત્ર અક્ષરશઃ અધ્યયન મનન કરવું જોઈએ.

**(૧૫) પ્રજ્ઞાપના સૂત્ર :** આ સૂત્રમાં જૈન તત્ત્વજ્ઞાનની વિશેષ સમજણ આપવામાં આવી છે. આ સૂત્ર શરીર વિજ્ઞાન, પદાર્થ વિજ્ઞાન અને ચૈતન્ય શક્તિઓનો ખજાનો છે. છ લેશ્યા તથા જ્ઞાનના ગહન ભંડાર સમાન આ સૂત્ર નાના ભગવતી સૂત્ર જેવું લાગે છે.

**(૧૬) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર :** આ સૂત્રમાં પ્રથમ તીર્થંકર અને પ્રથમ ચક્રવર્તી જેવા ઉત્તમ પુરૂષોના જીવન વ્યવહારના પરિચયથી આપણને આત્મ ઉત્થાનની અદ્ભુત પ્રેરણા પ્રાપ્ત થાય છે.

આ સૂત્રમાં આપણી પૃથ્વી અને પૃથ્વીમાં રહેલ જુદા-જુદા દેશ અને તેની ભૌગોલિક રચના વિગરેનું વર્ણન કરેલ છે. જે ક્ષેત્રમાં આપણે રહીએ છીએ તે વિશાળ ભૂમિને જંબુદ્વીપ કહેવાય છે. આ સૂત્રમાં મેરૂ પર્વત અને તેના ચાર વનોનું વર્ણન મનને પ્રફુલ્લિત કરનારૂ છે. આ સૂત્રમાં ભૂગોળ, ખગોળ તથા ભૂત અને ભાવિ ઈતિહાસનું સંયોજન છે.

આ આગમમાં જ્યોતિષ વિષયનો પણ ખજાનો છે. પ્રત્યેક ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર, સર્ય આદિનું વર્ણન છે. ચંદ્ર સૂર્યના અધિષ્ઠાયક દેવ કેવા પ્રકારની ગતિ કરે છે, તે વર્ણન આ સૂત્રમાં છે.

**(૧૭–૧૮) શ્રી ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિસૂત્ર(જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર):** આ સૂત્રમાં જૈન ખગોળ વર્ણન વાંચી એટલે કે વિશાળ લોક તથા પ્રકાશ ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત થવાથી પોતાની લઘુતા અલ્પજ્ઞતાનો બોધ થાય છે. તેનાથી પોતાના જ્ઞાનનો અહંકાર નેસ્તનાબુદ થઈ જાય છે.

**(૧૯ થી ૨૩) નિરયાવલિકાદિ પાંચ સૂત્ર :** શ્રેણિક રાજા, કોણિક રાજા,

બહુપુત્રિકા દેવી, લક્ષ્મીદેવી, બલદેવના પુત્રો વગેરે બાવન આત્માઓના આગળ –પાછળના ભવોના કથન દ્વારા કર્મ સિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ પ્રેમાનુબંધ સંબંધોની વિચિત્રતાનો બોધ આ શાસ્ત્રથી થાય છે. ભગવાન મહાવીરના સમયમાં રાજા કેવા હતા, તેની રાજશૈલી કેવી હતી, ભરપૂર ભોગ સામગ્રી વચ્ચે રહેવા છતાં પણ ભગવાનના સંપર્કમાં આવી સંપૂર્ણ યોગી પુઢષની દશામાં કેવી રીતે બની જતા હતા તે વર્ણન આ સૂત્રમાં આપેલ છે.

પોતાની ઈચ્છા પોતાને જ કઈ રીતે ભયંકર દુ:ખી બનાવે છે તે વર્ણન બહુપુત્રિકાના વર્ણન દ્વારા જાણવા મળે છે. ભગવાન મહાવીરના આ પાંચ આગમ ઉત્તમ રીતથી પોતાની અંતરની મનોવૃત્તિઓનું દર્શન કરાવનાર છે. જેને મનોવિજ્ઞાનના વિષયમાં જાણવાનો ઊંડો રસ છે તેના માટે પાંચ આગમોમાંથી અતિ ઉપયોગી દષ્ટિબિંદુ પ્રાપ્ત થાય છે. તેમાં મનની સ્થિરતા તથા મનની ચંચળ તા વગેરે અનેક અવસ્થાઓનું વર્ણન થયેલ છે. કેવી માનસિક અવસ્થામાં વ્યક્તિ દુ:ખી થાય છે અને કેમાં સુખી થાય છે તેનું વિશેષ વર્ણન આ સૂત્રમાં છે.

**(૨૪) ઉત્તરાધ્યયન સૂત્ર :** અર્વાચીન પરંપરામાં આ સૂત્ર ભગવાન મહાવીરની અંતિમ દેશના રૂપમાં સમસ્ત જૈન સમાજમાં અત્યંત શ્રદ્ધા ભરેલા સ્થાન રાખે છે. ૩૬ અધ્યયનોમાં જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાય: સમાવેશ થઈ ગયેલ છે. જેનું ચિંતન તથા આચરણ આત્માને ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરાવનાર છે.

આ શાસ્ત્રના ૨૯મા અધ્યયનમાં સમ્યક પરાક્રમ કરવા યોગ્ય ૭૩ બોલો દ્વારા સાધક દશામાં ઉત્કૃષ્ટ સાધના કેવી રીતે પ્રગટ કરી મોક્ષમાર્ગમાં આગળ વધવું તેનો નિર્દેશ છે. તેમાં અનેક પ્રકારના કથા વર્ણનની સાથે ગેરસમજ દ્વારા સાધક ધર્મ વિમુખ બને ત્યારે ભગવાનના આદર્શ સાધકોના આચરણ તેનું માર્ગદર્શન બની ગેરસમજ દૂર કરી ધર્મમાં સ્થિર કરે છે તેવું વિશેષ વર્ણન છે.

**(૨૫) દશવૈકાલિક સૂત્ર :** આચાર્ય શય્યંભવ દ્વારા રચિત આ સૂત્ર સાધ્વાચારનો અનુપમ ખજાનો છે. જે પ્રત્યેક સાધકને માટે આવશ્યક રૂપથી અને સરલતાથી ઉપયોગી છે. અર્થાત્ સાધનામાં આવનાર શ્રાવક આવશ્યક રૂપથી આ આગમને કંઠસ્થ કરાવનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરે છે. સાધુ જીવનના સમગ્ર વ્યવહારને સમજવા માટે આ એક પ્રાથમિક સૂત્ર છે. સાધુ જીવનના ત્યાગનું મહત્ત્વ, ગુઢ શિષ્યનો સંબંધ તથા વિનયની વાત આ સૂત્રમાં કહી છે. આ સૂત્રની અંતિમ બે ચૂલિકામાં સંયમથી ડામાડોળ પરિણામવાળા સાધકોને પોતાના સંયમ ધર્મમાં સ્થિર કરનારી હિતશિક્ષાઓ અને માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.





**(૨૬) નંદી સૂત્ર :** પૂજ્ય દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે આ આગમમાં પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન કરેલ છે. અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન આ ત્રણ પ્રત્યક્ષજ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બે પરોક્ષ જ્ઞાન છે. આ પાંચ જ્ઞાનને ગ્રહણ કરવાની વિધિને બતાવનાર આ નંદીસૂત્ર, શ્રુત સાધકોને આત્મિક આનંદનું કારણ બને છે. આ સૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું પણ વર્ણન છે. ભગવાન મહાવીરના શાસનમાં થનારા અનેક આગમધર, શ્રુતધર, મહાન આચાર્ય આદિ આત્માઓની ગુણ ગરિમા, સ્તુતિ દ્વારા તેના પ્રત્યે ભક્તિ પ્રગટ કરેલ છે. બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારોનું વર્ણન આ શાસ્ત્રમાં છે. સ્મરણશક્તિ વધારવાની ઉપયોગી વાતો પણ આ શાસ્ત્રમાં મળે છે.

**(૨૭) અનુયોગદ્વાર સૂત્ર :** આગમોની વ્યાખ્યાઓને સમજવાની અદ્ભુત કળા અનુયોગ દ્વાર સૂત્રથી આપણને પ્રાપ્ત થાય છે. આ પદ્ધતિને સમજી લેવાથી કઠિન સૂત્રોને સહજ રૂપમાં સમજી શકાય છે.

કોઈપણ શબ્દના અનેક અર્થ થઈ શકે છે. શબ્દકોષ બનાવવાની કળા, એક શબ્દના અનેક અર્થ કેવી રીતે પ્રગટ કરવા તે આ આગમમાં સમજાવેલ છે. આ શાસ્ત્રમાં એક જ આવશ્યક સૂત્ર પર અનેક રહસ્યપૂર્ણ દષ્ટિબિંદુ સમજાવેલ છે. મનની અપાર શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કેવી રીતે વિકાસ કરી શકે તેનું વિસ્તારથી વર્ણન આ સૂત્રમાં છે.

**(૨૮) નિશીથ સૂત્ર :** આ સૂત્રમાં પાપ સેવનથી થયેલા મૂળગુણ, ઉત્તરગુણના ભંગના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પવિત્ર બનાવવાની પ્રક્રિયા બતાવેલ છે. આ છેદસૂત્ર નિયમ અને પ્રાયશ્ચિત્તના માધ્યમથી આત્મગુણોની વૃદ્ધિ કરાવનાર છે. પરિસ્થિતિવશ નિયમો અથવા પ્રતિજ્ઞાઓનો ભંગ થાય ત્યારે તેનું સાચું માર્ગદર્શન, ઉપાય દર્શાવનાર શાસ્ત્ર, છેદસૂત્ર કહેવાય છે.

સાધુ જીવનમાં ક્યારે કેવા દોષ સામાન્ય અને વિશેષ લાગી શકે છે અને તેનું નિવારણ કેવી રીતે થઈ શકે છે તે આ શાસ્ત્રમાં બતાવેલ છે. આ સૂત્રો દ્વારા ભૂલો નો પશ્ચાત્તાપ અને વિશુદ્ધિકરણના ઉપાય બતાવવામાં આવેલ છે.

**(૨૯) દશાશ્રુસ્કંધ સૂત્ર :** મહામોહનીય કર્મના સ્થાન અને નવ નિદાનોનું નિરૂપણ સાધકને મોટા દોષોથી દૂર રાખે છે. શ્રમણ જીવનની મર્યાદાઓ તથા આચાર શુદ્ધિનું વર્ણન હોવાથી ગુઢજનોની આજ્ઞાથી આ છેદ સૂત્રોનું અધ્યયન કરી શકાય છે. આ શાસ્ત્રમાં આચાર્ય તથા શિષ્ય બંનેનું કર્તવ્ય તેમજ આચારોનું વર્ણન સાથે સાથે શ્રાવક તથા શ્રમણ બંનેની સાધનારૂપ પ્રતિમાઓનું વર્ણન છે.

મહામોહનીય કર્મ બંધના ૩૦ બોલોમાં સંઘમાં ભેદ કરવો તે એક મહાપાપકર્મ બંધ કરાવનાર બોલ કહેલ છે. આજના તુચ્છ બુદ્ધિના સાધક પોતાની નાનકડી જિદની મનોદશામાં કારણવિના જ સંઘભેદ કરી સમસ્ત સાધકોમાં રાગ-દ્વેષ નું ઝેર ફેલાવી મહાપાપના ભાગી બનવા જરાપણ સંકોચ રાખતા નથી.

**(૩૦) બૃહત્કલ્પ સૂત્ર :** આચાર મર્યાદા વિધિ નિષેધરૂપ નિયમોનું કથન સાધુ જીવનની નિર્મલતાને માટે અત્યંત ઉપયોગી છે. આ સૂત્રમાં સાધુ જીવનની વ્યવસ્થાઓનું વર્ણન હોવાથી ઉચ્ચકક્ષાના અધિકારી સાધકોને માટે અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિમાંથી કેવી રીતે ઉગરવું તેનું માર્ગદર્શન છે.

સર્પદંશનું ઝેર ઉતારવા મંત્રોચ્ચાર ચિકિત્સાની અનુમતિ સામાન્ય સાધકો માટે આપવામાં આવેલ છે. વિશિષ્ટ સાધના પડિમાધારી જિનકલ્પી આદિ માટે આ ચિકિત્સાનો નિષેધ છે. નાવમાં બેસી વિકટ સમયમાં નદી પાર કરવાની વિધિનું નિરૂપણ આ શાસ્ત્રમાં છે. આ પ્રકારે વર્તમાનમાં જે પરંપરાઓ નથી પરંતુ ભગાવનનાન સમયમાં જે પરંપરાઓ હતી તેનું વર્ણન આ સૂત્રમાં છે.

**(૩૧) વ્યવહાર સૂત્ર :** આગમ વ્યવહાર, સૂત્ર વ્યવહાર, આજ્ઞા વ્યવહાર, ધારણા વ્યવહાર તથા જીત વ્યવહાર આ પાંચ વ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે. બે સાધુ, બે આચાર્ય ઉપાધ્યાય આદિ એક જગ્યાએ એકઠા થાય તો તેનો શું વ્યવહાર થાય છે તે આ સૂત્રમાં દર્શાવેલ છે. જેનાથી સામુહિક સુમેળનું સર્જન થાય છે. આ સૂત્ર સાધુ-સાધ્વી અથવા ચતુર્વિધસંઘની સુવ્યવસ્થા સંબંધી સૂચનોનું દિગ્દર્શન કરાવનાર છે. અને સંઘ વ્યવસ્થાનું મુખ્ય શાસ્ત્ર છે.

**(૩૨) આવશ્યક સૂત્ર :** સાધકોને પોતાની સાધનાની વિશુદ્ધિને માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરવાવાળું આ શાસ્ત્ર છે. વ્યવહારમાં આપણે એને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ. આત્મ વિશુદ્ધિ માટે જે ક્રિયા અવશ્ય કરવાની હોય તેને આવશ્યક કહેવામાં આવ્યું છે.

આવશ્યક સૂત્રને જ્ઞાનીઓએ જીવન શુદ્ધિ સંયમ વિશુદ્ધિની ક્રિયા કહીને તેને સાધનાનો પ્રાણ કહ્યો છે. સમભાવની સાધના તે સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિરૂપ ચતુર્વિશતિ સ્તવ લોગસ્સના પાઠથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખી થઈને આત્મભાવમાં સ્થિર થવા માટે કાયોત્સર્ગની સાધના અને ભવિષ્યના કર્મોનો નિરોધ કરવા માટે પ્રત્યાખ્યાન જરૂરી છે. આમ છ આવશ્યક સાધકની આત્મવિશુદ્ધિના લક્ષ્યને સફળ બનાવવામાં સહાયક છે.





જે કર્મ પ્રતિદિન નિદ્ધત રૂપથી બંધાય છે. તે પ્રતિક્રમણ કરવાથી નિકાચિત્તની કક્ષામાં જતા રોકાઈ જાય છે. જે કર્મોને ભોગવ્યા વિના ક્ષય કરવામાં આવે છે. તેને નિદ્ધત કહે છે. પ્રતિદિનના પાપોનું પ્રતિક્રમણ કરવામાં આવે તો પાપની કક્ષા નિદ્ધત બની જાય છે. પરંતુ જો પ્રતિક્રમણ કરવામાં ન આવે તો તે કર્મ નિકાચિત્ત બની શકે છે. સાધક સાધુ અથવા શ્રાવક નિત્ય પ્રતિક્રમણ કરે તો નિરંતર પરમપદની યાત્રામાં આગળ વધતાં જ રહે છે, તેની ગતિ રોકાતી નથી.

**ઉપસંહાર :**

(૧) શ્વેતાંબર સ્થાનકવાસી જૈનોની માન્યતા અનુસાર ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ છેદ, ૪ મૂળ અને આવશ્યક સૂત્ર આ ૩૨ સૂત્ર આત્મ સુધારવા માટે અને સાધકને કેવી રીતે ઉપયોગી બને છે તેની વિચારણા અહીં ક્રમશઃ કરેલ છે.

(૨) શ્વેતાંબર મૂર્તિપૂજક અનુસાર ૪૫ આગમ શાસ્ત્ર છે અને (૩) નંદી સૂત્રની આગમ સૂચી અનુસાર ૭૩ આગમ શાસ્ત્ર છે તથા (૪) વિશાલ દષ્ટીકોણની અપેક્ષા શ્વેતાંબર માન્યતામાં ૮૪ આગમ પણ કોઈ સમયે કહેવાય છે. તે સર્વનો સંક્ષિપ્ત પરિચય અને નામો આદિની વિચારણા જાણકારી પણ સાધકોએ ધ્યાનમાં લેવી જોઈએ. કારણ કે તે આપણા જૈન સાહિત્ય રૂપ અક્ષય જ્ઞાન કોષ છે. આગમ નિયમાનુસાર યોગ્ય કે જિજ્ઞાસુ કોઈપણ સાધક આ સાહિત્યના અધ્યયન કરવા માટેના અધિકારી છે.

જૈન શાસનની સમસ્ત વ્યવસ્થાના મૂળભૂત આ આગમ ગ્રંથ જ છે. તેમાંથી શક્ય તેટલું આચરણ કરવાથી પરમપદના માર્ગની પ્રાપ્તિ સહજ બને છે. ક્ષણ-ક્ષણ(પ્રતિ ક્ષણ) જાગૃત બનીને આત્મ સુધારવાની શિક્ષા આ આગમોમાં વિશેષ કરી ઉતરાધ્યયન સૂત્રમાં આપવામાં આવેલ છે. **સયમં ગોયમા પમાયણ**

સુતેલા વ્યકિત વચ્ચે પ્રજ્ઞાવાન પંડિત સાધક જાગૃત રહે છે. તે પ્રમાદમાં વિશ્વાસ કરતા નથી. કાળ(મોત) અતિ નિર્દય છે, શરીર દુર્બલ છે, ભારંડપક્ષીની જેમ સાવધાની બની સાધકોએ વિચરણ કરવું જોઈએ. ગાથા–

**सुत्तेसु यावि पडिबुद्धजीवी, नो वीससे पंडिए आसुपण्णे ।**
**धोरा मुहत्ता अबलं शरीर, भारंड पक्खी व चरेप्पमत्तो ॥उत्तरा०॥**

વિશ્વના સમસ્ત વિષયો કોઈને કોઈ રીતે આગમમાં સમાવેશ કરી દીધેલ છે. વ્યક્તિ, કુટુંબ અથવા વિશ્વની અનેક સમસ્યાઓનું સમાધાન આ આગમોમાંથી મળી શકે છે. આગમમાં પ્રાપ્ત થનારી ગાથાઓ શુષ્ક અને તર્કવાદી

જ નથી પરંતુ જેનું જીવન જ પ્રયોગશાળા બનેલ હતું એવા પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીર સ્વામીની તપ અનુભૂતિની એરણ પર ઘડેલી પરમ સત્યની સફળ અભિવ્યકિત છે.

આ આગમવાણીના જનક તીર્થંકર ગણધર માત્ર વિચારક કે ચિંતક જ નહિં પરંતુ સ્વયં ઉત્કૃષ્ટ સાધક હતા. તત્ત્વો અથવા વ્રતો માત્ર ચિંતનની ભૂમિકા સુધી જ સીમિત ન રાખી ચારિત્ર આચારમાં પરિવર્તન કરી જીવનને જીવેલ હતું. આ શાસ્ત્રો જીવને પરમપદ પ્રાપ્ત કરાવવામાં પૂર્ણ સક્ષમ છે.

સદ્ગુઢની આજ્ઞા લઈ આ શાસ્ત્રનું અધ્યયન કરવામાં આવે, જ્ઞાની ગુઢભગવંતોની સેવામાં, સમાગમમાં તેનો અર્થ રહસ્યાર્થ સમજવામાં આવે અને તેને પોતાના જીવનમાં આચરણરૂપ ઉતારવામાં આવે તો આપણને અવશ્ય પોતાને મુક્તિનો માર્ગ અને અંતમાં મુક્તિની પ્રાપ્તિ થનાર જ છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી, એવું સમજવું જોઈએ.

આ જિનાગમોમાં, સૂત્ર સિદ્ધાંતમાં વિચાર વાણી અને વર્તનનું વૃત્તિ-પ્રવૃત્તિનું તથા નિવૃત્તિ ભાવના અને કર્તવ્યોનું અદ્ભુત સુમેળ જોવામાં આવે છે. આ અવસર્પિણી કાળમાં તીર્થંકર ગણધર ૧૪ પૂર્વી આદિના અભાવમાં પણ આ આગમવાણીને ૨૧૦૦૦ વર્ષ ચાલવાનો સંપૂર્ણ વિશ્વાસ દર્શાવનાર આપણા આ આગમ આપણી જ્ઞાન આત્માની અમૂલ્ય નિધિ રૂપે આપણને મહાન પુણ્યોદયથી મળેલ છે.

પુષ્કરાવર્ત વર્ષાની અસર અનેક વર્ષો સુધી વરસાદ ન આવે તો પણ રહે છે. જેનાથી વૃક્ષો પર ફળ આવતા રહે છે અને પાક તૈયાર થતો રહે છે. પરંતુ ભગવાન મહાવીરની વાણી રૂપ ઉપદેશ દ્વારા પાવન વરસાદની અસર આ પાંચમા આરાના અંત સુધી એટલે કે ૨૧,૦૦૦ વર્ષ સુધી રહેનાર છે. ફળ અને ફસલની સમાન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આરાધક જીવન જીવી આત્મકલ્યાણ કરતા રહેશે. એવા આ આપણા પરમ પાવન આગમ આપણને ઘણા જ સૌભાગ્યથી પ્રાપ્ત થયેલ છે. તેના અધ્યયન મનનમાં આપણે યોગોથી તલ્લીન બની આત્મ કલ્યાણની સાધના કરી લેવી જોઈએ.





## સંથારો – દીક્ષા તારીખનું રહસ્ય

આગમ નિબંધમાળા, ભાગ–૧ માં આગમ મનીષી પૂ.શ્રીની તબિયતમાં સુધારો તથા સંથારાની તારીખ કવર પૃષ્ઠ – ૪ ઉપર દર્શાવેલ, તે વાંચીને મુંબઈ (કલ્યાણ)થી આચાર્ય શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્ય શ્રી મુક્તિશ્રમણ વિજયજી મ.સા.ની પત્ર દ્વારા જિજ્ઞાસા વ્યક્ત કરવામાં આવી, જેનું સમાધાન પત્ર દ્વારા કરવામાં આવ્યું, તે જીજ્ઞાસા તથા સમાધાનનું વિવરણ આ મુજબ છે.

**જિજ્ઞાસા** : જૈનાગમ નવનીત, આગમ નિબંધમાળા ભાગ–૧ પુસ્તક મળેલ છે. પરિચય વૃતમાંથી બે વાત વાંચતાં આશ્ચર્ય થયું. નિવૃત્તિ સંલેખના તારીખ અને સંથારા તારીખ. આ તારીખ નક્કી કરવા પાછળનું રહસ્ય શું ? તે જણાવવામાં વાંધો ન હોય તો જિજ્ઞાસા પૂર્ણ કરશોજી.

**સમાધાન :–** પૂ. મુનિરાજ શ્રી મુકિતશ્રમણવિજયજી, સાદર વંદન.

મને ૨૮ વર્ષની ઉંમરથી જાણકારી છે કે મારી ઉંમર ૭૦ વર્ષથી ઉપર અને વધારેમાં વધારે ૭૮ વર્ષની છે અને ઓછામાં ઓછી ૭૨ વર્ષની છે. મારા જીવનમાં એકલ વિહાર પણ નક્કી છે. તેથી આગમ(કલ્પ્ય) આધારિત ઓછામાં ઓછી ૪૦વર્ષની ઉંમર તથા ૧૯વર્ષની દીક્ષા પર્યાય પછી એકલા રહેવાની શરૂઆત કરેલ હતી. આજે પણ ભાડાના મકાનમાં એકલો રહું છું, પોતાનું કાર્ય –કપડા ધોવા, ભોજનની વ્યવસ્થા, મકાન સફાઈ વિગેરે જાતે કરું છું. મારી જન્મકુંડળીમાં ગણિત ૭૨ વર્ષથી આગળ વધતું નથી તેમ લખેલ છે.

આચાર્યશ્રી પદ્મસાગરજી મ.સા.ના જ્યોતિષમાં નિષ્ણાત એક સંતે મને આજથી ૨૮ વર્ષ પહેલા અમારી પાંચ મિનિટની મુલાકાતમાં કહેલ હતું કે– ૭૦ વર્ષની આસપાસ તમારું અકસ્માત/ઓચિંતુ મૃત્યુ થશે. અર્થાત મૃત્યુ સમયે કોઈની વધારે સેવા લેવી નહીં પડે. અને એકલવિહાર જ આપના માટે જીવનભર પ્રશંસાપાત્ર રહેશે.

આગમ કાર્ય પૂર્ણ કરવાના મધ્ય સમયમાં જ હું કોઈ તાંત્રિક પ્રયોગમાં ફસાયને અશાતા કર્મનો ભોગવટો બે વર્ષમાં કરી ચૂક્યો છું. હવે હું સ્વસ્થ, પેટ દર્દ રહિત, હિમ્મત સાથે આંતર ચેતનાથી જાગૃત બન્યો. ૬૮મું વર્ષ શરૂ થયું ત્યારથી સંલેખના સંથારાનું નિર્ધારણ(અનુપ્રેક્ષણ) મારા પોતાના શ્રુતજ્ઞાનથી કરી અહીં-તહીં વાત કરવા લાગ્યો. કેટલાકને સારું લાગ્યું. નિકટના એક બે ભક્તને ગમ્યું નહીં. સમજાવવા છતાં પોતાનો મત ચાલુ રાખ્યો. તેથી મેં વિચાર કરી એક દિવસ અહીં રાજકોટમાં ૨૫–૩૦ વર્ષથી જ્યોતિષ કાર્યાલય ધરાવતા પ્રતિષ્ઠિત જ્યોતિષી પાસે ગયો. તેમને મેં મારો પરિચય આપ્યો અને જણાવ્યું કે એક પરીક્ષાર્થી તરીકે તમારી પાસે આવ્યો છું. મને આયુષ્ય જોવાનો સારો અનુભવ છે એમ જણાવી તેમનો હાથ જોવા માટે માંગ્યો અને હાથ જોઈને કહ્યું કે 'આપની ઉંમર ૮૪ વર્ષ આસપાસ છે. હવે આપ મારો હાથ જુઓ, હું ૭૦ વર્ષ ઉંમરે સમાધિ લેવા ઈચ્છું છું.' તેમણે મારો હાથ જોઈને બતાવ્યું કે– 'આપનું જીવન એક મહાન પુરુષનું અલૌકિક જીવન છે અને આપની ઉંમર ૭૪ વર્ષ આસપાસની છે, જો આપ સાત્વિક જીવન ક્રમબદ્ધ જીવશો તો. અન્યથા ૨–૪ વર્ષ ઓછી ઉંમર પણ થઈ શકે છે. આપનો નિર્ધારણ યોગ્ય છે પરંતુ મારી પોતાની નમ્ર સલાહ એ છે કે માનવ જીવનમાં આપ સત્કાર્ય કરી રહ્યા છો, સંત-સતિઓને આ ઉંમરે કોઈ પણ વેતન વગર ભણાવી સેવા આપો છો તો માનવ જીવનને ટૂંકાવવું ન જોઈએ. આ જીવનમાં સમાજ સેવા જેટલી થઈ શકે તેટલી કરવી જોઈએ.'



જૈન આગમ પરિચય

મેં પૂછ્યું– 'છતાં પણ મારી ભાવના પોતાના ક્ષયોપશમિક જ્ઞાન મુજબ આમ નક્કી કરેલ છે તેમાં કાંઈ ખોટું તો નથી ને ?' તો કહ્યું કે– 'આપ તો પોતે એક અલૌકિક જ્ઞાની પુરુષ છો. આપના નિર્ણયને ખોટો કહેવા જેવું કાંઈ નથી.' હું જય જિનેન્દ્ર ધન્યવાદ કહી ઉઠી ગયો. તેમણે કોઈ ફી પણ માંગી ન હતી. બહાર અનેક લોકો બેઠા હતા. હું ઘરે આવી ગયો. પુસ્તકમાં આ વિચારોને છપાવવાનો નિર્ણય કરી લીધો. મુંબઈમાં વસતા એક રાજસ્થાની શ્રદ્ધાળુ શ્રાવકને ફોન પર ફરીથી સમજાવ્યા. તેને ન ગમવાથી આખરે તે રૂબરૂ અમદાવાદ આવીને મળ્યા. કલાક સુધી ચર્ચા થઈ, ત્યાર પછી એની સમજમાં આવ્યું. શ્રદ્ધાથી મારી હિમ્મતની પ્રસંશા કરી.

આગમ જ્ઞાનથી નક્કી થયેલ(સોપક્રમી) આયુષ્ય, ૧/૩ ભાગ આયુષ્ય બાકી રહે ત્યારે તૂટી શકે છે. આગમ આયુષ્ય ગણિતથી ૭૦ વર્ષની અમારી ઉંમરમાં ૧૪ મહીના વધારવાથી અને ૯ મહિના ગર્ભના ઉમેરવાથી ૨૩ મહિના એટલે લગભગ બે વર્ષ થઈ જાય છે, તેથી ૭૦ + ૨ = ૭૨ વર્ષ મારી કુંડળીમાં લખેલ છે તે થઈ જાય છે.

ઉપર બતાવેલું દરેક અપેક્ષા, અનુભવોથી અને એકલવાયુ જીવન હોવાથી સમયથી પહેલાં સાવચેતી સાથે સ્વસ્થ હાલતમાં સંથારો કરવો શ્રેષ્ઠ સમજણ છે. છતાં પણ નક્કી કરેલ સમય મર્યાદા પહેલાં વચ્ચે કોઈ બનાવનો (ઉપક્રમ) આભાસ થાય તો ક્યારેય પણ સાવધાન–જાગૃત રહેવાનો અભ્યાસ હંમેશ હોવાથી સંથારો

કરી શકાય છે. નિશ્ચિત તિથિ તો અંતિમ જરૂરી તિથિ સમજવી જોઈએ.

મારા દીક્ષાગુઢ–દાદાગુઢના સ્વર્ગવાસ થયાના ૧૨ દિવસ પછી વિહારમાં એક નાનકડા ગામમાં વહેલી સવારે ૪ વાગ્યે મને તેઓશ્રીએ સાધુવેશમાં સ્વપ્નામાં દર્શન આપ્યા. ૫–૧૦ મિનિટ વાતો–પ્રશ્નોત્તર સાથે મારી પાસેથી શારીરિક સેવા પણ લીધેલી હતી અને કહ્યું કે– 'તમે જિન નામ કર્મ બાંધશો.' ઉંમર અંગે મારા પ્રશ્નના જવાબમાં ઈશારાથી જે બતાવ્યું તેનો અનુભવીઓના મતે અર્થ ૭૦ વર્ષથી વધારે કહી શકાય. પછી મારી નિંદર ઉડી ગઈ અને હું ફરી સુતો નહીં પરંતુ, સ્વાધ્યાય વિગેરેમાં સમય વિતાવ્યો.

મેં મારા જીવનમાં મારી ઉત્કૃષ્ટ શક્તિ(રસાયન)થી હંમેશા શ્રુત જ્ઞાનની વધારેમાં વધારે આરાધના વિભિન્ન રીતે કરેલ છે. હવે મને શ્રુતજ્ઞાનથી એ પણ આભાસ-ખ્યાલ થવા લાગ્યો છે કે હું પ્રથમ દેવલોકનો એક ભવ કરી મહાવિદેહના અન્યતર વિજયમાં ગુઢદેવ કથિત જિન રૂપમાં જન્મ ધારણ કરી આત્મકલ્યાણ કરીશ.

એટલા માટે મેં ૧–૨ મહિના સંથારો ચાલે એવી હિંમતપૂર્વક નિર્ણય કરેલ છે. જીવનમાં પણ હંમેશા તપસ્યા,(સંથારાનો મનોરથ હંમેશા રહે તેના અભ્યાસ અર્થે) ક્રમબધ્ધ વાર્ષિક-માસિક તપ, કરતો રહું છું. અનેક પર્યુષણમાં એક સાથે સળંગ અઠાઈ–આઠ ઉપવાસ સફળતા પૂર્વક કરેલ છે. અને ૨૦૧૪માં પણ પર્યુષણમાં અઠાઈ કરવાનો સંકલ્પ કરેલ છે. આપની જિજ્ઞાસા સંતોષવા મેં આપનો પત્ર આવ્યો તે જ દિવસે રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યે પ્રત્યુત્તર લખી, આ પત્ર મારફત જવાબ લખ્યો છે. મેં પ્રથમ વખત જ કેટલીક મારી આંતિરક વાતો વ્યક્ત કરી છે. આશા છે આપને સંતોષ તથા સમાધાન પ્રાપ્ત થશે. પ્રત્યુત્તરની પ્રતિક્ષા છે...





**સમાધાનની પહોંચ :** તમારો પત્ર સમયસર મળી ગયો હતો. જીવનના પ્રત્યેક પડાવ પર તમે જે સાવધાની સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા છો તે એક આદર્શ કહી શકાય છે. શરીરનું ભેદ જ્ઞાન થયા પછી આ સહજ શક્ય બને છે. તમે પહેલીવાર આ રીતે વિસ્તૃતમાં બધી વિગત જણાવી તેથી ખૂબ આનંદ થયો. મારા મનની ઉત્કંઠા–જિજ્ઞાસા સંતોષાય ગઈ. સંથારા દીક્ષા સમયે આવી પડનારી માનસિક વિડંબનાઓથી સમાધિ ક્યાંય પણ ખંડિત ન બને તે જ ખુબ મહત્વનું છે. તમારું મનોબળ દ્રઢ જ નહિ, સુદ્રઢ છે એટલે વાંધો નહિ આવે. આગમ વિષયક અઢળક સાહિત્ય તમારી કલમે લખાયું છે એ આનંદની વાત છે.... તમારી શુભ ભાવનાની અનુમોદના...

**દ : મુક્તિશ્રમણ વિજય.**

**પ્રશ્ન :** તમારા ભાવિ દીક્ષા–સંથારાની આ રીતે જાહેરાત કેમ ?

**ઉત્તર :** સંયમ અને શ્રાવક વ્રત સમજણપૂર્વક લેવાવાળા પ્રાયઃ દરેક સાધક ધર્મના રંગમાં રંગાઈ જાય છે, સિધ્ધાત્મા બનવાની પ્રબળ ઉત્કંઠા જેને જાગૃત થઈ જાય છે તેની રગેરગમાં ધર્મ સમાઈ જાય છે. ત્યારે તેણે દેશવિરતિ–અણુવ્રત અથવા સર્વવિરતિ–સંયમ ગ્રહણ કરવાની, જિનશાસનમાં વ્રત આરાધના કરી વહેલામાં વહેલી તકે સંસારથી મુક્ત થવાનું પરમ લક્ષ્ય તથા આત્મપરિણામ અને આત્માથીપણું અને સાધન જીવનની પ્રાપ્તિ થાય છે.

એવા આત્માઓ માટે આગમમાં ત્રણ–ત્રણ મનોરથ જીવનમાં અંતરમનથી રસાયન–શક્તિપૂર્વક, જિંદગીભર કરવાની પ્રબળ પ્રેરણા અને તેનું ઉચ્ચ(પ્રકૃષ્ટ) ફળ ઠાણાંગ સૂત્રમાં બતાવેલ છે તથા રોગ, ઉપદ્રવ વિગેરે આવી જાય ત્યારે સાધન આહાર ત્યાગ

કરે તેવો સંદેશ છે, નહીં કે દવાખાનાના ચક્કર ખાઈને, સોઈ શરીરમાં મારી–મારીને, લોહી, ગ્લુકોઝ નશોમાં ભરી ભરીને કમોતે મરે.

મારા આ પ્રકાશન માટે અંતરમનનો ભાવ અને ઉદ્દેશ એ જ છે કે દરેક સાધક હંમેશાં ત્રીજા મનોરથનું પાંચ મિનિટ માટે સ્મરણ કરે અને મનમાં સંથારો કરવાનો ભાવ કરતો રહે તો તેને એક દિવસ આયુષ્ય આદિનો અનુભવ જરૂર થઈ શકે છે. એવું શ્રુતજ્ઞાનથી અનુમાન, પોતાના જ્ઞાનાવરણીય કર્મની મહાન નિર્જરાથી, પોતાની સાંસારિક કુંડળી જોવાથી, હસ્તરેખાના અનુભવથી, જ્ઞાનીના નિમિત્તથી, જ્યોતિષી વ્યક્તિઓના મિલન એમ કેટલીક રીતે જાણી શકાય છે, તેનો પોતાનો આગમિક લક્ષ્ય પણ બની જાય છે કે આયુષ્યના બે તૃતીયાંશ ભાગ પસાર થયા પછી ગમે ત્યારે બંધાયેલ આયુષ્ય પૂર્ણ થઈ શકે છે તો મને એક–તૃતિયાંશ બાકી રહેલ મર્યાદામાં, અમુક ઉંમરમાં, અમુક સમય સંથારો કરી લેવો છે. તેના પહેલાં દરેક પ્રવૃત્તિઓથી યોગ્ય સમયે નિવૃત્તિ લઈ સંલેખના એક–બે વર્ષ તેમજ ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ કરવાનો દ્રઢ ભાવ કરી લેવો છે. જો આયુષ્ય પોતાની ધારણાથી ૧–૨–૪–૧૦ વર્ષ વધારે હોય તો પણ સંથારાના પરમ ત્યાગ તપથી ૫–૧૦ દિવસ કે મહિનો, બે મહિના, ત્રણ મહિનામાં ઉદય થઈને પૂર્ણ થનાર જ છે. મારે મૃત્યુંજય(મૃત્યુ પર વિજય મેળવીને) બની પરમ શાંતિ અને સુખનો રસ્તો લેવો જ છે. વૃદ્ધાવસ્થા અને મરણના વિચિત્ર દુ:ખોમાં અટવાવું નથી. એવી દશા દેખાય એટલે આગમ આજ્ઞા(તપ કરવાની) સ્વીકારી લેવી છે. દવાખાનાના ચક્કર ક્યારેય કાપવા નથી. આજ મારું જિનશાસનનું જ્ઞાન મળવાનું પરમ સૌભાગ્યનું સાચું ફળ હશે. એ માટે મારે જીવનમાં તપનો





અભ્યાસ અને તેનો આનંદ જરૂર લેતા રહેવું છે, અનાહારીપણાનો અભ્યાસ–અનુભવ કરતા રહેવું છે.

બસ, આ પ્રેરણાને દરેક સાધક પામે, પરમ વૈરાગ્ય શૂરવીરતામાં મસ્ત રહે એવો મારો આ પ્રકાશનનો ઉદ્દેશ છે, સાથે સાથે એમ કરવામાં મારી પોતાની દ્રઢતા, હિમ્મત પણ દિવસે બે ગણી, રાત્રે ચાર ગણી દ્રઢ–સુદ્રઢ બને, ફળસ્વરૂપ હું આરાધક બનું.

મારી આ અભિવ્યકિતને (નિબંધમાળાના બે ભાગોમાં) કારણે અનેક આત્માને પરમ આનંદ અને નિજાત્મ પ્રેરણા મળી છે. જેનાથી એક શ્વેતાંબર મૂર્તિપૂજક સંતે પણ ૨–૪ વર્ષ પછી અર્થાત ૨૦૧૮ માં પોતે પણ તેમ કરશે તેમ મનમાં નિશ્ચય કરેલ છે, મનથી દઢ સંકલ્પ કરેલ છે. અને કેટલાક શ્રાવક પણ આ કક્ષા અમારે પણ પામવી છે, જીવનનું શ્રેય અને અનુપમ લાભ આ જ છે, અમારે પણ આમ જ કરવું છે, એવો વિચાર ધરાવે છે, સમજવા લાગ્યા છે. તથા જે સાધક વૃદ્ધાવસ્થા અને મૃત્યુ સમયે(અનેક વર્ષોની સાધના છતાં અસાવધાન દશાને કારણે) ભક્તોની ભક્તિમાં કુમરણથી મૃત્યુ પામે છે અને બહાર લોકો શાંતિનો દેખાડો કરે છે, અમારે આમ જીવવું નથી, કરવું નથી એવો મનથી સંકલ્પ કરવા લાગ્યા છે.– **ઈતિ શુભમ્ સર્વ સાધકાનામ્.**